# સમાધિ-સાધના

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

ૐ

બોધિ-સમાધિ-નિધાન પરમકૃપાળુ

શ્રીમદ્ સદ્ગુરુદેવને નમોનમ:

# સમાધિ-સાધના


સંપાદક-વિવેચક

શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ



શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ

• અગાસ •

પ્રકાશક :
મનુભાઈ ભ. મોદી,
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરિયા–૩૮૮ ૧૩૦ (ગુજરાત)

પંચમાવૃત્તિ
વિક્રમ સંવત્ ૨૦૪૭
પ્રત 3,000

મુદ્રક :
માધવલાલ બી. ચૌધરી
રાજીવ પ્રિન્ટર્સ
C–1/308 G I D C
વિઠ્ઠલ ઉદ્યોગનગર–૩૮૮ ૧૨૧

# પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના

"પરમ સુખસ્વરૂપ પરમોત્કૃષ્ટ શાંત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર."

"देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥

—દૃગ્દૃશ્યવિવેક

"હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુ:ખી એ વગેરે પ્રકારથી રહેલું અભિમાન, તે જેનું ગલિત થયું છે અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.

શ્રી જિન આત્મપરિણામની સ્વસ્થતાને સમાધિ અને આત્મપરિણામની અસ્વસ્થતાને અસમાધિ કહે છે તે અનુભવજ્ઞાને જોતાં પરમ સત્ય છે. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે. જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં, કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.

જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળશે.

જીવતાં મરાય તો ફરી ન મરવું પડે. એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.

તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.”

—શ્રીમદ્ રાજચંદ્ર

**मनोलयान्नास्ति परो हि योगो**
**ज्ञानं तु तत्त्वार्थविचारणाश्च ।**
**समाधिसौख्यान्न परं च सौख्यं,**
**संसारसारं त्रयमेतदेव ॥** —હૃદયપ્રદીપ

વિષયોમાં જતા મનને રોકીને પરમાત્મસ્વરૂપમાં લીન કરવું, આત્મનિમગ્ન કરવું, એનાથી અધિક બીજો કોઈ યોગ નથી. તત્ત્વાર્થવિચારણાથી અધિક બીજું જ્ઞાન નથી, અને સમાધિસુખથી અધિક બીજું કોઈ સર્વશ્રેષ્ઠ સુખ નથી. આ ત્રણ જ સંસારમાં સારરૂપ સર્વોત્તમ છે.

માટે સમાધિસુખ એ જ સર્વોપરી અદ્વિતીય સુખ છે અને તેથી જ સર્વ જ્ઞાનીઓનો સમાધિ પ્રાપ્ત કરવાનો જ ઉપદેશ છે.

શ્રીમદ્ લઘુરાજ સ્વામી (પ્રભુશ્રીજી) સમીપ સભામાં એક વાર મુનિશ્રી મોહનલાલજીએ પ્રશ્ન કર્યો.

“મુનિશ્રી મોહનલાલજી—પ્રભુ, મરણ વખતે કોઈ જીવને ખબર પડે કે કોઈને ન પણ પડે પણ તે વખતે શું અવશ્ય કરીને કરી લેવું ઘટે છે? શી વાતમાં ઉપયોગ જોડવો જોઈએ? શો લક્ષ રાખવો જોઈએ?



શ્રીમદ્ લઘુરાજસ્વામી

| | |
|---|---|
| જન્મ | દેહોત્સર્ગ |
| વિ. સં. ૧૯૧૦ | વિ. સં. ૧૯૯૨ |

પ્રભુશ્રી—પ્રશ્ન બહુ સારો કર્યો છે....

....એક વાત છે. રાક્ષસવિદ્યા સાધીને એક વિદ્યાધરે એક બેટનું આખું ગામ ઉજ્જડ કરી નાખ્યું. ત્યાં ત્રણ વણિક પુત્રો વહાણ લઈ આવી ચઢ્યા, તેમાંનો એક અંદર શહેરમાં ગયો. પણ કોઈ જણાયું નહીં. માત્ર એક રાજકુંવરી હતી. તેની મારફતે તેણે બધી વિગત જાણી. ત્યાં એક તરવાર હતી, તે તેણે લીધી અને જ્યારે રાક્ષસ વિદ્યાધર આવ્યો ત્યારે તરવારથી તેને મારી નાખ્યો. મરતાં મરતાં તે નવકાર મંત્ર બોલ્યો. તેથી તે શ્રાવકપુત્રને પસ્તાવો થયો કે મેં મારા ધર્મબંધુનો જ ઘાત કર્યો. તેણે તેની પાસે ક્ષમા માગી. તેણે કહ્યું કે ક્રોધને વશ થઈને મેં આ બધું નગર ઉજાડી મૂક્યું છે. પણ હું શ્રાવક છું. ક્રોધનાં ફળ માઠાં છે એમ જિનેન્દ્ર દેવે કહ્યું છે તે ખરું છે.

કહેવાની મતલબ એ હતી કે આવાં પાપકર્મ કરનારને પણ છેવટે મરતાં મરતાં જે શ્રદ્ધા હતી તે પ્રમાણે સ્મરણ કરવાનું સૂઝ્યું. તો પહેલેથી પુરુષાર્થ કરી મૂક્યો હશે તે છેવટે કામમાં લાગશે.

ક્ષણે ક્ષણે જીવ મરી રહ્યો છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો ?' ભગવાને કહ્યું છે કે **समयं गोयम मा पमाए**, તો ક્ષણે ક્ષણે મૃત્યુને સંભારવા યોગ્ય છે. જો આમ મરણની તૈયારી કરી હશે તો કામ લાગશે, આખરે આવીને હાજર થશે.

'જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.'

આત્મજ્ઞાન શાથી થાય ? આત્મજ્ઞાનીના પરિચયથી. સત્સંગ સદ્‌બોધની કચાશ છે.

પરિણામ, ભાવ એ આપણી પાસે મૂડી છે. તે શુદ્ધતા પામે તેવાં નિમિત્તો સત્સંગ, સદ્બોધ આરાધવાં.

મરણની વેદની પ્રસંગે બોધ સાંભરી આવે તો કામ થઈ જાય.

સત્સંગ અને બોધ એ મોટી વાત છે. તેની ઇચ્છા રાખવી. તેથી સમજણ આવે છે. સાચી પકડ થાય છે. સમભાવથી મોક્ષ થાય છે. સત્સંગ, બોધથી સમભાવ આવે છે.

વાત સમજણમાં છે. સમજ આવે અને ધ્યાનમાં લેવાય ત્યારે આત્માની વાત સમજાશે. આત્મા પ્રત્યક્ષ કરવો છે. જ્ઞાનીને પ્રત્યક્ષ છે.

ભાવથી કલ્યાણ થવાનું છે. ભાવ મોટી વાત છે. 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.' આત્મા તે જ ગુરુ છે. નિશ્ચય ગુરુ પોતાનો આત્મા છે, એના સામે દૃષ્ટિ નથી આવી, ભાવ નથી આવ્યો. આવે તો કામ થઈ જાય.

માટે સમાગમ, સત્સંગ, બોધ– એ મેળવવાની કામના રાખવી. એની ભાવના રાખવી.

એક આડું આવે છે શું ? તો કે પ્રમાદ, નિમિત્ત નથી બનાવતો તે. અહીં આ નિમિત્ત જોડ્યું તો આ વાત થાય. એક આત્માને સંભારી આપ્યો. એની કાળજી લેવી જોઈએ. સૌથી શ્રેષ્ઠ બોધ છે. સાંભળ સાંભળ કરે તો સંગ એવો રંગ લાગશે જ.

કોઈ કહેશે રોજ આની આ વાત કરે છે. હા, તેમજ છે. અમારે સત્‌ની પકડ કરાવવી છે. ચોટ કરાવવી છે.

અનાદિનો અભ્યાસ છે તેથી વિસ્મૃત થઈ જાય, પણ સમજ બીજી હોય તો કામ થઈ જાય.

મુમુક્ષુ—તેવી સમજની સ્મૃતિ રહેતી નથી.

પ્રભુશ્રી—બોધ જોઈશે. બોધ હશે તો હથિયાર મૂઠીથી પકડાય તેવું થશે. નહીં તો હાથ કપાઈ જાય. સંવરથી આસ્રવ રોકાય છે. સંવર તે આત્મા. આત્મા સત્, જગત મિથ્યા. આત્માની યથાર્થ વાત થતી હોય ત્યાં ગમે તે ભોગે જવું. કોડી માટે રતન ન ગુમાવવો.

આ જીવને સત્સંગ અને બોધની જરૂર છે. આત્માની વાત બીજે સાંભળવા નહીં મળે. તે સાંભળવાથી મન બીજે ભટકતું અટકી જાય છે. પાપ સંક્રમણ થઈ પુણ્ય થાય છે. તે બધાનું કારણ ભાવ ફરે છે તે છે. મન બીજે ભટકતું અટકી જાય છે એટલે હજારો ભવ અટકી જાય છે.”

—શ્રીમદ્ લઘુરાજસ્વામી ઉપદેશામૃત

આમ જ્ઞાની પુરુષોનો જે બોધ સમાધિ સાધવા માટે અત્યંત ઉપયોગી થાય તેવો છે તેનું શ્રવણ, મનન, પરિશીલન આજથી જ વધારી દેવું જોઈએ. આજે જ મરી ગયા છીએ એમ મરણને રોજ સંભારી, જ્ઞાનીના આત્મજાગૃતિપ્રદ બોધથી પોતાના સહજ આત્મસ્વરૂપની ઓળખાણ કરી, નિશ્ચય કરી, અડોલ શ્રદ્ધા કરી, જ્ઞાનીએ જાણ્યું એવું એક નિજ શુદ્ધ સહજાત્મસ્વરૂપ તે જ પોતાનું અજરામર શાશ્વત આનંદધામ છે, તેમાં જ પ્રીતિ, પ્રતીતિ, રુચિ, રમણતા, તેની જ સતત ભાવનાના અભ્યાસથી પોતાના આત્માને નિર્ભય બનાવી, મૃત્યુ મહોત્સવરૂપ થાય એવો અભ્યાસ સતત રાખવો જોઈએ.

આ હેતુથી આ ગ્રંથની યોજના કરવામાં આવી છે. સમાધિમરણુની સાધનામાં સહાયક થાય એવા મહાપુરુષોના અમૃતતુલ્ય અમૂલ્ય સદ્બોધમાંથી અલ્પમાત્ર આ ગ્રંથમાં સંક્ષેપથી સંકલિત કરવામાં આવ્યો છે. સમાધિ મરણુ માટે 'ભગવતી આરાધના' જેવા અમૂલ્ય મહાન ગ્રંથો તેમ જ બાર ભાવના માટે સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, બૃહદ્ દ્રવ્ય સંગ્રહ, જ્ઞાનાર્ણુવ, આદિ અનેક સ્થળે વિસ્તૃત ઉપદેશ વિસ્તારરુચિ જીવોને માટે વિદ્યમાન હોવા છતાં, આવા કાળમાં ટૂંકામાં જીવને સમાધિ સાધવામાં ઉપયોગી થાય એવા હેતુથી આ લઘુગ્રંથનું પ્રયોજન છે.

આ ગ્રંથમાં શરૂઆતમાં સમાધિભાવમાં ચિત્ત પ્રવેશ પામે તે માટે પ્રાસ્તાવિક મંગળ આપવામાં આવ્યું છે.

પછી પ્રથમ ખંડમાં સમાધિમરણુની જિજ્ઞાસા, ભાવના અને તે માટે પુરુષાર્થ જાગે તો મરણુ મહોત્સવરૂપ થઈ પડે એવું અહોભાગ્ય પ્રાપ્ત થાય એ માટે પૂર્વાચાર્ય રચિત 'મૃત્યુ મહોત્સવ' સંક્ષેપ અર્થ વિવેચન સહિત આપવામાં આવ્યો છે.

ત્યાર પછી બીજા ખંડમાં સમાધિ માટે શિક્ષારૂપ ઉત્તમ સદ્બોધ અને જાગૃતિદાયક કેટલાક અમૂલ્ય પત્રોરૂપ રત્નો 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી આપવામાં આવ્યા છે.

ત્રીજા ખંડમાં શ્રીમદ્ લઘુરાજ સ્વામી ઉપદેશામૃતમાંથી, તેમ જ 'ધર્મામૃત' માંથી સમાધિ માટે સહાયક એવો ઉત્તમ ઉપદેશ આપવામાં આવ્યો છે.

ચોથા ખંડમાં 'તત્ત્વામૃતનો આસ્વાદ' એ શીર્ષક

નીચે, શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રના દ્વાદશ પ્રકાશમાં આચાર્યશ્રીનો સ્વાનુભવ છે, તેમાંથી ઉપયોગી એવો બોધ આપ્યો છે. ત્યાર પછી શ્રી પદ્મનંદિ પંચવિંશતિમાંથી પદ્યાનુવાદ આપ્યો છે.

પાંચમા ખંડમાં સમાધિભાવની જાગૃતિમાં સહાયક એવી બાર ભાવનાઓ 'શ્રીમદ્ રાજચંદ્ર,' 'શ્રી જ્ઞાનાર્ણવ,' 'શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા,' આદિમાંથી ટૂંકાવીને, અત્યંત સંક્ષેપમાં આપી છે. અંતે બાર ભાવનાનું એક પદ્ય મૂકયું છે.

છઠ્ઠા ખંડમાં 'સમાધિ–ભાવના,' એ શીર્ષક નીચે 'શ્રી જ્ઞાનાર્ણવ,' 'સમાધિશતક,' 'પ્રવચનસાર,' 'તત્ત્વાનુશાસન' તથા 'તત્ત્વજ્ઞાનતરંગિણી' માંથી ટૂંકમાં સમાધિભાવનામાં સહાયક એવો પ્રસંગોચિત સદ્બોધ આપવામાં આવ્યો છે. અંતે સહજ સ્વરૂપ ભાવનાનું કાવ્ય આપ્યું છે.

સાતમા ખંડમાં 'અંતિમ આલોયણા' એ શીર્ષક નીચે અંત સમયને યોગ્ય ખમત ખામણાં અને આત્મજાગૃતિ માટે સંથારાપોરિસી આદિમાંથી જાગૃતિપ્રેરક ઉત્તમ ગાથાઓ, ક્ષમાપના પાઠ તેમજ 'સમયસાર'માંથી પ્રસંગોચિત બોધ આપવામાં આવ્યો છે.

આઠમા છેલ્લા ખંડમાં 'અંતિમ સાધના' એ શીર્ષક નીચે અંતિમ સાધનામાં અતિ ઉપયોગી એવાં ઉત્તમ 'આત્માનુશાસન,' 'અધ્યાત્મસાર,' 'શ્રીમદ્ રાજચંદ્ર' આદિમાંથી અંતર્મુખ અસંગ ઉપયોગ સાધવામાં પ્રબળ સહાયક એવાં વચનો, ગાથાઓ, બોધ તેમ જ કેટલાંક જાગૃતિદાયક પદો આપવામાં આવ્યાં છે. પ્રાન્તે સમાધિ–સાધનામાં અપૂર્વ

ઉપકારક સંતશિરોમણિ પ. પૂ. પ્રભુશ્રીજીને અંતિમ ભાવ-અંજલિ આપવામાં આવી છે.

આશા છે કે ગુણજ્ઞ સત્સાધકો હંસની માફક તત્ત્વને ગ્રહણ કરવાની દૃષ્ટિથી આ ગ્રંથનો સંપૂર્ણ લાભ લેશે અને સુજ્ઞ વિદ્વજ્જનોને આમાં કંઈ પણ ન્યૂનાધિક વા ત્રુટિ જણાય તો ક્ષમ્ય ગણી સુધારવા યોગ્ય સૂચના જણાવી ઉપકૃત કરશે, તો બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો કરીને તેને વિશેષ ઉપયોગી બનાવી શકાશે.

સાધકવૃન્દ ! આ ગ્રંથના સદુપયોગથી સમાધિ સાધવા ભાગ્યશાળી બનો અને ત્રિવિધ તાપાગ્નિરૂપ સંસાર દાવાનલથી વિમુક્ત થઈ, શાંત શીતલ અનંત સમાધિમય, શાશ્વત સુખમય, સહજાત્મપદમાં વિરાજમાન થઈ સદાને માટે તેમાં જ નિમગ્ન થાઓ ! તથાઽસ્તુ.

જેના પ્રતાપે અંતરે સહજાત્મ શુદ્ધ પ્રકાશતો,
જેથી અનાદિનો મહા મોહાંધકાર ટળી જતો;
બોધિ સમાધિ શાંતિ સુખનો સિંધુ જેથી ઊછળતો,
તે રાજચંદ્ર પ્રશાન્ત કિરણો, ઉર અમ ઉજાળજો.

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,**
સ્ટે **અગાસ** પોસ્ટ **બોરીઆ**
વાયા આણંદ
સં. ૨૦૨૦, વૈશાખ શુકલા અષ્ટમી
તા. ૧૮-૫-૬૪

લિ. સંતસેવક
**રાવજીભાઈ છગનભાઈ દેસાઈ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| પ્રાસ્તાવિક મંગળ | | | |
| | મંગળાચરણ | શ્રી રત્નરાજ સ્વામી | ૧ |
| | જિનેશ્વરની વાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૨ |
| | શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય | ,, | ૨ |
| | કૈવલ્ય બીજ શું ? | ,, | ૪ |
| | ક્ષમાપના | ,, | ૬ |
| | વીતરાગનો કહેલો | ,, | ૭ |
| | પ્રણિપાત સ્તુતિ | ,, | ૮ |
| | વિનય વિનંતિ | શ્રી રત્નરાજ સ્વામી | ૯ |
| | શ્રી સદ્ગુરુ ઉપકાર મહિમા | ,, | ૧૦ |
| | શ્રી સદ્ગુરુ સ્તુતિ | ,, | ૧૧ |
| ૧ | મૃત્યુ મહોત્સવ | | ૧૨ |
| ૨ | સમાધિ-શિક્ષા | શ્રીમદ્ રાજચંદ્રમાંથી | |
| | પત્રાંક | | |
| | ૧ (૮૩૩) અકલેશિત સમાધિ | ,, | ૨૮ |
| | ૨ (૫૯૨) ક્ષણભંગુર દેહ | ,, | ૩૦ |
| | ૩ (૪૬૦) વ્યાધિના ઉદયમાં | ,, | ૩૧ |
| | ૪ (૮૪૩) નિશ્ચય અને આશ્રય | ,, | ૩૩ |
| | ૫ (૪૨૫) હર્ષ-વિષાદ ત્યાગ | ,, | ૩૪ |
| | ૬ (૯૨૭) વેદનાવિજય | ,, | ૩૪ |
| | ૭ (૬૯૨) જન્મસાર્થકતા | ,, | ૩૫ |
| | ૮ (૯૧૩) મહાત્માઓની શિક્ષા | ,, | ૩૬ |

૯ (૭૨૮) મમત્વનિવૃત્તિ શ્રીમદ્ રાજચંદ્રમાંથી ૩૮
૧૦ (૭૭૯) અસંગ દશા ,, ૩૯
૧૧ (૭૮૦) સમદશા ,, ૪૦
૧૨ (૭૮૧) વીતરાગ દશા ,, ૪૧
૧૩ (૭૩૫) અવિષમ ઉપયોગને નમસ્કાર ,, ૪૧
૧૪ (૮૬૬) સમાધિનું રહસ્ય ,, ૪૧
૧૫ (૮૫૬) સત્સમાગમની આવશ્યકતા ,, ૪૨
૧૬ (૮૧૭) દુર્લભ યોગ ,, ૪૩
૧૭ (૮૧૦) જ્ઞાનીની દૃષ્ટિ ,, ૪૩
૧૮ (૮૧૬) અંતર્મુખ થવાનો માર્ગ ,, ૪૪
૧૯ (૮૩૨) આત્મામાં જ રહો ,, ૪૪
૨૦ (૫૩૭) સહજ મોક્ષ ,, ૪૫
૨૧ (૯૦૧) અસંગતાનો અભ્યાસ કરો ,, ૪૭
૨૨ આત્મરમણતા ભાવના ,, ૪૮
૨૩ આત્મધ્યાન ,, ૪૯
૨૪ સ્વાધ્યાય ધ્યાન ,, ૪૯

૩ સમાધિ ઉપદેશ
૧ સમાધિ ઉપદેશ-૧ શ્રીમદ્ લઘુરાજ સ્વામી ઉપદેશામૃતમાંથી ૫૦
૨ ,, -૨ શ્રી ધર્મામૃતમાંથી ૮૦
૩ સમાધિચાહના શ્રી રાવજીભાઈ દેસાઈ કૃત પદ્ય ૮૪

૪ 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ તથા ઉપદેશપ્રાસાદમાંથી ૮૬

૫ તત્ત્વામૃતનો આસ્વાદ
૧ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્રમાંથી ૧૦૦
૨ શ્રીમદ્ કુંદકુંદાચાર્ય કૃત નિયમસારમાંથી ૧૦૨

૩ શ્રી પદ્મનંદિ પંચવિંશતિમાંથી પદ્યાનુવાદ શ્રી રાવજીભાઈ દેસાઈ કૃત ૧૦૭

૬ બાર ભાવના

૧ શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી જ્ઞાનાર્ણવ, શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા, શ્રી શાંતસુધારસ ભાવના આદિ ઉપરથી સંક્ષેપમાં ૧૦૯
૨ શ્રી રાવજીભાઈ દેસાઈ કૃત પદ્ય ૧૩૧

૭ સમાધિ–ભાવના

૧ ભેદજ્ઞાન વડે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ શ્રી જ્ઞાનાર્ણવમાંથી ૧૩૫
૨ 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' સમાધિશતકમાંથી ૧૩૭
૩ ભેદવિજ્ઞાન ભાવના (૧) શ્રી પ્રવચનસારમાંથી ૧૪૩
૪ ,, (૨) શ્રી તત્ત્વાનુશાસનમાંથી ૧૪૮
૫ ,, (૩) શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણીમાંથી ૧૫૨
૬ સહજ સ્વરૂપ ભાવના શ્રી રાવજીભાઈ દેસાઈ કૃત પદ્ય ૧૭૯

૮ અંતિમ આલોચના

૧ ખમત ખામણા સંથારા પોરિસી આદિમાંથી ૧૮૧
૨ ક્ષમાપના પાઠ શ્રીમદ્ રાજચંદ્ર કૃત ૧૮૬
૩ પ્રશમરસનું પાન શ્રી સમયસારમાંથી ૧૮૮
૪ ,, –૨ શ્રી શાંત સુધારસ ભાવના તથા શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ આદિમાંથી ૧૯૦

૯ અંતિમ સાધના

૧ યોગીગમ્ય રહસ્ય વિવિધ ગ્રન્થ પ્રસાદી ૧૯૬
૨ સહજાત્મસ્વરૂપમાં જ ત્રિકાળ વાસ પ્રભુશ્રીની પ્રસાદી ૨૦૧
૩ સહજાત્મ દર્શન ભાવના અધ્યાત્મસારમાંથી ૨૦૨
૪ ,, (૨) ભરતેશ વૈભવમાંથી ૨૦૫
૫ સમાધિમરણ ધર્મામૃતમાંથી ૨૧૩

| | | | |
|---|---|---|---|
| ૬ | શ્રી સમયસાર કળશ (શ્રી અમૃતચંદ્રસૂરિકૃત) | શ્રી રાવજીભાઈ દેસાઈકૃત પદ્યાનુવાદ | ૨૪૧ |
| ૭ | અમૂલ્ય તત્ત્વવિચાર | શ્રીમદ્ રાજચંદ્ર કૃત કાવ્ય | ૨૮૭ |
| ૮ | અમને અંત સમય ઉપકારી | શ્રી રત્નરાજ કૃત પદ્ય | ૨૮૮ |
| ૯ | જડ ને ચૈતન્ય બન્ને | શ્રીમદ્ રાજચંદ્ર કૃત કાવ્ય | ૨૮૮ |
| ૧૦ | અબ હમ અમર ભયે | શ્રી આનંદઘનજી | ૨૮૯ |
| ૧૧ | આપ સ્વભાવમેં રે અબધૂ | ,, | ૨૯૦ |
| ૧૨ | વીરહાક | શ્રી બ્ર. ગોવર્ધનદાસજી | ૨૯૦ |
| ૧૩ | અહો ! શી શાંતરસ ઝરતી ! | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૨૯૧ |
| ૧૪ | સિદ્ધિનાં સુખ શાશ્વતાં | ,, ,, | ૨૯૪ |
| ૧૫ | સદ્ગુરુ દશા | ,, ,, | ૨૯૬ |
| ૧૬ | સમાધિની મૂર્તિ | ,, ,, | ૨૯૮ |
| ૧૭ | ધન્ય ગુરુરાજ બોધિ | ,, ,, | ૩૦૦ |
| ૧૮ | પરમપદ પ્રાપ્તિની ભાવના | શ્રીમદ્ રાજચંદ્ર કૃત કાવ્ય | ૩૦૧ |
| ૧૯ | ધર્મનો મર્મ | શ્રી આત્મસિદ્ધિમાંથી | ૩૦૫ |
| ૨૦ | અહો ! અહો ! શ્રી સદ્ગુરુ ! | ,, | ૩૦૬ |
| ૨૧ | ભાવ–અંજલિ | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૩૦૭ |
| ૨૨ | સદ્ગુરુ તારણહાર | ,, ,, | ૩૦૯ |
| ૨૩ | જરા ઉરમાં વિચારજો | ,, ,, | ૩૧૦ |
| ૨૪ | સમાધિસાર | શ્રી રાવજીભાઈ દેસાઈ દ્વારા અનુવાદિત પરમાત્મપ્રકાશ તથા યોગસારમાંથી | ૩૧૨ |
| ૨૫ | અર્પણ હો ! | શ્રી રાવજીભાઈ દેસાઈ | ૩૧૯ |
| ૨૬ | મંગળ કળશ | ,, | ૩૨૦ |

અહો

સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ,
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં
કારણભૂત :—
અંતે અયોગી સ્વભાવ પ્રગટ કરી
પરમ અવ્યાબાધ સ્વરૂપમાં
સ્થિતિ કરાવનાર,
ત્રિકાળ જયવંત વર્તો,
જયવંત વર્તો.

—શ્રીમદ્ રાજચંદ્ર



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ
વિ. સં. ૧૯૨૪

દેહવિલય
વિ. સં. ૧૯૫૭

બોધિ-સમાધિ-નિધાન શ્રીમદ્
સહજાત્મસ્વરૂપ પરમગુરુ દેવને નમોનમ:

# સમાધિ-સાધના

## પ્રાસ્તાવિક મંગલ

### મંગળાચરણ

અહો શ્રી સત્પુરુષકે વચનામૃતં જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્ સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્.
ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્ગુણ કોષ હૈ.

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ.

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ,
ગુરુભક્તિસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.

એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપ-પરહિત કારણમ્,
જયવંત શ્રી જિનરાજ વાણી કરું તાસ ઉચ્ચારણમ્;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી સો નિજ પદ લહે.

## જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો ! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

---

## શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય

( દોહરા )

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

રાળજ, ભા. સુ. ૮, ૧૯૪૭

---

## કૈવલ્યબીજ શું ?

( તોટક છંદ )

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;

વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દૃગસેં મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

—શ્રીમદ્ રાજચંદ્ર

## ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડ્યો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું; અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી, અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ-મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

હે કામ ! હે માન ! હે સંગઉદય !

હે વચનવર્ગણા ! હે મોહ ! હે મોહદયા !

હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ?

પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ ! અનુકૂળ થાઓ !

—શ્રીમદ્ રાજચંદ્ર

---

## પ્રણિપાત સ્તુતિ

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામરપર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્ , એ ઉપકાર અમાપ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં

નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## વિનય વિનંતિ

પરમ કૃપાળુ દેવ પ્રતિ, વિનય વિનંતિ એહ;
ત્રય તત્ત્વ ત્રણ રત્ન મુજ, આપો અવિચળ સ્નેહ. ૧

તત્ત્વોપદેષ્ટા તુમ તણા, માર્ગ તણે અનુસાર;
લક્ષ લક્ષણ રહો સદા, ખરેખરો એક તાર. ૨

મિથ્યા તમને ફેડવા, ચંદ્ર સૂર્ય તુમ જ્ઞાન;
દર્શનની સુવિશુદ્ધિથી, ભાવ ચરણ મલ હાન ૩

ઇચ્છા વર્તે અંતરે, નિશ્ચય દૃઢ સંકલ્પ;
મરણ સમાધિ સંપજો, ન રહો કાંઈ કુવિકલ્પ. ૪

કામિતદાયક પદ શરણ, મન સ્થિર કર પ્રભુ ધ્યાન;
નામ સ્મરણ ગુરુ રાજનું, પ્રગટ કલ્યાણ–નિદાન. ૫

ભુવન જન–હિતકર સદા, કૃપાળુ કૃપાનિધાન;
પાવન કરતા પતિતને, સ્થિર ગુણનું દઈ દાન. ૬

સર્વજ્ઞ સદ્‌ગુરુ પ્રતિ, ફરી ફરી અરજ એ નેક;
લક્ષ રહો પ્રભુ સ્વરૂપમાં, હો રત્નત્રય એક. ૭

---

## શ્રી સદ્‌ગુરુ ઉપકાર મહિમા

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ–અભિમાન. ૧

તે કારણ ગુરુરાજને, પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૨

પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન–દાતાર;
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૩

અહો ! ઉપકાર તુમારડો, સંભારું દિનરાત;
આવે નયણે નીર બહુ, સાંભળતાં અવદાત. ૪

અનંતકાળ હું આથડ્યો, ન મળ્યા ગુરુ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત. ૫

રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૬

અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણગણ રત્ન ભંડાર. ૭

તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્‌વંત;
નહિ બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૮

બાહ્ય ચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ;
અંતરચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ. ૯

## શ્રી સદ્‌ગુરુ સ્તુતિ

સદ્‌ગુરુ પદમેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ;
તાતૈ સદ્‌ગુરુ ચરણકૂં, ઉપાસો તજી ગર્વ.

સદ્‌ગુરુચરણં અશરણશરણં, ભ્રમ-આતપહર રવિ શશિકિરણં
જયવંત યુગલપદ જયકરણં, મમ સદ્‌ગુરુચરણ સદા શરણં ૧

પદ સકલ કુશલવલ્લી સમ ધ્યાવો, પુષ્કર સંવર્તમેઘ ભાવો;
સુરગો સમ પંચામૃત ઝરણં–મમ૦ ૨

પદ કલ્પકુંભ કામિતદાતા, ચિત્રાવલી ચિંતામણિ ખ્યાતા;
પદ સંજીવિની હરે જરમરણં–મમ૦ ૩

પદ મંગલ કમલા આવાસં, હરે દાસનાં આશ પાશ ત્રાસં;
ચંદન ચરણં ચિત્તવૃત્તિ ઠરણં–મમ૦ ૪

દુસ્તર ભવતરણ કાજ સાજં, પદ સફરી જહાજ અથવા પાજં;
મહી મહીધરવત્ અભરાભરણં–મમ૦ ૫

સંસાર કાંતાર પાર કરવા, પદ સાર્થવાહ સમ ગુણ ગરવા;
આશ્રિત શરણાપન્ન ઉદ્ધરણં–મમ૦ ૬

શ્રીમદ્ સદ્‌ગુરુ પદ પુનિતં, મુમુક્ષુ જનમન અમિત વિત્તં;
ગંગાજલવત્ મનમલહરણં–મમ૦ ૭

પદકમલ અમલ મમ દિલકમલં, સંસ્થાપિત રહો અખંડ અચલં;
રત્નત્રય હરે સર્વાવરણં–મમ૦ ૮

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ,
જે મુનિવર મુક્તે ગયા, વંદું બે કર જોડ.

१

# મૃત્યુ મહોત્સવ

**मृत्युमार्गे प्रवृत्तस्य वीतरागो ददातु मे ।**
**समाधिबोधिपाथेयं यावन्मुक्तिपुरी पुरः ॥१॥**

હે વીતરાગ પ્રભુ! મૃત્યુના માર્ગે પ્રવર્તેલા એવા મને આત્મપરિણામની સ્થિરતા વા આત્મમગ્નતા કે સ્વરૂપની સાવધાનીરૂપ સમાધિ અને આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મરમણતામય રત્નત્રયની પ્રાપ્તિરૂપ બોધિ કે જે પરલોકના માર્ગમાં સહાયક થાય એવું પાથેય એટલે ભાતું તે આપો કે જેથી હું મુક્તિપુરી પ્રત્યે નિર્વિઘ્ને પહોંચી જાઉં.

અનાદિકાળના પરિભ્રમણમાં મેં અનંતાનંત કુમરણ કર્યાં છે. પરંતુ કોઈ કાળે એક વાર પણ સમાધિમરણ કર્યું નથી. એક વાર જો સમાધિમરણ થાય તો અનંતકાળનાં અનંત અસમાધિમરણ ટળે. તેથી જો પૂર્વે એક વાર પણ સમાધિમરણ થયું હોત તો આ જન્મમરણ હોત નહીં.

દેહ ત્યાગ કરતી વખતે આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મસ્થિરતારૂપ જે આત્માનો સ્વભાવ છે તે વિષયકષાયાદિ વિભાવો વડે હણાય નહીં તે સમ્યક્‌મરણ કે સમાધિમરણ છે.

હે સર્વજ્ઞ વીતરાગ પરમકૃપાળુ સહજાત્મા! આપ જન્મ મરણ રહિત થયા છો; અનંત સમાધિ સુખમાં વિરાજમાન છો. તેથી હું પણ આપનું જ શરણ ગ્રહણ કરી, સમાધિમરણને સાધવા ઉત્સુક થઈ, આપના અમૃતતુલ્ય બોધવચનોમાં એકાગ્ર થઈ આ મૃત્યુને મહોત્સવ ગણી, આત્મશ્રેય સાધવા

તત્પર થયો છું. તો હે પ્રભુ! મને આપની કૃપાથી હવે વેદના મરણ કે આત્મજ્ઞાન રહિત મરણ ન જ હો; પરંતુ આત્મ-જાગૃતિ પૂર્વક ઉત્તમ સમાધિમરણની જ પ્રાપ્તિ હો.

**कृमिजालशताकीर्णे जर्जरे देहपंजरे ।**
**भज्यमाने न भेतव्यं यतस्त्वं ज्ञानविग्रहः ।।२।।**

જન્મ જરા મરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે એવા જ્ઞાનમૂર્તિ પરમકૃપાળુ પ્રભુ, સમાધિ-મરણના ઇચ્છક ભવ્યોને પરમ અવલંબનરૂપ બને, તેવી અમૃત વર્ષા વરસાવે છે, જેનું પાન કરી સાધક અજરામર પદને દેવાવાળી સમાધિને અચૂકપણે સાધી કૃતાર્થ થાય છે.

પરમકૃપાળુ મહાજ્ઞાની ભગવંત પ્રબોધે છે કે હે ભવ્ય! સેંકડો કૃમિજાળથી વ્યાપ્ત એવું જર્જરિત આ દેહરૂપ પાંજરું તે ભાંગી જતાં, વિનાશ પામતાં, તારે જરાય ભય પામવા યોગ્ય નથી જ. હે આત્મન્, તું તો આ જડ શરીરથી જુદો જ્ઞાનરૂપ શરીરવાળો અવિનાશી એવો ચૈતન્ય મૂર્તિ આત્મા છું. જડ પુદ્‌ગલનો જે દેહ તે તું નથી. તે તારો નથી. કેવળજ્ઞાન એ જ તારું શરીર છે. અને તે તો અવિનાશી આનંદમંદિર હોવાથી તારાથી કેવળ ભિન્ન એવા એ જડ દેહના નાશથી તારે જરાય ભય કર્તવ્ય નથી. કારણ તેના નાશથી તારો નાશ કદી થવાનો નથી જ. ઊલટું એ દેહાદિ સંયોગનો આત્યંતિક નાશ થવાથી તો તું સિદ્ધ, બુદ્ધ, પરમાત્મપદ પામવા ભાગ્યશાળી થઈશ.

"દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ."

—શ્રીમદ્‌ રાજચંદ્ર

**ज्ञानिन् भयं भवेत् कस्मात् प्राप्ते मृत्युमहोत्सवे ।**
**स्वरूपस्थः पुरं याति देही देहांतरस्थितिम् ।।३।।**

હે જ્ઞાની, જ્ઞાનવાન આત્મન્, મૃત્યુરૂપ મહાન ઉત્સવ પ્રાપ્ત થયો તો હવે તેમાં ભય કેમ કરો છો? કારણ કે દેહી એટલે આત્મા સ્વરૂપસ્થ એટલે પોતાના જ્ઞાનદર્શન ચારિત્રરૂપ સ્વભાવમય સ્વરૂપમાં સ્થિર રહીને બીજા દેહ પ્રત્યે ગમન કરે છે તો તેમાં ભયનો હેતુ શો છે?

જેમ કોઈ જીર્ણ ઝૂંપડીને તજીને નવીન ભવ્ય મહેલને પામે તો તે સમયને મોટા ઉત્સવરૂપ ગણે છે તેવી રીતે આ આત્મા પોતાના આત્મામાં વૃત્તિની સ્થિતિ કરી જીર્ણ દેહરૂપ ઝૂંપડીને ત્યાગી નવીન દિવ્ય દેહરૂપ મહેલ પ્રાપ્ત કરવા જાય છે તે એક મોટો ઉત્સવ છે. એમાં કોઈ પ્રકારની હાનિ તો છે જ નહીં. તો પછી ભય શા માટે કરવો ઘટે? જો ભયાદિ વડે પોતાના જ્ઞાનસ્વભાવને મૂકી પરમાં મમતા કરી મરણ પામશો તો અધોગતિમાં પરિભ્રમણ વૃદ્ધિ કરશો. માટે આ મલિન દેહને ત્યાગી ઉજ્જવળ દેહને પામવો એ મોટા મહોત્સવનું કારણ ગણી ભય માત્રનો ત્યાગ કરો અને મૃત્યુને મહોત્સવ ગણી આત્મશ્રેય સાધો.

**सुदत्तं प्राप्यते यस्मात् दृश्यते पूर्वसत्तमैः ।**
**भुज्यते स्वर्भवं सौख्यं मृत्युभीतिः कुतः सताम् ।।४।।**

પૂર્વે થઈ ગયેલા મહા જ્ઞાની પુરુષો એમ દર્શાવે છે કે જો મૃત્યુ દ્વારા દાનાદિ સત્કર્મોનું ફળ મળે છે અને સ્વર્ગનાં સુખો ભોગવાય છે તો સત્પુરુષોને મરણનો ભય કેમ હોય?

પોતાના કર્તવ્યોનું ફળ તો મરણ થયે જ મળે છે, પોતે સર્વ જીવોની રક્ષારૂપ અભયદાન દીધું છે, રાગદ્વેષ કામ ક્રોધાદિનો નાશ કરી અસત્ય, અન્યાય, કુશીલ, પરધનહરણનો ત્યાગ કરી, સંતોષ ધારણ કરી પોતાના આત્માને અભયદાન દીધું છે; ભક્તિ, ભજન, સ્વાધ્યાય. સત્સંગ આદિ ધર્મકરણીથી આત્માને ઉજ્જવળ કર્યો છે, તેનું ફળ સ્વર્ગલોક સિવાય ક્યાં ભોગવાય ? સ્વર્ગલોકનાં સુખ મૃત્યુ નામના મિત્રની કૃપાથી જ મળે છે. તેથી મરણ જેવો આ જીવને ઉપકાર કરનાર કોઈ મિત્ર નથી. મરણ ન આવે તો અહીં મનુષ્યભવમાં જીર્ણ થયેલા દેહમાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવતાં કેટલો બધો કાળ રહેવું પડત ? આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરીને તિર્યંચ કે નરક ગતિમાં જાત ! તેથી હવે મરણના ભયથી દેહ, કુટુંબ, પરિગ્રહ ઉપરની મમતાથી ચિંતામણિ કે કલ્પવૃક્ષ સમાન સમાધિમરણ બગાડીને, ભય સહિત, મમતા સહિત મરણ કરીને દુર્ગતિમાં ભટક્યા કરવું યોગ્ય નથી.

**आगर्भात् दुःखसंतप्तः प्रक्षिप्तो देहपंजरे ।**
**नात्मा विमुच्यतेऽन्येन मृत्युभूमिपतिं विना ।।५।।**

ગર્ભમાં આવ્યો ત્યારથી આ મારો આત્મા કર્મરૂપી શત્રુવડે દેહરૂપી પિંજરામાં કેદીની માફક પુરાયેલો ક્ષુધા, તૃષા, આધિ, વ્યાધિ આદિ પીડાઓથી સંતાપ પામી દુઃખી દુઃખી થઈ રહ્યો છે. તેને આ દુઃખદ સ્થિતિમાંથી મૃત્યુરૂપ રાજા વિના બીજો કોણ છોડાવવા સમર્થ છે ?

આ કૃતઘ્ન દેહ મારા સાચા આત્મસ્વરૂપને ભુલાવી, પરમાં અહંતા મમતા કરાવી, અનંત સંસાર પરિભ્રમણનાં દુઃખનું કારણ બને છે. તેથી હવે મારા સ્વરૂપના જ્ઞાન સહિત,

દેહ ઉપરની મમતાનો સંપૂર્ણ ત્યાગ કરી, સાવધાનીપૂર્વક જો સમાધિમરણરૂપ રાજાનું શરણ ગ્રહણ કરું તો ફરીથી મારો આત્મા દેહ ધારણ કરે નહીં. તેમજ ભાવિ દુઃખ પરંપરાનો સદાને માટે અંત આવે અને અનંત અવિનાશી શાશ્વત સુખમય નિજ શુદ્ધ સહજાત્મસ્વરૂપરૂપ સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

શ્રીમદ્ પૂજ્યપાદ સ્વામી સમાધિશતકમાં પ્રબોધે છે કેઃ

गौरः स्थूलः कृशो वाहं इत्यंगेनाविशेषयन् ।
आत्मानं धारयेन् नित्यं केवलज्ञप्तिविग्रहम् ।
मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः ।
तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ॥

હું ગોરો છું, જાડો છું, પાતળો છું વગેરે શરીરનાં વિશેષણોથી આત્માને તેરૂપ ન માનતાં આત્માને તો નિત્ય અવિનાશી શાશ્વત કેવળજ્ઞાનરૂપ શરીરવાળો જાણવો, માનવો, અને તથારૂપ શ્રદ્ધાની અડોલપણે, અચળપણે પકડ કરી લેવી. જેના ચિત્તમાં એવી પકડ અચળપણે દૃઢ થઈ છે તેનો મોક્ષ અવશ્ય થાય છે. પરંતુ એ પકડ જેના હૃદયમાં અચળ નથી તેનો મોક્ષ પણ અવશ્ય નથી જ. ગજસુકુમાર આદિ મહાપુરુષોએ મરણાંત ઉપસર્ગમાં આ જ પકડ દૃઢ પકડી રાખી, અને આત્મમગ્નતામાં લીન થઈ ગયા. દેહભાન ભૂલી જઈ કેવળ આત્મભાવમાં જ નિમગ્ન રહ્યા તો અલ્પકાળમાં ઉત્તમ સમાધિને સાધી સર્વ કર્મમુક્ત થઈ સિદ્ધિસુખમાં વિરાજમાન થયા. સ્કંધકમુનિના પાંચસો શિષ્યોને ઘાણીમાં પીલ્યા છતાં દેહભાવ તજી આત્મભાવમાં મગ્ન રહ્યા તો કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા અને સ્કંધકમુનિ પોતે આત્મભાવની પકડ મૂકી પરભાવમાં ગયા તેથી મોક્ષે ન ગયા. માટે દેહાધ્યાસ એ જ સંસારનું કારણ છે.

" છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન, જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ. "

—શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

**सर्वदुःखप्रदं पिण्डं दूरीकृत्यात्मदर्शिभिः ।**
**मृत्युमित्रप्रसादेन प्राप्यन्ते सुखसंपदः ।।६।।**

આત્મદર્શી, આત્મજ્ઞાની મહાપુરુષો આ મૃત્યુ નામના મિત્રના પ્રસાદથી સર્વ દુઃખને દેવાવાળો એવો જે આ દેહપિંડ તેને તજી દઈને, દેહભાવનો સર્વથા ત્યાગ કરીને, આત્મભાવનાના સતત અભ્યાસથી આત્મમગ્ન થઈ, પરમ વીતરાગતાથી વિભૂષિત થઈ, અનંત અવિનાશી આત્મિક આનંદથી ભરપૂર સુખસંપત્તિનું શાશ્વતધામ એવું નિજ સહજાત્મસ્વરૂપરૂપ સિદ્ધપદ પામી અનંત અનંત સમાધિ સુખમાં અનંત કાળ માટે વિરાજિત થાય છે.

**मृत्युकल्पद्रुमे प्राप्ते येनात्मार्थो न साधितः ।**
**निमग्नो जन्मजम्बाले स पश्चात् किं करिष्यति ।।७।।**

મૃત્યુરૂપી કલ્પવૃક્ષને પામીને પણ જો તેથી આત્માર્થ સાધ્યો નહીં, સમાધિની પ્રાપ્તિ કરી લીધી નહીં, અને આત્માને જ્ઞાનદશા પ્રગટાવી સહજાત્મપદે વિરાજિત કર્યો નહીં, તો પછી જીવ સંસારરૂપ ઊંડા કાદવમાં ખૂંચી જશે ત્યાં ત્યારે અધોગતિઓમાં આત્માના ઉદ્ધાર માટે શું કરી શકશે?

આ મનુષ્ય ભવમાં મરણ સમયે સમાધિમરણ માટેનો પુરુષાર્થ જાગૃત હોય તો મરણ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન

ઉપકારી થાય છે, અને જે વાંછે તે પ્રાપ્ત કરાવે છે. જો જ્ઞાન સહિત પોતાના જ્ઞાયક સ્વભાવને ગ્રહણ કરીને આરાધના સહિત મરણ કરશો તો સ્વર્ગનું મહર્દ્ધિકપણું, ઇન્દ્રપણું કે અહમિન્દ્રપણું પ્રાપ્ત કરી, ત્યાંથી ચ્યવી મનુષ્યદેહ પામી ત્યાં પણ સર્વોત્તમ એવું તીર્થંકરપણું, ચક્રવર્તીપણું આદિ પામી સંયમ આરાધી નિર્વાણ પામશો. અને જો આ અવસરે સમતા સમાધિ વીતરાગતા, કે આત્મભાવને ચૂક્યા અને પરમાં મમતા, દેહાધ્યાસ રાખી મરણ થયું તો પછી અધો-ગતિનાં અનંત પરિભ્રમણમાં આત્માને પરમાત્મપદની પ્રાપ્તિનો અવસર ફરી ક્યાંથી પામશો ? માટે અત્યારે ચેતી જઈ પ્રમાદ તજી, સમાધિમરણ સાધવામાં જાગૃત થઈ જવા યોગ્ય છે. પણ પ્રમાદથી ગાફ્લ રહી દેહભાવથી અનંત આત્મહિત ચૂકવા યોગ્ય નથી.

**जीर्णं देहादिकं सर्वं नूतनं जायते यतः ।**
**स मृत्युः किं न मोदाय सतां सातोत्थितिर्यथा ।।८।।**

જે મૃત્યુના પ્રતાપથી જીર્ણ થઈ ગયેલ દેહાદિક સર્વ છૂટી જઈ નવીન દેહાદિક પ્રાપ્ત થાય છે તે મૃત્યુને સત્પુરુષો આનંદનું કારણ કેમ ન માને ? એવું મરણ સાતાના ઉદયની સમાન જ્ઞાની પુરુષોને તો હર્ષને માટે જ થાય છે. અર્થાત્ જ્ઞાની પુરુષો મૃત્યુને મોટો સાતાનો ઉદય માને છે.

**सुखं दुखं सदा वेत्ति देहस्थश्च स्वयं व्रजेत् ।**
**मृत्युभीतिस्तदा कस्य जायते परमार्थतः ।।९।।**

દેહમાં સ્થિત એવો આત્મા સુખ તથા દુઃખને સદા કાળ જાણે છે, અને પરલોક પ્રત્યે પણ પોતે જ ગમન કરે છે. તો પરમાર્થથી મૃત્યુનો ભય કોને હોય ?

અજ્ઞાની બહિરાત્મા દેહમાં સ્થિતિ કરી 'દેહ તે હું છું, દેહ તે મારો છે,' એમ વિપરીત માન્યતા કરી, 'હું સુખી, હું દુઃખી, હું તૃષાતુર, હું ક્ષુધાતુર, હું મરણ પામું છું, મારો નાશ થશે,' એમ કલ્પનામય માન્યતા કરે છે. દેહથી ભિન્ન આત્માને જાણનાર, માનનાર, અનુભવ કરનાર સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની અંતરાત્મા તો સમજે છે કે જે ઊપજે છે તે મરે છે. પંચભૂતનો જડ એવો આ દેહપિંડ ઊપજ્યો છે તે નાશ પામે છે. જ્ઞાનસ્વરૂપી હું ચૈતન્યમૂર્તિ આત્મા કદી ઉત્પન્ન થતો નથી તેમ કદી નાશ પણ પામનાર નથી. ક્ષુધા, તૃષા, પિત્ત, કફાદિક રોગજનિત વેદના પુદ્ગલમાં છે, આત્મામાં નથી, મને નથી; હું માત્ર તેનો જ્ઞાતા, દ્રષ્ટા, જાણનાર, જોનાર છું. જો કે શરીરમાં હું એકક્ષેત્રાવગાહપણે રહેલો છું, છતાં મારો ધર્મ અને શરીરના ધર્મ કેવળ ભિન્ન ભિન્ન છે.

અનંત જ્ઞાન, દર્શન, સુખ, શક્તિ આદિ મારા સહજ સ્વાભાવિક ધર્મ છે. વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દાદિ જડના, શરીરના ધર્મ છે. જ્ઞાયકપણું મારો સ્વભાવ છે. જ્યારે શરીર તો જ્ઞાન રહિત જડ છે. હું અરૂપી છું, શરીર રૂપી છે. હું અખંડ ચૈતન્યમૂર્તિ છું, જ્યારે શરીર અનેક પરમાણુનો ભેગો મળેલો એક પિંડ છે. હું અજર અમર અવિનાશી શાશ્વત સત્ સ્વરૂપી પદાર્થ છું, જ્યારે શરીર વિનાશી છે. તો હવે આ શરીરમાં જે રોગ, ક્ષુધા, તૃષાદિ ઊપજે છે તેના જ્ઞાતા દ્રષ્ટા રહેવું એ મારો જ્ઞાયક સ્વભાવ છે. પણ તે પરમાં મમત્વ-બુદ્ધિ કરવી એ અજ્ઞાન છે, મોહ છે, મિથ્યાત્વ છે. એક ઘર છોડી બીજા ઘરમાં પ્રવેશ કરવા સમાન આ દેહ છોડી

અન્ય ગતિ પ્રત્યે ગમન કરવામાં મારા સ્વરૂપનો તો કોઈ પણ રીતે નાશ કે હાનિ સંભવતી જ નથી. તો હવે નિશ્ચય કરી દૃઢ કરું કે મરણનો ભય શા માટે હોય ? અર્થાત મરણનો કિંચિત્ ભય કર્તવ્ય નથી જ નથી.

કહ્યું છે કે **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।** એ પ્રમાણે હું જો સ્વધર્મ એટલે મારો જ્ઞાતા દ્રષ્ટારૂપ જ્ઞાયક સ્વભાવ મૂકીને પર ધર્મ જે દેહના રોગાદિ ધર્મો તેમાં મમતાપૂર્વક મરણ કરું તો અવશ્ય અનંત ભયરૂપ સંસારપરિભ્રમણ પ્રાપ્ત થાય. અને દેહભાવરૂપ પરધર્મો તજી, આત્મભાવરૂપ સ્વધર્મમાં સ્થિર રહી દેહત્યાગ કરું તો અવશ્ય શ્રેય એટલે સમાધિસુખથી પ્રપૂર્ણ સિદ્ધિપદને પામી કૃતાર્થ થાઉં.

**संसारासक्तचित्तानां मृत्युर्भीत्यै भवेन्नृणाम् ।**
**मोदायते पुनः सोऽपि ज्ञानवैराग्यवासिनाम् ॥१०॥**

જે જીવોનું ચિત્ત સંસારમાં આસક્ત છે અને જે પોતાના વાસ્તવિક શુદ્ધ સહજ આત્મતત્ત્વને જાણતા નથી તેને મૃત્યુ ભય ઊપજાવી શકે, પરંતુ જેઓ પોતાના ચિદાનંદમંદિર એવા સહજ સ્વરૂપના ભાન સહિત છે તે તો સંસારથી વૈરાગ્યયુક્ત, અનાસક્ત, ઉદાસીન હોવાથી મૃત્યુ તેમને આનંદ માટે થાય છે. અર્થાત્ મહોત્સવ સ્વરૂપ થાય છે.

સંસારના સર્વ પદાર્થ સ્વપ્નવત્, નાશવંત, અસાર તથા અશરણરૂપ અને ક્લેશનાં કારણરૂપ સમજાયા હોવાથી જ્ઞાનવાન આત્માનું ચિત્ત તેમાંથી વિરક્ત, અનાસક્ત, ઉદાસીન વર્તે છે. અને અનંત સુખધામ શાશ્વત એવું પોતાનું સહજાત્મસ્વરૂપ એ જ એક પરમ સારરૂપ, શરણરૂપ, સંપૂર્ણ માહા-

ત્મ્યનું ઠેકાણું એવું સર્વોત્તમ ભાસવાથી, અસત્ વસ્તુને ત્યાગતાં, આનંદમંદિર એવા 'આત્મા સત્ ચૈતન્યમય સર્વાભાસ રહિત' પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં મૃત્યુ કારણરૂપ ગણી, સત્પુરુષો મૃત્યુને સમાધિ સુખની પ્રાપ્તિમાં ઉપકારી જાણી હર્ષાયમાન થાય છે.

"જ્ઞાનીઓએ માનેલું છે કે આ દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી. જ્યારે ત્યારે પણ તેનો વિયોગ થવાનો છે. એ ભેદવિજ્ઞાનને લઈને હમેશા નગારાં વાગતાં હોય તેવી રીતે તેના કાને પડે છે, અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી.

જ્ઞાની દેહ જવાનો છે એમ સમજી તેનો વિયોગ થાય તેમાં ખેદ કરતા નથી. પણ જેવી રીતે કોઈની વસ્તુ લીધી હોય ને તેને પાછી આપવી પડે તેમ દેહને ઉલ્લાસથી પાછો સોંપે છે; અર્થાત્ દેહમાં પરિણમતા નથી.

દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન'; જ્ઞાનીનો તે જાપ છે. તે જાપથી દેહ અને આત્મા જુદા પડી શકે છે. તે ભેદવિજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકલશાસ્ત્રો રચ્યાં છે. જેમ તેજાબથી સોનું તથા કથીર જુદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાનના જાપરૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જુદું પડી સ્વધર્મમાં આવે છે.

બીજાં ઉદયમાં આવેલાં કર્મોનું આત્મા ગમે તેમ સમાધાન કરી શકે પણ વેદનીય કર્મમાં તેમ થઈ શકે નહીં; ને તે આત્મપ્રદેશે વેદવું જ જોઈએ, ને તે વેદતાં મુશ્કેલીનો પૂર્ણ અનુભવ થાય છે. ત્યાં જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ

થયું ન હોય તો આત્મા દેહાકારે પરિણમે, એટલે દેહ પોતાનો માની લઈ વેદે છે, અને તેને લઈને આત્માની શાંતિનો ભંગ થાય છે. આવા પ્રસંગે જેમને ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતા વેદની વેદતાં નિર્જરા થાય છે, ને ત્યાં જ્ઞાનીની કસોટી થાય છે, એટલે બીજાં દર્શનવાળા ત્યાં તે પ્રમાણે ટકી શકતા નથી, ને જ્ઞાની એવી રીતે માનીને ટકી શકે છે.

પુદ્ગલ દ્રવ્યની દરકાર રાખવામાં આવે તો પણ તે જ્યારે ત્યારે ચાલ્યું જવાનું છે, અને જે પોતાનું નથી તે પોતાનું થવાનું નથી; માટે લાચાર થઈ દીન બનવું શા કામનું ?"

—શ્રીમદ્ રાજચંદ્ર

**पुराधीशो यदा याति सुकृतस्य बुभुत्सया ।**
**तदासौ वार्यते केन प्रपञ्चैः पाञ्चभौतिकैः ॥११॥**

પોતાનાં કરેલાં સત્કર્મોને ભોગવવા જ્યારે આ આત્મા પરલોક પ્રત્યે ગમન કરે છે ત્યારે પંચભૂતના આ શરીરાદિના પ્રપંચ વડે એને કોણ રોકી શકે તેમ છે?

આયુષ્ય પૂર્ણ થયે જીવ પરલોકમાં જાય ત્યારે તેને શરીરાદિક કોઈ રોકી શકે તેમ નથી. તેથી ઉલ્લાસપૂર્વક આરાધનામાં તત્પર થઈ સમાધિ મરણની સાધનામાં જ જાગૃત રહી આત્મશ્રેય શીઘ્ર કરી લેવા યોગ્ય છે.

**मृत्युकाले सतां दुखं यद्भवेत् व्याधिसंभवम् ।**
**देहमोहविनाशाय मन्ये शिवसुखाय च ॥१२॥**

સત્પુરુષોને મરણ કાળે જે જે રોગ, પીડા, દુઃખાદિ ઉત્પન્ન થાય છે તે સર્વ શરીર ઉપરનો મોહ, મમતા નાશ

કરવાને અને અનંત શાંતિ અને સમાધિથી ભરપૂર મોક્ષસુખની પ્રાપ્તિ માટે જ થાય છે.

મરણકાળે શરીરમાં વ્યાધિ, પીડા, વેદના જેમ જેમ વધતી જણાય છે તેમ તેમ આ શરીરથી પોતાનો ચૈતન્ય-સ્વરૂપ આત્મા કેવળ ભિન્ન છે એવો અડોલ નિશ્ચય હોવાથી, આત્મતત્ત્વદર્શી જ્ઞાની પુરુષો, 'આ શરીર અત્યારે દુઃખનું કારણ બની પ્રત્યક્ષ મહાન શત્રુ બની બેઠું છે એમ જાણતાં છતાં તેમાં મારાપણું કે પ્રેમ, પ્રીતિ, મોહ કરું તો મારા જેવો બીજો મૂર્ખ કોણ હોય?' એમ વિચારી, તેમાંથી મમતાનો, મોહનો સંપૂર્ણ નાશ કરી, તેવા સંસારી સર્વ અન્ય સંબંધો પણ એવા જ અન્યરૂપ, દુઃખરૂપ જાણી, સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગ દશા રાખ-વામાં જાગૃત બની, અનંત સુખશાંતિમય સહજાત્મસ્વરૂપરૂપ મોક્ષપદને જ સાધવામાં તત્પર બને છે; અને પ્રાન્તે પરમ શ્રેયને સાધે છે.

**ज्ञानिनोऽमृतसंगाय मृत्युस्तापकरोऽपि सन् ।**
**आमकुम्भस्य लोकेऽस्मिन् भवेत्पाकविधिर्यथा ॥१३॥**

જે મૃત્યુ અજ્ઞાનીજનોને તાપરૂપ, દુઃખરૂપ થાય છે, તે જ મૃત્યુ જ્ઞાનીઓને અમૃત એટલે મોક્ષની પ્રાપ્તિ કરાવનાર સુખરૂપ થાય છે.

જેમ કાચો ઘડો અગ્નિમાં પકવ્યા પછી અમૃતને એટલે પાણીને ધારણ કરવા સમર્થ થાય છે તેમ મૃત્યુરૂપ અગ્નિના તાપને જે સમતાથી સહન કરે છે તે અમૃતરૂપ મોક્ષપદની પ્રાપ્તિ કરવા સમર્થ બને છે.

**यत्फलं प्राप्यते सद्भिर्व्रतायासविडंबनात् ।**
**तत्फलं सुखसाध्यं स्यान्मृत्युकाले समाधिना ॥१४॥**

દીર્ઘ કાળ પર્યંત પંચ મહાવ્રતનું પાલન તથા ઘોર તપશ્ચરણ આદિ અનેક શુભ ક્રિયાઓની વિડંબનાથી જે ફળ સત્પુરુષો પામે છે તે જ ફળ એક મૃત્યુ સમયે સમાધિશાંતિ રાખવાથી સુખે અને સહેજે પ્રાપ્ત થાય છે.

પંચ મહાવ્રત, ઘોર તપશ્ચરણ આદિથી જે ઇંદ્રાદિક પદ પમાય છે તે જ પદ મૃત્યુ સમયે દેહ, કુટુંબ, ધન, ધામ આદિ સર્વ પરમાંથી મમતા મૂકી, ભયરહિત થઈ, વીતરાગતાપૂર્વક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ ચાર આરાધનામાં તત્પર રહી, કાયરપણું તજી, પોતાના જ્ઞાયક સ્વભાવનું કેવળ અવલંબન લઈ, નિજ શુદ્ધ સહજાત્મસ્વરૂપના ધ્યાનમાં મગ્નતા કરે છે, તે સહેજે પામે છે. એવા સમાધિ-મરણથી દેવલોકમાં ઉત્તમ મહર્દ્ધિક દેવ કે ઇન્દ્રાદિક પદ પામી, ત્યાંથી ચ્યવી, મનુષ્ય જન્મ પામી, ચક્રવર્તી આદિ ઉત્તમ પદે વિરાજિત થઈ, રત્નત્રયની પૂર્ણતા પ્રાપ્ત કરી નિર્વાણ પદને વરે છે.

**अनार्तयाः शांतिमान्मर्त्यो न तिर्यग् नापि नारकः ।**
**धर्मध्यानी पुरो मर्त्योऽनशनीत्वमरेश्वरः ॥१५॥**

જે જીવનાં મરણ સમયે આર્ત એટલે દુઃખરૂપ પરિણામ ન હોય અને શાંતિમાન અર્થાત્ રાગદ્વેષ રહિત સમભાવરૂપ શાંત ચિત્ત હોય તે જીવ તિર્યંચ કે નરક ગતિમાં દેહ ધારણ ન જ કરે. પરંતુ જો જીવ ધર્મધ્યાનપૂર્વક અનશનવ્રત સહિત મરણ કરે તો સ્વર્ગલોકમાં ઇન્દ્ર કે મહર્દ્ધિક દેવ થાય. પણ કનિષ્ઠ પર્યાય ધારણ ન કરે એવો નિયમ છે.

તેથી હે આર્ય ! મરણનો સમય નજીક જાણી આર્ત રૌદ્ર ધ્યાન કે જે કુમરણ અને દુર્ગતિનાં કારણ છે તેને તજી દઈને ધર્મધ્યાન સહિત, ધૈર્ય ધારણ કરી, શાંતભાવે દેહત્યાગ કરી સમાધિમરણને સાધવાના આ અમૂલ્ય અવસરને હારી ન જાઓ. સાવધાન થઈ સદ્દગતિ અને પરમ શ્રેયને સાધી લેવા તત્પર થાઓ.

**तप्तस्य तपसश्चापि पालितस्य व्रतस्य च ।**
**पठितस्य श्रुतस्यापि फलं मृत्युः समाधिना ।।१६।।**

તપના સંતાપ સહન કરવાનું, વ્રતનું પાલન કરવાનું અને શ્રુતનું પઠન કરવાનું ફળ તો સમાધિ એટલે પોતાના આત્માની સાવધાની પૂર્વક દેહત્યાગ કરવો તે છે.

હે આત્મન્, દીર્ઘકાળ સુધી ઇન્દ્રિય સુખની વાંછા તજી, અનશનાદિ તપ, દેહની મમતા તજી સમાધિમરણને માટે કર્યાં છે, પંચ મહાવ્રત ધારણ કર્યાં છે, અને અનેક કષ્ટો વેઠીને તેનું પાલન કર્યું છે, તે પણ દેહાદિક પરિગ્રહમાંથી મમત્વનો ત્યાગ કરી, શત્રુ મિત્રાદિમાં રાગદ્વેષ છોડી, ઉપસર્ગમાં ધીરપણું ધારણ કરી, પોતાના એક જ્ઞાયક સ્વભાવનું જ અવલંબન લઈ સમાધિમરણ થાય તે અર્થે જ કરેલ છે. તેમજ શાસ્ત્રાભ્યાસ, સત્સંગ, સદ્બોધનું સેવન પણ અંતકાળે સમાધિની પ્રાપ્તિ માટે જ કર્યાં છે.

હવે જો મરણ સમયે મમતા, ભય, રાગદ્વેષ, કાયરતા અને દીનતા નહીં તજું તો એ સર્વ તપ કરવાનું, વ્રત પાળવાનુ અને શાસ્ત્ર અભ્યાસાદિનું નિરર્થકપણું, નિષ્ફળપણું જ થશે, માટે એ સર્વ સાર્થક કરવા, સમાધિમાં, સ્વરૂપની સાવધાનીમાં જ તત્પર થા, જાગૃત થા !

**अतिपरिचितेष्ववज्ञा नवे भवेत्प्रीतिरिति हि जनवादः ।**
**चिरतरशरीरनाशे नवतरलाभे च किं भीरुः ॥१७॥**

લોકમાં એ પ્રસિદ્ધ કથન છે કે જેનો અતિશય પરિચય થાય તેમાં કાળે કરી અભાવ, અનાદર, અપ્રીતિ ઉત્પન્ન થાય, અને નવીન વસ્તુના સંગમાં પ્રીતિ ઊપજે, તો હે આત્મન્ ! આ શરીરનો લાંબા કાળ સુધી તને પરિચય થયો છે, છતાં હવે તેમાં તને અપ્રીતિ, અનાદર, અરુચિ કેમ થતી નથી ? અને નવીન પર્યાયના લાભમાં ભય કેમ કરે છે ? તેમાં ભય કર્તવ્ય નથી જ.

ઘણાં વર્ષોના પરિચયવાળું આ શરીર હવે જીર્ણ થઈ દુઃખ આપી રહ્યું છે, તેમ જ વહેલું મોડું તે તજી દેવાનું જ છે. તો તને તે તજતાં ફિકર શી છે? તેથી અધિક ઉત્તમ ઉજ્જવળ દિવ્ય દેહ પ્રાપ્ત કરવાનો અવસર આવ્યો છે. તો સહેજે વિણસી જનાર આ કાયા ઉપરની માયા તજી દઈ નિર્મમત્વ ભાવે, અસંગભાવે, સમાધિમરણ સાધી લેવામાં પ્રમાદ કર્તવ્ય નથી.

**स्वर्गादेत्य पवित्रनिर्मलकुले संस्मर्यमाना जनै–**
**र्दत्वा भक्तिविधायिनां बहुविधं वाञ्छानुरूपं धनम् ।**
**भुक्त्वा भोगमहर्निशं परकृतं स्थित्वा क्षणं मण्डले**
**पात्रावेशविसर्जनमिव मृतिं सन्तो लभन्ते स्वतः ॥१८॥**

આમ સમાધિ ભાવનારૂપ અમૃતનું પાન કરી જે ઉજ્જવળ આત્મા ભય રહિત બની, વેદનીને સમતા ભાવે વેદવામાં શૂરવીર થઈ, ઉત્સાહપૂર્વક ચાર આરાધનાને આરાધી, સમાધિમરણને સાધે છે તે ભાગ્યવંત સ્વર્ગલોક સિવાય અન્ય

ગતિમાં જતા નથી. સ્વર્ગમાં પણ તે મહર્દ્ધિક દેવ થાય છે એવો નિશ્ચયે નિયમ છે. સ્વર્ગમાં મહાન સુખ સંપત્તિને ભોગવી પાછા મનુષ્ય લોકમાં પવિત્ર નિર્મળ કુળમાં અનેક લોકોના ચિત્તને આનંદરૂપ જન્મ ધારણ કરી પોતાના સ્વજન મિત્ર સેવક આદિ પરિવારને નાના પ્રકારના વાંછાનુસાર ધન ભોગાદિરૂપ ફળ આપીને, પુણ્ય વડે ઉપાર્જન કરેલા ભોગોને અહર્નિશ ભોગવીને આયુષ્યપ્રમાણે અલ્પકાળ ભૂમંડળમાં સંયમાદિ સહિત વીતરાગ ભાવે વિચરીને, જેમ નૃત્યશાળામાં નૃત્ય કરવાવાળો પુરુષ લોકોમાં આનંદ ઉપજાવીને જતો રહે તેમ તે સત્પુરુષો સમસ્ત લોકમાં આનંદ ઉપજાવી સ્વયમેવ દેહનો ત્યાગ કરી, શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ એવા અસંગ શુદ્ધ સહજાત્મસ્વરૂપરૂપ સિદ્ધિસુખે વિરાજમાન થાય છે; અર્થાત્ અનંત અવ્યાબાધ શાશ્વત મોક્ષ સુખમય નિજ સહજાત્મસ્વરૂપમાં સદાને માટે નિવાસ પામી પરમ કૃતાર્થ થાય છે.

"પરમ સુખસ્વરૂપ પરમોત્કૃષ્ટ શાંત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર."

–શ્રીમદ્ રાજચંદ્ર

१

# સમાધિ-શિક્ષા

## (૮૩૩) १ અક્લેશિત સમાધિ

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે; અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમકૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ

કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી. સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પર દ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ

શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

(૫૯૨) **૨ ક્ષણભંગુર દેહ**

જે દેહ પૂર યુવાવસ્થામાં અને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાતાં છતાં પણ ક્ષણભંગુર છે તે દેહમાં પ્રીતિ કરીને શું કરીએ ?

જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે, એવો આ દેહ તે પણ દુઃખનો હેતુ છે, તો બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી ?

જે પુરુષોએ વસ્ત્ર જેમ શરીરથી જુદું છે, એમ આત્માથી શરીર જુદું છે એમ દીઠું છે, તે પુરુષો ધન્ય છે.

બીજાની વસ્તુ પોતાથી ગ્રહણ થઈ હોય, તે જ્યારે એમ જણાય કે બીજાની છે, ત્યારે તે આપી દેવાનું જ કાર્ય મહાત્મા પુરુષો કરે છે.

દુષમ કાળ છે એમાં સંશય નથી.

તથારૂપ પરમજ્ઞાની આપ્તપુરુષનો પ્રાયે વિરહ છે.

વિરલ જીવો સમ્યગ્દૃષ્ટિપણું પામે એવી કાળ સ્થિતિ થઈ ગઈ છે; જ્યાં સહજસિદ્ધ આત્મચારિત્રદશા વર્તે છે એવું કેવળજ્ઞાન પામવું કઠણ છે, એમાં સંશય નથી.

પ્રવૃત્તિ વિરામ પામતી નથી; વિરક્તપણું ઘણું વર્તે છે.

વનને વિષે અથવા એકાંતને વિષે સહજસ્વરૂપને

અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ પ્રવર્તે એમ કરવામાં સર્વ ઇચ્છા રોકાણી છે.

---

## (૪૬૦) ૩ વ્યાધિના ઉદયમાં

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાની પુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે. જો કે દેહનું તેવું મમત્વ

ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.

જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઇચ્છાએ નહીં, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઈ તે મમતા છે, તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતા સ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી, નિર્ભય-પણાને, નિ:ખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એમ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.

તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાની પુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.

---

## (૮૪૩) ૪ નિશ્ચય અને આશ્રય

શ્રીમદ્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો; ત્રિકાળ જયવંત વર્તો.

તે શ્રીમત્ અનંત ચતુષ્ટયસ્થિત ભગવતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.

ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.

દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય સ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું. તે અદ્ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે.

નિર્વિકલ્પ.

---

## (૪૨૫) ૫. હર્ષ-વિષાદ ત્યાગ

જ્ઞાનીના માર્ગનો વિચાર કરતાં જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ–અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને, સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્ચ્છા નથી વર્તતી તે પુરુષને નમસ્કાર છે. એ જ વાત ચિંતવી રાખવી અમને તમને પ્રત્યેકને ઘટે છે.

દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, અર્થાત્ દેહ નથી.

વિચાર કરતાં એ વાત પ્રગટ અનુભવસિદ્ધ થાય છે, તો પછી એ ભિન્ન દેહનાં તેના સ્વાભાવિક ક્ષય–વૃદ્ધિ–રૂપાદિ પરિણામ જોઈ હર્ષ-શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી; અને અમને તમને તે નિર્ધાર કરવો, રાખવો ઘટે છે; અને એ જ્ઞાનીના માર્ગનો મુખ્ય ધ્વનિ છે.

---

## (૯૨૭) ૬. વેદનાવિજય

યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે. ક્વચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દૃષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર

પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ. અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તો પણ કંઈ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી. સત્યદૃષ્ટિવાન જીવો શાંત ભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્તવ્ય છે.

'હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વકર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી. માટે મારે ખેદ કર્તવ્ય જ નથી.' એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે.

---

## (૬૯૨) ૭. જન્મ-સાર્થકતા

દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા–આગ્રહાદિની મંદતા થઈ તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે. પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને

જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે.

તમે તથા શ્રી મુનિ પ્રસંગોપાત્ત ખુશાલદાસ પ્રત્યે જવાનું રાખશો. બ્રહ્મચર્ય અપરિગ્રહાદિ યથાશક્તિ ધારણ કરવાની તેમને સંભાવના દેખાય તો મુનિએ તેમ કરવામાં પ્રતિબંધ નથી.

શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

---

## (૯૧૩) ૮. મહાત્માઓની શિક્ષા

પત્ર સંપ્રાપ્ત થયું. અત્ર સમાધિ છે.

અકસ્માત્ શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.

સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા–અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે. એમ જાણી વિચારવાન

ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાતા અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ

પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.

તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને પરમવીતરાગ-સ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયા-મૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમ કારણો છે.

અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.

**भीसण नरयगईए तिरियगईए कुदेवमणुयगईए ।**
**पत्तोसि तिव्व दुखं भावहि जिणभावणा जीव ॥**

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ–ચિંતવ (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## (૭૨૮) ૯ મમત્વ નિવૃત્તિ

શ્રી માણેકચંદનો દેહ છૂટવા સંબંધી ખબર જાણ્યા.

સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત છે. માત્ર તે દેહનું યથાર્થ સ્વરૂપ પ્રથમથી જાણી તેનું મમત્વ છેદીને નિજસ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થ પ્રતીતિને પામ્યા છે તે જ જીવ તે મરણકાળે શરણસહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતા નથી, અથવા મરણકાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી પણ નિર્ભય વર્તે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે, અને એ જ તમારે અમારે સૌએ લક્ષ રાખવા યોગ્ય છે. પ્રીતિબંધનથી ખેદ થવા યોગ્ય છે, તથાપિ એમાં બીજો કોઈ ઉપાય નહીં હોવાથી તે ખેદને વૈરાગ્ય સ્વરૂપમાં પરિણમન કરવો એ જ વિચારવાનને કર્તવ્ય છે.

---

## (૭૭૯) ૧૦ અસંગ દશા

ૐ સર્વજ્ઞ

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે. તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે. તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.

તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્તવ્ય છે. શુદ્ધ સહજ આત્મસ્વરૂપ

---

(૭૮૦) **૧૧. સમદશા**

જેને કોઈ પણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા નથી, તે મહાત્માને વારંવાર નમસ્કાર.

પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મ–મરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે.

કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય જાણતાં અથવા અજાણતાં તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું, ઘણા નમ્રભાવથી ખમાવું છું.

આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.

---

## (૭૮૧) ૧૨. વીતરાગ દશા

સર્વ જીવ પ્રત્યે, સર્વભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે, એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્‌દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્‌ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વદુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે. એ જ વિનંતિ.

---

## (૭૩૫) ૧૩. અવિષમ ઉપયોગને નમસ્કાર

વિષમ ભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે જ્ઞાની પુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે, અને ભવિષ્ય કાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર. એ જ ધ્યાન.

---

## (૮૬૬) ૧૪. સમાધિનું રહસ્ય

ૐ

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે. શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણામે છે.

જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે.

સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમવીતરાગ દૃષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.

કોઈ મહત્ પુરુષના મનનને અર્થે પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે.

હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

---

## (૮૫૬) ૧૫. સત્સમાગમની આવશ્યકતા

જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વર્ધમાન થવાને અર્થે આત્માર્થી જીવને તથારૂપ જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળના જીવોને તે બળની દૃઢ છાપ પડી જવાને અર્થે ઘણા અંતરાયો જોવામાં આવે છે, જેથી તથારૂપ શુદ્ધ જિજ્ઞાસુવૃત્તિએ દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યકતા રહે છે. સત્સમાગમના અભાવે વીતરાગશ્રુત, પરમ-

શાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.

(૮૧૭) **૧૬. દુર્લભયોગ**

આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથાપ્રારબ્ધ વિચરે છે, એવા મહાત્માઓનો યોગ જીવને દુર્લભ છે. તેવો યોગ બન્યે જીવને તે પુરુષની ઓળખાણ પડતી નથી, અને તથારૂપ ઓળખાણ પડ્યા વિના તે મહાત્મા પ્રત્યે દૃઢાશ્રય થતો નથી. જ્યાં સુધી આશ્રય દૃઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી. ઉપદેશ પરિણમ્યા વિના સમ્યગ્દર્શનનો યોગ બનતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી. તેવા મહાત્મા પુરુષોનો યોગ તો દુર્લભ છે, તેમાં સંશય નથી. પણ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે, તોપણ ક્વચિત્ તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે. સત્સમાગમ અને સત્શાસ્ત્રનો પરિચય કર્તવ્ય છે. ૐ

(૮૧૦) **૧૭ જ્ઞાનીની દૃષ્ટિ**

જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.

લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે. રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે.

જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવા યોગ્ય કાંઈ દેખાતું નથી. ૐ

---

## (૮૧૬) ૧૮. અંતર્મુખ થવાનો માર્ગ

કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વદુઃખ ક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે. તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે તે પણ અનિયત કાળના ભયથી ગૃહીત છે; ત્યાં પ્રમાદ થાય છે, એ ખેદ અને આશ્ચર્ય છે. ૐ

---

## (૮૩૨) ૧૯. આત્મામાં જ રહો

દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે ?

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું.

અમારે પરિગ્રહને શું કરવો છે ?

કશું પ્રયોજન નથી.

'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.'

હે આર્યજનો ! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.

---

## (૫૩૭) ૨૦. સહજ મોક્ષ

મુમુક્ષુજીવને, એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં. એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી એ રૂપ જે ઇચ્છા તે સિવાય વિચારવાન જીવને બીજી ઇચ્છા હોય નહીં, અને પૂર્વકર્મના બળે તેવો કોઈ ઉદય હોય તોપણ વિચારવાનના ચિત્તમાં સંસાર કારાગૃહ છે, સમસ્ત લોક દુઃખે કરી આર્ત્ત છે, ભયાકુળ છે, રાગદ્વેષનાં પ્રાપ્ત ફળથી બળતો છે. એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્તે છે; અને જ્ઞાનપ્રાપ્તિનો કંઈ અંતરાય છે, માટે તે કારાગૃહરૂપ સંસાર મને ભયનો હેતુ છે, અને લોકનો પ્રસંગ કરવા યોગ્ય નથી, એ જ એક ભય વિચારવાનને ઘટે છે.

મહાત્મા શ્રી તીર્થંકરે નિર્ગ્રંથને પ્રાપ્તપરિષહ સહન કરવાની ફરી ફરી ભલામણ આપી છે. તે પરિષહનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં અજ્ઞાનપરિષહ, અને દર્શનપરિષહ એવા બે પરિષહ પ્રતિપાદન કર્યા છે, કે કોઈ ઉદયયોગનું બળવાનપણું હોય અને સત્સંગ, સત્પુરુષનો યોગ થયા છતાં જીવને

અજ્ઞાનનાં કારણો ટાળવામાં હિંમત ન ચાલી શકતી હોય, મુઝવણ આવી જતી હોય, તોપણ ધીરજ રાખવી; સત્સંગ સત્પુરુષનો યોગ વિશેષ વિશેષ કરી આરાધવો; તો અનુક્રમે અજ્ઞાનની નિવૃત્તિ થશે, કેમકે નિશ્ચય જે ઉપાય છે અને જીવને નિવૃત્ત થવાની બુદ્ધિ છે તો પછી તે અજ્ઞાન નિરાધાર થયું છતું શી રીતે રહી શકે? એક માત્ર પૂર્વકર્મયોગ સિવાય ત્યાં કોઈ તેને આધાર નથી. તે તો જે જીવને સત્સંગ–સત્પુરુષનો યોગ થયો છે, અને પૂર્વકર્મનિવૃત્તિ પ્રત્યે પ્રયોજન છે, તેને ક્રમે કરી ટળવા જ યોગ્ય છે, એમ વિચારી તે અજ્ઞાનથી થતું આકુળવ્યાકુળપણું તે મુમુક્ષુ જીવે ધીરજથી સહન કરવું એ પ્રમાણે પરમાર્થ કહીને પરિષહ કહ્યો છે. અત્ર અમે સંક્ષેપમાં તે બેય પરિષહનું સ્વરૂપ લખ્યું છે. આ પરિષહનું સ્વરૂપ જાણી સત્સંગ સત્પુરુષના યોગે જે અજ્ઞાનથી મુઝવણ થાય છે તે નિવૃત્ત થશે એવો નિશ્ચય રાખી યથા-ઉદય જાણી ધીરજ રાખવાનું ભગવાન તીર્થંકરે કહ્યું છે, પણ તે ધીરજ એવા અર્થમાં કહી નથી કે સત્સંગ–સત્પુરુષના યોગે પ્રમાદ હેતુએ વિલંબ કરવો તે ધીરજ છે, અને ઉદય છે. તે વાત પણ વિચારવાન જીવે સ્મૃતિમાં રાખવા યોગ્ય છે.

શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી. કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે, તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે

ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે, અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવકલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે. અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ સત્પુરુષાદિ સાધન કહ્યાં છે અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્ત્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી. એ જ વિનંતી.

---

## (૯૦૧) ૨૧. અસંગતાનો અભ્યાસ કરો

ૐ

જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાન્તિ વડે વિશ્રાંતિ પામતું નથી. અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

જ્ઞાનીનાં વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.

યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવા યોગ્ય છે.

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે, તત્ત્વપ્રતીતિ સમ્યક્‌પણે ઉત્પન્ન થાય છે.

તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે. શુદ્ધ ચૈતન્યના અનુભવ અર્થે ચારિત્રમોહ વ્યતીત કરવા યોગ્ય છે.

ચારિત્રમોહ, ચૈતન્યના-જ્ઞાની પુરુષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે.

અસંગતાથી પરમાવગાઢ અનુભવ થયા યોગ્ય છે.

હે આર્ય મુનિવરો ! એ જ અસંગ શુદ્ધ ચૈતન્યાર્થે અસંગ યોગને અહોનિશ ઇચ્છીએ છીએ. હે મુનિવરો ! અસંગતાનો અભ્યાસ કરો.

જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર. ૐ શાંતિઃ

---

## ૨૧. આત્મરમણતા-ભાવના

**मा चिट्ठह मा जंपह मा चिंतह किं वि जेण होई थिरो ।**
**अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे ज्झाणं ॥**

—શ્રી દ્રવ્યસંગ્રહ

હે વિવેકી જનો ! કાયાની કાંઈ પણ ચેષ્ટા ન કરો, વચનનો કંઈ પણ ઉચ્ચાર ન કરો, મનથી કાંઈ પણ ચિંતવન ન કરો, જેથી ત્રણે યોગ સ્થિર થાય. આત્મા આત્મસ્વરૂપને

વિષે સ્થિર થાય, રમણતા કરે, તે જ નિશ્ચયથી પરમ ઉત્કૃષ્ટ ધ્યાન છે.

---

## ૨૩. આત્મધ્યાન

ૐ નમઃ

સર્વ વિકલ્પનો, તર્કનો ત્યાગ કરીને

| | |
|---|---|
| મનનો<br>વચનનો<br>કાયાનો<br>ઇન્દ્રિયનો<br>આહારનો<br>નિદ્રાનો | જય કરીને |

નિર્વિકલ્પપણે અંતર્મુખવૃત્તિ કરી આત્મધ્યાન કરવું. માત્ર અનાબાધ અનુભવસ્વરૂપમાં લીનતા થવા દેવી, બીજી ચિંતવના ન કરવી. જે જે તર્કાદિ ઊઠે, તે નહીં લંબાવતાં ઉપશમાવી દેવાં.

---

## ૨૪. સ્વાધ્યાય-ધ્યાન

હે મુનિઓ ! જ્યાં સુધી કેવળ સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો.

જીવ કેવળ સ્વાભાવિક સ્થિતિમાં સ્થિત થાય ત્યાં કંઈ કરવું રહ્યું નથી........

સર્વ પરદ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

३

# સમાધિ-ઉપદેશ

## (૧) "ઉપદેશામૃત"માંથી

દેહ છૂટવા સંબંધી નિર્ભય રહેવું કર્તવ્ય છે. આત્મા અજર અમર શાશ્વત છે, જ્ઞાનદર્શનમય છે, દેહના સંયોગે હોવા છતાં દેહથી ભિન્ન છે. તેને શાતા અશાતા વેદનીય હોય તો પણ તે કિંચિત્ માત્ર દુઃખમય નથી. આત્મા છે, તે મારું સ્વરૂપ છે. તે જ્ઞાનીએ જોયું છે. દેહને લઈને વેદનીય છે, તે વેદનીયનો કાળે ક્ષય થાય છે, ત્યાં તે વેદનીયનો ક્ષય થયે. નાશ થયે મૃત્યુ મહોત્સવ છે. કર્મનો નાશ તે મૃત્યુ મહોત્સવ છે. હરખ શોક કરવા જેવું નથી; દ્રષ્ટા રહી જોયા કરો. શ્રદ્ધા માન્યતા તો તે જ. સદ્‌ગુરુ, પ્રત્યક્ષ પુરુષ સહજાત્મસ્વરૂપ પરમગુરુ—જ્ઞાનદર્શનમય શ્રીમદ્ રાજચંદ્ર તે જ ગુરુ છે જી.

નિર્ભય રહો; મૃત્યુ છે નહીં. કોઈ પણ પ્રકારે ચિત્તમાં ખેદ હર્ષ-શોક નહીં લાવતાં, કોઈ જાતનો સંકલ્પ-વિકલ્પ નહીં લાવતાં, મનમાં હર્ષ ઉલ્લાસ લાવો. દુઃખને જાણ્યું તે જવાનું છે ત્યાં શોક નહીં કરવો. મ્યાનથી તરવાર જુદી છે તેમ દેહથી આત્મા જુદો છે. દેહને લઈને વ્યાધિ-પીડા થાય છે; તે જવાને આવી છે.

આત્મા છે તે સદ્‌ગુરુએ યથાતથ્ય જાણ્યો છે. જેવો તેમણે જાણ્યો છે, તેવો મારે માન્ય છે, ભવોભવ તેની શ્રદ્ધા હો! મેં તો અત્યારથી તેને માન્ય કરી, શ્રદ્ધા પ્રતીતિ, રુચિ, સહિત કોઈ સંતસમાગમયોગે જાણ્યો તે મારે માન્ય છે. હવે મારે કોઈ ડર રાખવાનો નથી. ઉદયકર્મે મનાય છે,

ભોગવાય છે તે મારું નથી, મારું નથી. જે મેં મારું માન્યું છે તે સર્વ મારું નથી, તે સર્વ સદ્‌ગુરુને અર્પણ છે. મારું છે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર તે સદ્‌ગુરુએ જાણ્યું છે. તે આત્મા યથાતથ્ય, જેવો છે તેવો જાણ્યો છે તે મારો, બાકી મારું છે જ નહીં !

અત્રે સમાધિ છે; તમે સમાધિમાં રહો. સર્વ વસ્તુ સંકલ્પવિકલ્પમાં આવે તે મારી નથી. જેટલું દુઃખ દેખાય છે તે આત્મા જાણે છે. આત્માનું સુખ આત્મામાં છે. કિંચિત્ હર્ષ-શોક કરવા જેવું નથી. કોઈ વાતે ખોટ જાય તેમ નથી. કાંઈ અડચણ નથી. સુખ, સુખ અને સુખ છે. પાપ માત્રનો નાશ થવાનો છે; તેવો અવસર છે. રોગ હોય ત્યાં વધારે કર્મ ખપે. બધી વાતે સુખ છે. બેય હાથમાં લાડુ છે. મૃત્યુ તો છે નહીં. સમતા ધીરજ રાખી ક્ષત્રિયપણે વર્તવું. જેટલું આવવું હોય તેટલું આવે; તે બધાનો નાશ થશે. અને આત્માની જીત થશે-નક્કી માનજો. હિમ્મત હારશો નહીં. ક્ષણે ક્ષણે વૃત્તિ પલટાય છે. આત્મા મરતો નથી.

મરણ છે જ નહીં. કલ્પનાથી, અહંભાવ મમત્વભાવથી, ભ્રાંતિથી ભૂલ્યો છે. તે ભૂલી સદ્‌ગુરુની આજ્ઞાએ સાવધાન થશો. જે જાય છે તે ફરી ભોગવાતું નથી. દેહમાં જણાતું દુઃખ તેથી કંઈ હાનિ નથી. તેથી આત્મા નિઃશંક ભિન્ન દ્રષ્ટા-સાક્ષી છેજી. તે સદ્‌ગુરુએ જોયો છે. તે શ્રદ્ધું છું, માનું છું. ભવોભવ એ માન્યતા હો !

સહજાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વામીને નમસ્કાર હો ! સર્વજ્ઞદેવ, નમસ્કાર હો ! પરમગુરુ, નમસ્કાર હો !

સમય સમય આ જીવ મરી રહ્યો છે, શુભાશુભ પુદ્ગલને ફરસ્યાં છે. જ્ઞાની સમભાવમાં છે. દેહ છૂટવા વિષે ભય કર્તવ્ય નથી, હર્ષ-વિષાદ ઘટે નહીં; અશુભ શુભાદિ મિથ્યા માઠાં મનનાં પરિણામ તે જ હાનિ અને તે જ મરણ છે. આત્મા સર્વ શાતા અશાતાનો દ્રષ્ટા છે.

જે જે જન્મ્યા છે તે દરેકને કોઈ ને કોઈ નિમિત્તે મરણ તો અવશ્ય આવવાનું જ છે. મહાન અતિશયધારી એવા તીર્થંકરો પણ નાશવંત દેહને અવિનાશી કરી શક્યા નથી. તો આયુષ્ય ભોગવાઈ રહેતાં પ્રાપ્ત થતા મરણને રોકવા અન્ય કોઈ સમર્થ છે? વહેલે કે મોડે આપણે પણ એ મરણની કસોટીમાં થઈને પસાર થવાનું છે એમ વિચારી સમાધિમરણની તૈયારીરૂપ સદ્વિચાર, કષાયની મંદતા કે ક્ષય, મોહ અને દેહાધ્યાસના ત્યાગાદિ માટે નિવૃત્તિ દ્રવ્ય, નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિકાળ અને નિવૃત્તિ ભાવનું સેવન, સત્સંગ, સત્સમાગમ, સત્પુરુષ અને તેની વાણીનું બહુમાનપણું, વૈરાગ્ય ઉપશમાદિનું આરાધન આજથી આપણે કરી લેવા યોગ્ય છે. જો આટલો ભવ સમ્યક્ત્વરૂપ ધર્મને આરાધવામાં ગાળવામાં આવે તો અનેક ભવનું સાટું વળી રહેવા યોગ્ય છેજી.

વળી મોટા પુરુષોએ આયુષ્યની છેલ્લી ઘડીને જ મરણ નથી કહ્યું, પણ ક્ષણે ક્ષણે આયુષ્યની દોરી ઘટતી જાય છે, તે ક્ષણ ક્ષણ જો વિભાવમાં ગઈ તો તે મરણ જ છે. વિભાવ પરિણતિ જેની અટકી નથી તેને જ્ઞાની પુરુષોએ હાલતાં ચાલતાં મડદાં જ કહ્યાં છે. જેટલો કાળ સ્વભાવ દશામાં જાય છે તેને જ્ઞાનીઓ જીવન કહે છે. બાકીનો કાળ મરવામાં જ જીવ ગાળે છે. આ હિસાબે તો આપણે આપણા જીવનની

ઘાત ચાલી રહી છે તેનો જ ખેદ કરવાનો છે.

આમ દૃષ્ટિ ફેરવીને જીવ જુએ તો લૌકિક વસ્તુઓ કે સંબંધીઓના વિયોગ કરતાં અનંતગણો ખેદ કરવા યોગ્ય તો આપણા આત્માની અધમ દશા છે. આત્માનું મૂળ સ્વરૂપ જ્ઞાની પુરુષોએ એવું વર્ણવ્યું છે કે તે કેવળજ્ઞાનસ્વરૂપ, કેવળ દર્શન સ્વરૂપ, ક્ષાયક સમ્યક્ત્વસ્વરૂપ, અનંત સુખસ્વરૂપ, અનંત વીર્યસ્વરૂપ છે; એટલી બધી રિદ્ધિનો ધણી આપણો આત્મા છતાં બે આંખ હોય તો જોઈ શકે, ચિત્ત ઠેકાણે હોય તો જાણી શકે, પુદ્‌ગલ પદાર્થ મળે તો સુખ સમજી શકે, એવો હીન વીર્યવાળો, પરાધીન, પુદ્‌ગળનું જ બહુમાનપણું કરનારો કંગાલ જેવો થઈ રહ્યો છે. તે મૂળ સ્વરૂપથી કેટલો પતિત, કેટલી અધમ દશામાં આવી પડ્યો છે! એ વિચારી તે નિજ નિર્મળ સહજ આત્મદશામાં પ્રેમ પ્રીતિ સ્થિતિવાળો થાય તેમ હવે પુરુષાર્થ કર્તવ્ય છે.

સહનશીલતા, ધીરજ, ક્ષમા, ખમી ખૂંદવું એ ગુણ ધારણ કરવાથી સારી ગતિ થાય છે. વેદનીયથી ગભરાવું મૂંઝાવું નહીં. જે આવે છે તે જવાને માટે આવે છે અને એથી વિશેષ આવો એમ કહેવાથી વધારે આવનાર નથી કે એ વેદની જતી રહો એમ કહેવાથી જતી રહે તેમ નથી. "નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય, કાં એ ઔષધ ન પીજિયે, જેથી ચિંતા જાય." આથી અનંતગણી વેદના જીવે નરક નિગોદમાં ભોગવી છે, તો પણ તેનો નાશ થયો નથી. તડકા પછી છાંયો અને છાંયા પછી તડકો આવે છે તેમ વેદના પણ રાખી મૂકવી હોય તો પણ રહેનાર નથી. જે થાય તે જોયા કરવું. જોયા વગર છૂટકો નથી.

આત્મા કદી મરતો નથી. જન્મતો નથી. ઘરડો નથી, જુવાન નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, વાણિયો નથી, બ્રાહ્મણ નથી. તેમ છતાં આ આઠ પ્રકારનાં કર્મોથી ઘેરાયેલો જુદા જુદા રૂપે દેખાય છે, પણ તે ક્યારેય દેહરૂપે થયો નથી, દેહથી ભિન્ન સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ છે. પરમ આનંદ-સ્વરૂપ છે. આત્માના સુખનું વર્ણન થઈ શકે તેવું નથી. એવા અચિંત્ય મહિમાવાળા આત્માને જ્ઞાની પુરુષોએ જાણ્યો છે, અને સંત પુરુષોએ જણાવ્યો છે, તે મારે માન્ય છે. મને દુઃખ થાય છે, હું મરી જાઉં છું એમ હું કદી માનનાર નથી. દેહના સંજોગે દેહના દંડ દેખવાના હશે તે દેખું છું. પણ મારું સ્વરૂપ જ્ઞાનીએ જોયું છે તેવું અનંત જ્ઞાનસ્વરૂપ, અનંત-દર્શનસ્વરૂપ, અવ્યાબાધ સુખસ્વરૂપ અને અનંત શક્તિસ્વરૂપ છે. તેમાં મારે આસ્થા, શ્રદ્ધા, માન્યતા, પ્રતીતિ, રુચિ છે, તે જ મને પ્રાપ્ત થાઓ! આત્માથી ભિન્ન જે જે સંયોગો મળ્યા છે તે બધા મૂકવાના છે. અને તે સર્વ દુઃખદાયી છે. શાતા કે અશાતા બન્ને વેદની કર્મ છે. કોઈ રીતે ઇચ્છવા યોગ્ય નથી. પણ જે આવી પડે તે સમતાભાવે સહન કરવા યોગ્ય છે. જ્ઞાની પુરુષો પણ સમભાવે સહન કરવાના અભ્યાસથી સર્વ કર્મથી રહિત થઈ મોક્ષ પામ્યા છે. સ્મરણ-મંત્રમાં ચિત્તને રોકવું.

શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

જુવાની, નીરોગી અવસ્થા અને સુખ વૈભવ ભોગવ-

વાના પ્રસંગો કરતાં આવી વેદનીના પ્રસંગો જીવને કલ્યાણનાં કારણ હોવાથી અમૃત સમાન છે, પણ દૃષ્ટિ ફરી નથી ત્યાં સુધી બહારની વસ્તુઓમાં સુખ લાગે છે અને તે છોડવાનો વખત આવે ત્યારે કઠણ લાગે છે. પણ આત્માના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર આદિ ગુણો તો અવિનાશી છે, છોડ્યા છૂટે તેમ નથી. માત્ર તેનું ભાન નથી. એ કોઈ સંતના યોગે સાંભળી, વિચારી, સમ્યક્ પ્રકારે માનવાથી પરિણામ બદલાય છે. અને જેમ છે તેમ જીવની યોગ્યતાએ સમજાય છે. એ આત્મભાવનાથી આત્મગતિ થાય છે.

અનાદિ કાળથી જીવ પર્યાય દૃષ્ટિમાં જ ફસાઈ રહ્યો છે. તેથી શરીર આદિ પર્યાયોમાં અહંભાવ મમત્વભાવ કરી તેમાં હર્ષશોક રાગદ્વેષ કર્યા કરે છે. તેથી જન્મમરણ ઊભાં થાય છે. જન્મમરણના કારણભૂત તેવી પર્યાયદૃષ્ટિ તજવા યોગ્ય છે એમ જ્ઞાનીપુરુષો પોકારી પોકારીને કહી ગયા છે છતાં જીવ અનાદિના અધ્યાસને લઈને તે વાત માન્ય કરતો નથી, ગળે ઉતારતો નથી. નહીં તો સર્વ દુ:ખનો નાશ કરનાર એવું જે સમ્યક્ત્વ તે જીવ અલ્પ સમયમાં પ્રાપ્ત કરે; સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનું પ્રબળ કારણ સદ્ગુરુકૃપાથી દ્રવ્યદૃષ્ટિનો અભ્યાસ કરવો એ છે. જ્યારે પર્યાયદૃષ્ટિ દુ:ખકારક, જન્મમરણનું કારણ અને અનેક પાપોનું મૂળ જણાય અને સુખનું સાધન તથા સત્ય વસ્તુ દર્શાવનાર પરમ હિતકારી એવી દ્રવ્યદૃષ્ટિની સમજ સદ્ગુરુ દ્વારા પ્રાપ્ત થાય તથા તેવાં આત્મપરિણામ વર્ત્યા કરે ત્યારે આત્માનું કલ્યાણ સહેજે થાય એમ છે.

ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે,
પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધર્મ૦

દર્શન જ્ઞાન ચરણ થકી અલખ સ્વરૂપ અનેક રે,
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ધર્મ૦

દ્રવ્યદૃષ્ટિથી આત્મા કોઈનો પિતા નથી, માતા નથી, પતિ નથી, ભાઈ નથી, એકલો આવ્યો છે, એકલો જવાનો છે. આત્મા બાળક નથી, વૃદ્ધ નથી, જન્મતો નથી, મરતો નથી. નિર્ધન નથી, ધનવાન નથી, ભૂખ્યો નથી, તરસ્યો નથી, દુઃખી નથી, સુખી નથી, દેવ નથી, મનુષ્ય નથી, સ્ત્રી નથી, પુરુષ નથી. આ મૂળ આત્માનું સ્વરૂપ સર્વ પરદ્રવ્યથી ભિન્ન અસંગ સ્વરૂપ સદ્‌ગુરુકૃપાથી શ્રદ્ધામાં આવે, તેની માન્યતા થઈ જાય તો આ ભવ સફળ થઈ જાય. આ શુદ્ધ સ્વરૂપની ભાવના તે જ ઉત્તમ તપ છે, જપ છે, ભક્તિ છે, ધ્યાન છે, અને સંયમ છે. અંતરંગમાં આવી શ્રદ્ધા રાખી પર્યાય દૃષ્ટિથી મોહ થાય છે. તે મનમાંથી તોડી નાખીને મારું કંઈ નથી એમ માનવું. હું મરી ગયો હોત તો જેમ આ મારું ન માનત તેમ જ જીવતાં છતાં મારાપણું મનમાંથી કાઢી નાખી યથાપ્રારબ્ધ જે વ્યવહાર કરવો પડે તે ઉપર ઉપરથી નિર્મોહીપણે કરવા યોગ્ય છેજી. સમતા ભાવમાં વર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.

આ વાત લક્ષમાં રાખી પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે, જાગૃતિપૂર્વક આત્માની ભાવના ભાવવા યોગ્ય છે. આવો પુરુષાર્થ કરાય તો તે અવશ્ય કલ્યાણકારી છે.

અમૂલ્ય વસ્તુ તો આત્મા છે. તે જ્ઞાનીએ જાણ્યો છે એ નિઃશંક વાત છે. અને તેવો જ આપણો આત્મા છે. અત્યારે તેનું ભાન નથી, તો પણ તે માન્ય કરવું અત્યારે બની શકે તેમ છે. આટલી પકડ મરણ વેદના વખતે પણ

રહે તેવો અભ્યાસ થઈ જાય તો સમાધિમરણ આવે, જન્મ-મરણનાં દુઃખ ટળે અને કામ થઈ જાય. કરોડો રૂપિયા કમાવા કરતાં વધારે કીમતી આ કામ કરવા યોગ્ય છે. સ્મૃતિમાં રાખી લઈ મંડી પડવા યોગ્ય છે. ફિકરકા ફાકા ભર્યા તાકા નામ ફકીર, એની પેઠે નિશ્ચિંત થઈ જવાય એવું છે. સત્પુરુષાર્થ કર્તવ્ય છે જી. કૃપાળુદેવે મને કહ્યું, મુનિ, હવે તમારે શું છે? હવે શું છે? બીજું તમારું નહીં. એક આત્મા. તરત બેસી ગયું. માટે છોડવું પડશે. મૂકવું પડશે. જે જાણ્યું તે નવિ જાણું, નવિ જાણ્યું તે જાણું.

પહેલાં શ્રદ્ધા કરી લો. કોની? જે હોય ( સત્ ) તેની. સાચાને પકડે તો હાથ આવે મૂળ એકડો ભણવાની વાત આટલી જ છે. તે માનો. એ તારું બળ અને સ્ફુરણા બીજાના હાથમાં નથી. તારા જ હાથમાં છે. માટે થઈ જા તૈયાર. તારી વારે વાર.

"આપ સ્વભાવમેં રે અબધુ સદા મગનમેં રહેના."

'અબધુ' એ આત્મા આત્મા આત્માને ઉદ્દેશીને બૂમ મારે છે તે ધ્યાનમાં લેતો નથી.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે

આત્માનું લક્ષણ—જાણવું, દેખવું અને સ્થિર રહેવું તે—નિરંતર સ્મરણમાં અનુભવમાં રાખવું. પછી ભલેને મરણ સમયની વેદના આવી પડી હોય, પણ 'જાણું દેખું તે હું;' બીજું તો જાય છે. ચાહીને તેને હાથ જોડી અતિથિની પેઠે વિદાય થતું જ જોવાનું માત્ર છે. તેમાં આત્માને કંઈ વળગે તેમ નથી. નહીં લેવા કે દેવા! જેને

ઉદય દેખાય છે તે જવાને વાસ્તે—આવ્યું કે ચાલ્યું. વજ્ર તાળાં વાસીને કહેવું કે જે આવવું હોય તે આવોને–મરણ આવો, અશાતા આવો, સુખ આવો, દુઃખ આવો, ચાહે તે આવો; પણ તે મારો ધર્મ નથી. મારો ધર્મ તો જાણવું, દેખવું અને સ્થિર થવું એ જ છે, બીજું બધું પુદ્ગલ, પુદ્ગલ અને પુદ્ગલ. ચકરી ચઢે, બેભાન થઈ જવાય અને શ્વાસ ચઢે એ બધું દેહથી જુદા થઈને બેઠા બેઠા જોવાની મજા પડે છે.

જાગૃત, જાગૃત અને જાગૃત રહેવું. હાય ! હાય ! હવે મરી જવાશે; આ તે કેમ સહેવાય ? એવું એવું મનમાં ન આવવું જોઈએ. વસ્તુ જાણ્યા પછી ભૂલી કેમ જવાય ? દેહ તે હું નહીં, એ નિશ્ચય થઈ જવો જોઈએ. આગળ ઘણા એવા થઈ ગયા છે કે જેમને ઘાણીમાં ઘાલી પીલેલા, પણ તેમનું ચિત્ત વિભાવમાં નહીં ગયેલું.

વિશ્વાસ અને દૃઢતાથી ગુરુ આજ્ઞાનું પાલન કરવું. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તે જ મારે માન્ય છે. એવી શ્રદ્ધા જ કામ કાઢી નાખે છે.

સુખદુઃખ તો જ્ઞાની અજ્ઞાની બન્નેને કર્મવશાત્ ભોગવવાં પડે; પણ દૃષ્ટિ જ બદલવાની જરૂર છે. સર્વ સવળું કરી લેવું આપ સ્વભાવમેં રે અબધુ સદા મગનમેં રહેના. 'સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ' ના જાપમાં કાળ વ્યતીત કરવો. તેથી નિર્જરા થાય.

જે ગમે તેને ન ગમાડવું અને ન ગમે તે ગમાડવું. દુઃખ આવો, મોત આવો, ગમે તે આવો—ભલેને તેથી

વધારે આવો, જેટલું આવવું હોય તેટલું આવો ! એ ક્યાં આત્માનો ધર્મ છે ? એ બોલાવ્યું આવવાનું નથી અને 'ના આવે, મટી જાય, સારું થાય' એમ કહ્યે ઓછું થવાનું નથી. તો પછી તેનાથી ડરવું શું ? જેમ જ્ઞાની પુરુષે દીઠું છે તેવું મારું સ્વરૂપ છે. એણે માનેલું મારે માન્ય છે; પછી બીજું ચાહે તે આવે. તેને મારું માનું ત્યારે મને દુઃખ છે ને ?

ત્રણ ગુપ્તિ-મન, વચન, કાયાની અને પાંચ સમિતિ-આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું, ચાલવું, આહાર ગ્રહણ કરવો, વસ્ત્રાદિ લેવાં મૂકવાં અને નિહાર ક્રિયા, આમ આઠે બાબતોમાં ઉપયોગ રાખીને વર્તે તે 'પ્રવચન અંજન.' ઘટપટ વિષે બોલતાં પહેલાં આત્મા તરફ ઉપયોગ રહે, પહેલો આત્મા અને પછી બીજું. જ્યાં જુઓ ત્યાં આત્મા, આત્મા, આત્મા. રોમે રોમ એ સાચો, સાચો, થઈ રહ્યું છે

આત્મા ઉપયોગસ્વરૂપ છે. ઉપયોગ સદાય નિરંતર છે. તે ઉપયોગ ઉપર ઉપયોગ રાખવો. સૂર્યચંદ્ર વાદળાં આડે ન દેખાય તો પણ છે એમ પ્રતીતિ છે, તેમ શુદ્ધ સ્વરૂપ છે એ પ્રતીતિ ભૂલવા યોગ્ય નથી. ઉપયોગ ભૂલી જવાય છે. એ ભૂલ મહાવીર સ્વામીએ દીઠી તે ઠામઠામ આગમમાં ઉપદેશી છે. એ સર્વ ભૂલની બીજભૂત ભૂલ છે.

આસો ૧૯૮૫

દિવાળી ઉપર [1]ત્રણ દિવસ થઈને ૧૦૮ માળા ગણવી જોઈએ. એકી વખતે ૧૦૮ ગણવી હોય તે તેમ કરે-ત્રણ

---

૧. સંવત ૧૯૮૬માં પ. પૂ. પ્રભુશ્રીએ ત્રણ દિવસને બદલે ચાર દિવસ એટલે તેરશ, ચૌદશ, દિવાળી અને એકમના દિવસે રાત્રે છત્રીસ માળાઓ ફેરવવાનો ક્રમ જણાવ્યો હતો.

પહોર જાગીને કરે. તેમ ન કરી શકે તેણે પાખીને દિવસે એટલે ચૌદશને દિવસે ૩ માળા 'સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ' મંત્રની, ૨૮ માળા 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ' મંત્રની અને ૫ માળા 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે,' મંત્રની એમ છત્રીશ માળા ફેરવવી. તેટલી જ (૩૬) દિવાળીને દિવસે સાંજે અને છત્રીશ એકમની સાંજે એમ ૧૦૮ માળા ત્રણ દિવસ થઈને ફેરવવી

તે છત્રીશ માળા સુધી પણ જે સામાયિકમાં બેઠા હોય તેમ ન બેસી શકે તે સવાર–સાંજ થઈને ૩૬ માળા ફેરવી લે. એમ ૧૦૮ માળા સમાધિમરણની ઇચ્છાથી ફેરવે. કોઈ પણ પ્રકારની આ લોક પરલોકની વાંછા–નિયાણું ન કરે, ત્રણે દિવસ યથાશક્તિ તપ કરે, ઉપવાસ, એકટાણું કે નીરસ આહારથી ચલાવે તથા બ્રહ્મચર્ય પાળે. શુભ ભાવનામાં ત્રણે દિવસ ગાળે તો તે સમાધિમરણની તૈયારી છે.

'જૈન વ્રત કથા'માં જેમ ઘણા દુઃખિયાઓએ દુઃખથી મુક્ત થવા ઉપાય પૂછેલા છે અને સાધુ મુનિઓએ જણાવેલા વ્રતથી લાભ મેળવી જેમ કલ્યાણ તેમણે સાધ્યું છે, તેમ આ વ્રત પણ તેવું જ છે. દરરોજ ત્રણે દિવસ આત્મસિદ્ધિ વગેરેનો નિત્યક્રમ પણ ચાલુ રાખવો.

'જગત આત્મારૂપ માનવામાં આવે,' પરને પુદ્ગલમાં કાઢી નાખી આત્માને જોવો. જોનાર હોય તો જોવાય છે. તેને પડી મૂકીને જોવાની ટેવ છે તે બદલી નાખવી. ફરવું પડશે.

'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું સ્મરણ નિરંતર કર્તવ્ય છે. હાલ તે બની શકે તેમ છે. પછી જે બાકી રહે છે તે પણ અવશ્ય પ્રાપ્ત થશે.

સત્પુરુષ ઉપર શ્રદ્ધા થાય, શાસ્ત્રના વાંચનથી તે શ્રદ્ધાને પોષણ મળે અને આત્મા ઓળખવાને જીવને તીવ્રતા જાગે ત્યારે સત્પુરુષના બોધે એવી શ્રદ્ધા થાય કે આ આત્માનું સ્વરૂપ છે. એટલે જ્ઞાનીને આત્માની શ્રદ્ધા છે તેવી શ્રદ્ધા થાય તે સમ્યક્ત્વ છે. તેથી કરીને જ્ઞાની કહેવાય છે અને તેમને નિરાસ્રવ કહ્યા છે.

દુઃખાદિ પ્રસંગે જોનાર તે હું છું. કર્મફળરૂપ દુઃખ તો શરીરમાં છે–એમ ભેદજ્ઞાન સદ્ગુરુદ્વારા ન થયું તેથી અગિયાર અંગનો અભ્યાસ નિષ્ફળ થયો. દુઃખાદિ વખતે દેખનાર જુદો રહે તો સમકિત છે.

સદ્ગુરુએ મંત્ર આપ્યો છે તે આત્મા જ આપ્યો છે. તે પ્રગટ થવા માટે પ્રેમની જરૂર છે. પ્રેમમાં બધું આવી ગયું. હરતાં–ફરતાં, બેસતાં–ઊઠતાં એક આત્મા જ જોવો. બેઠો હોય તે બીજું જુએ. એવો દૃઢ અભ્યાસ થઈ જાય તેને પછી જે ઉદયમાં આવે તે કંઈ હાનિ કરતું નથી, મરવા આવે છે, પછી તેને કંઈ ફિકર નથી.

'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સિવાય મારું કોઈ નથી' આ જ્ઞાનીનું કહેલું માન્ય કરવાની પ્રતિજ્ઞા કર્તવ્ય છે. એ જ વારંવાર ચિંતવવા યોગ્ય છે.

આત્મા જોવા પ્રત્યે પ્રેમ, કાળજી રાખવી. સત્પુરુષના બતાવ્યા વિના બને તેમ નથી. બોધની જરૂર છે સત્પુરુષ પાસે અજબ ચમત્કારિક કળા છે! કઈ વખતે આત્મા નથી? તેને વિસારવા યોગ્ય નથી. શૂરવીર થવાની જરૂર છે. 'એક મરણિયો સોને ભારે' તેમ આત્માની સ્મૃતિ અનેક કર્મોનો નાશ કરનાર છે. બોધ છે એ ગમ છે.

આત્મા જોવો. શ્રેણિક રાજાને અનાથી મુનિ પાસેથી આ જ પકડ થઈ હતી, પરમ કૃપાળુ દેવે અમને તે કહ્યું હતું. તેમાં પોતે પણ આવી ગયા, એમ કહ્યું હતું અને તે પકડ થવાથી પડદો દૂર થઈ ગયો. મીઠી વીરડીનું પાણી તરસ છિપાવે છે. ખારો સમુદ્ર આખો ભરેલો હોય, પણ કંઈ કામનો નથી.

જ્ઞાનીએ જોયો છે તેવા આત્માની ભાવના કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

આત્મા જોવાણો હોય તો જ્ઞાન કહેવાય. અન્યને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવો, છે બીજું અને જોવું બીજું, એ ભૂલ નહીં ? આત્મા વગર આ બધું જોવાય ? માટે એને જુઓ. એના ઉપર ભાવ થાય તો તરત પરિણમે જ. એ જ જીવને કાળજી રાખવાની જરૂર છે. એને સંભારવો, સ્મરણમાં યાદ લાવવો, એમાં ને એમાં ચિત્ત રાખવું. આ જ કર્તવ્ય છે. ચેતવા જેવું છે. દગો છે, આ બધું સાચું નથી. માયાની રોશની અસલ નથી. બનાવટ છે. પતંગનો રંગ છે, મજીઠનો નથી. જીવને સમજણ હોય તો મજીઠનો રંગ લાગે. આ કર્તવ્ય છે. કર વિચાર તો પામ. વાત ચમત્કારિક છે.

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

જેને દેહાધ્યાસ છૂટ્યો તે કરે છે છતાં નથી કરતા, ખાય છે છતાં નથી ખાતા, બોલે છતાં નથી બોલતા, ભોગવે છે છતાં નથી ભોગવતા–આ આશ્ચર્ય તો જુઓ ! ત્યારે એને ભેદજ્ઞાન થયું ને? છે જગતમાં અને જગતમાં નથી, છે દેહમાં અને દેહમાં નથી ! એ સમજણમાં ફેર પડી ગયો ને !

આ તો 'સુખ આવ્યું, દુઃખ આવ્યું, પૂજા થઈ. સત્કાર થયો, વ્યાધિ આવી, મરણ આવ્યું' એમ માની બેઠો છે ત્યાં કર્તા ભોક્તા થયો. કેવો છે પોતે? સિદ્ધ સમાન. નહીં નાનો, નહીં મોટો, દૃષ્ટિની ભૂલ છે; આ ભૂલ નથી નીકળી, બાળકની પેઠે બહાર જુએ છે; આ નથી જોતો. પર્યાય દેખીને તેને આત્મા માન્યો. ઘરડો છું, દુઃખિયો છું,–એ બધું ખોટું માન્યું છે. તું મોક્ષ સ્વરૂપ છો.

"એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ."

તું આવો નથી. બાધાપીડા રહિત, અનંત જ્ઞાન દર્શનવાળો તું છું, વિશ્વાસ આવશે? ખોટું એને સાચું માનવું એ કેવી મોટી ભૂલ? મૂળ વસ્તુ વિચારી નથી. અજર, અમર, અવિનાશી, શાશ્વતો! નથી સ્ત્રી, નથી પુરુષ, એવો તું આત્મા છું. અમે કહીએ છીએ તે સાચું માન. વિચાર આવ્યો તો આનંદ આનંદ થઈ જાય.

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ."

આ ત્રણ ગાથાઓમાં આમ પકડાવી દીધો છે. મરણ કાળે આ ત્રણ ગાથાઓમાં ઉપયોગ જોડાયો તો કામ થઈ જાય. એનો ભેદી મળે અને પકડ થાય, વિચાર કરે તો પામે. સમાધિમરણ આવે. આ ચમત્કારી ગાથા આત્માને સમજવા માટે છે. મરણની વેદની છે. ત્યાં બોધ સાંભરી આવે તો કામ થઈ જાય.

આવું દુઃખ ભલેને રહ્યું. પણ મારું તો આવું–શુદ્ધ બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખધામ, એવું–આત્મસ્વરૂપ

છે. વેદની, રોગ, મરણ કોઈ મારાં નથી. એને જોનાર જાણ-નાર જુદો પડ્યો–ભેદવિજ્ઞાનથી. 'કર વિચાર તો પામ.'

રોગ તો જ્ઞાની અજ્ઞાની બન્નેને ભોગવ્યે જ છૂટકો છે, પરંતુ જ્ઞાની કહે છે કે: આથી બમણી વેદની આવને, તારા ઘરમાં હું રહીશ ત્યારે ને? ક્ષમા, સહનશીલતા, સંતોષ, ધીરજ, સમતા એ આત્માના સુંદર ઘરમાં હું રમણ કરીશ, પછી વેદની મને શું કરવાની છે? જ્ઞાની ભેદજ્ઞાનથી પરમાં પરિણમી જતા નથી પરંતુ જ્ઞાતા દ્રષ્ટા સાક્ષી રહે છે, ન્યારા ને ન્યારા રહે છે.

પાંડવોને શત્રુંજય પર્વત ઉપર શત્રુઓએ લોઢાનાં તપાવેલાં બખ્તરો પહેરાવ્યાં; ભયંકર ઉપસર્ગ કર્યા. પરંતુ પાંડવો દેહાધ્યાસ છોડી આત્મધ્યાનમાં તલ્લીન રહ્યા. આત્મ-ધ્યાનમાં અચળ રહ્યા અને શિવપદને પામ્યા, પાંડવોએ શું કર્યું ?

"આત્મા પોતાનો છે; તે તો અજર, અમર, દેહાદિ કર્મ–નોકર્મથી ભિન્ન, જ્ઞાતા–દ્રષ્ટા, જ્ઞાનદર્શન ઉપયોગમય, શુદ્ધ બુદ્ધ એક સ્વભાવવાળો છે અને ઉપસર્ગ આદિ તો શરીરને થાય છે; આત્માને અને તેને આકાશ અને ભૂમિના જેટલું છેટું છે." એમ ભેદજ્ઞાનથી આત્મધ્યાનમાં અચળ રહ્યા.

આપણા ઉપર પણ એવા ઉપસર્ગો આવશે મરણ તો એક કાળે બધાને આવશે. તો તે માટે તૈયાર થઈ જવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો.

સોનાને ગમે તેટલું અગ્નિમાં તપાવો તો પણ સોના-પણું તજતું નથી. તેમ જ્ઞાનીને રોગ, દુ:ખ, કષ્ટ, ઉપસર્ગ,

મરણ આદિના ગમે તેટલા તાપ આવી પડે તો પણ પોતાનો જ્ઞાન–સ્વભાવ તે તજતા નથી.

અવળું કર્યું ત્યાં જગત દેખાયું, સવળું કર્યું ત્યાં આત્મા જોવાયો. જે દેખાય છે, તે બધુ પર છે. ભળાય છે તેને માન્યું છે એ જ અવળી દૃષ્ટિ દૃષ્ટિ ફરે તો બધાને જાણ-નાર દેખનાર એવો જે આત્મા તેના ઉપર દૃષ્ટિ જાય. ત્યાં પરપદાર્થોમાં મારું મારું થઈ ગયું છે, તે ટળે. જ્યાં જ્યાં મારું મારું કર્યું છે ત્યાંથી ઊઠી જવું પડશે. મારો એક આત્મા છે–તે સિવાય જગતમાંની વસ્તુઓમાંથી એક પરમાણુ પણ મારું નહીં.

વિભાવ તે દુશ્મન છે. સ્વભાવ તે મિત્ર છે. વિભાવ પ્રત્યે ઝેર વર્તવું જોઈએ. અનાદિથી અહિતના કરનાર તેમને મિત્ર માન્યા. તે જ ભૂલ છે. હવે તે દુશ્મન છે એમ જાણી તેમના પ્રત્યે અંતરથી ઝેર રાખવા યોગ્ય છે.

આત્મા ઉપર પ્રેમભાવ વધારી દેવો જોઈએ. તેનું માહાત્મ્ય લાગ્યું નથી. સમજ મોટી વાત છે. સમજ આવ્યે આ ઝેર અને આ અમૃત એમ જણાય. પછી અમૃતને મૂકી ઝેરને કોણ ગ્રહણ કરે ?

આ જડ અને આ ચેતન એમ જ્ઞાનીને ભેદ પડી ગયો છે. આત્માનું સુખ કથ્યું જાય તેમ નથી.

મરણ, વેદની તો અવશ્ય બધાને આવશે જ. ત્યાં આટલો લક્ષ રહે તો કામ થઈ જાય.

વેદની આવે છે તેથી હજાર ગણી આવો. જે આવે છે તે જાય છે. બાંધેલાં કર્મ આવીને છૂટે છે. તેને જોનાર

એવો આત્મા હું છું. મેં તો એવો નિશ્ચય કરેલો છે કે હું આત્મા કોઈ કાળે મરવાનો નથી. કર્મ તો બાંધેલાં બધાં આવીને જવાનાં છે. પણ જોનાર આત્મા છે, આત્મા છે, આત્મા છે. વિશેષ રોગના ઉદયથી અથવા શારીરિક મંદ બળથી જ્ઞાનીનું શરીર કંપાય, નિર્બળ થાય, મ્લાન થાય, મંદ થાય, રૌદ્ર લાગે, તેને ભ્રમાદિનો ઉદય પણ વર્તે, તથાપિ જે પ્રમાણે બોધ અને વૈરાગ્યની વાસના થઈ છે તે તે પ્રમાણે તે રોગને જીવ તે પ્રસંગમાં ઘણું કરી વેદે છે. બોધ અને વૈરાગ્ય એ આત્મા છે. સદ્ગુરુનું શરણ માથે છે. સદ્ગુરુ એ પોતાનો આત્મા છે, અને દરેકની પાસે છે. સહજાત્મ-સ્વરૂપ મહામંત્ર છે. ભાન રહે ત્યાં સુધી તેમાં ઉપયોગ રાખવો. તેને સંભાળવો. ભાન ગયા પછી ફિકર નહીં.

આ બધાને મરણ તો એક વખત જરૂર આવશે. તો તે વખતે શું કરવું તે કહું છું. જેને સાંભળવું હોય તે સાંભળજો, ગ્રહણ કરવું હોય તે ગ્રહણ કરજો. પકડ કરી લેવી હોય તે પકડ કરી લેજો. કહેનાર કહી છૂટે, વહેનાર વહી છૂટે.

પ્રીતિ અનંતી પર થકી જે તોડે તે જોડે એહ.

સગાં, સંબંધી, પૈસા ટકા, ઘરબાર, બૈરાં, છોકરાં એ બધેથી પ્રીતિ ઉઠાવી, અહંભાવ મમત્વભાવ ઉઠાવી લઈ, દેહ આદિ સર્વ પ્રત્યેથી મોહમૂર્ચ્છા ભાવ બાળી જાળી, ભસ્મ કરી, સ્નાન સૂતક કરી ચાલ્યા જવું છે. તો સ્ત્રી છું, પુરુષ છું, એ આદિ પર્યાય દૃષ્ટિ છોડી, શ્રી સદ્ગુરુએ જાણ્યો છે એવો એક શુદ્ધ આત્મા હું છું એવી આત્મભાવના રાખવી; જ્યાં સુધી ભાન રહે ત્યાં સુધી 'સહજાત્મ સ્વરૂપ પરમગુરુ'

મહામંત્રનું સ્મરણ રાખવું. ઉપયોગ બધામાંથી ઉઠાવી તેમાં રાખવો. એના જેવું બીજું કોઈ શરણ નથી, તો જ કલ્યાણ થશે. આત્મા સદ્ગુરુએ જાણ્યો છે માટે સદ્ગુરુનું શરણ, શ્રદ્ધા, તેના ઉપર ભક્તિભાવ રુચિ પ્રીતિ વધારી હશે તે જ કામ કરશે.

પ્રત્યક્ષ દેખાય છે કે શરીર હાડ, માંસ ને ચામડાનું છે. તેમાં કંઈ સારરૂપ નથી; છતાં વિકલ્પ કરી કરી મારું માને છે. અહંભાવ છોડવા જ્ઞાની કહે છે તે વિશ્વાસ રાખ. વહેવારે વાણિયો, મા, બાપ માન, પણ મનમાં નક્કી કરી નાખ કે તે સ્વપ્નું છે. ખરું નથી. તેવું માનવા માટે કોઈ ના કહી શકે તેવું છે? અમારે મનમાંથી માન્યતા કઢાવી નાખવી છે. સ્વપ્નું છે-જોયા કર, નહીં તો ફર્યા કર. આવ્યું છે તે જશે જ. તેની ફિકર શાની? જોનાર અને જાણનાર જુદો છે. તે જ્ઞાનીએ જાણ્યો છે. તેને માન ને બીજા બધાની હોળી કરી નાખ.

સદ્ગુરુને અર્પણ કરવું તે શું?

મિથ્યા સમજાય તો મમતા મુકાઈ જાય છે. પછી આત્માની શ્રદ્ધા થાય છે તે અર્પણ. માટે શ્રદ્ધા કરવાની છે.

ભેદજ્ઞાન થયા પછી આનંદઘનજીની માફક કહી શકાય કે 'અબ હમ અમર ભયે, ન મરેંગે.' જ્ઞાનીનું સ્વરૂપ આમાં વર્ણવ્યું છે. દેહ, માંદગી વગેરેને જ્ઞાનીએ તેનું માન્યું નથી. પછી કાળ કોને પકડે? કાળ નાસી જાય છે જગત આત્મારૂપ માનવામાં આવે છે. તેવા જ્ઞાનીને કાળ શું કરે? અમને કૃપાળુદેવે હાથમાં લખીને કહ્યું હતું કે આ ભ્રમ અને બ્રહ્મ. ભેદજ્ઞાન થયું, પછી રાગદ્વેષ થાય કેમ? જડ તે ચેતન

કેમ મનાય? માન્યતા ફરી ગઈ. વાણિયા, બ્રાહ્મણ, કંઈ નથી. આત્મા છે. તે જ માનવાનો છે.

ઓળખાણ થવા માટે સાંભળવું જોઈશે. ઓળખાણ વિના ખબર ન પડે. જડ ચેતનની વાત કરી તેથી કંઈ લાભ નથી, પણ ઓળખાણ થવી જોઈએ. એક જણે દૂધમાં નીલમ (રત્ન) જોઈ લીધું પછી દૂધ નીલું દેખાય પણ દૂધને નીલું નહીં માને. તેમ આત્માની માન્યતા થઈ ગઈ પછી રોગને, દેહને, મરણને પોતાનાં નહીં માને.

ઈશ્વર કોણ? આત્મા. તેનાથી મોટો ઈશ્વર કોઈ નથી, ભીંત ઉપર ઘોડાના ભાવ કર્યા હોય તો ઘોડો જણાય છે. તેમ 'સહજાત્મસ્વરૂપ'નું સ્મરણ કર્યું હોય તો કાળે કરીને તે રૂપ થવાય છે. તેવા ભાવ થયા કે બધેથી ઊઠી જવાય છે.

બધું વિનાશી છે. બધા મમતા કરી કરીને ચાલ્યા ગયા છે. માટે હવે ચેતી જાઓ. આત્માની શ્રદ્ધા કરી લો. શ્રદ્ધા એવી કરો કે વજ્રની ભીંત જેવી. બીજું તે આત્મા મનાય નહીં અને આત્મા તે બીજું મનાય નહીં. બીજે પરિણમી ગયો છે, તે આમ પરિણમી જવાનું છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા સિવાય કંઈ પોતાનું ગણે નહીં. ગજસુકુમારે શું કર્યું? ધીરજ. ગાંઠે બાંધી લો–ધીરજ, સમતા, ક્ષમા. વેદની વખતે વિચારવું કે મારું છે તે જવાનું નથી; અને જે જાય છે તે તડકા છાંયા જેવું છે પણ તેને મારું માનું જ નહીં.

તમારી પાસેથી અમારે કંઈ લેવું નથી. અમારા કરવા નથી કંઠી બાંધવી નથી કે બીજો ધર્મ મનાવવો નથી. તમારું છે તે તમારે માનવાનું છે. વાત છે માન્યાની.

અહીં આત્માની વાત છે. આ વાત જુદી જ છે. આત્મા અરૂપી છે. આંખે દેખાય તેમ નથી. જ્ઞાનદૃષ્ટિથી દેખાય તેમ છે. તે ન થાય ત્યાં સુધી શ્રદ્ધા રાખવાની છે કે મને મારો આત્મા દેખાતો નથી પણ તે છે, જ્ઞાનીઓએ જોયો તેવો મારો આત્મા છે. જોતાંની સાથે રૂપ દેખાય છે, પણ આત્મા છે તો આંખો જોઈ શકે છે. માટે પહેલો આત્મા જોવો. દેખાય છે તે તો જડ છે; આત્મા નથી.

ફેરવવાનું શું છે? સમજણ. જનક વિદેહીને શું ફર્યું હતું? સમજણ. નગરી બળતાં મારું કંઈ બળતું નથી. એમ સમજણ ફેરવવાની છે. બીજું બધું છે તે પડી રહેવાનું છે.

શ્રેણિક રાજાને અનાથી મુનિનો બોધ થયો. સમજણ ફરી. મારું મનાતું હતું તે મારાપણું મટી ગયું. બાકી બધું રાજપાટ, વૈભવ, સ્ત્રી વગેરે જે પ્રારબ્ધ હતું તે પ્રમાણે રહ્યું.

સમકિત ક્ષાયિક કરવાનું છે. આત્મા આત્મામાં છે. કર્મ કર્મમાં છે. પાણી મેલું થયું તેથી પાણી અને મેલ એક નથી. સોનું ગમે તેટલું તપે પણ તે સોનું છે. ગમે તેટલા કર્મના ઉપસર્ગ આવે પણ આત્મા તે આત્મા છે. સંબંધથી વેદના જણાય; પણ સંબંધ તે સંબંધ છે.

'જ્ઞાન, દર્શન, ચારિત્ર' નામ પાડ્યાં છે; પણ વસ્તુ એક જ છે. આત્મા સિવાય જોનાર જાણનાર કોણ છે? દુનિયામાં સ્થિર કોણ છે? મરે નહીં, ઘરડો થાય નહીં તેવો આત્મા છે. કોઈ કહે આ મરી ગયો, પણ આત્મા મરતો નથી, દેહ પડી જાય છે.

આત્મા જાણે છે જ નહીં તેવી રીતે તેને વિસારી દીધો

છે સાચું માનજો આત્મા છે. તે ન હોય તો આ બધાં મડદાં છે. તેને જ સંભારવો. લોકો કહે છે ને કે આ માણસ મરી ગયો પણ તેને અને અમારે કંઈ સગપણ નથી. અમારે સ્નાનસૂતક ન આવે. તેવું પરભાવને માટે થઈ જવું જોઈએ. દેહને કંઈ થાય તેમાં મારે શું ? સંયોગ છે, સંબંધ છે. તે કંઈ આત્મા નથી.

પ્રમાદથી અને વૈરાગ્ય વિના અટકી પડ્યું છે. કરવાનું બહુ સહેલું છે; વળી મુશ્કેલ પણ છે. માનવાનું, જોવાનું– આટલું જ કરવાનું છે. જડ ને ચેતન બે જાણવાના છે. આટલી ઓળખાણ પડવી જોઈએ. પછી વાંધો નહીં.

આ જીવે એકમેક કરી નાખ્યું છે. દેહ જુદો છે, આત્મા જુદો છે. આત્મા રાજા છે. પણ જાણે તે છે જ નહીં, એવું કરી નાખ્યું છે. તેને સંભાળવાનો છે; પણ કોઈ સંભાળતું નથી. બધા કહે છે, મારું માથું દુઃખે છે, મને રોગ થયો છે, એ વાત તદ્દન સાચી દેખાય છે; પણ જુઓ તો તદ્દન જૂઠી છે. દેહને અને આત્માને મુદ્દલ સંબંધ નથી. પણ જીવ માની રહ્યો છે; મને થયું એમ બોલ્યા કરે છે. તે જાણે છે કે મરી ગયા પછી કંઈ રહેવાનું નથી છતાં મારાપણાની માન્યતા મુકાતી નથી. તેને ચોટ નથી. પરિણમન બીજું થઈ રહ્યું છે. બોલે છે તે વાતની ના કેમ કહેવાય ? પણ તે સાવ ખોટી છે. તમારી પાસે ઉપયોગ છે. જ્યાં ઉપયોગ છે ત્યાં આત્મા છે. એક વખત બધાંનું સ્નાનસૂતક કરી નાખો. પછી કોઈનું રહે નહીં.

કોઈએ ગાળ દીધી હોય તો વારે ઘડીએ સાંભર્યા કરે, તેમ તમે બધા જાણો છો છતાં ભાર દઈને કહેવાનું કે 'ભાવ'

જોઈએ. આ ખાસ લક્ષમાં રાખશો. બધા સામાયિક કરે છે પણ પૂણિયા શ્રાવકનું સામાયિક વખણાયું. તેમ ભાવ ભાવમાં ફેર છે. સાધુને હમેશાં સમતા હોય. આનું નામ ચારિત્ર, સમભાવ. સાધુ બધેય આત્મા જુએ–સિદ્ધ સમાન જુએ. થઈ રહ્યું–આટલું સમજાય તો થઈ રહ્યું.

પરમ કૃપાળુ દેવે અમને કહ્યું હતું, આત્મા જુઓ. માની લીધું. થઈ ગયું દૃષ્ટિમાં ઝેર છે તેથી બીજું દેખાય છે. 'તે સત્ છે. તે પરમાનંદરૂપ જ છે,' એવો નિશ્ચય હોય તો બાકી રહે ? આ તો બધી સાતા વેદની છે. સુખ ન હોય. સુખ તો આત્માનું છે, તે સાચું. તમને બધાને ભાવ, પરિણામ કરાવવાં છે. ચૂંટી ખણીને જગાડવો છે. હમણાં મનુષ્ય ભવ છે, અહીં સમકિત થાય તેવું છે. પછી ક્યાંથી લાવશો ? જેમ લોકો ધન સંતાડે છે તેમ સમભાવરૂપી ધન રાખી મૂકો. તેમાંથી બધું મળશે.

શરીર ધણી થઈ પડયું છે. તેની ખબર લેવાય છે. ખરેખરી રીતે તો તે દુશ્મન છે, તે જાણવું જોઈએ. લૂંટમલૂંટ લેવાનો વખત આવ્યો છે તેનો અર્થ એ કે ભાવ કરવા, આત્માના ભાવ કરવા. 'શરીર નહીં તે નહીં,' એવું થવું જોઈએ. તેને ઝેરરૂપ ગણ્યા વિના બીજો ઉપાય નથી. બધા જ્ઞાનીઓએ એમ જ કર્યું છે.–આ તો ચમત્કાર છે, ચમત્કાર ! બધામાંથી ઊઠાડી આત્મામાં ભાવ કરાવ્યો છે.

'મારું' નથી તેને 'મારું' કરવા ફરવું નહીં. તે થવાનું નથી. જે કરવાનું છે તે આજે કહી દઉં છું. સમજ. વધારામાં કહેવાનું–ભાવ. ચોટ થવી જોઈએ. પરિણામ, ભાવ કરતાં કરતાં તે ફળીભૂત થશે. આ સંબંધ છે તો શું તે નથી ? છે જ.

બૈરાંને ધણી સાંભર સાંભર થાય છે, તેમ આત્મા સાંભર સાંભર થવો જોઈએ, આ તો એને ભૂલી જ ગયો છે. એને લઈને આ બધું છે. એ ન હોય તો કંઈ નથી. છતાં તેને સંભારતોય નથી.

મરે પણ ફરે નહીં એવી શ્રદ્ધા છે, છતાં ઉદય હોય.

કરવાનું શું છે? સમજ. કામમાં શું આવશે? સમજ. દેહ તો ઘરડો થતો જશે. અમારો દેહ જુઓ. કાન આંખ અત્યારે કામમાં આવતાં નથી. તેથી શું થયું? પૂંજી હોય તો કામમાં આવે. પૂંજી કરી લેવી. તે સમજ છે. દેહ છે તે જતો રહેશે પણ સમજ જતી રહેવાની નથી. ભાવ હતા તે ઉઠાડી જ્યાં કરવાના છે ત્યાં કરવા. સમજ પ્રમાણે ભાવ થશે.

કર્મ તો છૂટી જ રહ્યાં છે. વિકલ્પ કરીને જીવ બીજાં નવાં કર્મ બાંધે છે. નહીં તો છૂટી જાય. માંદા પડવાનું, મરવાનું કર્મને લઈને છે. આવ કહ્યે કર્મ આવતાં નથી. જા કહ્યે જતાં નથી. છૂટવાનો ઉપાય સમભાવ છે. કર્મનાં પોટલાં છે તેને જીવ મારાં મારાં કરી ગ્રહી રાખે છે. તેથી કહ્યું છે, તારી વારે વાર. તું મારું માનવું મૂકી દઈશ તો કર્મ પાછળ પડી વળગતાં નથી. તું જ ભેગાં કરવા દોડ કરે છે.

બધું ખોટું છે. તેમાં મારું માની શાનો રુએ છે? દુઃખરૂપ છે તેમાં સુખ ક્યાંથી હોય? આત્મામાં દુઃખ છે? પછી શાનો બીએ છે? વેદની આવી હોય તો જોયા કર, સમકિતી તેને શાતા માને છે. તે શું કરે છે? જોયા કરે છે. તેનામાં શું આવ્યું? સમજ. સમજ્યે છૂટકો છે. જ્ઞાનીના ગમ્મા જેમ નાખે તેમ સમ્મા. તે શું? જ્ઞાની જેમ છે તેમ

જુએ છે. ઐરાં પારકાની કાણુ પોતાને ઘેર લાવે છે અને રુએ છે. તેમ બધી દુનિયા કરે છે. પારકાને ઘેર મરણ તેમાં મારે શું? જેની ગણુતરી કરવાની છે તેની ગણુતરી કરતો નથી. અને પારકાની પોક મૂકે છે. સમજીને શમાઈ જવાનું છે.

વેદનીને કહ્યું હોય, તું બે મિનિટ ઊભી રહે, તો તે ઊભી નહીં રહે. પૈસાને કહ્યું હોય, તમે બે મિનિટ રહો, તો નહીં રહે. જે જવા આવ્યું છે તેને માટે તું શાની રડાફૂટ કરે છે? કરવાની છે સમજ. સમજ્યે છૂટકો છે, બીજો ઉપાય નથી. બધા ઘણા મરી ગયા. તું મરી જવાનો છે. તેથી આત્મા મર્યો? ના. તો પછી તું કોને રડે છે? કોની પોક મૂકે છે? આ જ ભૂલ છે. ભૂલ તો કાઢવી જ પડશે.

'ધિગ ધણી માથે કિયો,' તે કરી લે.

અનાદિ કાળથી જીવે દેહને જ સંભાર્યો છે. આત્માને સંભાર્યો નથી. તે તો જાણે છે જ નહીં એમ કરી નાખ્યું છે. વાસ્તવિક રીતે તે ન હોય તો બધાં મડદાં છે. ભાવ કરવા.

મનુષ્ય ભવ દુર્લભ છે. મહાપુણ્ય કર્યાં છે તો આ પામ્યા છો. અમારું કહેવું કંઈ બીજું જ છે. આ માથું વાઢી નાખે, દેહ રહે કે ન રહે, પણ બીજું મારું નહીં. અમારે તો વાત આત્માની જ કહેવી છે. મારો આત્મા તે મારો ગુરુ. તે જ્ઞાનીએ જાણ્યો છે તે ખરું. જેણે જાણ્યો છે તે મારો ગુરુ. અને તેણે આપેલી ભક્તિ, છ પદનો પત્ર, વીસ દુહા વગેરે ચિંતામણિ ગણી સંઘરી રાખું. બીજું બધું જતું રહેવાનું છે તે મારું નથી. મારો તો આત્મા. જે એણે કહ્યું છે તે કરવું. જીવતાં સુધી, શાતા હોય, ભાન હોય ત્યાં સુધી કરવું. પછી કંઈ થઈ શકે તેમ નથી.

મારો તો આત્મા. એ આત્માની પકડ અને તે જ મારો ગુરુ. અને તે જ મારે માન્ય. આતમભાવ ભાવ્યે જન્મ મરણનો ફેરો છૂટી જાય.

'ધિંગધણી માથે કિયા.' એક ધણી કર્યો. બીજું કંઈ નથી. માયા, સંબંધ, પૈસો ટકો, કાયા, બધું મળવું તે કર્માધીન છે. આત્મા છે. તેનો નાશ નથી. માથે ધણી કર્યો એટલે થઈ રહ્યું. મૂળ વસ્તુ તો જ્ઞાન–દર્શન–ચારિત્ર તે આત્મા, એ જ છે. એ જ ધણી છે. એને માની લેવો. આટલો ભવ મનુષ્યનો છે તે ચિંતામણિ છે. ખરો લહાવો ધર્મનો લેવાનો છે. એક આત્માની ઓળખાણ થઈ તો બસ. રોજ મૃત્યુ સંભારવું. તેથી મમત્વભાવ નહીં રહે. જીવ ઘેરાઈ જશે ત્યારે તો કંઈ નહીં બને.

આ સંસાર સ્વપ્નવત્ છે. પગ મૂકતાં પાપ છે. મરણનો ત્રાસ માથે છે. જો મરવું ન હોય તો ભલે આળસ કરો; પણ તે તો છોડવાનું નથી. ઘણા પુણ્યને લઈને મનુષ્ય જન્મ મળે છે. તે એળે ન જવા દેવો. ચેતવા જેવું છે. ઘડી વારમાં ફૂટી જાય એવો દેહ છે. તેનો ભરોંસો કરવા જેવું નથી. પાપ અને પુણ્ય સાથે આવે છે. બીજું બધું પડ્યું રહે છે. એ આપણે નજરે જોઈએ છીએ. ત્યાગ અને વૈરાગ્યની જરૂર છે. કમાવા માટે કે ધંધા–આબરૂ માટે આટલું બધું કરીએ તો આ જીવને અનાદિ કાળથી પરિભ્રમણ થતું આવ્યું છે તે ટાળવા માટે કાળજી નહીં રાખવી ? એની (જીવની) નોકરી–ફરજ પણ બજાવવી, 'આત્મઘાતી મહાપાપી.' બધાં દર્શનોમાં આ વાત માન્ય છે. વિષ્ણુ, મહાદેવ કે માતા એ માન્યે મોક્ષ થવાનો નથી. કરણીનાં ફળ મળશે. પણ

ખરા દેવને, આત્માને ઓળખ્યા વિના મોક્ષ નથી. સનાતન જૈન, વેદાંત બધેય આત્માનો જ લક્ષ રાખ્યો છે. પાપથી છૂટવાનો રસ્તો સાચા દેવ, સાચા ગુરુ, સાચા ધર્મની ઓળખાણ છે. આટલા ભવ એળે ગયા તો આટલો ભવ ધર્મ ખાતર જતો કરવા જેવું છે. એમાં કાળ જશે તે અલેખે તો નહીં જાય. એની જ શોધ, એની જ ખોજ, એના જ વિચારમાં રહેવું. પ્રભુ! કેવા કેવાના ઉદ્ધાર થઈ ગયા છે!

'સહજાત્મસ્વરૂપ' એ મહા ચમત્કારિક મંત્ર છે. સંભારતાં, યાદ કરતાં, બોલતાં, વૃત્તિ તેમાં વાળતાં કોટિ કર્મ ખપે છે. શુભ ભાવ થાય છે, શુભ ગતિ અને મોક્ષનું કારણ થાય છે, મરણ સમયે ચિત્તવૃત્તિ મંત્રસ્મરણમાં કે તે સાંભળવામાં જોડાય તો ગતિ સારી થઈ જાય. અને જન્મ-મરણથી મુક્ત થવાનું તે સમર્થ કારણ થાય છે.

'હું અને મારું' જ્યાં મનાય છે ત્યાં કર્મ બંધાય છે. 'હું ને મારું' જેને ટળી ગયું છે તેને કર્મબંધ થતો નથી. આંટી પડી ગઈ છે તેને ઉકેલવી પડશે.

ચર્મચક્ષુથી જોવાય છે. તે મૂકીને દિવ્યચક્ષુ જોઈએ. 'જગત આત્મારૂપ જોવામાં આવે'–આત્મા પહેલો હોય તો જગતમાં આ બધું જોવાય–જણાય છે. આત્મા ન હોય તો આ બધાં મડદાં છે. તે આત્મા યથાર્થ તો અનંતા જ્ઞાની જે મોક્ષે ગયા, સિદ્ધ થયા તેમણે જાણ્યો છે. તેવો જ યથાર્થ આત્મા જ્ઞાની એવા સદ્ગુરુદેવે જાણ્યો છે. તેવો જ સિદ્ધ સમાન શુદ્ધ મારો આત્મા છે, તે જ મારું સ્વરૂપ છે. તેથી અન્ય આ જગતમાં કાંઈ મારું નથી. એમ 'આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'

બાહ્યની વસ્તુ જોવા જેમ ચક્ષુ જોઈએ, તેમ જ્ઞાનચક્ષુથી અંતરની વસ્તુ જોવાય. જ્ઞાનચક્ષુ વિના આત્મા જોવાય નહીં. આત્મા અરૂપી છે. એ રૂપી તો છે નહીં. દેવતા હોય તેને ચીપિયો હોય તો ઝલાય, તેમ આત્મા ચર્મચક્ષુથી ન જણાય. તો એને જોઈએ શું? તો કે દિવ્યચક્ષુ. એ દિવ્યચક્ષુ જ્ઞાની પાસે છે. એ ચક્ષુ ચડાવે ત્યારે આત્મા દેખાય. યોગ્યતા હોય તો જ્ઞાની માર્ગે જતો હોય તેને બોલાવીને આપી દે.

યોગ્યતા એટલે શું?

યોગ્યતા એટલે ભાવ, પ્રેમ. એના ઉપર જ ભાવ પ્રેમ આવે તો કામ થઈ જાય.

ઠામ ઠામ આત્મા જુઓ. કાળું ધોળું જોવા ગયા ત્યાં માર્યા ગયા સમજજો. આ મારો સાક્ષાત્ આત્મા, આય મારો સાક્ષાત્ આત્મા. 'તુંહિ તુંહિ' એક એ જ. આત્મા ઉપર પ્રેમ પ્રીતિ ભક્તિ નથી થઈ તે કરવી છે, તે માટે આ દાવ આવ્યો છે. માટે ચેતી જાઓ.

"માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ"–અવળાનું સવળું કર્યું નહીં. ભાત સવળી કરી નાખી નહીં, નહીં તો ઝેરનું અમૃત થાય. આ બાઈ, આ ભાઈ, આ સારો, આ નરસો, આ વાણિયો, આ બ્રાહ્મણ–એમ માયા જોઈ. બાહ્ય દૃષ્ટિએ સાચું જોવાય નહીં, ઊંડા ઊતરો તો સાચું જોવાય. સાચું જોવું જોઈએ. તે શું? તો કે આત્મા.

જ્ઞાનીએ ઠામ ઠામ આત્મા જોયો છે. ઠામ ઠામ આત્મા જોવાય તો ઝેરનું અમૃત થઈ જાય. ઠામ ઠામ એક જ જોવાય ત્યાં નિધાન છે. દૃષ્ટિ તો ફેરવવી જ પડશે. તારી વારે વાર. દૃષ્ટિ ફરે તો હાલ, નહીં તો હજુ વાર છે.

જાગૃત થઈ જાઓ, તૈયાર થઈ જાઓ, દૃષ્ટિ ફેરવી નાખો. નાશવંત જગતની માયામાંથી પ્રીતિ ઉઠાવી એક આત્મા ઉપર ભાવ, પ્રીતિ, પ્રેમ કરો. તમે આત્મા છો, જ્ઞાનીએ ઠામ ઠામ આત્મા જોયો છે. તેવો શુદ્ધ આત્મા તે મારો છે, તે હું છું, તેથી અન્ય તે મારું નથી. એવો વિશ્વાસ કરી દો. આત્માનું માહાત્મ્ય સમજાયું નથી, તેથી આત્મા જોવાની દૃષ્ટિ થતી નથી. સત્સંગમાં બોધ જેમ જેમ સાંભળ સાંભળ કરશો તેમ તેમ સમજ આવશે. સમજણ આવ્યે દૃષ્ટિ ફરે.

અવળું કર્યું ત્યાં જગત દેખાયું, સવળું કર્યું ત્યાં આત્મા જોવાયો. જે દેખાય છે તે બધું પર છે. જે ભળાય છે તેને માન્યું છે. એ જ અવળી દૃષ્ટિ. દૃષ્ટિ ફરે તો બધાને જાણ-નાર-દેખનાર એવો જે આત્મા તેના ઉપર દૃષ્ટિ જાય; ત્યાં પરપદાર્થોમાં મારું મારું થઈ ગયું છે તે ટળે. બધું મૂકવું પડશે. જ્યાં જ્યાં મારું મારું કર્યું છે ત્યાંથી ઊઠી જવું પડશે. મારો એક આત્મા છે. તે સિવાય જગતમાંની વસ્તુઓમાંથી એક પરમાણુ પણ મારું નહીં.

નિશ્ચયનયથી જેવું પોતાનું સ્વરૂપ છે, તેનો નિશ્ચય થયો નથી. તે નિશ્ચય કરી લેવો. એક આત્મા જ ઓળખાય તો ફિકરના ફાકા માર્યા આત્મા ઓળખ્યો તે બોલી ઊઠ્યા, "અબ હમ અમર ભયે, ન મરેંગે." કાળ તો તેનો કિંકર થઈ રહ્યો ! મૃત્યુ તેને મહોત્સવ થઈ પડે છે.

હવે તો આત્મા જોવાનું કરો. બીજું જોવાનું કર્યું છે. તેથી ફરીને એક આત્મા જોવાનું કરો. દૃષ્ટિમાં ઝેર છે, તે અમૃત થાય તેમ કરો, માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ. જ્ઞાનીઓએ એ જ

કર્યું છે. એ જ જોયું છે. કર વિચાર તો પામ. વિચાર વડે દૃષ્ટિ પલટાવી અંતરદૃષ્ટિ કરવાની જરૂર છે.

આ ચર્મચક્ષુ મૂકવી પડશે; બાહ્યદૃષ્ટિ, પર્યાયદૃષ્ટિ મૂકવી પડશે. દિવ્યચક્ષુ જોઇએ. એક મરણિયો સોને ભારે છે. તેમ મરણિયો થઈ જાય ત્યારે કામ થાય. સમકિત વગર મોક્ષ નથી. સમકિત સુલભ છે, સહેલું છે. દૃષ્ટિ ફેરવવી જ પડશે.

જ્ઞાની પાસે જ દિવ્યચક્ષુ છે. બીજા બધા સંસારી જીવો ચર્મચક્ષુથી જુએ છે અને તેથી કર્મબંધન કરી રહ્યા છે. જ્ઞાનીને તેથી બધું સવળું છે. જ્ઞાનીના ગમ્મા અને જયમ નાખો તેમ સમ્મા. જ્ઞાની ગમે તેમ વર્તે છે છતાં બંધાતા નથી. તેમનું વર્તન માત્ર સવળું જ થાય છે. અજ્ઞાનીનું બધું વર્તન અવળું જ છે.

પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રત્યે પરિણામપૂર્વક દૃઢ શ્રદ્ધાથી ઉપાસના કરશો તો કલ્યાણ જ છે. એ આજ્ઞા તે 'સહજાત્મસ્વરૂપ' છે, અને એ જ આત્મા છે, એમ દૃઢ શ્રદ્ધા રાખવી. આ તો સાંભળ્યું છે, એમાં બીજું નવું શું છે? એ પ્રકારના વિકલ્પથી સામાન્યપણામાં ન કાઢી નાખતાં આમાં કોઈ અલૌકિકતા રહી છે. એમ દૃઢ શ્રદ્ધાથી આરાધન કરવું.

મરણ તો સર્વને છે જ. દેહ ધર્યો ત્યારથી જ મરણ છે અને મરણ સમયની વેદના પણ અસહ્ય હોય છે. ભલભલા ભાન ભૂલી જાય છે. તે વખતે કંઈ પણ યાદ આવી શકતું નથી માટે અત્યારથી જ તેની તૈયારી કરી રાખવી કે સમાધિમરણ થાય. 'મરણ અવસરે મને બીજું કંઈ ન હો, આ જ આજ્ઞા માન્ય હો! હું કંઈ પણ જાણતો નથી,

પરંતુ આ જે કહે છે, તે જ સત્ય છે. અને તે જ આજ્ઞા માન્ય હો ! એમ તૈયારી કરી રાખવી. સમયે સમયે જીવ મરી રહ્યો છે. માટે સમય માત્રનો પ્રમાદ ન કરતાં '**समयं गोयम मा पमाए**' એ વાક્ય યાદ રાખીને સમયે સમયે આજ્ઞામાં પરિણામ કરવાં. મારું તો એ પુરાણ પુરુષ પરમકૃપાળુદેવે જે કહ્યું છે તે એક માત્ર 'સહજાત્મસ્વરૂપ' જ છે, અન્ય કાંઈ મારું નથી. અંતરાત્માથી પરમાત્માને ભજાય છે. માટે અંતરથી દૃઢ શ્રદ્ધા રાખીને આજ્ઞા ઉપાસવી. આ સંજોગ–સંબંધ સ્ત્રી–પુત્ર, માતા–પિતા ભાઈ આદિ સર્વ પર્યાય છે, (કર્મજન્ય વૈભાવિક પર્યાય છે) અને નાશવંત છે, માટે તે કોઈ મારાં નથી. મારા તો એક સત્સ્વરૂપી પરમ-કૃપાળુદેવ છે અને તેમણે જે આજ્ઞા કરી છે અને કહ્યો છે તેવો સહજાત્મસ્વરૂપી એક આત્મા જ છે. તે સહજાત્મ-સ્વરૂપ આત્મા છે, નિત્ય છે, એ આદિ છ પદ જે પરમકૃપાળુદેવે કહ્યાં છે તે સ્વરૂપવંત છે, એ મારો છે એમ માનવું. અત્યારથી તૈયારી કરી રાખવી કે મરણ સમયે આ આજ્ઞા જ માનીશ, બીજું કંઈ નહીં માનું. એ માનવાથી જ, એ માન્યતા રહે-વાથી, તે સાથે જે મરણ છે તે સમાધિમરણ છે. જ્ઞાન-દર્શન–ચારિત્રમય સહજાત્મસ્વરૂપ આત્મા એ જ આપણો છે, એમ માનવું. જીવ પોતાની મેળે શ્રદ્ધા, ભાવના કરે એના કરતાં આ તો સાક્ષી થઈ, અમારી સાક્ષીયુક્ત થયું.

વિષય કષાયથી જુદું મારું સ્વરૂપ તો પરમકૃપાળુદેવે જે કહ્યું છે તે આજ્ઞા સહજાત્મસ્વરૂપ જ છે, એમ સમયે સમયે દૃઢ શ્રદ્ધાપૂર્વક વર્તવું અને તેમ કરતાં જે કંઈ આવે તે સહન કરવું. સહનશીલતાનો માર્ગ છે. પરમકૃપાળુદેવ પ્રબોધિત

આજ્ઞા સહજાત્મસ્વરૂપ એ જ આત્મા છે અને તે જ મારો છે, એમ ભાવના, દૃઢ શ્રદ્ધા પરિણામ કરો.

* પાંચ સમવાય કારણ મળે ત્યારે કાર્યનિષ્પત્તિ થાય છે. અને તેમાં પુરુષાર્થ શ્રેષ્ઠ છે. માટે પુરુષાર્થ એ કર્તવ્ય છે. આજ્ઞા ઉપાસવી અને તેમ કરતાં સદા આનંદમાં રહેવું. મારું સ્વરૂપ તો જ્ઞાન–દર્શન–ચારિત્રમય આત્મા એ જ છે. અને તેનાથી અન્ય છે તે વિનાશી છે, તો તેનો ખેદ શો? માટે ખેદ ન કરતાં સદા આજ્ઞામાં લક્ષ–ઉપયોગ રાખી વર્તતાં આનંદમાં રહેવું. આ જ કરવું છે એમ નિશ્ચય કરવો અને આ જ ખરું વ્રત છે. આજ્ઞામાં ઉપયોગ, તેની ઉપાસના એ જ ખરું વ્રત આરાધવા યોગ્ય છે. અનંતા જ્ઞાની જે થઈ ગયા છે તેનો બધાનો આ જ માર્ગ છે, આ જ આજ્ઞા છે, અને તે જ પ્રત્યક્ષપણે પરમકૃપાળુદેવે જણાવી છે. માટે પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધતાં સર્વ જ્ઞાનીની ઉપાસના આવી જાય છે.

આ બરાબર સ્મરણમાં રાખશો, ઉપયોગમાં રાખશો, અને એ જ માન્યતા એવી તો દૃઢ કરવી કે મરણ સમયે તે જ આપણને હો. એ જ લક્ષ રાખવો.

---

## ૨. શ્રી 'ધર્મામૃત'માંથી

સદ્‌ગુરુ ઉપદેશે છે કે : હે ભવ્ય ! શરીર અન્ય છે, હું અન્ય છું, શરીરથી હું કેવળ ન્યારો છું, ઇત્યાદિ ભેદ-જ્ઞાનરૂપી અમૃતના સરોવરમાં અવગાહન નથી કર્યું, શરીરને પોતાનું માન્યું છે, તેથી પોતાના માનેલા શરીરના સંબંધે

* કાળ, સ્વભાવ, નિયતિ. પૂર્વકર્મ અને પુરુપાર્થ એ પાંચ સમવાય કારણ.

નરકાદિ ચારેય ગતિઓમાં શારીરિક અને માનસિક દુઃખોથી ઉત્પન્ન થયેલ દાહની જ્વાલાઓથી તું સંતપ્ત થયો છું.

પરંતુ હવે અત્યારે તો જ્ઞાની ગુરુના અમૃત સમાન બોધના બળે તને શરીર અને આત્માનો ભેદ, ભિન્નતા, નિશ્ચિત થઈ ચૂક્યાં છે. તેથી વાસ્તવમાં રોગાદિ દુઃખ શરીરને જ થાય છે, આત્માને નહીં, એમ જાણ. જે આત્માને શરીરને ભિન્ન ભિન્ન જાણે છે, આકાશને અને ભૂમિને જેટલું છેટું છે, ભિન્નપણું છે, તેટલું આત્માને અને શરીરને છેટું છે, ભિન્નપણું છે, એમ શરીરથી આત્માને કેવળ જુદો જાણે છે, તે પોતાના આત્માનાં સાક્ષાત્ દર્શનથી ઉત્પન્ન થતા આનંદનો અનુભવ કરે છે. તેથી સુખથી પરમાનંદમાં રહે છે.

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुंजानोऽपि न खिद्यते ॥**

—સમાધિશતક

આત્મા અને દેહની ભિન્નતાના જ્ઞાનથી ઉત્પન્ન થયેલ આનંદથી ભરપૂર મહાત્મા જ્ઞાનીપુરુષ તપ વડે પૂર્વનાં ઘોર પાપકર્મોના ઉદયને ભોગવતાં પણ સમતા, શાંતિ, ધીરજ આદિ આત્મગુણોના અવલંબને આનંદમાં જ રહે છે પણ ખેદખિન્ન થતા નથી.

મહામુનિ ગજસુકુમાર, પાંડવાદિ મહાપુરુષો, સુકોશલ મુનિ, અવંતિસુકુમાળ આદિ મોક્ષગામી મહાનુભાવોએ ઘોર મારણાંતિક ઉપસર્ગોને પણ શાંતિથી, ધૈર્યથી, સમભાવે સહન કરી મોક્ષરૂપ ઇષ્ટપદાર્થ સિદ્ધ કર્યો છે; અને પોતાના પ્રાણને તજ્યા છે, પરંતુ પોતાના આત્માના ધ્યાનરૂપ મોક્ષના ઉપાયને

તજ્યો નથી. એટલા માટે તું પણ એવા પુરુષોના પરાક્રમને યાદ કરી અપૂર્વ વીર્યને સ્ફુરાયમાન કરી, કર્મરહિત નિત્ય શાશ્વત ચિદાનંદમંદિર એવા તારા શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં તલ્લીન થઈને આ શરીરને છોડી દે. જો એમ ન કરતાં સંક્લેશ પરિણામ સહિત દેહને છોડીશ તો સંસારનાં અનંત દુઃખોથી ચિરકાળ પર્યંત વ્યાકુળ રહીશ. માટે સંક્લેશ પરિણામને તજીને પરમ અસંગ ભાવે, વીતરાગ ભાવે, સમાધિ-પૂર્વક, આત્મભાવમાં તલ્લીન થઈને દેહને ત્યાગી દે.

સર્વ દ્રવ્ય ભાવકર્મ રહિત આનંદસ્વરૂપ એક પોતાનો આત્મા જ મોક્ષાર્થીઓને ઉપાદેય વા ગ્રહણ કરવા યોગ્ય છે, બીજાનો આત્મા વા બીજું કાંઈ ઉપાદેય નથી, આ પ્રકારની શ્રદ્ધા તે જ પારમાર્થિક વા નિશ્ચય સમ્યગ્દર્શન છે. તથા સ્વસંવેદન જ્ઞાનથી તે શુદ્ધ આનંદમય ઉપાદેય સ્વરૂપ આત્માને મન, વચન, કાય ત્રણેથી વા શરીરથી ભિન્ન પૃથક્ અનુભવ કરવો તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. અને અત્યંત તૃપ્ત વા તૃષ્ણા રહિત થઈને શુદ્ધ આનંદસ્વરૂપ અનુભૂત નિજ સહજ સ્વરૂપ આત્મામાં પોતાનું અંતઃકરણ તન્મય થઈ જતાં તે સહજા-ત્મામાં આત્માની અવસ્થિતિ અર્થાત્ સ્થિરતા તેને પારમાર્થિક ચર્યા અથવા નિશ્ચય ચારિત્ર કહે છે.

અર્થાત્ પોતાના આત્માનો નિશ્ચય થવો એ જ સમ્યગ્-દર્શન છે, પોતાના આત્માનું જ્ઞાન થવું એ જ સમ્યગ્જ્ઞાન છે, અને પોતાના જ આત્મામાં સ્થિર થઈ જવું તે સમ્યક્ ચારિત્ર છે.

હે આરાધક! જો તું વારંવાર શ્રુતજ્ઞાનની ભાવનામાં પરિણત થઈને પુદ્ગલાદિ પરદ્રવ્યોમાંની અલ્પ પણ આકાં-

ક્ષાને સારી રીતે ત્યાગી દઈશ, અને નિર્વિઘ્નપણે સ્વાત્મામાં દેદીપ્યમાન થઈશ અર્થાત્ પરદ્રવ્યની આકાંક્ષા છોડીને કેવલ સ્વાત્મામાં લીન થઈ જઈશ તો તું નિશ્ચયથી મોક્ષના સાક્ષાત્ કારણ એવા તપમાં સ્ફુરાયમાન થઈશ. આ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપરૂપ ચાર આરાધનામાં મગ્ન થયેલા હે સુવિહિત શિરોરત્ન! અર્થાત્ સમાધિરૂપી ચૂડામણિને ધારણ કરનાર! હવે તું જીવન, ધન, આદિની આકાંક્ષાનો ત્યાગ કરવાથી અંતરંગ અને બાહ્ય પરિગ્રહ રહિત થઈને સમતા વા પરમ સામાયિકરૂપ પરિગ્રહથી સુશોભિત થયો છે, અર્થાત પરમ સામાયિકમાં લીન થયો છે, માટે ધ્યાતા, ધ્યાન, ધ્યેય આદિ વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ સમાધિમાં નિમગ્ન થઈને આનંદરૂપ અમૃતનું પાન કર.

આ આત્મા સદા પોતાનામાં જ અભિલાષા કરતો રહેતો હોવાથી સદા અભીષ્ટ પદાર્થોને જાણે છે અને પોતાનું હિત કરવામાં સદા તત્પર રહે છે એટલા માટે આત્મા જ આત્માનો ગુરુ છે. એ પ્રમાણે નિશ્ચયથી પોતાના શુદ્ધ આત્માને, અને વ્યવહારથી પરમકૃપાળુ જ્ઞાની સદ્ગુરુ નિર્યાપક આચાર્યને જેણે પોતાનો આત્મા સમર્પણ કરી દીધો છે તે મહાભાગ્ય આરાધક સર્વોત્તમ આત્મધ્યાનમાં મગ્ન થઈ પરમ શ્રેયપદ બોધિ અને સમાધિથી વિભૂષિત થઈ પરમપદ પ્રત્યે ગમન કરે છે.

## ૩. સમાધિચાહના

( શાર્દૂલવિક્રીડિત છંદ )

જાગી જો જીવ તું, વિચાર કરી જો, શું સાર સંસારમાં ?
જીવો સર્વ દુખી દુખી બળી રહ્યા, રાગાદિ અંગારમાં;
આધિ વ્યાધિ ઉપાધિ આદિ દુખનો, સંતાપ જ્યાં સર્વદા,
મૃત્યુ જન્મ જરાદિ દુઃખદરિયો, ત્યાં સૌખ્ય શું ? જો, કદા ? ૧

પામી દુર્લભ આ મનુષ્ય ભવને, જો તત્ત્વ જાણ્યું નહીં,
આવ્યો પાર ન જો ભવાબ્ધિ દુઃખનો, શું શ્રેય સાધ્યું અહીં ?
હું છું કોણ ? સ્વરૂપ શું મુજતણું ? આ બંધનો શાં બધાં ?
છેદી સર્વ પ્રપંચ સંસૃતિદુખોનો અંત આણું કદા ? ૨

ચોરાસી લખ યોનિમાં જીવ ડૂબ્યા, ચારે ગતિમાં ભમે,
વેદે દુઃખ સદા પરાધીન રહી, સત્સૌખ્યમાં ના રમે;
ચક્રી શક્ર સમા સુખી પણ ચહે, આત્મિક શાશ્વત સુખો,
આ ચિંતામણિ યોગ સાર્થક કરું, છેદું ભવાબ્ધિ દુખો. ૩

દેખું રાજ નિમગ્ન આત્મસ્વરૂપે, સત્શાંતિમાં રાજતા,
ટાળી ભ્રાન્તિ અનાદિ આત્મિક સુખે અત્યંત વિરાજતા;
રોકું વૃત્તિ અતિ જતી વિષયમાં, રોકું વિકલ્પાવલી,
ત્યાં સહજાત્મ પ્રકાશ જ્યોતિ ઝળકે, ઊર્મિ ઉરે ઉજ્જવલી. ૪

વૃત્તિ સ્થિર થતાં પ્રભુ સ્વરૂપમાં, તાત્ત્વિક દૃષ્ટિ લસે,
શાંતિ શીતળતા સુધારસનિધિ સ્હેજે ઉરે ઉલ્લસે;
શ્રી સહજાત્મતણો અચિંત્ય મહિમા, દૃષ્ટિપથે જ્યાં વસે,
ભાસે તુચ્છ ત્રિલોક, વૃત્તિ વિરમે, સ્વાત્મસ્થતા વિલસે. ૫

આત્મા આત્મસ્વરૂપમાં રમ્યો રહે, ના અન્યભાવે ભમે,
તે માટે ગુરુરાજ આપ શરણું સેવું હું આજ્ઞા ક્રમે;
ભક્તિ હે ભગવંત ! આપ પદની, આ રંકને હો સદા,
આવા આ કળિકાળમાં પરમ એ આધાર હો સર્વદા. ૬

ધ્યાવું ધ્યાન સદાય આપ પદનું, ચિત્તે વસો સર્વદા,
ભાવું ભાવન એક આપ પદનું, બીજું ન ચાહું કદા;
નિત્યે જાપ જપું તું હિ તું હિ રટું, વૃત્તિ સ્વરૂપે વહો,
ચાહું બોધિ સમાધિ રાજ પ્રભુશ્રી, સિદ્ધિ સમીપે રહો. ૭



૪

# 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'

પાંચ ઇંદ્રિયો અને મનનો સંયમ કરી અંતર્મુખ અવલોકન કરતાં, સાક્ષાત્ આત્મદર્શનરૂપ અનુભવ થતાં, હૃદયમાં અનુભવ દીપક પ્રગટે છે.

'ઇંદ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તમે તેને જીતવામાં જ સુખ, આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.'

'મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું'

એક મનને જીતતાં પાંચે ઇંદ્રિયો જિતાય છે, પાંચ ઇંદ્રિયો જિતાતાં ચાર કષાય, મન, અને પાંચ ઇંદ્રિયો મળી દશેયનો જય થાય છે. દશેયનો જય થાય ત્યાં રાગદ્વેષ અને અજ્ઞાન કે મોહાદિનો નાશ થતાં આત્મા પરમાત્મા બને છે; અને અનંત સમાધિ સુખમાં અનંત કાળ માટે વિરાજિત થઈ પરમ કૃતાર્થ બને છે.

માટે ઇંદ્રિયોને અને મનને જીતવાનો સતત અભ્યાસ કર્તવ્ય છે.

અભ્યાસ એટલે વારંવાર આસેવન. તે વારંવાર આસેવનરૂપ અભ્યાસના યોગથી જ તત્ત્વપ્રાપ્તિ થાય છે. તે કારણથી શાસ્ત્રમાં કહ્યું છે કે અભ્યાસ વડે આહાર જિતાય છે, અભ્યાસ વડે આસન જિતાય છે, અભ્યાસ વડે શ્વાસને જિતાય છે અને અભ્યાસ વડે અનિલત્રુટિ એટલે પવનનો જય થાય છે, તથા અભ્યાસ વડે જ ચિત્ત સ્થિર થાય છે. અભ્યાસ વડે ઇંદ્રિયો જિતાય છે, અભ્યાસ વડે પરમ

આનંદની પ્રવૃત્તિ થાય છે, અને અભ્યાસ વડે જ આત્મ-સ્વરૂપનું દર્શન થાય છે.

શાસ્ત્રમાં કહેલું ધ્યાનનું સ્વરૂપ જાણીને શાસ્ત્રમાં જ રહેવા દીધુ હોય પણ જો તે ધ્યાનનો અભ્યાસ ન કર્યો હોય તો તેવા શાસ્ત્રમાં જ રહેવા દીધેલા ધ્યાન વડે કંઈ પણ ફળપ્રાપ્તિ થતી નથી.

ઉત્સાહથી, નિશ્ચયથી, ધૈર્યથી, સંતોષથી, તત્ત્વનું જ્ઞાન થવાથી, અને જનપદનો (દેશનો) ત્યાગ કરવાથી એ છ અર્થ વડે યોગ સિદ્ધ થાય છે.

ઘણાં જ થોડાં અને તે પણ માની લીધેલાં (કલ્પિત) સુખ માટે તું, પ્રમાદયુક્ત થઈને, વારંવાર ઇંદ્રિયોના વિષયમાં શા માટે મોહ પામે છે? તે વિષયો પ્રાણીને સંસારરૂપ ભયંકર વનમાં ફેંકી દે છે, જ્યાંથી મોક્ષમાર્ગનું દર્શન પણ આ જીવને સુલભ નથી.

ભોગવતી વખતે માત્ર સુંદર લાગતા, પણ પરિણામે દુઃખ દેનારા વિષયસુખમાં તું કેમ આસક્ત થયો છે? હે નિપુણ! પોતાનું હિત ઇચ્છનાર મૂર્ખ સાધારણ માણસ પણ કાર્યના પરિણામનો તો વિચાર કરે છે.

જ્ઞાનચક્ષુથી ગર્ભાવાસ, નારકી વગેરેની વેદનાઓ વારંવાર જોયા પછી તારું મન વિષય–કષાય ઉપર ચોંટશે નહીં; માટે હે વિદ્વાન! તું બરાબર તેનો વિચાર કર.

પ્રવચનસારોદ્ધારમાં કહ્યું છે કે :—

**रम्भागर्भसमः सुखी शिखावर्णाभिरुच्चैरयः,**
**सूचीभिः प्रतिरोमभेदितवपुस्तारुण्यपुण्यः पुमान् ।**

**दुःखं यल्लभते तदष्टगुणितं स्त्रीकुक्षिमध्यस्थितौ,**
**सम्पद्येत ततोऽप्यनन्तगुणितं जन्मक्षणे प्राणिनाम् ॥**

કેળના ગર્ભ જેવા કોમળ અને અત્યંત સુખી જીવના દરેક રોમમાં તપાવેલી અગ્નિજ્વાળા જેવી લાલચોળ લોઢાની સોયો ઘોંચવાથી તેને જે દુઃખ થાય તેનાથી આઠગણું દુઃખ જીવ જ્યારે ગર્ભસ્થાનમાં હોય છે ત્યારે પામે છે. અને જન્મ સમયે તો તેથી અનંતગણી વેદના ઉત્પન્ન થાય છે. ફાંસીની સજા પામેલ ચોરને કે વધ કરવાના સ્થાનકે લઈ જવાતા પશુને મૃત્યુ ધીમે ધીમે નજીક આવતું જાય છે, તેવી જ રીતે સર્વ પ્રાણીને મૃત્યુ નજીક આવતું જાય છે તો પછી પ્રમાદ કેમ કરવા યોગ્ય છે?

જો તને સંસારની બીક લાગતી હોય અને મોક્ષ મેળવવાની ઇચ્છા રહેતી હોય, તો ઇંદ્રિયો પર અંકુશ મેળવવા માટે અસાધારણ પુરુષાર્થ ફોરવ. **गृहीत एव केशेषु मृत्युना धर्ममाचरेत् ।** પથ્થર જેવા કઠોર તારા હૃદય પર થઈને સિદ્ધાંતજલ ચાલ્યું જાય છે, પણ અંદર પ્રવેશ કરતું નથી, કારણ કે તારા હૃદયમાં જીવદયારૂપ ભીનાશ અને ભાવનારૂપ અંકુરોની શ્રેણી પણ નથી.

જે પ્રાણીનો પ્રમાદરૂપ કાદવ સિદ્ધાંતરૂપ વરસાદના જળપ્રવાહથી પણ ધોવાતો નથી તે મુમુક્ષુ (મોક્ષ મેળવવાની ઇચ્છાવાળા) કેવી રીતે હોઈ શકે? ખરેખર રસાયણથી પણ જે કોઈ પ્રાણીનો વ્યાધિ નાશ પામે નહીં તો તેનું જીવન રહેવાનું જ નહીં એમ જાણવું.

દુર્ગતિમાં પડનાર પ્રમાદી પ્રાણી પોતાની પૂજા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરે છે તે નિષ્ફળ છે. દીવાની જ્યોતિમાં

ફસાયેલા, દીવામાં પડનાર પતંગિયાની આંખો તેને શો લાભ દેનારી છે ?

જે શાસ્ત્રોના અભ્યાસ વડે ખુશી થાય છે, પરંતુ પર ભવમાં હિતકારી કાર્ય તરફ બેદરકાર છે તો તેઓ માત્ર પેટભરા જ કહેવા યોગ્ય છે.

લોકરંજન કરનારાં શાસ્ત્રોનો અભ્યાસી થઈને તું પંડિત નામ માત્રથી કેમ રાજી થાય છે ? તું કાંઈ એવો અભ્યાસ કર અને એવું પ્રવર્તન કર કે જેથી તારે સંસારસમુદ્રમાં પડવું જ ન પડે.

હે આત્મન્ ! સિદ્ધાંત વડે તું લોકોને રંજન કરતો ખુશી થાય છે પણ તારા પોતાના પરલોકના હિત માટે યત્ન કરતો નથી તેથી તને ધિક્કાર છે ! તું માત્ર પેટભરાપણું જ ધારણ કરે છે, પણ હે આત્મન્ ! ભવાંતરમાં તે તારાં આગમો ક્યાં જશે ? તે તારું જનરંજન ક્યાં જશે ? અને આ તારો સંયમ ક્યાં જશે ?

કેટલાંક પ્રાણીઓ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ન હોય તોપણ, બીજાના જરા ઉપદેશથી, મુશ્કેલીથી સાધી શકાય તેવી આત્મસાધનામાં આદરવાળા થઈ જાય છે, તેઓને ધન્ય છે ! કેટલાક તો આગમના અભ્યાસી હોય, ઘણા ગ્રંથો પાસે રાખતા હોય છતાં આ ભવ પરભવમાં હિતકારી આત્મ-સાધનામાં પ્રમાદી થઈ જાય છે અને પરલોકને હણી નાખે છે, તેઓનું શું થશે ?

માત્ર અભ્યાસથી જ ભવાંતરમાં ઇચ્છિત સુખ આપીને આગમો ફળતાં નથી, પરંતુ તેમાં બતાવેલ સાધનાના ક્રમે

પ્રવર્તવાથી આગમો ફળે છે. જેવી રીતે સાકરનો ભાર ઉપાડવાના શ્રમથી ગધેડો કંઈ સુખી નથી.

**जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।**
**एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गइस्स ॥**

—ઉપદેશમાળા

જેવી રીતે ચંદનનો ભાર વહન કરનાર ગધેડો ભારનો ભાગી છે પણ ચંદનનો નથી, તેવી જ રીતે વર્તન વગરના જ્ઞાનને જાણનારો જ્ઞાનનો ભાગી છે પણ સુગતિનો નથી.

હે આત્મન્ ! તું તો જબરો સાહસિક છે, કારણ કે ભવિષ્યમાં લાંબા વખત સુધી થનાર ચાર ગતિનાં દુઃખોને તું જ્ઞાનચક્ષુથી જુએ છે તોપણ તેથી બીતો નથી. અને વળી ઊલટો વિપરીત આચરણ કરી તે દુઃખોના નાશ માટે જરા પણ પ્રયાસ કરતો નથી.

વશ અને અવશ મન ક્ષણવારમાં સ્વર્ગ, મોક્ષ અથવા નરક અનુક્રમે પ્રાણીને આપે છે માટે પ્રયત્ન કરીને પણ તે મનને જલદી વશ કર.

**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।**

દેવતાઓ આ જીવને સુખ કે દુઃખ આપતા નથી, તેમજ કાળ પણ નહીં, તેમજ મિત્રો પણ નહીં અને શત્રુ પણ નહીં. મનુષ્યને સંસાર–ચક્રમાં ભમવાનો માત્ર એક હેતુ મન જ છે

જે પ્રાણીનું મન સમાધિવંત હોઈને પોતાને વશ હોય છે તેને પછી યમનિયમથી શું ? અને જેનું મન દુર્વિકલ્પોથી હણાયેલું છે તેને પણ યમનિયમથી શું ?

દાન, જ્ઞાન, ધ્યાન, તપ, પૂજા વગેરે સર્વ મનોનિગ્રહ વગર નકામાં છે. કષાયથી થતી ચિંતા અને આકુળવ્યાકુળ. તાથી રહિત થવા પ્રાણીને મન વશ કરવું એ મહાયોગ છે.

જાપ કરવાથી મોક્ષ મળતો નથી, તેમજ નથી મળતો એ પ્રકારનાં તપ કરવાથી, તેવી જ રીતે સંયમ, દમ, મૌન-ધારણ, અથવા પવનાદિકની સાધના વગેરે પણ મોક્ષ આપી શકતાં નથી, પરંતુ સારી રીતે વશ કરેલું એકલું મન જ મોક્ષ આપે છે.

મનની સમાધિ (એકાગ્રતા) યોગનું કારણ છે. યોગ એ તપનું ઉત્કૃષ્ટ સાધન છે અને શિવસુખ વેલડીનું મૂળ છે. માટે કોઈ પણ રીતે મનની સમાધિ (એકાગ્રતા, રાગદ્વેષ રહિતપણું) રાખ.

મનરૂપ વનમાં ભાવનાઓના ચિંતવનરૂપ સિંહો સદા જાગૃત હોય તો દુર્ધ્યાનરૂપ સૂવરો તે વનમાં પ્રવેશ પણ કરી શકતા નથી.

એક નાનો દીવો પણ અંધકારને હણી નાખે છે, અમૃતનું એક ટીપું પણ અનેક રોગોનો નાશ કરે છે, અને અગ્નિની એક ચિનગારી પણ ખડના મોટા ઢગલાને બાળી મૂકે છે. તેવી જ રીતે જો ધર્મનો અંશ પણ નિર્મળ હોય તો તે પાપને હણી નાખે છે.

સર્વ તત્ત્વોમાં ગુરુ મુખ્ય છે. આત્મહિત માટે જે જે ધર્મો આચરવાના છે તે તે તેઓના કહેવાથી સાધી શકાય છે. હે મૂર્ખ ! તેઓની (સદ્‌ગુરુની) પરીક્ષા કર્યા વગર જો તું તેઓનો આશ્રય કરીશ તો તારા ધર્મ સંબંધી કરાતા પ્રયાસો નકામા થશે.

જ્યાં ધર્મના બતાવનાર ગુરુ શુદ્ધ નથી ત્યાં અવિધિએ ધર્મ કરવાથી પ્રાણી મોક્ષે જઈ શકતો નથી; જે રસાયણ ખવરાવનાર વૈદ્ય મૂર્ખ હોય તે ખાવાથી રોગી પ્રાણી નીરોગી થઈ શકતો નથી. માટે મોક્ષ મેળવવા માટે શુદ્ધ દેવગુરુધર્મને ભજ.

સંસારયાત્રામાં કુગુરુના ઉપદેશથી ધર્મને માટે કરેલા મોટા પ્રયાસ પણ મોક્ષાર્થે નિષ્ફળ નીવડે છે, તેથી હે ભાઈ! જો તું હિતની ઇચ્છા રાખતો હોય તો દૃષ્ટિરાગ પડતો મૂકીને અત્યંત શુદ્ધ ગુરુને જ ભજ.

અગીતાર્થ, અજ્ઞાનીનાં વચનથી અમૃત પણ ન પીવું, જ્યારે ગીતાર્થ–જ્ઞાનીનાં વચનથી હળાહળ ઝેર હોય તો તે પણ પી જવું.

કામરાગ અને સ્નેહરાગ અલ્પ પ્રયાસથી નિવારી શકાય છે. પરંતુ પાપી દૃષ્ટિરાગ તો સજ્જનોને પણ દુરુચ્છેદ, મહા મુશ્કેલીથી કાપી શકાય તેવો છે.

**न्यस्ता मुक्तिपथस्य वाहकतया श्रीवीर ! ये प्राक् त्वया**
**लुण्टाकास्त्वदृतेऽभवन् बहुतरास्त्वच्छासने ते कलौ ।**
**बिभ्राणा यतिनाम तत्तनुधियां मुष्णन्ति पुण्यश्रियः**
**पुत्कुर्मः किमराजके ह्यपि तलारक्षा न किं दस्यवः ?**

—શ્રી અધ્યાત્મકલ્પદ્રુ

હે વીર પરમાત્મા! જેને મોક્ષમાર્ગના વહન કરનારા તરીકે તેં પૂર્વે મૂક્યા હતા તેઓ કળિકાળમાં તારી ગેરહાજરીમાં તારા શાસનમાં મોટા લૂંટારા થઈ પડ્યા છે! તેઓ યતિનું નામ ધારણ કરીને અલ્પબુદ્ધિવાળાં પ્રાણીઓની પુણ્યલક્ષ્મી ચોરી લે છે. અમારે તે હવે શું પોકાર કરવો? ધણી વગરનું રાજ્ય હોય ત્યાં કોટવાળ પણ શું ચોર નથી થતા?

સારી રીતે સીંચેલો લીંબડો કદી કેરી આપતો નથી. સારી રીતે ખવરાવીને પુષ્ટ કરેલી વંધ્યાગાય દૂધ દેતી નથી. રાજ્યભ્રષ્ટ એવા ખરાબ સંજોગોમાં આવેલા રાજાની સારી રીતે સેવા કરી હોય તોપણ તે લક્ષ્મી આપી ન્યાલ કરતો નથી; તેવી જ રીતે કુગુરુનો આશ્રય કરવાથી તે શુદ્ધ ધર્મ અને મોક્ષ આપી–અપાવી શકતા નથી

**पूर्णे तटाके तृषितः सदैव, भृतेऽपि गेहे क्षुधितः स मूर्खः ।**
**कल्पद्रुमे सत्यपि हि दरिद्रो गुर्वादियोगेऽपि हि यः प्रमादी ।।**

સદ્ગુરુ, સત્સંગાદિનો જોગ મળ્યા છતાં જે પ્રમાદ કરે તે પાણીથી ભરેલા તળાવ પાસે હોવા છતાં જેમ તરસ્યો રહે, ધનધાન્યથી ભરપૂર ઘર હોવા છતાં પણ તે મૂર્ખ જેમ ભૂખ્યો રહે અને કલ્પવૃક્ષ પાસે હોવા છતાં જેમ દરિદ્રી રહે તેમ મળેલો યોગ વૃથા ખોઈ દે છે.

આત્મતત્ત્વ પ્રકાશે કરીને ગુરુએ આપેલી શિક્ષામાં તલ્લીનતા પામી આ જીવ જ્યાં સુધી ગુરુતા પામે નહીં ત્યાં સુધી ઉત્તમ ગુરુની સેવા કરવી જોઈએ.

ઉગ્ર તપશ્ચર્યા, ધ્યાન, પરિષહજય વગેરે સત્ત્વથી સાધી શકાય એવાં તો તું સાધવાને શક્તિમાન ન હોય, તો પણ ભાવના, સમિતિ અને ગુપ્તિ, જે મનથી જ સાધી શકાય તેમ છે, તેને હે મોક્ષાર્થી ! તું કેમ ધારણ કરતો નથી ?

દુષ્ટ વચન આ લોક અને પરલોકમાં અનુક્રમે વેર કરાવે છે અને નરકગતિ પ્રાપ્ત કરાવે છે. અગ્નિથી બળેલું ફરીથી ઊગે છે, પણ દુષ્ટ વચનથી બળેલાં હોય તેમાં પછી ફરી વાર સ્નેહાંકુર ઊગતા નથી.

મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાનું મોટામાં મોટું કારણ સર્વ પ્રકારના સંવરોમાં પણ મનનો સંવર છે, એમ જાણીને સમૃદ્ધબુદ્ધિ જીવ કષાયથી ઉત્પન્ન થયેલા દુર્વિકલ્પોને તજી દઈને, મનનો સંવર કરે છે.

સંવર કરવાથી આ આત્મા તરત જ વગર પ્રયાસે નિઃસંગતાનું ભાજન થાય છે. વળી અસંગતા ભાવથી સંવર થાય છે માટે મોક્ષાભિલાષી આ બંનેને સાથે સાથે જ ભજે.

સંસારમાં આસક્ત થયેલા બાહ્યદૃષ્ટિવાળા જીવોને સુંદર સ્ત્રી અમૃતના ઘડા જેવી લાગે છે. તે સ્ત્રીને માટે ધન ઉપાર્જન કરે છે, અને તેને જ માટે મોહનિમગ્ન થઈને રાવણાદિકની જેમ પ્રાણનો પણ ત્યાગ કરે છે; પરંતુ જેઓ નિર્મળ અને એકાંત આનંદમય આત્મસ્વરૂપને જોવામાં દક્ષ થયેલા છે તેઓને તો સ્ત્રી એ મળ, મૂત્ર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર વગેરે અશુચિપદાર્થનું પાત્ર માલૂમ પડે છે. તેવી સ્ત્રીઓનો ત્યાગ કરનાર જંબુસ્વામી વગેરેને ધન્ય છે.

તે પુરુષોને ધન્ય છે કે જેઓ રંભા અને તિલોત્તમા જેવી યુવતીઓના સમૂહમાં રહ્યા છતાં એક ક્ષણ માત્ર પણ આત્મતત્ત્વની રમણતાને મૂકતા નથી.

જેનું ચિત્ત ઇંદ્રિયોના વિષયોને છોડીને સમાધિસુખનું લાલસુ થયું છે તેવા આત્મામાં મગ્ન સત્પુરુષોને નમસ્કાર છે.

જગતનાં તત્ત્વનું અવલોકન કરનાર, સ્વભાવસુખમાં મગ્ન થયેલાને અન્ય ભાવોનું કર્તાપણું હોતું નથી, માત્ર સાક્ષીપણું જ અવશેષ રહે છે.

જે સ્નેહીઓને ભવદુઃખથી બચાવવાને તું શક્તિમાન

નથી અને જેઓ તને બચાવવાને શક્તિવાળા નથી, તેઓ ઉપર ખોટું મમત્વ રાખીને હે મૂઢ આત્મન્ ! તું પગલે પગલે શા સારુ શોક પામે છે ?

પાપનો વિચાર કર્યા વગર તું જે શરીરને પોષે છે, તે શરીર તારા ઉપર શું ઉપકાર કરશે ? તેથી તે શરીર માટે હિંસાદિક કર્મો કરતાં કાળનો વિચાર કર. આ શરીરરૂપ ધૂતારાથી આખું જગત ઠગાયું છે.

જ્ઞાનદર્શનના સ્વભાવવાળો અને વિશુદ્ધ સુખસ્વરૂપ એવો આત્મા પણ સંસારમાં પરિભ્રમણ કરે છે, તે દોષ મોહનો જ છે.

મોહનો ત્યાગ શુદ્ધ આત્મજ્ઞાને કરીને થઈ શકે છે. "જ્ઞાનાદિક અનંત ગુણપર્યાયવાળો, નિત્યાનિત્ય આદિ અનંત સ્વભાવવાળો, અસંખ્યપ્રદેશી, સ્વભાવપરિણામી, પોતાના સ્વભાવનો જ કર્તા અને ભોક્તા ઇત્યાદિ ગુણવાળો, શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ, એવો આત્મા તે હું છું. હું અનંત સ્યાદ્‌વાદ સત્તાનો રસિક છું. એક સમયમાં ત્રણ કાળમાં અને ત્રણ લોકમાં રહેલા સર્વ દ્રવ્ય પર્યાયોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને જણાવનારું જે જ્ઞાન તે મારો (આત્માનો) ગુણ છે." એવા સહજાત્મસ્વરૂપી પોતાના આત્માને જાણનાર જ મોહનો જય કરી શકે છે. બીજો જય કરી શકતો નથી. કેમકે મોહનીય કર્મ અતિ દુર્જય છે.

કર્મરહિત થવાના હેતુભૂત એવી એક નિર્વાણપદની એટલે મોક્ષપદની જ વારંવાર ભાવના કરાય, એટલે આત્માને તન્મય કરાય, સ્વરૂપમાં એકતા થાય તે જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે, કે જે જ્ઞાનવડે આત્મા અનાદિકાળથી નહીં પામેલા આત્મ-

સુખનો અનુભવ કરે છે. બાકી આત્મજ્ઞાનથી વ્યતિરિક્ત બીજા વાણીના વિસ્તારવાળા ઘણા એવા સંવેદન જ્ઞાનવડે કાંઈ આત્મસુખનો નિશ્ચય થતો નથી, કેમ કે થોડું પણ અમૃત-સદૃશ જ્ઞાન જ અનાદિ કર્મરોગનો નાશ કરનારું છે.

હે ભવ્ય! હજારો નદીઓના જળથી પણ જેનું ઉદર પૂર્ણ થતું નથી એવા સમુદ્ર જેવો ઇંદ્રિયસમૂહ વિષયોથી કદાપિ તૃપ્ત થતો નથી. માટે અંતરાત્માએ કરીને જ તું તૃપ્ત થા.

આ જીવ સંસારચક્રમાં રહેલા પરભાવોને આત્માપણે (પોતાપણે) માનીને, 'આ શરીર જ આત્મા છે,' એવી રીતના બાહ્યભાવને વિષે આત્મબુદ્ધિ ધારણ કરી બાહ્યાત્મ-પણાને પામવાથી મોહમાં આસક્ત થયો સતો અનંત પુદ્‌ગલ પરાવર્ત સુધી સંસારચક્રમાં પર્યટણ કરે છે. તે જ જીવ નિસર્ગથી (સ્વયમેવ) અથવા અધિગમ (પરના ઉપદેશ)થી આત્મસ્વરૂપ તથા પરરૂપનો વિભાગ કરીને 'હું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છું,' એવો નિશ્ચય કરી સમ્યક્ રત્નત્રય સ્વરૂપ-વાળા આત્માને જ આત્મારૂપે જાણી તથા રાગાદિનો પરભાવ-પણે નિશ્ચય કરી સમ્યગ્દૃષ્ટિવાળો અંતરાત્મા થાય છે અને તે જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિના અવસરે નિર્ધાર કરેલાં સંપૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવાથી પરમાત્મા બને છે. માટે ઇંદ્રિ-યોના વિષયોનો ત્યાગ કર્તવ્ય છે, પણ વિષયોનો જરા પણ વિશ્વાસ કરવો નહીં. અહો! પૂર્વ ભવે આસ્વાદન કરેલા સમતાસુખનું સ્મરણ કરીને લવસત્તમ દેવતાઓ અનુત્તર વિમાનના સુખને પણ તૃણ સમાન ગણે છે. ઇંદ્રાદિક પણ વિષયનો ત્યાગ કરવામાં અસમર્થ હોવાથી મુનિઓના ચરણ-કમલમાં આળોટે છે. માટે વિષયોનો ત્યાગ જ કર્તવ્ય છે.

પુદ્ગલોથી પુદ્ગલો લેપાય છે. હું લેપાતો નથી. હું નિર્મળ ચિત્સ્વરૂપી આત્મા પુદ્ગલના આશ્લેષવાળો નથી. જીવને અને પુદ્ગલને તાદાત્મ્ય સંબંધ છે જ નહીં. માત્ર સંયોગ સંબંધ છે. તે પણ ઉપાધિજન્ય છે જેમ આકાશ અંજનથી લેપ્યા છતાં પણ લેપાતું નથી, તેમ અમૂર્ત આત્મસ્વભાવવાળો હું એક ક્ષેત્રમાં રહેલાં પુદ્ગલોથી પણ લેપાતો નથી. આ પ્રમાણે ધ્યાન કરતો જીવ લેપાતો નથી.

**यः पश्येन्नित्यमात्मानं, सा विद्या परमा मता ।**
**अनात्मसु ममत्वं य—दविद्या सा निगद्यते ॥**

જે નિરંતર આત્માને જ જુએ છે, તે શ્રેષ્ઠ વિદ્યા માનેલી છે અને આત્માથી ભિન્ન અન્ય પદાર્થને વિષે જે મમતા તે અવિદ્યા કહેલી છે. 'આ શરીર મારું છે, હું શરીરરૂપ જ છું,' એમ માનવું તે અવિદ્યા એટલે ભ્રાંતિ જ છે.

યોગીઓ અવિદ્યારૂપ અંધકારનો નાશ થવાથી વિદ્યારૂપી અંજનથી લિપ્ત થયેલી દૃષ્ટિવડે આત્માને વિષે જ પરમાત્મા જુએ છે.

યોગીઓ તત્ત્વરૂપ અંજનથી વ્યાપ્ત એવી લોકોત્તર જ્ઞાનદૃષ્ટિએ કરીને પોતાના આત્મામાંથી મિથ્યા અવિદ્યાનો નાશ કરીને આત્માને વિષે જ સમસ્ત કર્મજાળની વિટંબનાથી રહિત સિદ્ધસ્વરૂપ પરમાત્માને જુએ છે.

મહાત્માને બાહ્યદૃષ્ટિના પ્રચારોનો રોધ થવાથી સર્વ સમૃદ્ધિઓ અંતઃકરણમાં જ પ્રગટ રીતે ભાસે છે.

સ્વરૂપ અને પરરૂપના ભેદજ્ઞાનવડે શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવમાં લીન થયેલા જ્ઞાની પુરુષને સર્વ સમૃદ્ધિઓ

અંતઃકરણમાં પ્રગટે છે. હું સ્વરૂપાનંદમય છું, હું નિર્મળ, અખંડ અને સર્વ પ્રકાશક જ્ઞાનવાળો છું; ઇંદ્ર ચંદ્રાદિકની સંપત્તિઓ તો નાશવંત છે અને હું તો અવિનાશી અનંત પર્યાયવાળી સહજાત્મ સંપત્તિથી યુક્ત છું. આવી રીતે આત્મસ્વરૂપના જ્ઞાનથી યુક્ત મહાત્માને પોતાના આત્મામાં જ સર્વ સંપત્તિઓ ભાસે છે, પણ બાહ્ય વિષયોમાં પ્રવર્તતી ઇંદ્રિયોનો રોધ થાય ત્યારે જ તે ભાસે છે. ઇંદ્રિયોના નિરોધ વિના તે આત્મસંપત્તિ જણાતી જ નથી.

આત્મસ્વરૂપના જ્ઞાનના અનુભવ સુખમાં લીન થયેલા મહાત્માને ક્રીડા કરવા માટે સમાધિરૂપી નંદનવન છે, ધૈર્યરૂપી વજ્ર છે, સમતારૂપી ઇંદ્રાણી છે અને જ્ઞાનરૂપી મોટું વિમાન છે. આ પ્રમાણે ઇંદ્રની સર્વ સમૃદ્ધિ તેને પ્રગટ છે.

તત્ત્વરસિક સાધક અશાતાદિક દુઃખમાં દીન થતા નથી, કેમ કે કર્મ કરતી વખતે વિચાર કર્યો નહીં તો હવે તીવ્ર રસવડે બંધાયેલા કર્મના ઉદયમાં દીનતા શી કરવી ? એમ સમજે છે. તેમજ શાતાદિક સુખને પામીને વિસ્મિત કે હર્ષિત થતા નથી. કેમ કે એ પણ શુભ કર્મના વિપાક છે એમ સમજે છે. શાતા અશાતા બન્ને શુભાશુભ કર્મનાં ફળ ભોગવતાં સમતા રાખી પૂર્વકર્મની નિર્જરા કરે છે.

ઉત્કૃષ્ટ એવું બ્રહ્મ ઇંદ્રિયોને ગોચર નથી, તેથી વિશુદ્ધ અનુભવ વિના અનેક શાસ્ત્રોના અવબોધથી પણ તે પ્રાપ્ત થતું નથી.

આત્મઅનુભવ અવસ્થામાં મોહ નહીં હોવાથી સુષુપ્તિ અવસ્થા હોતી નથી. સંકલ્પ વિકલ્પનો પણ અભાવ હોવાથી

સ્વપ્ન તથા જાગર અવસ્થા પણ હોતી નથી. પરંતુ તે ત્રણે દશાથી ભિન્ન તુર્ય (ચોથી) ઉજાગર દશા હોય છે.

મન, ઇંદ્રિયો અને કષાયોનો જય થતાં ક્રમે કરી ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનની શ્રેણીએ ચઢીને આત્મા રાગ-દ્વેષ અને મોહાદિ સર્વ કર્મોનો ક્ષય કરી અનંત શાશ્વત સમાધિસુખમાં વિરાજિત સહજાત્મસ્વરૂપ એવા પરમાત્મા બને છે. નમન હો તે પરમાત્મપદને! નમન હો તેની પ્રાપ્તિના સન્માર્ગને!

'સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તો સ્થિર થઈશ.
જ્હાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો કલેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુ:ખનો છે ત્યાં નાશ.
સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા.'

—શ્રીમદ્ રાજચંદ્ર



૫

# તત્ત્વામૃતનો આસ્વાદ

## ૧ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત "યોગશાસ્ત્ર"માંથી

આત્મસુખના પ્રેમી યોગીએ અંતરાત્મા વડે બાહ્યાત્મભાવને દૂર કરી, તન્મય થવા માટે નિરંતર પરમાત્મભાવનું ચિંતન કરવું.

શરીરાદિકને આત્મબુદ્ધિએ ગ્રહણ કરનારને બહિરાત્મા કહીએ છીએ. શરીરાદિકનો અધિષ્ઠાતા તે અંતરાત્મા કહેવાય છે.

શરીર તે હું છું એમ માનનાર, આદિ શબ્દથી ધન, સ્વજન, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિ તે પોતાનાં માનનાર અને તેના સંયોગ વિયોગથી સુખીદુઃખી થનાર બહિરાત્મા છે.

શરીરનો હું અધિષ્ઠાતા છું, શરીરમાં હું રહેનાર છું. શરીર મારું રહેવાનું ઘર છે. અથવા શરીરનો હું દ્રષ્ટા છું, ધન સ્વજન કુટુંબ સ્ત્રી પુત્રાદિ એ સાંયોગિક, પર, મારા સ્વરૂપથી ભિન્ન છે. શુભાશુભ કર્મ વિપાકજન્ય આ સંયોગો છે. એમ જાણી સંયોગ વિયોગમાં હર્ષ–શોક ન કરતાં જ્ઞાતા દ્રષ્ટા તરીકે રહે છે, સાક્ષીભાવે, નિર્મમત્વભાવે અબંધપરિણામે રહે છે તે અંતરાત્મા છે.

જ્ઞાનસ્વરૂપ, આનંદમય, સમગ્ર ઉપાધિવર્જિત, શુદ્ધ, ઇંદ્રિય અગોચર અને અનંત ગુણવાન તેને જ્ઞાનીઓએ પરમાત્મા કહ્યો છે.

આત્માને શરીરથી સદાય જુદો જાણવો, અને શરીરને આત્માથી જુદું જાણવું આમ આત્મા અને દેહને જુદાં

જાણનાર યોગી આત્મનિશ્ચય કરવામાં, આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં સ્ખલના પામતો નથી.

જેની આત્મજ્યોતિ કર્મોની અંદર દબાઈ ગઈ છે તેવા મૂઢ જીવો આત્માની બીજી બાજુ અર્થાત્ પુદ્ગલમાં સંતોષ પામે છે. ત્યારે બહિર્ભાવમાં સુખની ભ્રાંતિથી નિવૃત્તિ પામેલા યોગીઓ આત્માને વિષે જ સંતોષ પામે છે.

માટે પ્રાણાયામાદિ ક્લેશનો પરિત્યાગ કરી, સદ્ગુરુનો ઉપદેશ પામીને યોગીએ આત્મઅભ્યાસમાં પ્રીતિ કરવી.

જે પરમ તત્ત્વ (પરમાત્મા) તે આ, એમ કહેવાને સાક્ષાત્ ગુરુ પણ શક્તિમાન નથી, તે તત્ત્વ ઉદાસીનતામાં તત્પર રહેલા એવા યોગીને પોતાની મેળે પ્રગટ થાય છે.

'ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.'

અતિ ચપલ, અતિ સૂક્ષ્મ અને વેગવાન હોવાથી દુઃખે રોકી શકાય તેવા મનને વિશ્રામ લીધા સિવાય અને પ્રમાદ રહિત થઈ અમનસ્ક (ઉદાસીનતા) રૂપ શલાકા (સળી) વડે ભેદી નાખવું.

અમનસ્કના ઉદય વખતે યોગી પોતાના શરીરને વીખરાઈ ગયું હોય, બળી ગયું હોય, ઊડી ગયું હોય, કે વિલય થઈ ગયું હોય તેમ અવિદ્યમાન જાણે છે. અર્થાત્ પોતાની પાસે શરીર નથી એમ જાણે છે.

મદોન્મત્ત ઇંદ્રિયરૂપ સર્પ વિનાના ઉન્મની ભાવરૂપ નવીન અમૃતના કુંડમાં મગ્ન થયેલો યોગી, અસદૃશ અને ઉત્કૃષ્ટ **તત્ત્વામૃતના આસ્વાદનો** અનુભવ કરે છે.

## ૧ શ્રીમદ્ કુંદકુંદાચાર્યકૃત "નિયમસાર"માંથી

રત્નત્રયરૂપ નિયમ (નિયમથી કરવા યોગ્ય) એ મોક્ષનો ઉપાય છે. તેનું ફળ પરમ નિર્વાણ છે. સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે. તે મહા આનંદનો ઉપાય રત્નત્રયરૂપ પરિણતિ છે. અર્થાત્ મોક્ષનો ઉપાય શુદ્ધ રત્નત્રયાત્મક આત્મા છે. જ્ઞાન આનાથી બીજું કોઈ નથી. દર્શન પણ આનાથી બીજું નથી જ. અને શીલ, ચારિત્ર પણ બીજું નથી.

સર્વજ્ઞકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્ય ચમત્કાર માત્ર તત્ત્વ સહજાત્મસ્વરૂપમાં પ્રવેશ કરી જાય છે—ઊંડો ઊતરી તેમાં જ તલ્લીન, નિમગ્ન થઈ જાય છે તે પુરુષ પરમશ્રી રૂપી મુક્તિસુંદરીનો પતિ થાય છે; અર્થાત્ મુક્ત થાય છે.

પરિગ્રહનું ગ્રહણ છોડીને તેમજ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને બુદ્ધ પુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર છે તેને—આત્માને—ભાવવો.

બહુ વિભાવ હોવા છતાં પણ, સહજ પરમતત્ત્વ—સહજાત્મસ્વરૂપના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધ દૃષ્ટિવાળો પુરુષ, 'સહજાત્મસ્વરૂપથી અન્ય કાંઈ નથી' એમ માનીને શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે.

અમારા આત્મસ્વભાવમાં વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી; અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધાત્માને, સહજાત્માને, એકને સતત અનુભવીએ છીએ, કારણ અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી જ નથી.

એ રીતે જ્ઞાનીના માર્ગ દ્વારા તત્ત્વાર્થ સમૂહને જાણીને પર એવાં સમસ્ત ચેતન અને અચેતનને ત્યાગો. અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે, પરથી વિરહિત, ચિત્–ચૈતન્ય ચમત્કાર માત્ર પરમ તત્ત્વને ભજો.

અશુભ તેમજ શુભ સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને જે જીવ હમણાં સહજ ચૈતન્યમય આત્મતત્ત્વને, સહજાત્મસ્વરૂપના આનંદને આસ્વાદે છે તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે, એમાં શો સંશય છે ?

ચૈતન્યશક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચૈતન્યશક્તિ માત્ર એવા નિજ સહજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને, આત્મા, સમસ્ત વિશ્વની ઉપર પ્રવર્તતા એવા આ કેવળ એક અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.

જે તત્ત્વજ્ઞોના હૃદયકમળમાં સુસ્થિત છે, જે નિર્વિકલ્પ છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે, અને જેને જ્ઞાની પુરુષોએ કલ્પનામાત્ર રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમજ દુઃખોથી મુક્ત કહ્યું છે તે પરમતત્ત્વ સહજાત્મા જયવંત છે.

બંધ અવસ્થામાં કે મોક્ષ અવસ્થામાં સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ શુદ્ધ જીવના સ્વરૂપથી વ્યતિરિક્ત છે. એમ જિનદેવનું શુદ્ધ વચન બુધ પુરુષો કહે છે, આ જગપ્રસિદ્ધ સત્યને હે ભવ્ય ! તું સદા જાણ.

જેમના ચિત્તનું ચરિત્ર ઉજ્જવળ છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—"હું તો શુદ્ધ ચૈતન્ય માત્ર એક પરમ જ્યોતિ જ સદાય છું, અને આ જે ભિન્ન

લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મારાથી જુદાં પરદ્રવ્ય છે."

આત્માનો નિશ્ચય તે દર્શન છે, આત્માનો બોધ તે જ્ઞાન છે. આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે. આ ત્રણેની એકતા શિવપદનું કારણ છે.

સહજ જ્ઞાન સદા જયવંત છે. સહજ દૃષ્ટિ સદા જયવંત છે. તેવું જ સહજ વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે. પાપમલથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજ પરમ તત્ત્વમાં સંસ્થિત ચેતના-સહજ આત્મસ્વરૂપ પણ સદા જયવંત છે.

કામિનીઓની જે શરીર વિભૂતિ તે વિભૂતિને, હે કામી પુરુષ! જો તું મનમાં સ્મરે છે તો મારા વચનથી તને શો લાભ થશે? અહો! આશ્ચર્ય થાય છે કે સહજ પરમ તત્ત્વને--નિજ સ્વરૂપને—છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે?

જો પરદ્રવ્ય—પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. હું તો જ્ઞાતા જ છું. તેથી પરદ્રવ્યરૂપ પરિગ્રહ મારો નથી.

ભવ્ય જીવ ભવભીરુપણાને લીધે પરિગ્રહ વિસ્તારને છોડો અને નિરુપમ સુખના આવાસની પ્રાપ્તિ માટે નિજ આત્મામાં અવિચળ સુખાકાર તથા જગત જનોને દુર્લભ એવી સ્થિતિ કરો.

કાયવિકારને છોડીને જે ફરી ફરીને શુદ્ધાત્માની—સહજાત્માની સંભાવના, સમ્યક્ભાવના કરે છે તેનો જ જન્મ સંસારમાં સફળ છે.

વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા સિદ્ધ ભગવાન ત્રિભુવન શિખરની ટોચના નક્કર ચૂડામણિ છે. નિશ્ચયથી તે દેવ સહજ પરમ ચૈતન્ય ચિંતામણિસ્વરૂપ નિત્ય શુદ્ધ નિજરૂપમાં જ વસે છે.

હું શરીર સંબંધી બાળાદિ અવસ્થાભેદોને, રાગાદિ ભેદરૂપ ભાવકર્મના ભેદોને, ભાવ કર્માત્મક ચાર કષાયોને કરતો નથી. સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું.

અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું કર્મ તેને પ્રતિક્રમીને હું સદ્બોધાત્મક-સમ્યગ્જ્ઞાન-સ્વરૂપ એવા આત્મામાં આત્માથી નિત્ય વર્તું છું.

જે સહજ તત્ત્વ અખંડિત છે, શાશ્વત છે, સકલ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ છે, ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને શાંત કરવા માટે જળ સમાન છે, જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનીશ્વરોના મનોગૃહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવા યોગ્ય છે, જે સુખનું મંદિર છે, જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે, જે કૃતકૃત્ય છે, જેણે મોહરાત્રીનો નાશ કર્યો છે, અને જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે એવા અદ્ભુત સહજ આત્મતત્ત્વને હું સદા અતિ અપૂર્વ રીતે અત્યંત ભાવું છું, વંદું છું, ભજું છું.

જે પરમાત્મતત્ત્વ રાગદ્વેષાદિ દ્વન્દ્વમાં રહેલું નથી, અને અનઘ (મળરહિત) છે, તે કેવળ એકની હું ફરી ફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું. મુક્તિની સ્પૃહાવાળા અને

ભવસુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને આ લોકમાં પેલા અન્ય પદાર્થ સમૂહોથી શું ફળ છે?

જે આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે, અને રાગાદિથી નિવારે છે તે નિશ્ચયથી યોગભક્તિવાળો છે. જે આત્મા આત્મામાં આત્માને જોડીને સર્વ વિકલ્પોનો અભાવ કરે છે તે જ યોગભક્તિવાળો છે. બીજાને યોગ કઈ રીતે હોય?

ઇંદ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વ-લોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે ઉત્સુક) જેમનું ચિત્ત છે, તેમને સુંદર આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટે છે.

અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા સુખ માટે જે યત્ન કરે છે તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે, બીજાઓ નહીં.

જે અન્યને વશ નથી તે 'અવશ' છે. જે યોગી સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધાત્મસ્વરૂપ સિવાય અન્ય પદાર્થને વશ થતો નથી અને સુસ્થિત રહે છે તે અવશ છે.

જે અન્યવશ છે તે ભલે મુનિ વેષધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે. જે સ્વસ્થ છે તે જીવન્મુક્ત છે. જિનેશ્વરથી કિંચિત્ (જરાક જ) ન્યૂન છે.

સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વસ્થ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.

આ જન્મમાં સ્વવશ જ્ઞાની એક જ સદા ધન્ય છે કે જે અનન્ય બુદ્ધિવાળા રહેતા થકા, નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહીં થતા થકા, સર્વ કર્મોથી બહાર રહે છે.

સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણચંદ્ર સમાન તે સહજાત્માને હું વંદું છું.

આમ હોવાથી સમાધિસુખની સ્પૃહાવાળો ભવ્ય જીવ સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને જ્ઞાનાનંદ આદિ અતુલ મહિમાના ધારક એવા પરમ તત્ત્વરૂપ નિજ સહજાત્મસ્વરૂપના અનુભવરૂપ અમૃતરસના આસ્વાદમાં લીન રહીને એકાકી નિરાલંબપણે અસંગભાવે સર્વ જગતજાળને તૃણ સમાન તુચ્છ દેખે છે, અને તત્ત્વામૃતના આસ્વાદમાં મગ્ન પરમ સુખમાં વિરાજે છે.

## ૩ શ્રી 'પદ્મનંદિ પંચવિંશતિ'માંથી

(મન મહિલાનું રે વહાલા ઉપરે—એ દેશી)

શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ જે, તે હું નહિ સંદેહ;
એવી પણ જ્યાં નહિ કોઈ કલ્પના, ચેતન આનંદગેહ.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૧

મોક્ષસ્પૃહા પણ મોહવશે કરે, મુક્તિ વિષે અંતરાય;
શાંતમુમુક્ષુ રે અન્ય સ્પૃહા તદા, કેમ કરે દુઃખદાય?
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૨

ચેતનમૂર્તિ રે એહિ જ એક હું, કંઈ પણ પર ન લગાર;
કોઈ અવરથી રે મુજ સંબંધ નહિ, એ મુજ દૃઢ નિર્ધાર.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૩

શરીર વગેરે રે બાહ્ય પદાર્થની, ચિંતા તજતા સુસંત;
શુદ્ધ સ્વરૂપે રે ચિત્તસ્થિતિ કરી, નિત્યાનંદે વસંત.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૪

એમ સ્વભાવે રે હોય તે હો મને, અવર ન ઇચ્છા જરાય;
હે આત્મન્! આ તત્ત્વ તું પામીને, શાંત સુખી થા સદાય.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૫

વિસ્તૃત સંસૃતિ માર્ગ ભમી ભમી, થાક્યા પ્રજ્ઞાવંત;
તત્ત્વામૃત આ રે પાન કરો હવે; આણો એ શ્રમ અંત.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૬

સૂક્ષ્મ અતિ તે રે સ્થૂલ અતિ વળી, એક અનેક સ્વરૂપ,
સ્વસંવેદ્યસ્વભાવી અવેદ્ય એ, અક્ષર અનક્ષરરૂપ.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૭

ઉપમા જેને રે કોઈ ઘટે નહીં, વચનાતીત અપ્રમેય;
એહિ નિરાકુળ ભરપૂર શૂન્ય એ, નિત્ય છતાં એ અનિત્ય.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૮

શરીર રહિત એ રે નિરુપાધિમયી, નિરાલંબ નિઃશબ્દ;
ચિદ્ઘનરૂપી રે ઉત્તમ જ્યોતિ એ, મન વાણીથી અલબ્ધ.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૯

એમ સ્વરૂપ અત્યંત અગમ્ય એ, પરમાતમ દુર્લક્ષ્ય;
તે સંબંધે રે વર્ણન અત્ર તે, ગગને ચિત્ર સદૃશ.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૧૦

શુદ્ધ સ્વરૂપે રે સ્થિત તો દૂર રહ્યા, પણ ચિંતન જે કરંત;
જીવિત તેનું રે શ્લાઘ્ય જગે ઝગે, સુરગણ પદ પૂજંત.
દિવ્ય ચિદાનંદમંદિર વંદીએ. ૧૧

૬

# બાર ભાવના

૧

વૈરાગ્યની અને તેવા આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા થવા માટે બાર ભાવના ચિંતવવાનું તત્ત્વજ્ઞાનીઓ કહે છે. તેથી ભાવોની શુદ્ધિ થાય છે, તેથી ભેદવિજ્ઞાનની અને શુદ્ધ આત્મભાવનાની જાગૃતિ થઈ બોધિ સમાધિનું નિધાન એવું નિજ શુદ્ધ સહુજાત્મસ્વરૂપ પામવા ભાગ્યશાળી થવાય છે.

હે બુદ્ધિમાનો ! તમે કાનને પાવન કરનારી આ બાર ભાવનાઓ શ્રવણ કરી હૃદયમાં ધારણ કરો. તેથી પ્રખ્યાત અને અતિ અદ્ભુત સમતારૂપી વેલ કે જેનું મહત્પુરુષોએ અત્યંત માહાત્મ્ય કહેલું છે તે અંતરમાં ઊગી નીકળી મોહાંધકારને ટાળી દેશે.

સત્શાસ્ત્રના શ્રવણથી ઉદાર થયેલું અને વિવેકરૂપી અમૃતના ઝરવાથી આનંદ આપતું જેનું મન આ સદ્‌-ભાવનાઓનો આશ્રય કરે છે તેને કલ્પવૃક્ષ દૂર નથી. અને તેને પ્રકૃષ્ટ શાંતિરૂપ અલૌકિક સુખનું ફળ મળે છે.

હે ચેતન ! જગતના બધા ભાવો ક્ષણભંગુર છે. કેવળ નિત્ય, ચિદાનંદમય, જ્ઞાનાનંદમય, તારું પોતાનું આત્મસ્વરૂપ છે. તેને જોઈ, જાણી, અનુભવી, આત્મિક સુખનો અનુભવ કર. સત્પુરુષો આ પ્રશમરસવાળા નૂતન અમૃતનું પાન કરી નિરંતર આનંદ ઉત્સવ કરો !

## ૧. અનિત્યભાવના

શરીર, વૈભવ, કુટુંબ પરિવાર આદિ સર્વ વિનાશી છે; જીવનો મૂળ ધર્મ અવિનાશી છે. એમ ચિંતવવું તે પહેલી અનિત્ય ભાવના.

જે જે જન્મ્યા છે તે અવશ્ય મરવાના જ છે. યુવાની જવાની છે અને વૃદ્ધાવસ્થા આવવાની જ છે. મેઘપટલ પવનના ઝપાટાથી ક્ષણમાં વીખરાઈ જાય તેમ લક્ષ્મી, પરિવાર, ઘર, કુટુંબ, સ્વજનાદિ ક્ષણમાં વિણસી જવાનાં જ અને ઇંદ્રિયોના વિષયો, શરીરની સુંદરતા આદિ સર્વ વીજળીના ઝબકારાની માફક જોતજોતામાં જતાં રહેવાનાં જ. સારી રીતે લાલન પાલન કરાયેલું શરીર પણ અવશ્ય ક્ષણમાં વિનાશ પામી જવાનું જ.

હે ભવ્ય જીવો! તમે સર્વ વિષયોને વિનાશી જાણીને મહામોહને છોડીને પોતાના મનને વિષયથી રહિત કરો, કે જેથી ઉત્તમ સુખને પામો.

અનિત્ય ભાવનાનું ફળ એ છે કે સંસારના વિષયો સર્વ નાશવંત છે તેથી તેનો મોહ, તેની અભિલાષા ત્યાગી દો. અને નિત્ય શાશ્વત એવા આત્મિક સુખની અભિલાષાથી શુદ્ધ આત્મસ્વરૂપને જ ઉપાસો, યાવત્ તેની પ્રાપ્તિ કરી કૃતાર્થ થાઓ!

मालिनी

**गगननगरकल्पं संगमं वल्लभानां**
**जलदपटलतुल्यं यौवनं वा धनं वा ।**
**सुजनसुतशरीरादीनि विद्युच्चलानि**
**क्षणिकमिति समस्तं विद्धि संसारवृत्तम् ॥**

સંસારમાં સ્ત્રીઓનો સમાગમ આકાશમાં દેવોએ માયાથી રચેલ નગર સમાન ક્ષણવિનાશી છે. યુવાવસ્થા અને ધન આદિ મેઘપટલની માફક ક્ષણમાં વિણસી જાય તેવાં અનિત્ય છે. સ્વજન પુત્ર પરિવાર શરીર આદિ સર્વ વીજળી જેવાં ચપળ એટલે જોતજોતામાં ચાલી જાય એવાં ક્ષણિક છે. એમ સમસ્ત સંસાર ક્ષણિક જાણો. તેમાં નિત્યતાની બુદ્ધિ ન રાખો.

વિદ્યુત્ લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગરંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ ?

## ૨. અશરણ ભાવના

સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઈ નથી. માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે. એમ ચિંતવવું તે બીજી અશરણ ભાવના.

જે સંસારમાં ચક્રવર્તી નરેન્દ્રો કે ઇંદ્ર, હરિ, હર, બ્રહ્મા જેવા શક્તિશાળી દેવો પણ મૃત્યુના મુખથી બચી શક્યા નથી તે સંસારમાં કોણ કોનું શરણ થઈ શકે તેમ છે ? આયુષ્ય પૂર્ણ થયે મરણ આવી પહોંચતાં મંત્ર, તંત્ર, ઔષધ, યક્ષ કે દેવ કોઈ મરણથી બચાવે તેમ નથી.

આત્મા શરીરથી ભિન્ન વસ્તુ છે. શરીરની ઉત્પત્તિથી તે ઉત્પન્ન થતો નથી તેમ શરીરના નાશથી તેનો નાશ થતો નથી. આત્મા તો સ્વયં અજર અમર શાશ્વત ત્રિકાળ ટકીને રહેનાર નિત્ય વસ્તુ છે. માટે શરીર છૂટે ત્યાં પોતાનો નાશ થાય છે એમ માનવું તે અજ્ઞાન છે, મોહ છે. આત્માને મરણની ચિંતા વ્યર્થ છે. કારણ તે કદી મરતો નથી તેમ

જન્મતો પણ નથી. માટે આત્માને રત્નત્રયનું શરણ લઈ ઉત્તમ ક્ષમાદિ ધર્મમાં જોડવો એ જ પરમ શરણ છે; તો જ સંસારનાં કષ્ટોથી તેને બચાવી શકાય છે.

હે ભવ્ય ! તું પરમ શ્રદ્ધા વડે દર્શનજ્ઞાનચારિત્રરૂપ શરણને સેવન કર. કારણ કે સંસારમાં ભમતા જીવોને બીજું કોઈ પણ શરણ નથી.

જે પોતાને ક્ષમાદિ દશલક્ષણ ધર્મરૂપ કે રત્નત્રય ધર્મરૂપ પરિણમાવે તે શરણ છે અને જે તીવ્ર કષાયયુક્ત થાય છે તે પોતે પોતાને હણે છે.

પરમાર્થ વિચારીએ તો પોતે જ પોતાની રક્ષા કરનાર છે તથા ઘાત કરનાર છે. ક્રોધાદિકરૂપ પરિણામ કરે તો શુદ્ધ ચૈતન્યનો ઘાત થાય છે અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમય રત્નત્રયરૂપ ધર્મમય પરિણામ કરે તો પોતાની રક્ષા થાય છે. એ ભાવનાથી જન્મમરણરહિત અવિનાશી પદ પમાય છે.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

---

## ૩. સંસારભાવના

આ આત્માએ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ ? એ સંસાર મારો નથી. હું મોક્ષમયી છું એમ ચિંતવવું તે ત્રીજી સંસારભાવના.

સંસારમાં કેવાં દુઃખો આ જીવે પૂર્વે ભોગવ્યાં છે તે મૃગાપુત્ર પોતાને દીક્ષા લેવાને વારતાં પોતાનાં માતાપિતાને જણાવી સંયમ સ્વીકારવા જ દૃઢનિશ્ચયી બને છે.

માતાપિતાનો ભોગસંબંધી ઉપદેશ સાંભળીને તે મૃગાપુત્ર માતાપિતા પ્રત્યે એમ બોલી ઊઠયા :—

"વિષયની વૃત્તિ ન હોય તેને સંયમ પાળવો કંઈયે દુષ્કર નથી. આ આત્માએ શારીરિક અને માનસિક વેદના અશાતારૂપે અનંતવાર સહી છે, ભોગવી છે. મહાદુઃખથી ભરેલી, ભયને ઉપજાવનારી અતિ રૌદ્ર વેદના આ આત્માએ ભોગવી છે. જન્મ, જરા, મરણ એ ભયનાં ધામ છે. ચતુર્ગતિરૂપ સંસારાટવીમાં ભમતાં અતિ રૌદ્ર દુઃખો મેં ભોગવ્યાં છે. હે ગુરુજનો! મનુષ્ય લોકમાં જે અગ્નિ અતિશય ઉષ્ણ મનાયો છે, તે અગ્નિથી અનંતગણી ઉષ્ણ તાપવેદના નરકને વિષે આ આત્માએ ભોગવી છે. મનુષ્ય લોકમાં જે ટાઢ અતિ શીતળ મનાઈ છે, એ ટાઢથી અનંતગણી ટાઢ નરકને વિષે અશાતાએ આ આત્માએ ભોગવી છે. લોહમય ભાજન, તેને વિષે ઊંચા પગ બાંધી નીચું મસ્તક કરીને દેવતાએ વૈક્રિય કરેલા ધૂંવાકૂંવા બળતા અગ્નિમાં આક્રંદ કરતાં, આ આત્માએ અત્યુગ્ર દુઃખ ભોગવ્યાં છે. મહા દવના અગ્નિ જેવા મરુ દેશમાં જેવી વેળુ છે તે વેળુ જેવી વજ્રમય વેળુ કદંબ નામે નદીની વેળુ છે, તે સરખી ઉષ્ણ વેળુને વિષે પૂર્વે મારા આ આત્માને અનંતવાર બાળ્યો છે.

આક્રંદ કરતાં પચવાના ભાજનને વિષે પચવાને અર્થે મને અનંતી વાર નાખ્યો છે. નરકમાં મહા રૌદ્ર પરમાધામીઓએ મને મારા કડવા વિપાકને માટે અનંતી વાર ઊંચા વૃક્ષની શાખાએ બાંધ્યો હતો. બંધવ રહિત એવા મને લાંબી કરવતે કરીને છેદ્યો હતો. અતિ તીક્ષ્ણ કંટકે કરીને વ્યાપ્ત ઊંચા શાલ્મલિ વૃક્ષને વિષે બાંધીને મહા ખેદ પમાડ્યો

હતો. પાશે કરીને બાંધી આઘોપાછો ખેંચવે કરી મને અતિ દુઃખી કર્યો હતો. મહા અસહ્ય કોલુને વિષે શેલડીની પેઠે આક્રંદ કરતો હું અતિ રૌદ્રતાથી પીડાયો હતો. એ ભોગવવું પડ્યું તે માત્ર મારાં અશુભ કર્મના અનંતીવારના ઉદયથી જ હતું. શ્વાનને રૂપે સામનામા પરમાધામીએ કીધો, શબલ નામા પરમાધામીએ તે શ્વાનરૂપે મને ભોંય પર પાડ્યો; જીર્ણ વસ્ત્રની પરે ફાડ્યો; વૃક્ષની પરે છેદ્યો; એ વેળા હું અતિ અતિ તરફડતો હતો.

વિકરાળ ખડ્ગે કરી, ભાલાએ કરી, તથા બીજા શસ્ત્ર વડે કરી મને તે પ્રચંડીઓએ વિખંડ કીધો હતો. નરકમાં પાપકર્મે જન્મ લઈને વિષમ જાતિના ખંડનું દુઃખ ભોગવ્યામાં મણા રહી નથી. પરતંત્રે કરી અનંત પ્રજ્વલિત રથમાં રોઝની પેઠે પરાણે મને જોતર્યો હતો. મહિષની પેઠે દેવતાના વૈક્રિય કરેલા અગ્નિમાં હું બળ્યો હતો. ભડથું થઈ અશાતાથી અત્યુગ્ર વેદના ભોગવતો હતો. ઢંક-ગીધ નામના વિકરાળ પક્ષીઓની સાણસા સરખી ચાંચથી ચૂંથાઈ અનંત વલવલાટથી કાયર થઈ હું વિલાપ કરતો હતો. તૃષાને લીધે જલપાનનું ચિંતન કરી વેગમાં દોડતાં, વૈતરણીનું છરપલાની ધાર જેવું અનંત દુઃખદ પાણી પામ્યો હતો. જેનાં પાંદડાં તીવ્ર ખડ્ગની ધાર જેવાં છે, મહા તાપથી જે તપી રહ્યું છે, તે અસિપત્રવન હું પામ્યો હતો; ત્યાં આગળ પૂર્વકાળે મને અનંત વાર છેદ્યો હતો. મુદ્ગરથી કરી, તીવ્ર શસ્ત્રથી કરી, ત્રિશૂલથી કરી, મુશળથી કરી, તેમજ ગદાથી કરીને મારાં ગાત્ર ભાંગ્યાં હતાં. શરણરૂપ સુખ વિના હું અશરણરૂપ અનંત દુઃખ પામ્યો હતો. વસ્ત્રની પેઠે મને છરપલાની

તીક્ષ્ણ ધારે કરી, પાળીએ કરી અને કાતરણીએ કરીને કાપ્યો હતો. મારા ખંડોખંડ કટકા કર્યા હતા. મને તીરછો છેદ્યો હતો. ચરરર કરતી મારી ત્વચા ઉતારી હતી. એમ હું અનંત દુઃખ પામ્યો હતો.

પરવશતાથી મૃગની પેઠે અનંતવાર પાશમાં હું સપડાયો હતો પરમાધામીએ મને મગરમચ્છરૂપે જાળ નાંખી અનંત વેળા દુઃખ આપ્યું હતું સીંચાણારૂપે પંખીની પેઠે જાળમાં બાંધી અનંતવાર મને હણ્યો હતો. ફરશી ઇત્યાદિક શસ્ત્રથી કરીને મને અનંતવાર વૃક્ષની પેઠે કૂટીને મારા સૂક્ષ્મ છેદ કર્યા હતા. મુદ્‌ગરાદિકના પ્રહાર વતી લોહકાર જેમ લોહને ટીપે તેમ મને પૂર્વકાળે પરમાધામીઓએ અનંતીવાર ટીપ્યો હતો. તાંબું, લોઢું અને સીસું અગ્નિથી ગાળી તેનો કળકળતો રસ મને અનંત વાર પાયો હતો. અતિ રૌદ્રતાથી તે પરમાધામીઓ મને એમ કહેતા હતા કે, પૂર્વભવમાં તને માંસ પ્રિય હતું તે લે આ માંસ. એમ મારા શરીરના ખંડોખંડ કટકા મેં અનંતી વાર ગળ્યા હતા. મદ્યની વલ્લભતા માટે પણ એથી કંઈ ઓછું દુઃખ પડ્યું નહોતું. એમ મેં મહા ભયથી, મહા ત્રાસથી અને મહા દુઃખથી કંપાયમાન કાયાએ કરી અનંત વેદના ભોગવી હતી. જે સહન કરતાં અતિ તીવ્ર, રૌદ્ર અને ઉત્કૃષ્ટ કાળસ્થિતિની વેદના, સાંભળતાં પણ અતિ ભયંકર, અનંત વાર તે નરકમાં મેં ભોગવી હતી. જેવી વેદના મનુષ્યલોકમાં છે તેવી દેખાતી પણ તેથી અનંતગણી અધિક અશાતાવેદની નરકને વિષે રહી હતી. સર્વ ભવને વિષે અશાતાવેદની મેં ભોગવી છે. મેષાનુમેષ માત્ર પણ ત્યાં શાતા નથી.”

હવે ચતુર્ગતિનું કંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નરકની સપ્ત પૃથ્વી છે. તેમાં ઓગણપચાસ ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાસી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ ભીંતની માફક છજેલ છે. કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે. તે એક એક બિલની છત વિષે નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે. તે ઊંટના મુખના આકાર આદિવાળાં, સાંકડાં મોંઢાવાળાં અને ઊંધે માથે છે તેમાં નારકી જીવો ઊપજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ જોરથી પડી દડી પાછી ઊછળે છે તેમ (નારકી) પૃથ્વીપર પડી ઊછળતાં લોટતાં ફરે છે. કેવી છે નરકની ભૂમિ ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે ઊપજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.

ઉપરની ચાર પૃથ્વીનાં ચાળીશ લાખ બિલ અને પંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ બેંતાળીસ લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે. તે નરકની ઉષ્ણતા જણાવવાને માટે અહીં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી જાય; તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવેલ છે કે લાખ યોજનપ્રમાણ મોટા લોઢાના ગોળા છોડીએ તો તે નરકભૂમિને નહીં પહોંચતાં, પહોંચતાં પહેલાં નરકક્ષેત્રની ઉષ્ણતાથી કરી રસરૂપ થઈ વહી જાય છે.

જેમ ઊકળેલા આધણમાં ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે, તેમ સંસારી જીવ કર્મથી તપ્તાય-

માન થઈ પરિભ્રમણ કરે છે. આકાશમાં ઊડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે, જળમાં વિચરતાં મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે, સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુ આદિકને સ્થળચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, મહા નિર્દય મનુષ્ય મારે છે. આ સંસારમાં જીવ બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુઃખમય પરિભ્રમણ કરે છે. જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ જીવો મોઢું ફાડી બેઠેલા અજગરના મોઢામાં બિલ જાણી પ્રવેશ કરે છે, તેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઇંદ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. વિષયકષાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મોઢું છે. એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવપ્રાણનો નાશ કરી, નિગોદમાં અચેતન તુલ્ય થઈ, અનંતવાર જન્મ મરણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત કરે છે. ત્યાં આત્મા અભાવ તુલ્ય છે, જ્ઞાનાદિકનો અભાવ થયો ત્યારે નાશ પણ થયો.

નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે. ત્રસ પર્યાયમાં જેટલા દુઃખના પ્રકાર છે, તે તે દુઃખ અનંતવાર ભોગવે છે. એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી જે આ જીવ સંસારમાં નથી પામ્યો. આ સંસારમાં આ જીવ અનંત પર્યાય દુઃખમય પામે છે, ત્યારે કોઈ એક વાર ઇંદ્રિયજનિત સુખના પર્યાય પામે છે. તે વિષયોના આતાપ સહિત ભય, શંકા સંયુક્ત અલ્પકાળ પામે. પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઈ એક પર્યાય ઇંદ્રિયજનિત સુખનો કદાચિત્ પ્રાપ્ત થાય છે.

આવો દુઃખથી પરિપૂર્ણ આ સંસાર જાણીને સર્વ પ્રકારે ઉદ્યમ કરીને મોહને છોડીને હે ભવ્યો! તે આત્મસ્વભાવનું ધ્યાન કરો કે જેથી સંસારભ્રમણનો નાશ થાય.

નારાચ છંદ

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

જેમાં એકાંત અને અનંત સુખનાં તરંગ ઊછળે છે તેવાં શીલ, જ્ઞાનને માત્ર નામના દુઃખથી કંટાળી જઈને મિત્રરૂપે ન માનતાં તેમાં અભાવ કરે છે; અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારનાં નામમાત્ર સુખ તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે એ કેવી વિચિત્રતા છે! અહો ચેતન! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે! નિહાળ!!! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહા વૈરાગ્યને ધારણ કર, અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે!

---

## ૪. એકત્વ ભાવના

આ મારો આત્મા એકલો છે. તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે એમ ચિંતવવું તે ચોથી એકત્વ ભાવના.

જીવ એકલો પુણ્યસંચય કરે છે. અને તેના ફળરૂપ દેવગતિનાં સુખને એકલો ભોગવે છે. એકલો કર્મની નિર્જરા કરે છે અને તે એકલો જ મોક્ષ પામે છે. જીવને ધર્મ જ દેવલોક અને સર્વ દુઃખના નાશરૂપ મોક્ષ આપે છે.

હે ભવ્ય ! તમે જીવને શરીરથી ભિન્ન સર્વ પ્રકારે ઉદ્યમ કરીને જાણો. જે જાણવાથી બાકી સર્વ પરદ્રવ્ય ક્ષણ-માત્રમાં તજવા યોગ્ય થાય છે. પોતાનું સ્વરૂપ જાણે તો સર્વ પરદ્રવ્ય હેય જ ભાસે.

રોગ કે મરણ કાળે સ્વજનો માત્ર જોઈ રહે છે પણ રોગ કે દુઃખને લેશમાત્ર લેવાને કે ટાળવાને સમર્થ થતાં નથી એમ જાણવા છતાં આ જીવ તે બધાંમાંથી મમત્વ છોડતો નથી. પોતાનાં કરેલાં કર્મ પોતાને એકલાને જ ભોગવવાં પડે છે.

આપણો સાચો આત્મીય તો તે છે કે જે આપણને દુઃખમાંથી બચાવી સુખમાં લઈ જાય છે. તે તો રત્નત્રયરૂપ કે દશલક્ષણરૂપ ધર્મ જ એક એવો છે કે જે જીવને ઉત્તમ-ગતિ અને પ્રાંતે મોક્ષરૂપ અનંત સુખમાં લઈ જાય છે. માટે એકત્વ ભાવનાના ચિંતવનથી એ ધર્મમૂર્તિ નિજ શુદ્ધ સહજ આત્મસ્વરૂપ જ ઉપાસવા યોગ્ય છે, યાવત્ તેને પ્રાપ્ત કરી કૃતાર્થ થવા યોગ્ય છે.

**ज्ञानदर्शनचरणपर्यवपरिवृत्तः परमेश्वरः ।**
**एक एवानुभवसदने स रमतामविनश्वरः ॥**

અહો ! આ મારો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર પર્યાયવાળો પરમેશ્વર છે. એ એક છે, એકલો છે, એનો બીજા સાથે સંબંધ નથી, એનાં તો જ્ઞાન, દર્શન, ચારિત્ર જ છે. અને જ્ઞાનાદિ ઐશ્વર્ય સંપન્ન તે પરમેશ્વર છે. વળી તે અવિનાશી છે. આવો મારો આત્મા અનુભવ ગૃહમાં આનંદ કરો.

વસ્તુતત્ત્વ વિચારવાથી, સ્વપરનો વિવેક કરવાથી, તને સુંદર સમતા અમૃતરસ પ્રાપ્ત થશે. તો તેવો સમતારૂપી અમૃતરસ પ્રાપ્ત કરી એક તું તેનો સ્વાદ લે. તને બહુ આનંદ થશે, તેથી અવર્ણનીય સુખરસ તું પામીશ. વિષય સુખ તો ક્ષણિક છે. આ અવર્ણનીય સુખ શાશ્વત અવ્યાબાધ છે. તો તેને તું પ્રાપ્ત કર.

એક જીવ પરજાય બહુ, ધારે સ્વપર નિદાન;
પર તજી આપા જાનિકેં, કરો ભવ્ય કલ્યાન.

---

## ૫. અન્યત્વ ભાવના

આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે પાંચમી અન્યત્વ ભાવના.

આ જીવ સંસારમાં દેહ ધારણ કરે છે તે પોતાથી અન્ય છે, માતા અન્ય છે, પુત્ર અન્ય ઊપજે છે. આ સર્વ કર્મસંયોગથી થાય છે.

એવી રીતે સર્વ બાહ્ય વસ્તુને આત્મા આત્મસ્વરૂપથી ન્યારી જાણે છે તોપણ, પ્રગટપણે જાણતાં છતાં પણ આ મૂઢ જીવ તે જ પરદ્રવ્યને વિષે રાગ કરે છે એ મોટી મૂર્ખતા છે.

જે જીવ પોતાના સ્વરૂપથી દેહને પરમાર્થથી ભિન્ન જાણીને આત્મસ્વરૂપને સેવે છે, ધ્યાવે છે, તેને અન્યત્વ ભાવના કાર્યકારી છે.

અન્યત્વનું ચિંતવન કરતાં છતાં પણ જો યથાર્થ ભેદજ્ઞાન ન થયું, દેહથી પોતાનો આત્મા તત્ત્વથી, પરમાર્થથી ભિન્ન છે એમ ન ભાસ્યું તો તે ચિંતન નિરર્થક છે.

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના,
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

## ૬. અશુચિ ભાવના

આ શરીર અપવિત્ર છે, મળમૂત્રની ખાણ છે, રોગ જરાને રહેવાનું ધામ છે. એ શરીરથી હું ન્યારો છું એમ ચિંતવવું, તે છઠ્ઠી અશુચિભાવના.

હાડ માંસ રુધિર આદિ દુર્ગન્ધમય સાત ધાતુઓનો અપવિત્ર એવો આ દેહ પવિત્ર એવાં ચંદન, કપૂર, કસ્તૂરી, પુષ્પાદિ સુગંધી દ્રવ્યોને પણ તે દેહનો સંગ થતાં જ દુર્ગન્ધયુક્ત બનાવી દે છે; તેમ જ રોગ પીડા જરા મરણાદિ દુઃખોનું ધામ બને છે મનુષ્યોને તેથી વિરક્ત થવા જ વિધિએ મનુષ્યોનો દેહ આવો બનાવ્યો છે, એમ લાગે છે. છતાં મનુષ્ય તેવા અપવિત્ર પોતાના કે સ્ત્રી આદિના દેહમાં અનુરક્ત થાય છે એ ખરેખર સખેદ આશ્ચર્ય છે !

આવા અશુચિમય દેહને પ્રત્યક્ષ દેખતા છતાં આ જીવ તેમાં અનુરાગ કરે છે. પૂર્વે કદી ન મળ્યો હોય એમ માનીને તેનો આદર કરે છે, તેને સેવે છે. આ મોટું અજ્ઞાન છે.

જે ભવ્ય જીવ પર દેહ, જે સ્ત્રી આદિનો દેહ, તેમાં વિરક્ત થઈને નિજ દેહને વિષે અનુરાગ કરતા નથી, અને આત્મસ્વરૂપમાં સુરક્ત રહે છે, તલ્લીન રહે છે, તેમની અશુચિ ભાવના સાર્થક છે.

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ,
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

સ્વપર દેહકું અશુચિ લખિ, તજે તાસ અનુરાગ,
તાકે સાચી ભાવના. સો કહિયે વડભાગ.

---

## ૭. આસ્રવભાવના

રાગદ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ આદિ સર્વ આસ્રવ છે એમ ચિંતવવું તે સાતમી આસ્રવ ભાવના.

મન વચન કાયાની ક્રિયાને યોગ કહેવાય છે અને આ યોગને જ તત્ત્વવિશારદો આસ્રવ કહે છે. કર્મનું આગમન તે આસ્રવ, શુભ અને અશુભ કે પુણ્ય અને પાપ બે પ્રકારે છે.

સર્વ જીવ પ્રત્યે પ્રિય વચન બોલવું, અપ્રિય કટુક વચન બોલનાર દુર્જન પ્રત્યે પણ ક્ષમા રાખવી, સર્વમાંથી ગુણ ગ્રહણ કરવા, ઇત્યાદિ મંદ કષાયથી પુણ્યાસ્રવ થાય છે.

પોતાની પ્રશંસા કરવી, પૂજ્ય પુરુષોના દોષ જોવા, તેમના અવર્ણવાદ બોલવા, દીર્ઘ કાળ સુધી વેરભાવ ધારી રાખવો, ઇત્યાદિ તીવ્ર કષાયથી પાપાસ્રવ થાય છે.

આમ જાણીને પણ જે ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ, કષાય આદિનો ત્યાગ કરતા નથી તે જીવને આસ્રવ ભાવનાનું ચિંતન નિષ્ફળ જાય છે.

જે મુમુક્ષુ ઉપશમ ભાવમાં, સમભાવમાં લીન થઈને, મોહકર્મના ઉદયથી થતા સર્વ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ આસ્રવોને હેય જાણીને તેને તજી દે છે, તેને આસ્રવભાવના સફળ થાય છે.

આતમ કેવળજ્ઞાનમય, નિશ્ચય દૃષ્ટિ નિહાર,
સબ વિભાવ પરિણામમય, આસ્રવભાવ વિડાર.

આસ્રવ પંચ પ્રકારકું, ચિંતવે તજી વિકાર,
તે પાવે નિજરૂપકું, યહે ભાવના સાર.

---

## ૮. સંવર ભાવના

જ્ઞાન ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવાં કર્મ બાંધે નહીં એમ ચિંતવવું તે આઠમી સંવર ભાવના.

મિથ્યાત્વ આદિ પાંચ આસ્રવને સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, કષાયજય અને યોગના અભાવથી રોકવા તે સંવર.

હે ભવ્ય! ચિદાનંદમય, અનંત ગુણનું પાત્ર એવું જે આત્મસ્વરૂપ, વસ્તુ છે તેનું રાગાદિ દોષરહિત ધર્મશુક્લ ધ્યાનમાં લીન થવું તેને તું ઉત્તમ ચારિત્ર જાણ.

જે સાધક વિષયોથી વિરક્ત થઈને મનને પ્રિય જે વિષયો તેનાથી આત્માને સદાય નિશ્ચયે સંવરરૂપ કરે તેને પ્રગટપણે સંવર હોય છે. ઇંદ્રિયો અને મનને વિષયોમાંથી રોકીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમાવે તેને સંવર હોય છે.

मालिनी

**सकलसमितिमूलः संयमोद्दामकाण्डः**
**प्रशमविपुलशाखो धर्म पुष्पावकीर्णः ।**
**अविकलफलबन्धैर्बन्धुरो भावनाभि-**
**र्जयति जितविपक्षः संवरोद्दामवृक्षः ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ જેનું મૂળ છે, સામાયિક આદિ પાંચ સંયમ જેનું થડ છે, પ્રશમરૂપ વિશાળ જેની શાખા (ડાળ) છે, ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મ જેનાં પુષ્પ

છે, અને અવિકલ મોક્ષ જેનું ફળ છે એવું બાર ભાવનાઓથી સુંદર આ સંવરરૂપી મહાવૃક્ષ સર્વોપરી છે

આત્મા અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલી રહ્યો છે, તેથી આસ્રવરૂપ ભાવોથી કર્મોનો બંધ કર્યા કરે છે. પરંતુ જ્યારે તે પોતાના સ્વરૂપને જાણીને તેમાં તલ્લીન થાય છે, ત્યારે તે સંવરરૂપ બનીને આવતાં કર્મોને રોકે છે, અને પૂર્વકર્મોની નિર્જરા કરે છે જેથી મુક્ત થઈ જાય છે. એ સંવરનાં બાહ્ય કારણો સમિતિ, ગુપ્તિ, ધર્માનુપ્રેક્ષા, પરિષહ-જય આદિ કહ્યાં છે.

નિજ સ્વરૂપમાં લીનતા, નિશ્ચય સંવર જાનિ;<br>
સમિતિ-ગુપ્તિ-સંયમ ધરમ, ધરેં પાપકી હાનિ.

---

## ૯. નિર્જરાભાવના

જ્ઞાનસહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું એ નવમી નિર્જરાભાવના.

જે સાધક દુર્વચનને, સાધર્મીજનો નિંદા કરે તેને, તથા ઉપસર્ગને, કષાય કર્યા વિના શાંતિપૂર્વક સહન કરી લે તો તેને વિસ્તારવાળી અત્યંત નિર્જરા થાય છે. અર્થાત્ પૂર્વે બાંધેલાં ઘણાં જ કર્મો ક્ષય થઈ જાય છે.

ઉપસર્ગ તથા પરિષહને એમ માને કે મેં પૂર્વજન્મમાં જે પાપસંચય કર્યું હતું તેનું આ ફળ છે, તેથી ભોગવી લેવું; તેમાં વ્યાકુલ ન થવું. જેમ કોઈનું દેવું કરી રકમ આણી હોય તે જ્યારે માગે ત્યારે આપી દેવી. તેમાં વ્યાકુળતા શી? એમ માને તેને ઘણી નિર્જરા થાય છે.

જે સાધક આ શરીરને મમત્વ, મોહને ઉપજાવનારું, વિનાશી તથા અશુચિમય વિચારે છે તથા દર્શન જ્ઞાન ચારિત્રને સુખનાં ઉપજાવનાર, નિર્મળ અને નિત્ય માને છે તેને ઘણી નિર્જરા થાય છે.

જે પોતાના મિથ્યાત્વાદિ દોષોની નિંદા કરે, અને ગુણવંત સમકિતી મહાપુરુષોની સ્તુતિ કરે, બહુમાન કરે, મન ઇંદ્રિયોને જીતીને સ્વરૂપમાં તલ્લીન થાય, સ્વરૂપપરાયણ થાય તેને ઘણી નિર્જરા થાય છે.

ઉપરોક્ત નિર્જરાનાં કારણોમાં જે સાધક પ્રવર્તે તેનો જન્મ સફળ છે, તેને પાપકર્મની નિર્જરા થાય છે, પુણ્યકર્મનો અનુભાગ વધે છે અને તેને જ ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે.

જે સાધક સમતા, વીતરાગતાજનિત સુખમાં લીન થઈને વારંવાર શુદ્ધ બોધનિધાન, શુદ્ધચિદ્રૂપ નિજ સહજાત્માનું ( પરમાત્માનું ) સ્મરણ કરે, ધ્યાન કરે તે ઇંદ્રિય અને કષાયનો જય કરનાર મહાત્મા પરમ નિર્જરા કરે છે. ઇંદ્રિય અને કષાયનો નિગ્રહ કરી પરમ વીતરાગ ભાવરૂપ આત્મધ્યાનમાં લીન થાય છે તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

પૂર્વ બાંધે કર્મ જે, ખરે તપોબળ પાય;
સો નિર્જરા કહાય હૈં, ધારે તે શિવ જાય.

---

## ૧૦. લોકસ્વરૂપ ભાવના

લોકસ્વરૂપનું ઉત્પત્તિ સ્થિતિ વિનાશ સ્વરૂપ વિચારવું તે દશમી લોકસ્વરૂપ ભાવના.

**लोक्यन्ते दृश्यन्ते जीवाद्याः पदार्था यत्र स लोकः ।**

જેમાં જીવાદિ પદાર્થો દેખીએ તે લોક. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોથી લોક ભરપૂર છે. એ છયે દ્રવ્યો ઉત્પાદવ્યયધ્રુવતા સહિત છે. એ છ દ્રવ્યોમાં આપણો આત્મા એક જીવદ્રવ્ય છે. તેનું સ્વરૂપ યથાર્થ જાણીને, અન્ય પદાર્થોથી મમતા છોડીને આત્મભાવના ભાવવી એ પરમાર્થ છે.

જે પુરુષ સદ્ગુરુએ કહેલા તત્ત્વને જાણીને તેને અચળ ભાવે ગ્રહણ કરે છે તથા સદા તેની ભાવના કરે છે તે શુદ્ધાત્મ તત્ત્વને પામે છે. આ લોકમાં સર્વત્ર કંચન અને કામિનીનું સામ્રાજ્ય છે. સૌ કોઈ વિષય અને કષાયમાં નખથી શિખ સુધી ડૂબેલા છે. જે કોઈ આ વિષય કષાયની વૃત્તિ શાંત કરી, ઉપશાંત થઈ, લોકનું સ્વરૂપ ધ્યાવે છે તે કર્મપુંજનો નાશ કરી એ જ લોકના શિખામણિ બને છે.

જે પુરુષ લોકમાં વ્યાપેલાં છ દ્રવ્યોના યથાર્થ સ્વરૂપને જાણીને તે સર્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અપ્રતિબદ્ધ થઈ નિજસ્વરૂપને ભાવે, અનુભવે તેની લોક-ભાવનાનું ચિંતવન કાર્યકારી થાય છે. તે મહાભાગ્ય કર્મોનો નાશ કરીને લોકશિખર પર જઈ બિરાજે છે અને ત્યાં અનંત અનુપમ બાધારહિત સ્વાધીન જ્ઞાનાનંદસ્વરૂપ આત્મિક સમાધિ સુખને અનંતકાળ પર્યંત ભોગવે છે.

લોકસ્વરૂપ વિચારકેં, આતમરૂપ નિહારિ,
પરમારથ વ્યવહાર મુણિ[1], મિથ્યાભાવ નિવારિ.

---

૧ જાણીને

## ૧૧. બોધિદુર્લભ ભાવના

સંસારમાં ભમતાં આત્માને સમ્યગ્જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે. વા સમ્યગ્જ્ઞાન પામ્યો તો ચારિત્ર, સર્વવિરતિ પરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે એવી ચિંતવના તે બોધિદુર્લભ ભાવના છે.

સમુદ્રમાં રત્ન પડી ગયા પછી પાછું મેળવવું જેટલું દુર્લભ છે તેટલો મનુષ્યભવ પામવો દુર્લભ છે. હે ભવ્ય જીવો! મનુષ્યગતિમાં જ તપનું આરાધન હોય છે, સમસ્ત મહાવ્રત હોય છે, ધર્મ–શુક્લધ્યાન હોય છે અને મનુષ્ય-ભવમાં જ મોક્ષની પ્રાપ્તિ હોય છે. આવો દુર્લભ મનુષ્યભવ પામીને જે વિષયોમાં રમે છે તે રાખ માટે રત્નને બાળે છે.

હે વિશાળ બુદ્ધિવાળા સજ્જનો! મહા મુશ્કેલીથી પમાય એવું જે બોધિરત્ન, સમ્યક્ત્વ તેનું તમે સેવન કરો. એ બોધિના પ્રભાવે દેવતાઓ પણ આશ્ચર્ય પામે એવો સ્વર્ગસંપત્તિનો વિલાસ પામી જીવ આનંદોલ્લાસ પ્રાપ્ત કરે છે. એ બોધિના પ્રભાવે પુષ્કળ વૈભવભોગવાળા ઉત્તમ કુળમાં જીવ જન્મ પામે છે. અને ક્રમે કરી મોક્ષરૂપ અદ્વૈત બ્રહ્મ-પદવી સુધી જીવને પહોંચાડવામાં કોઈ જેને બાધક નથી— એવું મહદ્ભૂત એ બોધિરત્ન છે. તેને હે બુદ્ધિમાનો! તમે સેવો.

અંતરમાં રહેલું, આનંદનું કારણ એવું આ ચેતન અનુપમ તીર્થ છે. એના જેવું બીજું કોઈ તીર્થ નથી. માટે તેનું સ્મરણ કરો. દીર્ઘ કાળ શુદ્ધ ભાવોમાં રહો, તેથી તમો શાશ્વત સુખને પામશો.

આમ સર્વમાં દુર્લભદુર્લભ રત્નત્રયને જાણીને તેને વિષે પરમ આદર કરો.

मालिनी

सुलभमिह समस्तं वस्तुजातं जगत्या-
मुरगसुरनरेन्द्रैः प्रार्थितं चाधिपत्यं ।
कुलबलसुभगत्वोद्दामरामादि चान्यत्
किमुत तदिदमेकं दुर्लभं बोधिरत्नम् ॥

આ જગતમાં સમસ્ત વસ્તુસમૂહ પામવો સુલભ છે. તથા ધરણેન્દ્ર, નરેન્દ્ર, સુરેન્દ્રો દ્વારા પ્રાર્થના કરવા યોગ્ય અધિપતિપણું પણ સુલભ છે. કારણ કે એ સર્વ કર્મોના ઉદયથી મળે છે. તથા ઉત્તમ કુળ, બળ, સુભગતા, સુંદર સ્ત્રી, આદિ સમસ્ત પદાર્થ સુલભ છે. કિંતુ જગત્પ્રસિદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રરૂપ બોધિરત્ન પામવું અત્યંત દુર્લભ છે.

પરમાર્થથી વિચારતાં જે વસ્તુ પરાધીન હોય તે પામવી દુર્લભ છે. પણ સ્વાધીન હોય તે તો પામવી સુલભ છે. આ બોધિ ( રત્નત્રય ) આત્માનો સ્વભાવ છે, સ્વાધીન સંપત્તિ છે. જો પોતાના સ્વરૂપને જાણ્યું તો પોતાની જ પાસે છે. તેથી તે દુર્લભ નથી. પરંતુ આત્મા જ્યાં સુધી પોતાના સ્વરૂપને જાણે નહીં ત્યાં સુધી તે કર્માધીન છે. એ અપેક્ષાએ પોતાનો બોધિસ્વભાવ પામવો દુર્લભ છે; અને કર્મકૃત બીજા સર્વ પદાર્થ પામવા સંસારમાં સુલભ છે. એવા બોધિરત્નને જો ભાગ્યયોગે પામ્યા તો પ્રમાદને વશ થઈ તેને ગુમાવી ન દેવાય તે માટે અવશ્ય જાગૃતિ રાખવી યોગ્ય છે.

બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાહિં;
ભવમેં પ્રાપતિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાહિં.

---

## ૧૨ ધર્મદુર્લભ ભાવના

ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરુ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે એમ ચિંતવવું તે બારમી ધર્મદુર્લભ ભાવના.

ધર્મના જ પ્રસાદ વડે કરી આ ત્રૈલોક્ય, સ્થાવર જંગમમય સચરાચર વિશ્વ શોભી રહ્યું છે. ધર્મ જ આ લોક તથા પરલોકને વિષે પ્રાણીઓનું હિત કરનાર છે. ધર્મથી જીવો સર્વ કાર્યો સિદ્ધ કરી લે છે. ધર્મે જ પોતાના તેજ બળે કરી પાપરૂપ વિટંબનાનો નાશ કરી નાખ્યો છે. એવા છે. એવા દયાવંત ધર્મરૂપ વિભુ–પ્રભુને મારા ભક્તિભાવે પ્રણામ હો! ધર્મ એ આ જગતમાં કલ્પવૃક્ષ છે.

એ ધર્મરૂપી કલ્પવૃક્ષને મારા નમસ્કાર હો કે જે ધર્મથી સકળ જગત પવિત્ર કરાય છે, તથા જગતનો ઉદ્ધાર કરાય છે તથા જે દયાથી આર્દ્ર છે.

લક્ષ્મી સહિત ચિંતામણિ, દિવ્ય નવ નિધિ, કામધેનુ અને કલ્પવૃક્ષ એ સર્વ ધર્મના ચિરકાળથી કિંકર, સેવક છે. ધર્મ જીવોને ચક્રવર્તી, ધરણેન્દ્ર તથા દેવેન્દ્રો દ્વારા વાંછિત તેમજ ત્રૈલોક્યપૂજ્ય તીર્થંકરની લક્ષ્મીને આપે છે.

ધર્મ, કષ્ટ સમયે સમસ્ત જગતના ત્રસ સ્થાવર જીવોની રક્ષા કરે છે અને સુખરૂપી અમૃતના પ્રવાહોથી સમસ્ત જગતને તૃપ્ત કરે છે.

આ ત્રણ લોકમાં ભોગ કે મોક્ષનું એવું કોઈ કારણ નથી કે જેને ધર્માત્મા પુરુષ ધર્મના સામર્થ્યથી પામી ન શકે. અર્થાત્ ધર્મના સામર્થ્યથી સમસ્ત મનોવાંછિત પદને પામે છે.

જેના ચિત્તમાં ધર્મ જ એક શરણભૂત છે તેનાં ચરણ-કમળની પંક્તિમાં ઇંદ્રગણ પણ નમ્રીભૂત મસ્તક વડે નમસ્કાર કરે છે.

ધર્મ ગુરુ છે, મિત્ર છે, સ્વામી છે, બાંધવ છે, હિત છે, અને ધર્મ જ નિષ્કારણ અનાથોની પ્રીતિપૂર્વક રક્ષા કરનાર છે. આ પ્રાણીને ધર્મ વિના બીજું કોઈ શરણ નથી.

આ ધર્મ, નરકસ્થાનોની નીચે જે નિગોદસ્થાન છે તેમાં પડતા ત્રણ જગતને ધારણ કરે છે, અવલંબન આપીને બચાવે છે તથા જીવોને અતીંદ્રિય સુખ પણ આપે છે.

ધર્મનું સમસ્ત સામર્થ્ય સારી રીતે કહેવાને સહસ્ર મુખવાળા નાગેન્દ્ર પણ આ ભૂતળમાં સમર્થ નથી.

તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત મિથ્યાદૃષ્ટિ 'ધર્મ ધર્મ' એમ કહે તો છે, પરંતુ વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણતા નથી, કારણ કે તે વસ્તુપરીક્ષામાં અસમર્થ છે. નામ માત્રથી ધર્મ ધર્મ એમ તો કહે છે પરંતુ વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના સત્ય પરીક્ષા ક્યાંથી હોઈ શકે ? એ પરીક્ષા પરમાગમથી થઈ શકે છે.

રત્નત્રયરૂપ ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ સર્વ રત્નોમાં મહારત્ન છે. સર્વ યોગોમાં ઉત્તમ યોગ છે. સર્વ ઋદ્ધિઓમાં મહા ઋદ્ધિ છે. અધિક શું કહેવું ?

સમ્યક્ત્વ સર્વ સિદ્ધિઓને દેનાર છે. સમ્યક્ત્વથી વિભૂષિત જીવ ઇંદ્રો તથા નરેંદ્રોથી વંદનીય બને છે.

પરમાગમમાં ધર્મ ચાર પ્રકારે કહ્યો છે. (૧) વસ્તુ-સ્વભાવરૂપ, (૨) ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણરૂપ, (૩) રત્નત્રય (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર)રૂપ, અને (૪) દયામય.

દર્શ–જ્ઞાનમય ચેતના, આતમ ધર્મ વખાનિ,
દયા ક્ષમાદિક રતનત્રય, યામેં ગર્ભિત જાનિ.

આ બાર ભાવનાઓ મનનપૂર્વક નિરંતર વિચારવાથી સત્પુરુષો ઉત્તમપદને પામ્યા છે, પામે છે અને પામશે.

---

## બારભાવના–૨

વસંતતિલકા

આ દેહ દેવળ વિષે સત દેવ રાજે,
જાગો પ્રતીતિ કરી લો શુભ જોગ આજે;
તે દેવ શુદ્ધ સહજાત્મસ્વરૂપ ભાળો,
અજ્ઞાનજન્ય ચિરકાળ સુષુપ્તિ ટાળો. ૧

જો દિવ્ય નેત્ર ગુરુ જ્ઞાની તણા પસાયે,
સંપ્રાપ્ત થાય કૃતકૃત્ય તદા થવાયે;
સમ્યક્ત્વ જ્યોતિ યદિ ઉર વિષે પ્રકાશે,
તો આત્મદેવનું મહાત્મ્ય અચિંત્ય ભાસે. ૨

સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા ગુરુરાજ કેરો,
સદ્બોધ સૂક્ષ્મ અતિ અંતરમાં વિચારો;

વિદ્યા વિચાર તણી નિર્મળતા થવાને,
ભાવો વિવેકપ્રદ દ્વાદશ ભાવનાને. ૩

જો, સ્વપ્ન તુલ્ય સઘળી રચના વિચિત્ર,
સંસાર ભોગ તનુ પુત્ર કલત્ર મિત્ર;
આયુષ્ય છે ક્ષણ વિષે વણસી જનાર,
તું નિત્ય શાશ્વત સુખે પરિપૂર્ણ ધાર. ૪

મૃત્યુ વિકાસી મુખ જો રહ્યું છે તકાસી,
તે દુઃખમાં શરણ કોણ સમીપવાસી ?
સદ્ધર્મ સત્ય શરણું ઉરમાં ઉતારો,
સૌ સ્નેહ જાળ કદી સ્હાય નહીં વિચારો. ૫

સંસાર સર્વ ભમિયો જીવ કર્મવેષે,
નૃત્યો કર્યાં, દુઃખ અસહ્ય સહ્યાં વિશેષે;
સંસાર જંજીર ચતુર્ગતિ છેદી ભેદી,
મુક્તિ સ્વધામ સુખધામ વરીશ કે દી ? ૬

એકાકી જન્મ સમયે, પરલોક જાતાં,
એકાકી કર્મફળ દુઃખ વિષે દહાતાં;
એકાંત શુદ્ધ નિજ આત્મસ્વરૂપ ભાળો,
એકત્વ ભાવ ધરી ચિત્ત વિભાવ ટાળો ૭

જ્ઞાનાદિ આત્મધન શાશ્વત એક તારું,
તે વિણ અન્ય જગમાં જીવ જાણ ન્યારું;
ચૈતન્ય લક્ષણ વિવેક વડે વિચારો,
તું અન્ય દ્રવ્ય થકી ભાવ સદાય ન્યારો. ૮

મૃત્યુ જરા વિવિધ વ્યાધિ નિહાળ દેહે,
દુર્ગંધીપૂર્ણ મળમૂત્ર વિષે શું મોહે ?
સૌંદર્ય એ શરીરનું ગતતેજ લાગે,
જો તત્ત્વદૃષ્ટિ ઉરમાં અતિ તીવ્ર જાગે. ૯

મિથ્યાત્વ અવ્રત પ્રમાદ કષાય યોગે,
કર્મોતણો સતત આસ્રવ કોણ રોકે ?
જ્ઞાનાદિ આત્મધન આસ્રવથી લુટાયે,
ઐશ્વર્યહીન જીવ દીન સમો જણાયે. ૧૦

શુદ્ધાત્મભાવ શુચિ સ્વાનુભવે સધાયે,
કર્મોતણો સકલ આસ્રવ દૂર થાયે;
સૌ કર્મ આગમન રોકી સ્વદ્રવ્ય રક્ષે,
જ્ઞાની સુસંવર બળે મન એક લક્ષે. ૧૧

પૂર્વે કરેલ કરમો ક્રમથી ખરે છે,
ઇચ્છાનિરોધ તપથી સમતા ઝરે છે;
તે નિર્જરા મન વસી ભવ તે તરે છે,
મુક્તિ પ્રિયા પ્રિયસખી દુઃખ સૌ હરે છે. ૧૨

ઉત્પત્તિ નાશ ધ્રુવતાયુત સર્વ દ્રવ્યો,
વ્યાપેલ લોક મહીં ભાળી ભૂલે ન ભવ્યો;
જો દ્રવ્યદૃષ્ટિ થકી લોક સમસ્ત ભાળે,
પર્યાય વિકૃતિ વિષેથી વિમોહ ટાળે. ૧૩

શુદ્ધાત્મબોધ પ્રતીતિ, સ્થિતિ, રત્નપ્રાપ્તિ,
અત્યંત દુર્લભ ભવે ન લહી કદાપિ;

દારિદ્ર દુઃખ ભવવાસોતણું ટળે ના,
બોધિ સમાધિ વિણ શાંતિ ખરી મળે ના. ૧૪

ધારે અધોગતિ વિષે પડતાં જીવોને,
સ્થાપે નરેન્દ્ર અમરેન્દ્ર મુનીન્દ્ર સ્થાને;
નિર્ગ્રંથ ધર્મ અતિ દુર્લભ ધર્મદાતા,
જ્ઞાની ગુરુ વચન શાંતિ સુધા પ્રદાતા. ૧૫

આ ભાવના ભવવિનાશિની ભવ્ય ભાવે,
વૈરાગ્ય જ્ઞાન તણી શક્તિ અતિ જગાવે;
તે તત્ત્વદૃષ્ટિ અનુભૂતિ અપૂર્વ પામે,
શાંતિ સમાધિપ્રદ સિદ્ધિપદે વિરામે. ૧૬

૭

# સમાધિ–ભાવના

## ૧. ભેદજ્ઞાન વડે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ

( શ્રી 'જ્ઞાનાર્ણવ' માંથી )

विरम विरम संगान् मुञ्च मुञ्च प्रपंचं
विसृज विसृज मोहं विद्धि विद्धि स्वतत्त्वं ।
कलय कलय वृत्तं पश्य पश्य स्वरूप
कुरु कुरु पुरुषार्थं निर्वृतानन्दहेतोः ।।

હે આત્મન્ ! સર્વ સંગ, પરિગ્રહથી વિરામ પામ, વિરામ પામ. જગતના પ્રપંચોનો ત્યાગ કર, ત્યાગ કર. મોહને તજી દે, તજી દે. આત્મતત્ત્વનો બોધ પામ, બોધ પામ. ચારિત્રનો અભ્યાસ કર, અભ્યાસ કર. પોતાના આત્મસ્વરૂપ તરફ દૃષ્ટિ કર, દૃષ્ટિ કર. અને મોક્ષસુખના અનંત આનંદ માટે પુરુષાર્થ કર, પુરુષાર્થ કર.

अतुलसुखनिधानं ज्ञानविज्ञानबीजं
विलयगतकलङ्कं शान्तविश्वप्रचारम् ।
गलितसकलशङ्कं विश्वरूपं विशालं
भज विगतविकारं स्वात्मनात्मानमेव ।।

હે આત્મન્ ! તું અનંતસુખસમુદ્ર, જ્ઞાન, કેવળજ્ઞાનનું બીજ, કલંકરહિત, નિર્વિકલ્પ, નિઃશંક, જ્ઞાન અપેક્ષાએ વિશ્વવ્યાપી, મહાન અને નિર્વિકાર એવા પોતાના આત્માના શુદ્ધસ્વરૂપને પોતાના આત્માવડે ભજ, તેનું જ ધ્યાન કર.

**सर्वसंगविनिर्मुक्तः संवृताक्षः स्थिराशयः ।**
**धत्ते ध्यानधुरां धीरः संयमी वीरवर्णिताम् ॥**

જે મહાત્મા સર્વ સંગથી રહિત છે, ઇંદ્રિયોના વિજયી છે અને સ્થિર ચિત્તવાળા છે તે ધીર, વીર, સંયમી, શ્રી મહાવીર ભગવાને વર્ણવેલી ધ્યાનરૂપ ધુરાને ધારણ કરી શકે છે.

**सकलविषयबीजं सर्वसावद्यमूलं**
**नरकनगरकेतुं वित्तजातं विहाय ।**
**अनुसर मुनिवृन्दानन्दि संतोषराज्य-**
**मभिलषसि यदि त्वं जन्मबन्धव्यपायम् ॥**

હે આત્મન્ ! જો તું સંસારરૂપ બંધનોનો નાશ કરવા ઇચ્છતો હોય તો સર્વ વિષયોનું મૂળ, સર્વ પાપોનું બીજ અને નરકનગરની ધ્વજારૂપ પરિગ્રહના સમૂહનો ત્યાગ કર; અને મુનિગણને આનંદકારી એવા સંતોષરૂપી રાજ્યને અંગીકાર કર.

**आशा जन्मोग्रपङ्काय शिवायाशाविपर्ययः ।**
**इति सम्यक् समालोच्य यद्धितं तत्समाचर ॥**

સંસારના પદાર્થોની આશા સંસારરૂપ ઊંડા કાદવમાં ફસાવનાર છે. આશાનો ત્યાગ મોક્ષને દેનાર છે. એમ સારી રીતે વિચારીને જેથી હિત થાય તેવું આચરણ કર.

**निःशेषक्लेशनिर्मुक्तममूर्त्तं परमाक्षरम् ।**
**निष्प्रपञ्चं व्यतीताक्षं पश्य स्वं स्वात्मनि स्थितम् ॥**

હે આત્મન્ ! તું તારામાં સ્થિત, સર્વ ક્લેશોથી રહિત, અમૂર્તિક, પરમ ઉત્કૃષ્ટ, અવિનાશી, નિર્વિકલ્પ અને અતીંદ્રિય એવા તારા જ આત્મસ્વરૂપનો અનુભવ કર. તેને જો. એ જ નિશ્ચય ચારિત્ર છે.

હે આત્મન્! સર્વ જગતનાં તત્ત્વોને પ્રકાશવાને અનુપમ દીપક સમાન, ઉપાધિરહિત, પરમાનંદમય અને પરમ મુનિઓને ભેદજ્ઞાનથી પ્રગટ એવા આત્માનો તું પોતાના આત્માવડે અનુભવ કર.

---

## ૨. 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'

(શ્રી 'સમાધિશતક'માંથી)

જેણે આત્માને આત્મારૂપે જાણ્યો, સાક્ષાત્ અનુભવ્યો, અને આત્માથી ભિન્ન એવાં શરીરાદિકને અન્યરૂપે, પુદ્ગલરૂપે જાણ્યાં, તેમણે એ ભેદવિજ્ઞાનના બળે, શુદ્ધ આત્માની ભાવના ભાવતાં આત્મધ્યાનમાં લીન થઈ અક્ષય અનંત કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી અને અનંતજ્ઞાન દર્શન સુખ અને વીર્યસ્વરૂપ અનંત ચતુષ્ટયથી વિરાજિત થઈ શુદ્ધ, બુદ્ધ, સિદ્ધ ભગવાન બન્યા. તે સિદ્ધ પરમાત્માને નમસ્કાર હો! ૧

સંસારનું, સંસારનાં સમસ્ત દુઃખોનું મૂળ કારણ દેહ એ જ આત્મા એવી દેહમાં આત્માપણાની બુદ્ધિ એ છે. માટે એ દેહાત્મબુદ્ધિ, દેહાધ્યાસ, દેહમમત્વ તજીને તથા બાહ્ય પ્રવર્તતી ઇંદ્રિયોને રોકીને, વિષયોથી વિરક્ત થઈને, અંતરંગમાં પ્રવેશ કરવો જોઈએ, અંતરાત્મામાં સ્થિર થવું જોઈએ. ૧૫

નિશ્ચયદૃષ્ટિથી, તત્ત્વદૃષ્ટિથી, બોધસ્વરૂપ, કેવળજ્ઞાન સ્વરૂપ મારા આત્માને અંતરંગમાં જોતાં, વૃત્તિ તેમાં લીન થતાં રાગ દ્વેષ આદિ વિભાવો તરત જ ક્ષય થઈ જાય છે. તેથી કોઈ પણ મારો શત્રુ નથી તેમ કોઈ પણ મારો મિત્ર નથી. એમ સર્વ પ્રત્યે સમભાવ પ્રગટે છે. ૨૫

મારા પારમાર્થિક આત્મસ્વરૂપને નહીં જોનાર એવા આ લોક, અજ્ઞાની જનો, મારા શત્રુ કે મારા મિત્રો થઈ શકતા નથી; જે મારા સ્વરૂપને જુએ છે, જાણે છે, એવા જ્ઞાનીજનો તે પણ મારા શત્રુ કે મિત્ર નથી કારણ સમભાવ હોવાથી તે તો રાગદ્વેષરહિત છે. ૨૬

સર્વ ઇંદ્રિયોનો સંયમ કરી, વિષયોથી વિરક્ત થઈને, મનને સ્થિર કરીને અંતરંગમાં જોતાં તત્ક્ષણ જે ભાસે છે તે જ પરમાત્મતત્ત્વ છે. ૩૦

જે પરમાત્મા છે તે જ હું છું, જે હું છું તે જ પરમાત્મા છે, હું જ મારાવડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ પરમાર્થથી મારે ઉપાસવા યોગ્ય નથી, એમ પરમાર્થથી જોતાં વસ્તુસ્થિતિ છે. ૩૧

વિષયોથી મારા આત્માને પાછો હઠાવીને મારામાં સ્થિત એવા બોધસ્વરૂપ મારા આત્માને મારા વડે હું પ્રાપ્ત કરું છું, જોઉં છું, જાણું છું, અનુભવું છું. એ મારો આત્મા પરમાનંદથી પરિપૂર્ણ, આનંદસ્વરૂપ છે. ૩૨

દેહથી કેવળ ભિન્ન અવિનાશી એવા પોતાના આત્માને જે જાણતા નથી, અનુભવતા નથી તે પરમ તપ તપતા છતાં નિર્વાણને, મોક્ષપદને પામતા નથી. ૩૩

આત્મા અને શરીર બંને અત્યંત ભિન્ન છે એવા ભેદજ્ઞાનથી ઉત્પન્ન થતા આનંદથી જે પરિપૂર્ણ છે એવા જ્ઞાનીઓ ઉગ્ર તપશ્ચર્યા વડે પૂર્વનાં ઘોર પાપકર્મોને ભોગવીને ક્ષય કરતાં જરાય ખેદ પામતા નથી. ૩૪

આત્માની ભ્રાંતિથી, આત્માના સ્વરૂપના અજ્ઞાનથી, ઉત્પન્ન થતાં સંસારનાં સમસ્ત દુઃખો આત્માના જ્ઞાનથી નાશ

પામે છે. માટે જે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે પુરુષાર્થ નથી કરતા તે ઘણું જ તપ તપે છતાં મોક્ષને પામતા નથી. ૪૧

આત્મતત્ત્વને જાણતાં છતાં અને તેને દેહાદિથી ભિન્ન ભાવતાં છતાં પૂર્વના ભ્રાંતિના દીર્ઘકાળના સંસ્કાર હોવાથી ફરી ફરી ભ્રાંતિ થઈ જાય છે. ૪૫

આ જે જે દૃશ્ય પદાર્થો છે તે બધા જડ, અચેતન, પર છે. જે ચેતન છે તે અદૃશ્ય છે, દેખવામાં આવે તેમ નથી. તો પછી હું કોના ઉપર રાગ કરું કે કોની સાથે દ્વેષ કરું? તેથી હું તો મધ્યસ્થ, રાગદ્વેષ રહિત સમભાવમાં સ્થિત થાઉં છું. ૪૬

દેહને આત્મા માનવારૂપ દેહાત્મદૃષ્ટિવાળા અજ્ઞાની જીવોને જ આ જગત વિશ્વાસ કરવા યોગ્ય કે રમણીય લાગે છે. પરંતુ પોતાના આત્માને જ આત્મા માનવાવાળા આત્મદૃષ્ટિ, આત્મજ્ઞાનીને તો જગતમાં ક્યાંય વિશ્વાસ કે ક્યાંય પ્રીતિ કરવા યોગ્ય જણાતું નથી. 'આત્માથી સૌ હીન.' ૪૯

આત્માનો ઉપયોગ આત્મામાં સ્થિર કરીને એક પોતાના આત્માને જ જાણવો છે, અનુભવવો છે. માટે એ આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ કાર્યને મનમાં દીર્ઘ કાળ માટે ધારણ કરવું નહીં. પ્રયોજનવશાત્ કંઈ કાર્ય કરવું પડે તો વાણી અને શરીર તેમાં જોડવાં પણ મનને તો તેમાં ન જોડતાં આત્માભિમુખ જ રાખવું. પણ સાંસારિક કાર્યોમાં મનથી તત્પર થઈ તે કાર્યો કરવાં નહીં. ૫૦

ઇંદ્રિયો વડે જે હું જોઉં છું તે કાંઈ મારું નથી. ઇંદ્રિયોને રોકીને શાંતચિત્તે અંતરંગમાં જોઉં છું ત્યારે જે આનંદસ્વરૂપ

ઉત્તમ જ્યોતિનાં દર્શન થાય છે તે જ આત્મદર્શન મને નિરંતર હો ! ૫૧

પોતાના દેહને નિરંતર અનાત્મ, જડરૂપે, પોતાનો નથી એવી બુદ્ધિએ જોવો, તેમ જ બીજાના દેહને બીજાનો આત્મા નથી એમ જડરૂપે જુદો જોવો અને પોતે પોતાના આત્મ-તત્ત્વમાં સદાય સ્થિર રહેવું. ૫૭

મન, વચન અને કાયા એ ત્રણેય જે જડ છે તેને આત્મારૂપ કે પોતાનાં મનાય છે ત્યાં સુધી સંસાર ઊભો જ છે. પણ એ ત્રણેય આત્મા નથી કે આત્માનાં નથી પણ આત્માથી ભિન્ન છે એવા ભેદજ્ઞાનના અભ્યાસથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. ૬૨

વસ્ત્ર જાડું પહેરવાથી કોઈ પોતાને જેમ જાડો માનતા નથી તેમ શરીર જાડું હોય તો તેથી પોતાનો આત્મા જાડો છે એમ જ્ઞાનીઓ માનતા નથી. તેવી જ રીતે શરીર પાતળું હોય, સુકાયેલું હોય, રોગગ્રસ્ત હોય તો પણ તેથી આત્મા પાતળો થયેલો, કૃશ થયેલો કે વ્યાધિગ્રસ્ત થયેલો છે, એમ જ્ઞાનીઓ કદી માનતા નથી. દેહની સર્વ અવસ્થાઓને આત્માથી સાવ સ્પષ્ટ ભિન્ન જ્ઞાની સદાય માને છે. ૬૩

તેવી જ રીતે જૂનાં વસ્ત્ર પહેરવાથી જેમ કોઈ પોતાને જીર્ણ થયેલ માનતા નથી તેમ દેહ જીર્ણ થતાં આત્મા જીર્ણ થયો છે એમ જ્ઞાનીઓ કદી માનતા નથી. ૬૪

કપડાં ફાટી ગયાં હોય, નાશ પામી ગયાં હોય કે લૂંટાઈ ગયાં હોય તો કોઈ પોતાનો નાશ થયો માનતા નથી તેમ શરીર નાશ પામતું હોય છતાં જ્ઞાનીઓ પોતાનો નાશ થાય છે એમ કદી માનતા નથી. ૬૫

લાલ કપડાં પહેરવાથી જેમ કોઈ પોતાને લાલ રંગના માનતા નથી, તેમ શરીર લાલ, ગૌર, કૃષ્ણ કે કાંતિમાન હોય તો પોતાનો આત્મા તેવો લાલ, ગૌર કે કૃષ્ણ વર્ણવાળો છે એમ જ્ઞાની કદી માનતા નથી. વર્ણ રસ ગંધ સ્પર્શ આદિ પુદ્ગલના ગુણોથી પોતાનો આત્મા કેવળ ભિન્ન, જ્ઞાન દર્શન આદિ ગુણોવાળો અજરામર પરમાનંદસ્વરૂપી છે એ નિશ્ચય જ્ઞાનીઓને જડ એવા શરીરથી પોતાને સદાય ભિન્ન ગણી આત્મભાવનામાં નિરંતર તત્પર રાખે છે. ૬૬

આત્માનું વાસ્તવિક શરીર તો કેવળજ્ઞાન છે. પરંતુ જડ એવા આ શરીરરૂપ કાંચળીથી આત્માનું તે કેવળજ્ઞાનરૂપ પારમાર્થિક શરીર અવરાઈ ગયું છે. તેથી તે પોતાના આત્માને જાણતો નથી, અનુભવતો નથી અને એ જ કારણથી તે અનંતાનંત કાળથી ભવમાં ભમ્યા કરે છે. ૬૮

હું ગોરો છું, જાડો છું કે પાતળો છું, એમ શરીરનાં વિશેષણોથી આત્માને તેવો ન માનતાં કેવળજ્ઞાન શરીરવાળો હું આત્મા છું, જડ દેહથી ભિન્ન કેવળજ્ઞાન સ્વરૂપ અવિનાશી એવો હું શુદ્ધ સહજાત્મસ્વરૂપ છું, એવી પકડ નિશ્ચળપણે, નિષ્કંપપણે, અડોલપણે, સદાય દૃઢ રાખવી. ૭૦

જેના ચિત્તમાં, દેહથી ભિન્ન, ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ, બુદ્ધ, અજરામર, પરમાનંદ સ્વરૂપી હું શાશ્વત શુદ્ધ સહજાત્મસ્વરૂપ છું, એવી પકડ, શ્રદ્ધા, ધારણા, નિશ્ચય, અડોલપણે, નિશ્ચળ-પણે સદાય વર્તે છે તેનો મોક્ષ અવશ્ય નિશ્ચયે છે, પરંતુ જેને એવી નિશ્ચળ પકડ નથી તેનો અવશ્ય મોક્ષ નથી. ૭૧

અન્ય દેહમાં જવાનું બીજ આ દેહમાં આત્મભાવના છે તે જ છે. અને દેહરહિત, વિદેહી, મુક્ત દશા પામવાનું

બીજ દેહથી ભિન્ન પોતાના આત્મામાં જ આત્માપણાની બુદ્ધિ, ભાવના છે, તે છે. 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.' ૭૪

પોતાનો આત્મા જ પોતાના આત્માને સંસારનાં જન્મ-મરણાદિમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં લઈ જનાર, દેહ ધારણ કરવામાં કારણભૂત છે. તેવી જ રીતે જ્ઞાનદશા પામીને પોતાનો આત્મા જ પોતાને સંસારથી પાર કરી નિર્વાણપદ પમાડવામાં પણ કારણભૂત છે. તેથી પરમાર્થથી આત્માનો ગુરુ આત્મા જ છે. પણ અન્ય નહીં. ૭૫

આત્માને અંતરમાં દેહાદિથી ભિન્ન જોતા અને દેહાદિક પદાર્થોને આત્માથી ભિન્ન બહાર જોતા, બન્નેના ભેદવિજ્ઞાનના અભ્યાસથી જ્ઞાનીજનો અચ્યુત મુક્ત નિર્વાણ પદને પામે છે. ૭૯

શરીરથી આત્મા ભિન્ન છે એમ ભેદજ્ઞાનનો ઉપદેશ બીજાઓ પાસેથી ઘણો સાંભળ્યા છતાં અને તેવો ઉપદેશ પોતે બીજાઓને ઘણો આપવા છતાં, જ્યાં સુધી દેહથી આત્મા ભિન્ન છે એવી ભાવના પોતે એકાગ્રચિત્તથી નિરંતર ભાવે નહીં ત્યાં સુધી તે મોક્ષ પામવા યોગ્ય થતા નથી. ૮૧

અંતરમાં દેહથી ભિન્ન ચિંતવીને આત્માને એવી રીતે જુદો ભાવવો કે જેથી આત્માને દેહરૂપે સ્વપ્ને પણ મનાય નહીં. ૮૨

શાતાશીલિયા સ્વભાવથી શરીરને કષ્ટ આપ્યા વિના દેહથી ભિન્ન આત્માની ભાવના જો ભાવવામાં આવે છે તો તે ભેદજ્ઞાન, શરીરમાં વ્યાધિ, મરણ કે ઉપસર્ગનાં દુઃખો આવી પડે ત્યારે પલાયન કરી જાય છે, અર્થાત્ ટકી રહેતું

નથી. તેથી યથાશક્તિ શરીરને કષ્ટ આપવાનો અભ્યાસ રાખી મુમુક્ષુએ આત્માની ભાવના ભાવવી જોઈએ. ૧૦૨

શરીરાદિ પરપદાર્થોમાં શ્રેષ્ઠપણાની બુદ્ધિ છે, તથા તેમાં હું, મારું મનાયું છે એ મિથ્યામતિ છે. એ જ સંસારનાં દુઃખની જનની, ઉત્પત્તિનું કારણ છે. તેને તજી દેવાનો માર્ગ આ સમાધિશતકથી જાણીને જે તે મિથ્યામતિ, દેહાત્મબુદ્ધિ, દેહાધ્યાસ તજી દે છે તે આત્મજ્ઞાની પરમાત્મસ્વરૂપમાં તલ્લીન થઈ કેવળજ્ઞાનરૂપ દિવ્ય જ્યોતિમય અનંત આત્મિક સુખને પામી સિદ્ધ, બુદ્ધ, પરમાત્મપદને પામી કૃતાર્થ થાય છે. ૧૦૫

---

## ૩. ભેદવિજ્ઞાનભાવના (૧)

( શ્રી ‘પ્રવચનસાર’માંથી )

આત્મા અવિનાશી ધ્રુવ તેમજ પોતાની વસ્તુ છે, માટે એ જ ગ્રહણ યોગ્ય છે.

હું ભેદવિજ્ઞાની મારા આત્માને આવો માનું છું. મારો આત્મા પરભાવોથી રહિત નિર્મળ શુદ્ધ છે, નિશ્ચલ એકરૂપ ધ્રુવ છે, દર્શનમયી છે, અતીંદ્રિય સ્વભાવી મહાન પદાર્થ છે, પોતાના સ્વરૂપમાં નિશ્ચલ હોવાથી અચળ છે, પરદ્રવ્યોના અવલંબનથી રહિત સ્વાધીન હોવાથી અનાલંબ છે. એ પ્રકારે ટંકોત્કીર્ણસ્વરૂપ મારો આત્મા છે.

મારો આત્મા અવિનાશી ધ્રુવ છે. તે માટે તે સિવાય બીજી વસ્તુ અંગીકાર કરવા યોગ્ય નથી.

ઔદારિકાદિ પાંચ શરીર, ધન ધાન્યાદિક, સુખદુઃખનાં કારણ પાંચ ઇંદ્રિયના વિષયો અથવા શત્રુ મિત્ર આદિ લોક

એ સર્વ સંયોગજન્ય પદાર્થો છે, આત્મા ને એમનો સંબંધ ત્રિકાળવર્તી અવિનાશી નથી. કેવળજ્ઞાન દર્શન સ્વરૂપ શુદ્ધ જીવ અવિનાશી વસ્તુ છે. શરીરાદિક ભાવ છે તે પરદ્રવ્ય છે, આત્માથી ભિન્ન છે અને અશુદ્ધતાનું કારણ છે. તે આત્માનાં કંઈ સંબંધી નથી અને વિનાશી છે, જ્યારે આત્મા તો અનાદિ અનંત છે, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ છે, સદા સિદ્ધ સ્વરૂપ છે, જ્ઞાનદર્શનમયી છે અને ધ્રુવ છે. માટે હું શરીરાદિ અનિત્ય વસ્તુને અંગીકાર કરતો નથી. શુદ્ધ આત્માને જ અંગીકાર કરું છું.

જે અણુવ્રતી ગૃહસ્થ કે મુનીશ્વર પૂર્વોક્ત રીતિથી પોતાના આત્મસ્વરૂપને ધ્રુવ જાણીને સર્વથી ઉત્કૃષ્ટ શુદ્ધાત્મા બની પરમાત્માને એકાગ્રતાથી ધ્યાવે છે તે વિશુદ્ધાત્મા મોહની અનાદિની ગાંઠને ભેદી નાખે છે, દૂર કરી દે છે.

જે પુરુષ શુદ્ધ અવિનાશી આત્માના સ્વભાવને પ્રાપ્ત થાય છે, અર્થાત્ તે સ્વભાવમાં રમણ કરે છે તેને શુદ્ધાત્મ-ભાવ પ્રગટ થાય છે. ત્યાર પછી અનંત ચૈતન્ય શક્તિ સહિત પરમાત્માને જાણવારૂપ એકાગ્ર ધ્યાન પ્રાપ્ત થાય છે; માટે ગૃહસ્થ કે મુનિ જ્યારે નિશ્ચલ થઈને સ્વરૂપનું ધ્યાન કરે છે ત્યારે અનાદિ બંધવાળી મોહની ગાંઠને ખોલી દે છે, માટે શુદ્ધાત્માની પ્રાપ્તિનું ફળ મોહગ્રંથિનું ખુલી જવું તે છે.

જે પુરુષ મોહની ગાંઠને દૂર કરીને મુનિ અવસ્થામાં ઇષ્ટઅનિષ્ટ પદાર્થોમાં પ્રીતિ–અપ્રીતિભાવને છોડીને સુખદુ:ખમાં સમાન દૃષ્ટિવાળા થાય છે તે સમબુદ્ધિ પુરુષ અવિનાશી અતીંદ્રિય આત્મિક મોક્ષસુખને પામે છે. આ મોહગ્રંથિ દૂર થવાથી આત્મા રાગદ્વેષરહિત થાય છે. જ્યાં રાગદ્વેષનો અભાવ થાય છે ત્યાં સુખદુ:ખમાં સમાન ભાવ થાય છે અને ત્યાં

જ આકુળતા રહિત સ્વાધીન આત્મિક સુખ અવશ્ય પ્રગટે છે. માટે મોહની ગાંઠ દૂર થવાથી અવિનાશી સુખ પામવારૂપ ફળ પમાય છે.

જે પુરુષ મોહરૂપ મેલનો ક્ષય કરીને, વિષયથી વિરક્ત થઈને મનને બાહ્ય વિષયોમાંથી રોકીને પોતાના સહજ ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્ર નિશ્ચલ ભાવમાં સ્થિર થાય છે તે પુરુષ ટંકોત્કીર્ણ નિજ શુદ્ધ જીવ દ્રવ્યનું ધ્યાન કરનાર થાય છે.

આત્મા સર્વ કાળ પુદ્દગલની વચમાં એકક્ષેત્રાવગાહરૂપે હોવા છતાં પુદ્દગલિક દ્રવ્ય કર્માદિને ગ્રહણ કરતો નથી, કે છોડતો નથી કે નિશ્ચયથી તેને કરતો નથી.

હું શુદ્ધાત્મા છું, શરીરાદિ પરદ્રવ્ય હું નથી તથા શરીરાદિક પરદ્રવ્ય મારાં નથી. હું પરમાત્મા સમસ્ત પરભાવોથી રહિત એક જ્ઞાનસ્વરૂપ જ છું. એવા પ્રકારે જે ભેદવિજ્ઞાની જીવ એકાગ્રતારૂપ ધ્યાનમાં, સમસ્ત મમત્વ ભાવોથી રહિત થઈને, મગ્ન થાય છે, પોતાના આત્મસ્વરૂપનું ચિંતવન કરે છે, તે પુરુષ આત્માનું ધ્યાન કરનાર થાય છે. તે જીવ નિશ્ચયનયના શુદ્ધ કથનથી મોહને દૂર કરીને, શરીરાદિ પરભાવો મારા નથી, હું તેનો નથી, એવી ભાવનાથી પરમાં સ્વામીપણાની બુદ્ધિ છોડીને શુદ્ધ જ્ઞાનમાત્ર પોતાનું સ્વરૂપ જાણી અંગીકાર કરે છે, બાહ્ય વસ્તુઓથી ચિત્તને હઠાવીને, સમસ્ત સંકલ્પ વિકલ્પ ત્યાગીને, અન્ય ચિંતાને રોકી દે છે, તે જીવ એકાગ્રતા-રૂપ ધ્યાનમાં મગ્ન બને છે, ત્યારે શુદ્ધાત્મા થાય છે. તેથી સિદ્ધ થયું કે શુદ્ધ નયના અવલંબનથી શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે.

જેણે અત્યંત દૃઢ બદ્ધ ઘાતિયાં કર્મનો નાશ કર્યો છે, પ્રત્યક્ષ સાક્ષાત્ સમસ્ત પદાર્થોને જે જાણે છે, સર્વ જ્ઞેય

પદાર્થોના પારને પામેલા છે, અસંદેહ, સંદેહ રહિત છે, એવા મહામુનિ કેવલી કયા પદાર્થોનું ધ્યાન કરે છે?

ઇંદ્રિયોથી અતીત થયેલા, બીજાઓને ઇંદ્રિયજ્ઞાનગમ્ય નહીં એવા, સમસ્ત ઘાતિયાં કર્મોથી રહિત અને સર્વાંગ પરિપૂર્ણ આત્માના અનંત સુખ અને અનંત જ્ઞાન એ બેથી પૂર્ણ એવા કેવલી ભગવાન ઉત્કૃષ્ટ આત્મિક સુખનું ચિંતવન અર્થાત્ એકાગ્રતાથી અનુભવ કરે છે.

શુદ્ધ આત્માની પ્રાપ્તિ એ જ મોક્ષમાર્ગ છે.

ઉપર પ્રમાણે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ, શુદ્ધ આત્મ-પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગમાં પ્રવર્તતા એવા જિનો, એટલે જીત્યા છે રાગદ્વેષ આદિ કર્મશત્રુઓ જેણે એવા તદ્ભવ મોક્ષગામી મુનિવરો, અરિહંતો, એકાદ બે ભવમાં મોક્ષે જનાર મુનિઓ, શુદ્ધ અવસ્થાને પામેલા પરમ મુક્ત સિદ્ધ ભગવંતો, તે સર્વને તથા તે શુદ્ધાત્માની પ્રવૃત્તિરૂપ અનુભવસ્વરૂપ મોક્ષમાર્ગને દ્રવ્ય ભાવરૂપ નમસ્કાર હો! જે તીર્થંકરો કે કેવલી ભગવંતો કે અન્ય મુનિઓ મોક્ષે ગયા છે તે કેવલ શુદ્ધ આત્માની પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને પામીને જ મુક્ત થયા છે. શુદ્ધાત્માના અનુભવ વિના બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. એ જ અતીંદ્રિય મોક્ષમાર્ગ છે. તેથી જે શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તમાન એવા સહજાત્મસ્વરૂપ સિદ્ધ પરમેષ્ઠીઓ તથા તે શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિમયી અનુભવરૂપ મોક્ષમાર્ગ તેને પરમ ભક્તિથી નમસ્કાર હો.

પૂર્વે જે મહાપુરુષો મુક્ત થયા છે તે શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવથી થયા છે. તેથી તે પ્રકારે એટલે જેમ તે મહાપુરુષોએ સ્વરૂપને જાણીને શુદ્ધાત્માનો અનુભવ કર્યો

છે તેવી જ રીતે હું પણ સ્વભાવથી એટલે પોતાના આત્મિક ભાવો વડે સકલ જ્ઞેય પદાર્થોને જાણવાવાળા એવા મારા આત્માને, સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન જાણીને, પરવસ્તુમાં મમત્વબુદ્ધિને તજી દઉં છું. તથા સ્વરૂપમાં નિશ્ચલ થઈને, નિર્મમતા, વીતરાગ ભાવમાં સ્થિર થાઉં છું

આ મારું સ્વરૂપ અનાદિ કાળથી પરદ્રવ્યોથી ભિન્ન સચ્ચિદાનંદસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનવશે, મોહવશે, મેં તેને યથાર્થ જાણ્યું નહીં. હવે મેં તેને જેમ છે તેમ યથાર્થ જાણી લીધું છે. તેથી અપ્રમાદી થઈ તે સ્વરૂપનો સ્વીકાર કરું છું. અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી અખંડ સુખમાં વિરાજમાન સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ ભગવાન મારો જે આત્મા તેને ભાવ નમસ્કાર કરું છું. તથા જે અન્ય મુક્તાત્માઓ તે પરમાત્મભાવને પામ્યા છે તેમને પણ મારા પરમભક્તિથી ભાવ નમસ્કાર હો !

શુદ્ધ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ શુદ્ધ ઉપયોગયુક્ત અવ્યાબાધ સુખમાં રક્ત એવા અરિહંત, સિદ્ધ, યાવત્ સાધુ પરમેષ્ઠીઓને વારંવાર નમોનમઃ

પરમ વીતરાગ ભાવને પામેલા મોક્ષના સાધક પરમ યોગીશ્વર એવા શુદ્ધ સહજાત્મા છે. તેને સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રની એકતારૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ મુનિપણું કહ્યું છે. તે જ શુદ્ધોપયોગી મોક્ષસાધક મુનીશ્વરને દર્શન અને જ્ઞાન કહ્યું છે. તે જ શુદ્ધાત્માને નિરાવરણ અનંત જ્ઞાન સુખ વીર્ય સહિત નિર્મળ મોક્ષ અવસ્થા પણ છે. તે જ શુદ્ધ મોક્ષ સાધન ટંકોત્કીર્ણ પરમ આનંદ અવસ્થામાં સ્થિરતારૂપ નિરાવરણ દશાને પ્રાપ્ત પરબ્રહ્મરૂપ સાક્ષાત્ સિદ્ધ છે. તેવા મોક્ષના

સાધનરૂપ શુદ્ધ ઉપયોગી શુદ્ધાત્મા સહજાત્માને અમારા ભાવ નમસ્કાર હો.

મુનિ આગમરૂપી ચક્ષુવાળા છે, સર્વ સંસારી જીવ ઇંદ્રિયરૂપી ચક્ષુવાળા છે. દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે, અને સિદ્ધ પરમાત્મા સર્વતઃ જોનાર જાણનાર કેવળજ્ઞાન દર્શન ચક્ષુવાળા છે.

આ લોકમાં જેને સિદ્ધાંતના જ્ઞાન પૂર્વક સમ્યગ્દર્શનરૂપ યથાર્થ દૃષ્ટિ નથી તો તેને સંયમ નથી એમ શ્રુત કહે છે. જેને સંયમ નથી તેને મુનિપણું ક્યાંથી હોઈ શકે ? અર્થાત્ ન જ હોય.

ગૃહસ્થ કે મુનિની ચર્યાયુક્ત જે પુરુષ આ ભગવાનના ઉપદેશને સમજે છે, તે થોડા કાળમાં સિદ્ધાંતના રહસ્યભૂત પરમાત્મભાવને પામે છે.

---

## ૪. ભેદવિજ્ઞાનભાવના (૨)

(શ્રી તત્ત્વાનુશાસનમાંથી)

મોહનો નાશ કરવા માટે તથા બાહ્ય ચિંતાઓ દૂર કરવા માટે અને એકતાની સિદ્ધિ કરવા સર્વથી પ્રથમ આત્માની ભાવના ભાવવી જોઈએ.

હું ચૈતન્ય છું, અસંખ્યાત પ્રદેશોવાળો અને મૂર્તિરહિત અર્થાત્ અરૂપી છું. હું શુદ્ધ આત્મા છું. સિદ્ધ સ્વરૂપ છું. જ્ઞાનદર્શન લક્ષણવાળો છું.

હું દેહાદિરૂપ અન્ય નથી, અને દેહાદિરૂપ અન્ય તે હું નથી. હું અન્યનો નથી, અન્ય મારું નથી. અન્ય અન્ય જ છે અને હું તે હું જ છું. અન્ય અન્યનું જ છે, હું મારો જ છું.

શરીર અન્ય છે. હું અન્ય છું. હું ચૈતન્ય સ્વરૂપ છું. શરીર જડ છે, શરીર અનેકરૂપ છે, હું એક અખંડ છું. શરીર નાશ પામનાર છે. હું કદી નાશ પામનાર નથી, અક્ષય છું.

સંસારમાં જડ અચેતન દેહાદિક છે તે હું નથી. હું છું તે અચેતન નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. મારો કોઈ નથી. કોઈનો હું નથી.

આ સંસારમાં શરીર મારું છે, હું એનો સ્વામી છું એવો શરીર સાથેનો સ્વસ્વામિત્વનો સંબંધ તથા બન્નેમાં એકપણાનો ભ્રમ એ સર્વ કર્મના સંબંધથી છે, વાસ્તવિક રૂપથી નથી.

જીવાદિ સર્વ દ્રવ્યોના યથાર્થ સ્વરૂપને જાણનાર આ મારો આત્મા પોતાના આત્મા વડે પોતાના આત્મામાં પોતાના આત્માને જોતાં બીજી સર્વ વસ્તુઓમાં ઉદાસીન થયો છે, થાય છે.

હું સત્ દ્રવ્ય છું. ત્રિકાળ અસ્તિત્વવાળું સર્વોત્તમ ચિત્ તત્ત્વ હું છું. હું ચૈતન્ય સ્વરૂપ છું. જ્ઞાતા દ્રષ્ટા છું. સર્વદા ઉદાસીન, મધ્યસ્થ, વીતરાગ છું. મારો આત્મા મારું શરીર છે. અર્થાત્ હું આત્મા માત્ર છું. શરીરથી સર્વથા ભિન્ન છું અને આકાશની માફક અરૂપી છું.

સ્વરૂપ આદિ ચતુષ્ટયથી એટલે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી હું સદા અસ્તિત્વરૂપ છું અને પર ચતુષ્ટય-રૂપથી હું સદા નાસ્તિત્વરૂપ છું.

જે શરીરાદિ જડ પદાર્થ ન તો કદી ચૈતન્યસ્વરૂપ છે, ન કદી પહેલાં ચૈતન્યસ્વરૂપ હતા, અને ન કદી ભવિષ્યમાં ચૈતન્યરૂપ થશે એવા શરીરાદિ જડસ્વરૂપ હું નથી.

જે પહેલાં પણ આવી જ રીતે ચૈતન્યરૂપ હતો, જે

ભવિષ્યમાં પણ ચૈતન્યરૂપે જ રહેશે, અને આજે પણ જે ચૈતન્યરૂપ છે એવા ચૈતન્યસ્વરૂપ ચિદ્દ્રવ્યમય હું છું.

આ સંસાર સ્વયં ન તો ઇષ્ટ છે અને ન તો અનિષ્ટ છે કિંતુ ઉપેક્ષા કરવા યોગ્ય અર્થાત્ ઇષ્ટ–અનિષ્ટતા રહિત ઉદાસીનતા કરવા યોગ્ય છે. માટે હું પણ કોઈથી રાગ કે કોઈથી દ્વેષ કરતો નથી, પરંતુ હું સ્વયં ઉપેક્ષા કરવાવાળો ઉદાસીનરૂપ છું.

શરીરાદિક મારાથી બિલકુલ ભિન્ન છે. અને તત્ત્વથી જોતાં હું પણ શરીરાદિથી કેવળ જુદો છું. હું તેનો કંઈ પણ નથી તેમ તે મારાં કંઈ પણ નથી.

આ પ્રકારે સારી રીતે નિશ્ચય કરીને, અન્ય સર્વથી આત્માને ભિન્ન માનીને, હું મારા ભાવોને આત્મામય કરી લઉં છું. આત્મા સિવાય અન્ય કંઈ પણ પરનું ચિંતવન કરતો નથી.

આ આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમતાસ્વરૂપ છે. માટે સર્વ પદાર્થોને જાણતાં દેખતાં છતાં પણ જે ઉદાસીનતા, મધ્યસ્થતા, વીતરાગતા છે, તે ચૈતન્યસ્વરૂપ છે તે વીતરાગસ્વરૂપ શુદ્ધ આત્માનો આત્માવડે જ હે ભવ્ય, અનુભવ કરો.

આ મારો આત્મા કર્મજનિત સર્વ રાગાદિ ભાવોથી ભિન્ન છે, જ્ઞાનસ્વભાવવાળો છે, ઉદાસીન છે. એવા પોતાના આત્માને પોતાના આત્માવડે જુઓ, દેખો.

જેમ વાયુ રહિત પ્રદેશમાં રહેલો દીપક કંપાયમાન થતો નથી, સદાય નિશ્ચલ રહે છે, તેમ પોતાના આત્મામાં તલ્લીન થયેલો યોગી એકાગ્રતાને કદી છોડતો નથી.

તે વખતે પરમ એકાગ્રતા ધારણ કરવાથી તે યોગી પોતાના આત્મામાં કેવળ પોતાના આત્માને જુએ છે, અને તેથી બાહ્ય પદાર્થો હોવા છતાં તેને આત્મા સિવાય બીજું કાંઈ દેખાતું નથી.

અહંકાર અને મમકાર આદિ ભાવોનો નાશ કરીને જે વખતે આ આત્મા એકાગ્રતાથી આત્માને જુએ છે તે વખતે તે અનેક એકઠાં કરેલાં પાપોનો નાશ કરે છે, તથા આગામી કાળનાં કર્મોનો સંવર પણ કરે છે.

ગુરુના ઉપદેશને ગ્રહણ કરીને શાંત ચિત્ત વડે ધ્યાન કરનાર આ અનંત શક્તિવાળો આત્મા મુક્તિ અને ભુક્તિ બંનેને પ્રાપ્ત કરે છે.

તે સમયે આ મુક્તાત્મા ન તો મોહિત બને છે અને ન તો સંશય કરે છે. ન તો સ્વાર્થ પ્રતિ ઝૂકે છે એટલે કે ન તો રાગ કરે છે, અને ન તો દ્વેષ કરે છે. કિંતુ પ્રત્યેક ક્ષણે સ્વસ્થ જ રહે છે.

તે સમયે તે પ્રભુ ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળ સંબંધી સમસ્ત જ્ઞેય પદાર્થોને તથા પોતાના સ્વરૂપમાં સ્થિર પોતાના આત્માને દેખતાં અને જાણતાં ઉદાસીનપણે રહે છે.

કદી નાશ ન થનાર આ મુક્તાત્મા મુક્તાવસ્થામાં અતીંદ્રિય અનંત જ્ઞાનમય અનંત દર્શનમય અનંત વીર્યમય તૃષ્ણા રહિત અને નાશ રહિત એવા અનંત સુખનો અનુભવ કરે છે.

આ સંસારમાં ચક્રવર્તીઓને જે સુખ છે, તથા સ્વર્ગમાં દેવોને જે સુખ છે, તે પરમાત્માઓને ( મુક્તાત્માઓને ) જે સુખ છે તે સુખની એક કળા સમાન પણ નથી.

## ૫. ભેદવિજ્ઞાનભાવના (૩)

(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણીમાંથી)

શિખરિણી

**अहं भ्रान्तः पूर्वं तदनु च जगत् मोहवशतः**
**परद्रव्ये चितासततकरणादाभवमहो ।**
**परद्रव्यं मुक्त्वा विहरति चिदानंदनिलये**
**निजद्रव्ये यो वै तमिह पुरुषं चेतसि दधे ॥**

પરદ્રવ્યોની સતત ચિંતના, કરી મોહવશ અહો! અપાર!
ભમ્યો પૂર્વથી આ ભવ સુધી હું, જગતજીવ પણ તે જ પ્રકાર;
ચિદાનંદમંદિર નિજદ્રવ્યે, જે વિહરે કરીને પરત્યાગ;
આતમરામી પુરુષ હવે હું, ચિત્ત ધરું કરી પ્રેમ અથાગ. ૧૩

અહો! આશ્ચર્ય! અનાદિકાળથી સંસારમાં ભેદવિજ્ઞાનના અભાવે દેહ, સ્ત્રી, પુત્રાદિ પરદ્રવ્યોની જ સતત ચિંતા કરતાં મોહવશે, ભ્રાંતિથી, હું આજ સુધી ભમ્યો. જગત પણ તે જ પ્રકારે ભ્રમમાં ભૂલ્યું છે! હવે આ પરિભ્રમણથી થાકેલો, તેથી નિવર્તવાની ઇચ્છાવાળો હું, જે મહાત્મા ભેદજ્ઞાનના બળે પરદ્રવ્યોનો ત્યાગ કરીને શુદ્ધ જ્ઞાનાનંદના મંદિરરૂપ પોતાના શુદ્ધ સ્વતંત્ર આત્મદ્રવ્ય, સહજાત્મસ્વરૂપમાં સદા વિહાર કરી રહ્યા છે, વિલાસ કરી રહ્યા છે, એવા આત્મારામી જ્ઞાનીપુરુષને મારા હૃદયમાં અપૂર્વ પ્રેમે ધારણ કરું છું. તેના આશ્રયે મારા આત્માને શોધું છું, સદા શુદ્ધ પવિત્ર બનાવું છું.

પ્રગટ આત્માનંદની મૂર્તિરૂપ જ્ઞાનીપુરુષને ચિત્તમાં ધારણ કરવાથી તેમને પ્રગટેલા અપૂર્વ આત્મિક ગુણો, અપૂર્વ ભેદવિજ્ઞાન, આત્મઅનુભવ, અચિંત્ય આત્મઐશ્વર્યમય શુદ્ધ

પરમાત્મદશાને જ ખરી રીતે હૃદયમાં સ્થાન અપાય છે. સત્પુરુષનું સ્મરણ, ચિંતવન, ભક્તિ, સ્તુતિ, ગુણગ્રામ કે સત્પુરુષમાં જ વૃત્તિની તલ્લીનતા એ શુદ્ધ આત્મસ્વરૂપમાં જ તલ્લીનતાનું કારણ છે. કારણ કે સત્પુરુષ શુદ્ધ આત્મા જ છે.

માટે જ્ઞાનીપુરુષને પોતાના હૃદયમંદિરમાં બિરાજમાન કરનાર, તેમનું ધ્યાન કરનાર, આરાધના કરનાર, મહાભાગ્ય મુમુક્ષુઓ પરિણામે ભેદજ્ઞાનને પામી અદ્ભુત અરૂપી નિરંજન પરમાત્મદશામય સિદ્ધિસુખે પરિપૂર્ણ નિજનિર્મળ સહજાત્મસ્વરૂપને, શાશ્વત શાંતિને પામી પરમકૃતાર્થ થાય છે.

ભેદવિજ્ઞાનથી આત્મજ્ઞાન, આત્મઅનુભવ પ્રગટે છે.

જ્યાં સુધી ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી પોતાનો આત્મા પરથી ભિન્ન અનંતસુખનું ધામ છે, સાચું સુખ પોતાના આત્મામાં જ છે, એવી સમજણ કે પ્રતીતિ દૃઢ થતી નથી. અને તેથી તેની પ્રાપ્તિ માટે સતત પુરુષાર્થમાં પ્રવર્તાતું નથી.

જ્યાં સુધી સહજ, સ્વાભાવિક, નિર્મળ, સ્વાધીન, સ્વતંત્ર, સંતોષમય, પરમતૃપ્તિકારક, નિરાકુલતામય, નિત્ય, અવિનાશી, અતીંદ્રિય આત્મિક સુખની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી જ જીવને સંસારમાં પરાધીન, આકુળતામય, તૃષ્ણાવર્ધક અને ક્ષણભંગુર એવાં ઇંદ્રિયસુખ રમ્ય અને પ્રાપ્ત કરવા યોગ્ય જણાવાથી તે તરફ નિરંતર તેની દોડ ચાલુ રહે છે.

આત્મિક સુખથી પરિપૂર્ણ આત્મજ્ઞાની મહાપુરુષના સમાગમે મુમુક્ષુ જીવને સત્સુખની સહજે પ્રતીતિ થતાં તે અવળી દોડ છૂટી જઈ, સત્સુખ સન્મુખ સવળો પુરુષાર્થ જાગૃત

થાય છે. માટે તે સત્સુખના ધામરૂપ સત્પુરુષોને ત્રિકાળ નમન હો! નમન હો! એવા પ્રત્યક્ષ જ્ઞાનીના યોગે લૌકિક સુખ દુઃખરૂપ સમજાઈ, તેમાંથી રુચિ વિરામ પામી સત્સુખની સાચી અભિલાષા જાગૃત થઈ કૃતકૃત્યતાનો માર્ગ ગ્રહણ થાય છે.

જગતમાં પ્રાયે સર્વ જીવો અમૂલ્ય સમયને વ્યર્થ ગુમાવી દે છે. માત્ર વિરલા જ પુરુષો આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે ઉદ્યમવંત થઈ સમયનો સદુપયોગ કરી આત્મહિત સાધી રહ્યા છે.

રાજકથા, સ્ત્રીકથા, ભોગકથા અને દેશકથા એ ચાર વિકથામાં જ કેટલાક સમયને વ્યર્થ ગુમાવી રહ્યા છે. કેટલાક ઇંદ્રિય વિષયોમાં પ્રેમ, કળા, કીર્તિ, ધનપ્રાપ્તિ આદિની ચિંતામાં વખત વ્યર્થ ખોઈ રહ્યા છે. કેટલાક સંતાન ઉત્પત્તિના ઉપાયોમાં, કેટલાક પશુ, વૃક્ષ, પક્ષી, ગાય, બળદ, આદિ પાળવામાં, કેટલાક અન્યની નોકરી સેવા કરવામાં, કેટલાક નિદ્રા, ક્રીડા, ઔષધ આદિમાં, અને કેટલાક દેવ અને મનુષ્યોનાં મનરંજન કરવામાં કે દેહને પોષણ કરવામાં બધો વખત ગુમાવી દે છે.

માત્ર કોઈક મહાભાગ્ય, ઘણા જ અલ્પ જીવો સત્-સ્વરૂપની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરી રહ્યા છે. સર્વ તેની પ્રાપ્તિ માટે પ્રવર્તી શકતા નથી. માટે સત્સ્વરૂપની પ્રાપ્તિ અત્યંત દુર્લભ જાણી, મુમુક્ષુઓ તો તે પ્રાપ્ત કરવાના આ અપૂર્વ અલભ્ય અમૂલ્ય અવસરને સફળ કરી લેવામાં પ્રમાદ કરતા નથી. ૧૬

"સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા અને પરવૃત્તિમાં વહ્યું જાય છે. તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય? આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવો યોગ્ય નથી અને કંઈ પણ તેમ થયા કરે છે, તેનો ઉપાય કંઈ

વિશેષે કરી ગવેષવા યોગ્ય છે. જ્ઞાની પુરુષનો નિશ્ચય થઈ અંતર્ભેદ ન રહે, તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે. એમ જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે ?"

—શ્રીમદ્ રાજચંદ્ર

માલિની છંદ

તન મન વચને હું શુદ્ધ ચિદ્રૂપ સેવું,
અનુભવું સ્મરું ગાઉં ભક્તિથી નિત્ય ધ્યાવું;
સહજસ્વરૂપ ધ્યાને કાર્યકારી ક્રિયા જે,
વિમલ મતિ ભજે સૌ ધ્યાનસિદ્ધે તજે તે. ૧૭–૧૮

હું શુદ્ધ ચિદ્રૂપ સહજાત્મસ્વરૂપ છું એમ સર્વદા ક્ષણે ક્ષણે વાણીથી બોલું, ગાઉં, ધૂન લગાવું; શરીરથી શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ કરું; હૃદયથી, મનથી તેને જ પ્રતિસમય સ્મરણ રટણ દ્વારા સેવું. એમ મન વચન કાયા ત્રણેથી એક શુદ્ધ સહજ આત્મસ્વરૂપને જ સમયે સમયે ભજું. અને પ્રાપ્ત થયેલ અમૂલ્ય યોગનો એક સમય પણ ચિદ્રૂપના સ્મરણ વગર વ્યર્થ ન ગુમાવું. ૧૭

સારી નિર્મળ બુદ્ધિવાળા વિચક્ષણ મતિમાનો તો જે કોઈ પણ ક્રિયા શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાનમાં કારણરૂપ અને તે સર્વને પ્રથમ ભજે છે, અને શુદ્ધ આત્માના ધ્યાનની સિદ્ધિ થતાં અર્થાત્ શુદ્ધ આત્મધ્યાનમાં એકાગ્ર થતાં તે સર્વ ક્રિયાને તજે છે. ૧૮

જેમ શરીરના અવયવરૂપ આંગળી આદિથી શરીરનો વિચાર, લક્ષ, સ્પર્શ, અનુમાન કરાય છે તેમ શુદ્ધ ચિદ્રૂપના અવયવ જે મતિજ્ઞાન આદિ છે તેનાથી તેનું સ્મરણ, ધ્યાન કરવું જોઈએ.

મનુષ્ય જેમ ઘટ પટ આદિ જ્ઞેય અને દૃશ્ય પરપદાર્થોમાં પોતાનું ચિત્ત જોડી તેનું સ્મરણ ધ્યાન કરે છે, તેવી રીતે જો તે શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે પોતાના તે જ્ઞાતા દ્રષ્ટા એવા શુદ્ધસ્વરૂપમાં ચિત્ત લગાવે તો તે કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપ સર્વોત્કૃષ્ટ આત્મદર્શન અને આત્મજ્ઞાન શીઘ્ર પામે.

(હરિગીત છંદ)

ચિદ્રૂપ કેવલ શુદ્ધ હું, આનંદધામ સદા સ્મરું;
શ્લોકાર્ધથી સર્વજ્ઞ ભાષિત બોધ મોક્ષાર્થે ધરું. ૨૨

શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિરૂપ મોક્ષપદના અભિલાષી જનોએ નિરંતર વિચારવું કે જે પદાર્થ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિમાં કારણ છે તે મને પ્રિય છે, કારણ કે હું શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિનો અભિલાષી છું. તેથી જે સ્વરૂપપ્રાપ્તિમાં કારણ નથી તેમાં મારે પ્રેમ પણ કર્તવ્ય નથી. ૨૧

"સહજાત્મસ્વરૂપ પરમગુરુ," હું ચિદ્રૂપ અન્ય દ્રવ્યોના સંગથી રહિત, અદ્વિતીય કેવલ અસંગ છું, કર્મમલ રહિત શુદ્ધ છું અને આનંદસ્વરૂપ છું. એમ હું નિજસ્વરૂપનું સ્મરણ કરું છું. આ શ્લોક વડે કહેવાયેલો સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ મુક્તિને માટે થાય છે. અર્થાત્ આ ઉપદેશ આત્મામાં પરિણમે તો મુક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે. અર્ધા શ્લોકમાં ભગવાને મુક્તિનો માર્ગ કહ્યો છે. ૨૨

જ્યમ અંધ આગળ નૃત્ય કે ગીત બધિર આગળ વ્યર્થ છે,
ત્યમ શુદ્ધચિદ્રૂપનું કથન બહિરાત્મ આગળ વ્યર્થ છે;
ભૂખ્યા કને જ્યમ અન્ન કે તરસ્યા કને જળ હિત કરે,
ત્યમ અંતરાત્મા સમીપ ચિદ્રૂપ–કથન હિતકર છે ખરે. ૨૩–૨૪

લોકમાં જેમ અંધ પાસે નૃત્ય અને બહેરા પાસે ગીત નકામાં જાય છે તેમ આત્મસ્વરૂપની જિજ્ઞાસા જેને જાગી નથી અને દેહાદિ બાહ્ય ભાવોમાં અહં મમત્વ કરી સાંસારિક પ્રપંચોમાં કે અંતર લક્ષ ઉપયોગ વિનાના ધર્મના નામે થતા ક્રિયાકલાપો તેમજ શુષ્ક અધ્યાત્મ વાક્જાલોમાં હિત માનીને જે પ્રવર્તી રહ્યા છે એવા બહિરાત્મા અજ્ઞાની મનુષ્યો આગળ શુદ્ધ આત્મસ્વરૂપની વાત કહેવી, સમજાવવી નિરર્થક જાય છે. અંતરથી જેને સંસાર કારાગૃહ સમાન પરાધીનતાની બેડીરૂપ ખરેખર દુઃખદાયક જણાયો છે, તેનાથી છૂટવાની તમન્ના જાગી છે અને તેથી જેને આત્મસ્વરૂપ જાણવા ઓળખવાનો ખપ છે, એવા જિજ્ઞાસુ, મુમુક્ષુ, આત્માર્થી જનો તથા આત્મજ્ઞાની અંતરાત્મારૂપ મહાપુરુષો પાસે આ શુદ્ધ ચિદ્રૂપની વાત કરી હોય તો તેમને હિતકારક થાય છે. જેમ ભૂખ્યા પાસે અન્ન અને તરસ્યા પાસે જળ મૂકવામાં આવે તો તે અત્યંત આતુરતાથી આદરપૂર્વક તેનું ગ્રહણ કરે છે. કારણ કે તેની જ તેને જરૂર છે, તેના વિના તે દુઃખી થઈ રહ્યા છે, અને તે અન્નાદિની પ્રાપ્તિથી જ સંતોષ કે સુખ થશે એમ તે જાણે છે. તેમ શુદ્ધ આત્મજ્ઞાન વિના સંસારનાં અનંત જન્મમરણ આદિ દુઃખ દૂર થવાનાં નથી એમ જાણી એક આત્મજ્ઞાનનો જ જેને ખપ છે તેવા જિજ્ઞાસુઓને જ આ શુદ્ધ ચિદ્રૂપની વાત આત્મજ્ઞાન પમાડવા કારણરૂપ બની અપૂર્વ હિતકર થાય છે.

અનુષ્ટુપ

શુદ્ધ ચિદ્રૂપ પ્રાપ્તિના ઉપાયો બહુ સર્વદા;<br>
છતાં તદ્ધ્યાન જેવો ના થયો છે ના થશે કદા. ૨૫

શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિમાં પરંપરાએ ક્રમે કરી અનેક ઉપાયો છે તથાપિ ભેદવિજ્ઞાનરૂપ શુદ્ધ આત્માની ભાવના, સ્મરણ, રટણ અને તેનું જ એકાગ્રતાપૂર્વક ધ્યાન એ મૂળ સર્વોત્તમ અનન્ય ઉપાય છે. એના ધ્યાન જેવો બીજો કોઈ ઉપાય પૂર્વે થયો નથી, વર્તમાને છે નહીં, ભવિષ્યે થશે પણ નહીં.

"જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણો રે;"
"શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે."

—શ્રી યશોવિજયજી, અરનાથ પ્રભુ સ્તવન.

માટે જ્ઞાનીપુરુષનો અપૂર્વ યોગ પામીને આત્માર્થીએ આત્મભાવનાના સતત અભ્યાસથી આત્મહિત સાધ્ય કરવામાં પ્રમાદ કર્તવ્ય નથી. ૨૫

સુંદર રમણી સુખ યશ ધન કે પુત્ર મિત્ર ભૃત્યાદિ કદા,
સ્વામીપણું વાહન પંડિતતા, બળ સુંદર રૂપ પ્રાપ્ત યદા;
તો તે પામ્યે મોહવશે જન હર્ષિત નરભવ સફળ ગણે,
આત્મા દેહ જુદા એ દુર્લભ જ્ઞાનથી ધન્ય ગણું હું મને. ૬

જગતમાં પ્રાયે ઘણા જીવો યશપ્રાપ્તિ, ઇંદ્રિયસુખ, અનુકૂળ સ્ત્રી, ધન, પુત્ર, સેવક, અધિકાર, ઉત્તમ વાહન, બલ, મિત્ર, પંડિતતા, સુંદર રૂપ આદિ સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ થતાં મોહને વશ હોવાથી આનંદમગ્ન થઈ જઈ તે પ્રાપ્તિમાં જ કૃતકૃત્યતા માને છે, મનુષ્યભવની તેથી જાણે સફળતા થઈ ગઈ એમ ગણે છે. મોહનું એ જ માહાત્મ્ય છે, કે જે પદાર્થો પર છે, નાશવંત છે, પ્રાપ્તિમાં હર્ષ અને વિયોગમાં ક્લેશ કરાવનાર છે, અતૃપ્તિકારક છે, અને અંતરદાહથી નિરંતર બાળનારા છે, પરાધીન છે તથા પૂર્વમાં અનંતવાર મળેલા હોવાથી તેમાંનો કોઈ અપૂર્વ નથી પરંતુ ભોગવીને છોડેલા

હોવાથી એંઠવત્ તુચ્છ અને દુઃખના રૂપાંતર છે, તેને જ મોહવશ પ્રાણી પોતાના માને છે, નિત્ય માને છે, અપૂર્વવત્ અને પરમ સુખકર માની તેમાં જ કૃતાર્થતા માને છે. આ ભયંકર ભૂલ જ્ઞાની ગુરુના પ્રતાપે હવે હું ન જ કરું. ભેદજ્ઞાનને હું સર્વસ્વ માનું છું એવા નિશ્ચયપૂર્વક મુમુક્ષુજન તો પરમ સુખના ધામરૂપ નિજ નિર્મળ શુદ્ધ આત્મસ્વરૂપને દેહ આદિ સર્વ પરપદાર્થથી ભિન્ન જાણી, પરને તજી સ્વાત્મામાં સંપૂર્ણ શમાવારૂપ પરમ કૃતકૃત્યતાનું અનન્ય કારણ જે દુર્લભ ભેદજ્ઞાન તેને પામી પોતાને પરમ ધન્યરૂપ કૃતાર્થરૂપ માને છે.

"ભેદ વિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલિ કરે સિવ મારગમેં, જગમાંહિ જિનેસરકે લઘુનંદન;
સત્ય સ્વરૂપ સદા જિનકે પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,
શાંત દશા તિનકી પહિચાની કરૈ કર જોરિ બનારસી વંદન."
—શ્રી બનારસીદાસ

ત્યાં સુધી ચિદ્રૂપ ભૂમિ ઉપર બહુ કર્મગિરિ દુર્ભેદ્ય દીસે;
જ્યાં સુધી ભેદવિજ્ઞાન વજ્ર ના એકાએક પડે શીર્ષે. ૭

આત્મક્ષેત્રમાં દુર્ભેદ્ય પર્વત સમાન કર્મસમૂહ ક્યાં સુધી ટકે છે? તો કે જ્યાં સુધી ભેદજ્ઞાનરૂપ વજ્રપાત તેના ઉપર ન થાય ત્યાં સુધી જ. જ્યાં ભેદજ્ઞાનનો અભ્યાસ વર્તે છે ત્યાં કર્મ ચકચૂર થઈ છેવટે છિન્નભિન્ન થઈ જાય છે. ૭

દુર્લભ આ જગ મધ્ય અતિશય ચિદ્રૂપમાં રુચિ લાવે જે,
તેથી અતિ દુર્લભ સત્શાસ્ત્રો ચિદ્રૂપ સ્પષ્ટ બતાવે જે;
દુર્લભ તેથી પણ ગુરુ જ્ઞાની, ચિદ્રૂપ નિશદિન બોધે જે.
સૌથી ચિંતામણિ સમ દુર્લભ ભેદજ્ઞાન ઉર શોધે તે. ૮-૯

આ જગમાં પ્રથમ (૧) શુદ્ધ આત્મામાં પ્રીતિ રુચિ

કરે તેવા જીવો તથા કરાવે તેવાં નિમિત્તો મળવાં દુર્લભ છે; (૨) તેથી અતિ દુર્લભ શુદ્ધ આત્મસ્વરૂપ અને તેની પ્રાપ્તિના ઉપાયોનું વર્ણન કરનાર અધ્યાત્મ શાસ્ત્રની પ્રાપ્તિ છે, કે જેથી આત્મસ્વરૂપ પ્રત્યેની રુચિને નિરંતર પોષ મળતો રહી વૃત્તિ તેમાં જ વહન કર્યા કરે. (૩) તેથી પણ અતિ અતિ દુર્લભ તે શુદ્ધ આત્માના અનુભવી તથા આત્મતત્ત્વના ઉપદેશક સાક્ષાત્ આત્મજ્ઞાની સદ્‌ગુરુની પ્રાપ્તિ છે. એ નિષ્કારણ કરુણાશીલ મહાત્મા સંત, તેમનાં દર્શન, સમાગમ, બોધ અતિ દુર્લભ છે. આત્મસ્વરૂપને પ્રતિપાદન કરનાર, અપૂર્વ આત્મલક્ષ કરાવનાર, અનુપમ આત્મજાગૃતિને પ્રગટાવનાર મહાત્મા જ્ઞાની ગુરુનો જ્વલંત બોધ, આત્મજ્ઞાનનો અચૂક ઉપાય પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે. કોઈ મહાભાગ્ય મુમુક્ષુઓને જ તે બોધ પ્રાપ્ત થતાં તથારૂપ યોગ્યતાના યોગે તે અંતરમાં ઝળકી ઊઠે છે અને પરિણામે જ્ઞાનદશા જાગૃત થાય છે. આ ત્રણેય દુર્લભયોગની પ્રાપ્તિ થતાં તેના ફળરૂપે ચોથી (૪) પોતાના શુદ્ધ આત્માની સાક્ષાત્ ઓળખાણ, આત્મઅનુભવ, આત્મસાક્ષાત્કાર કરાવનાર ચિંતામણિરૂપ ભેદજ્ઞાનની પ્રાપ્તિ તે તો ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં દુર્લભમાં પણ દુર્લભ જ છે. ભેદજ્ઞાનના બળે કરી જીવ પોતે શિવ થાય છે. અચિંત્ય સુખનિધાન મોક્ષપદ પામે છે. માટે ભેદજ્ઞાનને ચિંતામણિ સમાન દુર્લભ કહ્યું છે.

" આવે જ્યાં એવી દશા સદ્‌ગુરુબોધ સુહાય,
તે બોધે સુવિચારણા ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજજ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ. "

—શ્રી આત્મસિદ્ધિ

દેહ કર્મકૃત સર્વવિકારો તે જડ, ચેતન આપ અહો !
જડ ચેતન એ ભિન્ન કરે તે ભેદજ્ઞાન મુજ ઉરે રહો. ૧૦

જે જ્ઞાનવડે જડ એવા દેહ અને દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા તેથી આત્મામાં ઉત્પન્ન થતા સર્વ વિકારો, વિભાવો, ફેરફારોનો, ચૈતન્ય સ્વરૂપ આત્માથી સાક્ષાત્ ભેદ પડે, પડદો ખસે, શુદ્ધાત્માનો અંશ અનુભવ પ્રગટે તે ભેદજ્ઞાન. અંતરમાં સદ્બોધ પરિણામ પામતાં જડ અને ચૈતન્ય બંનેને સાવ જુદાં જ જાણવારૂપ આત્મજ્ઞાન જાગૃતિ વર્તે તે ભેદજ્ઞાન. ૧૦

સ્વકીય શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ, તપ કે શ્રુત અભ્યાસી જનો,
કોઈ ક્યાંય પણ કદી ન લહે વિણ ભેદજ્ઞાન, શ્રમ વ્યર્થ ગણો.
તૃણ રાશને અગ્નિ દહે તેમ ભેદજ્ઞાની ક્ષણમાં કરતા,
ચિદ્રૂપઘાતક કર્મસમૂહનો નાશ, સ્વરૂપ મુક્તિ વરતા. ૧૧-૧૨

અનેક પ્રકારનાં તપ અને શાસ્ત્રાભ્યાસમાં રત એવા મોક્ષાર્થી જનોમાં પણ ભેદજ્ઞાન વિના પોતાના શુદ્ધ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ કોઈને ક્યાંય કદી પણ થઈ નથી.

જે કોઈ ભવમુક્તિ વર્યા, તે ભેદજ્ઞાન બળે ખરે,
ભવબંધને જે જે ફસ્યા તે ભેદજ્ઞાન વિના અરે !

—શ્રીમદ્ અમૃતચંદ્ર આચાર્ય : સમયસાર કળશ

દેહ અને આત્માના ભેદને જાણનાર ભેદજ્ઞાની મહાપુરુષો તૃણના ઢગને અગ્નિની માફક આત્માના સ્વરૂપનો ઘાત કરનાર કર્મના સમૂહને ક્ષણમાં ક્ષય કરી દે છે, ક્ષણે ક્ષણે કરી રહ્યા છે. ૧૧–૧૨

સર્વ શાસ્ત્રમાં નિપુણ અહો ! મતિમાન ચહો ચિદ્રૂપ યદા,
ભાવો ભેદવિજ્ઞાન ભાવના એક અખંડિત મને સદા;

સ્વાત્મજ્ઞાનથી પ્રગટે સંવર તેમ નિર્જરા પ્રબળ અહા !
ભેદજ્ઞાનથી આત્મજ્ઞાન તે ત્યાં જ મુમુક્ષુની સતત સ્પૃહા. ૧૩-૧૪

સર્વ શાસ્ત્રોના જાણ (જેને હવે કોઈ પણ શાસ્ત્ર જાણવાનું પ્રયોજન ન રહ્યું ) એવા એ ભેદજ્ઞાની પુરુષે શુદ્ધ ચિદ્રૂપની પૂર્ણ પ્રાપ્તિ માટે અખંડિત ધારાએ નિરંતરપણે તે ભેદજ્ઞાનની ભાવના ભાવવી. આત્મજ્ઞાનથી સાક્ષાત સંવર (નવીન કર્મ આવતાં અટકે તે ) અને નિર્જરા ( ઉદયમાં આવતાં પૂર્વ કર્મનો જાગૃતિ પ્રમાણે અંશે ક્ષય) થાય છે. સંવર નિર્જરાના ફળરૂપે પરિણામે સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષ થાય છે. મોક્ષના અનન્ય કારણરૂપ ભેદજ્ઞાનથી જ તે આત્મજ્ઞાન થાય છે. માટે મોક્ષાર્થી જનોએ તે ભેદજ્ઞાનને અંતરમાં સદા ભાવવું. ૧૩–૧૪

(મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત–એ દેશી )

વસ્તુપરીક્ષા રે શિલ્પકલાદિમાં નિપુણ થયો બહુ વાર,
શક્તિ વિભૂતિ રે બહુ લહી, માત્ર ના, ભેદજ્ઞપ્તિ કોઈ વાર.
ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૧૫

આ સંસારમાં અનેકવાર પદાર્થોની પરીક્ષા કરતાં જીવ શીખ્યો છે; શિલ્પ આદિ અનેક કલાઓમાં નિપુણ થયો છે, બહુ પ્રકારની શક્તિઓ અને વિભૂતિઓ પણ પામ્યો છે, પરંતુ એકમાત્ર ભેદજ્ઞાનનો તેને કદી લાભ થયો નથી. ૧૫

આત્મ શરીરના રે ભેદવિજ્ઞાનરૂપ, વાયુબળે ક્યાંય જાય,
મોહરેણુચય ચિદ્રૂપ ઢાંકતો તે તો જરી ના જણાય.
ભેદવિજ્ઞાને રે૦ ૧૬

જ્યાં સુધી આત્મા અને શરીરને જુદા જાણવારૂપ ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી જ મોહનીય કર્મની વર્ગણાઓ

આત્માને આવરણ કરી રહેલ છે જ્યાં ભેદજ્ઞાનરૂપ પ્રબળ વાયુ આવીને ફુંકાય છે ત્યાં ચિદ્રૂપને ઢાંકી દેનાર સર્વ મોહકર્મનાં પરમાણુનો પુંજ ઊડીને ક્યાંય દૂર ચાલ્યો જાય છે કે શોધતાં પણ પછી તેનો પત્તો લાગતો નથી. અર્થાત્ મોહ કર્મને ક્ષય કરવા ભેદવિજ્ઞાન પ્રબળ પવન સમાન છે. ૧૬

તિમિર અનાદિ રે જે મહામોહનું, છેદે એ બળવાન;
નિર્મલ ચિદ્રૂપ દર્શન હેતુ એ, ભેદજ્ઞપ્તિ દીપ જાણ.
ભેદવિજ્ઞાને રે૦ ૧૭

આ ભેદવિજ્ઞાન અનાદિથી ચાલ્યા આવતા જીવના મહામોહરૂપ અંધકારને છેદવા માટે અને શુદ્ધ ચિદ્રૂપનાં દર્શન કરાવવા માટે અનુપમ દીપક સમાન છે. ૧૭

ભેદજ્ઞાનરૂપ ચક્ષુ અપૂર્વથી, યોગી જુએ નિજરૂપ,
સિદ્ધિક્ષેત્રે રે તેમ શરીરમાં, કર્મ રહિત ચિદ્રૂપ.
ભેદવિજ્ઞાને રે૦ ૧૮

અનાદિ સંસાર પરિભ્રમણમાં કદી પણ પ્રાપ્ત નહીં થયેલ એવા અપૂર્વ ભેદવિજ્ઞાનરૂપ દિવ્ય નેત્રોથી આત્મજ્ઞાની મહાપુરુષ સર્વ કર્મથી રહિત એવું પોતાનું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ સિદ્ધિસ્થાનમાં તેમ જ શરીરમાં એક સરખું સાક્ષાત્ અવલોકન નિરીક્ષણ કરે છે.

ભેગી મળેલી રે વસ્તુ ઘણી છતાં, ભિન્નરૂપે ઓળખાય,
પ્રવીણ પુરુષને રે સ્પર્શાદિકથી, જેમ તે જુદી ગ્રહાય;
ભેદવિજ્ઞાને રે૦ ૧૯

તેમ મળેલાં રે કર્મ, શરીર ને, નિર્મળ ચિદ્રૂપ છતાંય,
અનુભવથી કેમ ભિન્ન વિભિન્ન તે, સંતોને ન જણાય ?
ભેદવિજ્ઞાને રે૦ ૨૦ (યુગ્મ)

જેમ અનેક વસ્તુઓ ભેગી મળેલી હોય છતાં તે પ્રત્યેકનાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ આદિ લક્ષણોની જેને બરાબર ખબર છે તેવા ચતુર જનો તે પ્રત્યેકને પોતપોતાનાં લક્ષણો ઉપરથી ઓળખીને જુદી જુદી કરી શકે છે, તેમ આત્મા અને કર્મ બંનેનાં ભિન્ન લક્ષણને યથાર્થ જાણનાર જ્ઞાનીપુરુષો, અનાદિથી ભેગાં મળેલાં બંને દ્રવ્યને એ ભેદવિજ્ઞાનના સતત અભ્યાસથી જ અત્યંત જુદાં જાણી પોતાના આત્મતત્ત્વને તે દેહાદિ પર જડ દ્રવ્યથી ભિન્ન અનુભવી શકે છે.

દેહ આદિ અચેતન જડ છે. કારણ કે જડના ગુણ વર્ણ રસ ગંધ સ્પર્શ આદિ તેમાં પ્રત્યક્ષ જણાય છે, આત્મા દેહઆદિમાં રહ્યો છતાં તે સર્વને જુએ છે, જાણે છે તથા સુખ દુઃખને અનુભવે છે. આ ગુણો દેહ આદિ જડમાં નથી. દેહઆદિના વર્ણ આદિ ગુણો આત્મામાં નથી. તેનાથી જુદા જ્ઞાન દર્શન આદિ પોતાના ગુણો છે. એમ ચેતનના ગુણોથી ચેતનને ઓળખીને જડથી જુદો નિરંતર ભાવતાં તેનો સ્પષ્ટ પ્રત્યક્ષ અનુભવ થવા યોગ્ય છે.

"જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્ય માંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રન્થનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;

જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુ:ખ મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વ ભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજરૂપે સ્થિત થાય છે.” ૨
—શ્રીમદ્ રાજચંદ્ર

ગરુડ જુએ ત્યાં રે ચંદન તરુ તજી, સર્પસમૂહ જયમ પલાય;
ભેદ વિજ્ઞાને રે કર્મ શરીર તેમ, આત્માથી દૂર થાય.
ભેદવિજ્ઞાને રે૦ ૨૧

ચંદન વૃક્ષને વીંટળાઈને રહેલા સર્પો જેમ ગરુડને આવેલો જોતાં જ ચંદન તરુને તજી દઈ સત્વર ક્યાંય ચાલ્યા જાય છે, તેમ ભેદજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ દેહ કર્મ આદિ સર્વ સત્વર દૂર થઈ જાય છે.

ભેદ જ્ઞાનના રે બલથી પામીને, કેવલી ચિદ્રૂપ શુદ્ધ;
તીર્થંકર જિનેન્દ્ર બને મહા, દેવ દેવોના પ્રસિદ્ધ.
ભેદવિજ્ઞાને રે૦ ૨૩

ભેદવિજ્ઞાનની પ્રાપ્તિથી આત્મસ્વરૂપનાં દર્શન, જ્ઞાન, અનુભવરૂપ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી એ આત્માનુભવમાં જ અખંડપણે રહેવા માટે પણ ભેદજ્ઞાનનો જ અભ્યાસ ઉપકારી થાય છે. એટલે એ ભેદજ્ઞાન વડે જ આત્મા અખંડ આત્મરમણતાથી કેવળજ્ઞાન પ્રગટ કરી કેવલી ભગવાન થાય છે. પછી અનેક ભવ્યાત્માઓને સંસારસમુદ્રથી તરવાને તીર્થરૂપ મોક્ષમાર્ગ પ્રવર્તાવે છે, તેથી તીર્થંકર, તીર્થના કરનાર, કહેવાય છે. અનેક ભવ્યાત્માઓ તેમની દેશનાના

અવલંબને મોહાદિ શત્રુને જીતીને જિન એટલે આત્મજ્ઞાની થાય છે. તેથી તે ભગવાન જિનોના (આત્મજ્ઞાનીઓના) સ્વામી જિનેશ્વર કહેવાય છે. ઇંદ્રાદિક દેવો તે ભગવાનની પૂજા ભક્તિ આદિથી અત્યંત બહુમાનપૂર્વક તેમની સેવામાં પ્રવર્તે છે તેથી તે દેવાધિદેવ કહેવાય છે. એમ ભેદજ્ઞાનના બળથી આત્મા અત્યંત દુર્લભ એવા દેવાધિદેવ તીર્થંકર જિનેશ્વર કેવળજ્ઞાની પદને પામી પ્રાંતે પરમાત્મસ્વરૂપમાં શમાય છે; અનેક જીવોને મોક્ષમાર્ગ સન્મુખ કરી, શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી કૃતાર્થ કરી, પોતે પરમ કૃતકૃત્ય થઈ શાશ્વત સિદ્ધિસુખમાં જઈ વિરાજે છે. નમન હો તે સદા જયવંત પરમાત્મપદને !

"સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાન મહીં;
પર શાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે."
—શ્રીમદ્ રાજચંદ્ર

શુદ્ધ આત્મસુખના પરીક્ષક અને તેમાં જ પ્રીતિવાળા જગતમાં વિરલા જ છે.

પરવસ્તુની પરીક્ષામાં પ્રવીણ અને ઇંદ્રિયસુખમાં આસક્ત એવા જગતમાં પ્રાયે ઘણા જીવો જોવામાં આવે છે. મોતી, પરવાળાં, રત્નો, સુવર્ણ આદિ ધાતુઓ, રસ, ભૂમિ, વસ્ત્ર, અન્ન, રોગ, વૃક્ષ, સ્ત્રી, અશ્વ, ગજ, સર્પ, ગાય, બળદ, મનુષ્ય, દેવ, વિદ્વાન, પક્ષી, અને જળચર જીવોના પરીક્ષકો જગતમાં ઘણા છે. તેમ જ વિષયસુખમાં રક્ત પણ ઘણા જોવામાં આવે છે. પરંતુ સત્સુખના પરીક્ષક તથા તે અતીંદ્રિય સુખમાં રક્ત ઘણા જ અલ્પ જીવો પ્રાયે જગતમાં જોવામાં આવે છે.

(સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે–એ દેશી)

**આત્મિક સુખ તો નિજવશ નિરુપમ નિઃસ્પૃહ નિત્યનિજસ્થ અહો!**
**નિરુપદ્રવ નિર્દ્રવ્ય અબંધક વિણુ ભય શુભ અતર્ક્ય લહો,**
**શ્રેષ્ઠ અદોષ અમલ શિવહેતુ દુર્લભ દ્વન્દ્વાતીત ગ્રહો,**
**આવું સુખ સ્વાત્મોત્થ લહો, તે વિરુદ્ધ ઇંદ્રિયસુખ ન ચહો.**

એ આત્મિક સુખ કેવું છે? તો કે ઇંદ્રિયજન્ય સુખથી વિરુદ્ધ છે.

ઇંદ્રિયજન્ય સુખ પરદ્રવ્યના સંબંધથી થાય છે, તેમાં પરદ્રવ્યની જરૂર રહે છે. જ્યારે આત્મિક સુખ નિર્દ્રવ્ય એટલે મફત કોઈ પણ પરદ્રવ્યની અપેક્ષા વગરનું છે. ઇંદ્રિયસુખ, પરપદાર્થો કે ઇંદ્રિયોની અનુકૂળતાને આધીન હોવાથી પરાધીન છે, જ્યારે આત્મિક સુખ પોતાને, આત્માને જ આધીન હોવાથી, સ્વવશ છે. ઇંદ્રિયસુખ ઇંદ્રિયો આદિ પરપદાર્થોમાં રહ્યું જણાય છે જ્યારે આત્મિક સુખ નિજ સ્વરૂપમાં જ રહેલું હોવાથી નિજસ્થ છે. ઇંદ્રિયસુખ ભોગવતાં પણ તે જતાં રહેશે ઇત્યાદિ ભયથી યુક્ત છે જ્યારે અતીંદ્રિય સુખમાં કંઈ પણ ભય નથી, તે અભય છે. ઇંદ્રિયસુખ અલ્પકાળ પછી નાશ પામી જનાર હોવાથી વિનાશી છે, અતીંદ્રિય સુખ કદાપિ નાશ પામનાર નહીં હોવાથી નિત્ય છે. ઇંદ્રિયસુખ જેમ જેમ ભોગવાય છે તેમ તેમ તૃષ્ણારૂપ દાહ વધતો જાય છે, જ્યારે અતીંદ્રિય સુખ જેમ જેમ અનુભવાય છે તેમ તેમ પરમ તૃપ્તિ અનુભવાય છે, તેથી અલ્પ પણ પર વસ્તુની ઇચ્છા સ્પૃહા તૃષ્ણા રહેતી નથી તેથી તે નિરીહ છે. ઇંદ્રિયસુખ પરિણામે દુઃખરૂપ અશ્રેયકારી હોવાથી અશુભ છે. આત્મસુખ ખરી મહત્તાવાળું

પરમ શ્રેયકારી સુખ છે તેથી તે શુભ મંગલકારી, કલ્યાણસ્વરૂપ છે. ઇંદ્રિયસુખ રાગદ્વેષ, માન અપમાન, હર્ષ શોક, જન્મ મરણ આદિ તથા દુઃખરૂપ વિપક્ષ(દ્વન્દ્વ)થી સહિત છે, આત્મિક સુખ એક સર્વ દ્વન્દ્વથી, વિપક્ષથી રહિત છે. ઇંદ્રિય સુખમાં અનેક પ્રકારના ઉપદ્રવો, વિઘ્નો આવી પડે છે. આત્મિક સુખમાં કંઈ વિઘ્ન આવતું નહીં હોવાથી તે નિરુપદ્રવ છે. ઇંદ્રિયસુખને કંઈ પણ ઉપમા આપો તો આપી શકાય જ્યારે અતીંદ્રિય સુખને યોગ્ય જગતમાં કોઈ ઉપમા નહીં હોવાથી તે નિરુપમ છે. ઇંદ્રિયસુખમાં આસક્તિથી કર્મબંધ થઈ સંસારભ્રમણ વધે છે જ્યારે આત્મિક સુખ કર્મબંધ રહિત હોવાથી નિર્બંધ છે, તેથી મોક્ષપદનું કારણ થાય છે. ઇંદ્રિયસુખ તર્કથી કંઈ પણ સમજાઈ શકે પરંતુ અતીંદ્રિય સુખ આત્માનો વિષય હોવાથી, મતિનો વિષય નહીં હોવાથી, તે તર્કથી અગમ્ય છે, માત્ર અનુભવથી જ ગમ્ય છે. ઇંદ્રિયસુખ તુચ્છ છે, અતીંદ્રિય સુખ સર્વોત્તમ છે. ઇંદ્રિયસુખ સંસારવર્ધક છે, આત્મિક સુખ શિવહેતુ, એટલે મોક્ષનું કારણ છે. ઇંદ્રિયસુખમાં અનેક દોષો છે, જ્યારે આત્મિક સુખ નિર્દોષ છે ઇંદ્રિયસુખમાં મલિનતા છે, આત્મસુખમાં નિર્મળતા, શુદ્ધતા, પવિત્રતા છે. ઇંદ્રિયસુખ અનંત પરિભ્રમણરૂપ જગતમાં સર્વ કોઈને સુલભ છે, આત્મિક સુખ કોઈ વિરલાને જ પ્રાપ્ત થાય છે તેથી તે અત્યંત દુર્લભ છે.

આ પ્રમાણે ઇંદ્રિયસુખ સત્સુખ નહીં પણ દુઃખનાં જ રૂપાંતર હોવાથી તેની રુચિ, તૃષ્ણા તજી દઈને મુમુક્ષુઓ આત્મિક સુખ કે જે વાસ્તવિક સત્સુખ છે તેમાં રુચિવંત, પ્રીતિવંત, ઉદ્યમવંત થાય છે.

અતીંદ્રિય સુખની શ્રદ્ધા પણ મહાભાગ્યયોગે થાય છે. તે સત્સુખને પ્રગટ અનુભવી રહ્યા છે એવા જ્ઞાનીપુરુષનાં દર્શન, સમાગમે મુમુક્ષુ જીવને તે સત્સુખની પ્રતીતિ સુલભતાથી થાય છે. અને ત્યારે જ તેની પ્રાપ્તિને માટે રુચિ જાગે છે, જે રુચિ યથાર્થ પુરુષાર્થમાં પ્રેરી જીવને સત્સુખ સન્મુખ કરે છે.

માટે સત્સુખના ધામરૂપ સત્પુરુષો કે જેના દર્શન-સમાગમ યોગે આ જીવ સત્સુખમાં રુચિવંત, પ્રીતિવંત, શ્રદ્ધાવંત અને ઉદ્યમવંત થાય છે તે પરમકૃપાળુ સત્પુરુષોને પરમભક્તિથી નમસ્કાર છે.

તે આત્મિક સુખની પ્રાપ્તિ માટે મુમુક્ષુએ શું કર્તવ્ય છે તે હવેના શ્લોકમાં જણાવે છે.

ભવ તન ભોગ પ્રતિ હૃદયે વૈરાગ્ય ધરી તજી સંગ ત્રિધા,
સદ્ગુરુ ને નિર્મલ શ્રુત ભજતાં, રત્નત્રયને ધારી મુદા,
અન્ય જીવોની સંગતિ તેમજ રાગાદિ તજી સઘળાને,
સુખ સ્વાત્મોત્થ ચહે તે વસતા નિર્જન નિરુપદ્રવ સ્થાને. ૩

આત્મિક સુખની પ્રાપ્તિ કરવાની અભિલાષાવાળા મુમુક્ષુજનોએ સંસાર શરીર અને ભોગની અસારતા, અનિત્યતા, અન્યત્વતા આદિ વિચારીને તે પ્રત્યે અંતરમાં વૈરાગ્યને ધારણ કરવો. સર્વ ચેતન, અચેતન કે મિશ્ર એમ ત્રણેય પ્રકારનો સંગ મારે કાંઈ કામનો નથી, માત્ર દુઃખનો જ હેતુ છે એમ વિચારીને તેના તથા અન્ય સર્વ પરાવલંબી ચિંતન, ચાલ તથા માર્ગોના ત્યાગમાં જ પ્રવર્તવું. સત્ સુખના ધામરૂપ આત્મજ્ઞાની સદ્ગુરુનો અને તેમના પવિત્ર બોધનો અથવા તેમણે જણાવેલાં નિર્દોષ શાસ્ત્રોનો નિરંતર આશ્રય કરવો. નિર્મળ

સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ રત્નત્રયને ધારણ કરવાં. સર્વ અન્ય સંગ પ્રસંગને તથા રાગાદિ ભાવોને તજીને, ઉપદ્રવ રહિત એકાંત સ્થાનનો આશ્રય કરી, આત્મસ્વરૂપના ચિંતનમાં એકાગ્ર થવું. આ પ્રમાણે સત્પુરુષાર્થમાં પ્રવર્તતાં, આત્મસ્વરૂપમાં એકાગ્રતા સાધનાર મુમુક્ષુ આત્મિક સુખને પામી કૃતકૃત્ય થાય છે.

ઇંદ્રિયસુખ સુખ નહિ પણ ઇચ્છા-અગ્નિ વ્યથા એ શાંત કરે,
શુદ્ધ પરિણતિ નિરાકુળ જે આત્મસ્થિતિ સુખ તે જ ખરે. ૪

ઇંદ્રિયસુખ છે તે મનુષ્યોને સાચું સુખ નથી, પરંતુ ઇચ્છારૂપ અગ્નિની વેદનાને શાંત કરવાનો એ ઉપાય છે. સાચું સુખ તો આત્મામાં સ્થિતિ છે ત્યાં છે. આત્મસ્વરૂપમાં સ્થિરતા છે ત્યાં નિરાકુલતા અને શુદ્ધ પરિણામ છે. તેથી ત્યાં આત્મિક સુખ પ્રગટ છે, અને તે જ સાચું સુખ છે.

આ જગતમાં જે જે સુખનાં સાધનો ગણાય છે તે સર્વમાં વ્યાકુળતા રહેલી હોવાથી વિવેકી જનોને તેમાં વાસ્તવિક સુખ સમજાતું, મનાતું નથી.

જગતના જીવો ધનથી, કીર્તિથી, ઇંદ્રિયોના રમણીય વિષયોથી, સુંદર પ્રાસાદમાં નિવાસ કરવાથી, નૃત્ય, ગીત અને વાજિંત્રના જલસાદિમાં મુગ્ધ થવાથી, સુંદર રૂપ લાવણ્યથી, ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિથી, અનિષ્ટ પદાર્થ દૂર થવાથી, ક્રીડા કરવાથી, અનુકૂળ ઋતુના આગમનથી, રાજ્ય પ્રાપ્તિથી અથવા રાજાદિનું સન્માન પામવાથી, સેના, વસ્ત્ર, પુત્ર, પુત્રી આદિના સમૂહથી, સુંદર અનુકૂળ રમણીથી, મધુર સંગીતથી, અલંકારોથી કે વૃક્ષ, પર્વત કે વાહનથી પોતાને સુખી સુખી માની હર્ષોન્મત્ત, મદોન્મત્ત થઈને ફરે છે. જ્યારે વિવેકી જનોને એ સર્વમાં

વ્યાકુળતા રહેલી જણાય છે તેથી તેને તે વાસ્તવિક સુખ ગણતા નથી. સત્ સુખ ત્યાં છે કે જ્યાં નિરાકુલતા છે.

મોહાધીન જીવો ગમે ત્યાં જાય, પણ તે પરપદાર્થમાં રક્ત હોવાથી સત્સુખના લેશ પણ ભાગી થતા નથી. તે હવે જણાવે છે :—

અટવી ગ્રામ નગર નગશિખરે જલધિ તરંગિણી તટ વસતા,
આશ્રમ ચૈત્ય ગુફા રથ મંદિર સભા આદિમાં સ્થિતિ કરતા;
મહા દુર્ગ નભ માર્ગ તંબુ કે લતામંડપે જઈ વસતા,
છતાં મોહી પરસમય રક્ત તે સત્સુખ લવ નહિ પાત્ર થતા. ૬

મોહવશ જીવો પરદ્રવ્યમાં રક્ત હોવાથી ગમે તો નગરમાં, ગામમાં, જંગલમાં, પર્વતના શિખર પર, નદી કે સમુદ્રના તટ ઉપર વસતા હોય, અથવા આશ્રમ, ગુફા, દેવાલય, સભાસ્થાન, રથ કે મકાનમાં નિવાસ કરતા હોય, અથવા મહા દુર્ગમાં કે સ્વર્ગમાં, માર્ગમાં કે આકાશમાં, લતામંડપમાં કે તંબુમાં વાસ કરતા હોય છતાં તે અલ્પ પણ સત્સુખના ભાગી થતા નથી.

સત્સુખના ભાગી કોણ થાય છે? તો કે મોહનો જય કરી, પરદ્રવ્યમાંથી પ્રીતિ ઉઠાવી, નિજ નિર્મળ ચિદ્દ્રવ્યમાં જે તલ્લીન થાય છે તે આત્મિક સુખને આસ્વાદી મહાભાગ્યશાલી થાય છે, કૃતકૃત્ય થાય છે.

જીવ નિગોદે કે વિષ્ટામાં, પશુ, નૃપ, ભીલ, કો ભાર વહે,
રોગી નીરોગી ધનિક દરિદ્રી પગ કે વાહનથી વિહરે;
બાલ યુવાન વૃદ્ધ એ સૌનાં ઇંદ્રિયસુખ કહ્યાં હોય સદા,
તોપણ તેનું કામ શું મારે અપૂર્વ નહિ તે સુલભ બધાં. ૭

સંસારમાં નિગોદના જીવોમાં, વિષ્ટાના કીડામાં, પશુ-ઓના સમૂહોમાં, રાજા આદિ વર્ગમાં, ભાર વહન કરનાર મજૂરમાં, ભીલમાં, રોગીમાં, નીરોગીમાં, ધનવાનમાં, નિર્ધનમાં, વાહનોમાં ફરનાર કે પગે ચાલનારમાં, યુવાન વૃદ્ધ કે બાલ આદિમાં, જે જે ઇંદ્રિયસુખ છે તે તો કોઈ કોઈ વાર જ અલ્પકાળ માટે જ હોય છે. કદાચ તે સુખ સદા સર્વદા રહે તેવાં હોય તોય મારે તેનું શું કામ છે? કારણ કે તે અપૂર્વ નથી. પૂર્વમાં અનંતવાર તેવા સુખની તો પ્રાપ્તિ થઈ ગઈ છે માટે હવે તેવાં સાંસારિક સુખથી મને કંઈ પ્રયોજન નથી, સ્પૃહા નથી.

જ્ઞેય પદાર્થો જાણે દેખે સિદ્ધ તથા સંસારી છતાં,
સંસારીનું જ્ઞાન વિકલ્પક, સિદ્ધતણું અવિકલ્પક ત્યાં. ૮

જ્ઞેય પદાર્થોને જોવા તથા જાણવાનું (દર્શન તથા જ્ઞાન) સિદ્ધ તથા સંસારી બન્નેને થાય છે. સિદ્ધ પણ જગતના સર્વ જ્ઞેય પદાર્થોને જાણે છે, દેખે છે. સંસારી જીવો પણ જેટલી પોતાની જ્ઞાન દર્શન શક્તિ પ્રગટ છે તે પ્રમાણે જ્ઞેય પદાર્થોને જાણે છે, દેખે છે. બંનેમાં તફાવત એટલો છે કે સર્વ પદાર્થોને જોતા જાણતા છતાં સિદ્ધ પરમાત્મા તેમાં અહંત્વ મમત્વ, ઇષ્ટ અનિષ્ટ, રાગ, દ્વેષ આદિ કંઈ ન કરતાં કેવળ નિર્વિકલ્પ સ્વભાવમાં જ રહે છે. જ્યારે સંસારી જીવો જગતનાં પદાર્થોને જોતાં જાણતાં, તેમાં અહંત્વ મમત્વ, ઇષ્ટ અનિષ્ટ, રાગદ્વેષ આદિ કરીને અનંત વિકલ્પોમાં પ્રવર્તે છે.

નિર્વિકલ્પ તો નિરાકુલ ને વ્યાકુલ વિકલ્પવંત સદા;
કર્મનાશ સત્સૌખ્ય પ્રથમને, કર્મ-દુઃખયુત અન્ય બધા. ૯

જ્યાં સંકલ્પ વિકલ્પ છે ત્યાં વ્યાકુલતા છે, વ્યગ્રતા છે, અશાંતિ છે. જ્યાં નિર્વિકલ્પતા છે ત્યાં નિરાકુલતા છે, અવ્યગ્રતા છે, શાંતિ છે. તેથી વિકલ્પમય આત્માને કર્મબંધ અને દુઃખની પ્રાપ્તિ છે, નિર્વિકલ્પ આત્માને કર્મનો અભાવ અને સુખની પ્રાપ્તિ છે.

પૂર્વે એ સવિકલ્પ સૌખ્ય મેં અનુભવ્યું બહુ વાર અહા !
તેથી તે ન અપૂર્વ મને તો નિર્વિકલ્પ સુખ વિષે સ્પૃહા. ૧૦

આકુલતાથી યુક્ત સવિકલ્પ સુખ તો મેં અનંતકાળના પરિભ્રમણમાં ઘણી વાર ભોગવ્યું છે. તેથી તે અપૂર્વ નથી. માટે હવે તો નિર્વિકલ્પ સુખ પ્રાપ્ત કરવાની જ મને અત્યંત તીવ્ર અભિલાષા જાગી છે, ઇંદ્રિયસુખની સર્વ સ્પૃહા વિરમી છે અને એક અતીંદ્રિય આત્મિક સુખની જ માત્ર અભિલાષા પ્રવર્તે છે.

રાગાદિયુત ચિત્ત સહિત જો જાણે જ્ઞેય વસ્તુ દુખ તો;
પણ જો જાણે ચિત્ત વિરાગે, નિશ્ચયથી જીવને સુખ તો. ૧૧

રાગી દ્વેષી અને મોહી ચિત્ત વડે જ્ઞેય પદાર્થોને જાણવામાં પ્રાણીને દુઃખ થાય છે; પદાર્થને જાણવારૂપ તે જ જ્ઞાન જો રાગ આદિ રહિત ચિત્તથી થાય તો નિશ્ચયથી તે જ સુખ છે.

પદાર્થને જાણવા તે સુખ કે દુઃખરૂપ નથી, પરંતુ ચિત્તમાં રાગ દ્વેષ કે મોહ સહિત જે જ્ઞાન તે દુઃખનું કારણ થાય છે અને રાગદ્વેષ મોહ રહિત ચિત્તથી પદાર્થોનું તે જ જ્ઞાન સુખનું કારણ થાય છે.

સૂર્ય સુધા સુરતરુ સુરમણિ કે સુરધેનુ સુરસદન મહા,
વિષ્ણુ આદિના ગર્વ હરે એ, પ્રબળ ચિદાત્મા વિજયી અહા ! ૧૨

ખરેખર ! શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા આ જગતમાં જયવંત વર્તે છે !

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માની કેવી અચિંત્ય અદ્‌ભુત અનુપમ શક્તિ છે ! તેનો પ્રભાવ, તેનું સામર્થ્ય, તેની શક્તિ અદ્વિતીય છે. જગતમાં પ્રચંડ પ્રતાપી સૂર્ય, શીતળતામય સુધાને વરસાવતો અને જગતને આહ્‌લાદ–આનંદ પ્રદાન કરતો સુધાકર (ચંદ્ર), તેમજ ઇચ્છિત વસ્તુઓ આપવાને સમર્થ એવાં કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન, ઉત્તમ કામધેનુ, દિવ્ય સુખનાં ધામ એવાં સ્વર્ગલોક કે મહાન પંડિતજનો, અથવા હરિ એટલે ઇંદ્ર કે વાસુદેવ જેવાઓ, તે સર્વના અખંડ ગર્વ, પ્રતાપ પણ જેના અચિંત્ય ઐશ્વર્ય આગળ તુચ્છ છે ષટ્‌ ખંડાધિપતિ ચક્રવર્તી અને ત્રિખંડાધિપતિ વાસુદેવો, તેમ જ સુરાસુરપતિ દેવેન્દ્રો પણ પોતાના સર્વ વૈભવોનો ગર્વ તજીને, શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણ કરતા આત્મજ્ઞાની મહાપુરુષના ચરણમાં અત્યંત વિનમ્રપણે તથા પરમ ભક્તિભાવે પ્રણામ કરી તેમની સેવામાં સદાય હાજર થાય છે. એવા શુદ્ધ આત્મા સહજાત્મસ્વરૂપના અચિંત્ય માહાત્મ્યને જ્યાં સુધી જાણ્યું નથી ત્યાં સુધી જ જીવોને સાંસારિક પદાર્થોની મહત્તા લાગે છે; ત્યાં સુધી જ તેને માટે તેમની ઇચ્છા પ્રવર્તે છે. પણ જ્યાં આત્મઐશ્વર્યે યુક્ત એવા ચિદાનંદમાં મગ્ન આત્મજ્ઞાની પરમ કારુણ્યમૂર્તિ સત્પુરુષનાં દર્શન, બોધ અને સમાગમે શુદ્ધ આત્માના અચિંત્ય માહાત્મ્યને જીવ જાણે છે, પ્રતીત કરે છે, અનુભવે છે, ત્યારે તે મોહાદિ

સર્વ શત્રુનો પરાજય કરી પરમ વિજયવંત વર્તે છે. તેને નિજ સહજ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે અને અનંત આત્મ-ઐશ્વર્ય વ્યક્ત થાય છે. તે અનંત આત્મઐશ્વર્ય આગળ જગતનાં સર્વ ઇંદ્ર, નરેન્દ્ર, ચક્રવર્તી આદિ પદ ક્ષણભંગુર અને વ્યાકુળતામય હોવાથી અત્યંત તુચ્છ લાગે છે.

અનંત આત્મઐશ્વર્યના ધામરૂપ એ શુદ્ધ ચૈતન્ય સહજાત્મસ્વરૂપ પરમાત્મદશાને પુનઃ પુનઃ પરમ ભક્તિથી નમસ્કાર હો !

"એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ, નિવૃત્તિ થાઓ!"

એ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રકાશિત અપૂર્વ ભાવના મુમુક્ષુના ચિત્તમાં નિરંતર વિરાજિત થતાં, તેનું સતત પરિશીલન થતાં, તે અનુસાર સંસારનો અભાવ થઈ શુદ્ધ પરમાત્મદશાનો આવિર્ભાવ થતાં અનુક્રમે મુમુક્ષુ જીવો વિજયવંત વર્તે છે.

ચિંતા એ દુખ, સુખ શાંતિ છે એ શાંતિથી પ્રતીત બને;<br>
નિર્મલ ચિદ્રૂપમાં લય લાગ્યે અચલ શાંતિ પ્રગટે જીવને. ૧૩

શુદ્ધ ચિદ્રૂપમાં અચલ લય લાગે છે ત્યાં અખંડ સત્શાંતિ પ્રગટે છે. આ સત્ શાંતિથી જીવને એમ સમજાય છે, તથા શ્રદ્ધામાં દૃઢ થાય છે કે ચિંતા એ દુઃખ છે, અને શાંતિ એ જ સુખ છે માટે સત્સુખનું મૂળ અને સર્વ ચિંતાના અભાવરૂપ અખંડ સત્શાંતિ એ જ મુમુક્ષુનું ધ્યેય હોવાથી તે સત્શાંતિના ધામરૂપ શુદ્ધ આત્મામાં, પરમાત્મામાં અચલ લયરૂપ પરમ તન્મયતાના અભ્યાસને સેવે છે, અને

પરિણામે સત્શાંતિપ્રદ અનંત સુખમય શિવપદને પામી કૃતાર્થ થાય છે.

નિર્મળ ચિદ્રૂપમાં લયની જો વાંછા છે હે ભવ્ય ! તને;
તો તજ સર્વ કાર્ય, બહિરંતર, સંગ સંગતિ અન્યજને. ૧૪

હે ભવ્ય ! જો તને તે શુદ્ધ ચિદ્રૂપમાં લય લગાવવાની ઇચ્છા હોય તો અન્ય સર્વ કાર્યોને છોડ, અન્ય સર્વ કર્તવ્યોની કલ્પનાને છોડ. લોક માત્રના સંગ પ્રસંગોને છોડ. અને તેને અનુસરતા ચિંતનોને, ચાલોને, માર્ગોને ચિત્તમાંથી દૂર કર. આ મહામોલા સૂત્રને યથાર્થ હૃદયગત કર.

"નિશદિન નયનમેં નીંદ ન આવે, નર તબહિ નારાયણ પાવે."
—શ્રી સુંદરદાસ

હરિગીત છંદ

જન શુદ્ધ ચિદ્રૂપનું કરી સદ્ધ્યાન સુર અધુના થતા;
ઇંદ્રિય સુખ ત્યાં ભોગવી, જિનવાણી સુણવા પામતા. ૧૩

ત્યાં સર્વ જિનમંદિર વિષે, વિચરે પૂજાદિ આચરે,
ત્યાંથી ફરી નર ભવ અને વળી રત્નત્રય ભૂષણ ધરે. ૧૪

ત્યાં શુદ્ધ ચિદ્રૂપ ધ્યાનના બળથી કરમનો ક્ષય કરે,
ક્ષણ એકમાં ત્રણ લોક શિખરે સિદ્ધિસ્થાને જઈ ઠરે. ૧૫

અત્યંત નિરાકુળ બની સાક્ષાત્ ચિદ્રૂપ શુદ્ધ તે,
રાજે અનંતા કાળ સુખમાં અષ્ટ ગુણ સમૃદ્ધ તે. ૧૬

આ વર્તમાન કાળમાં મનુષ્યો શુદ્ધ ચિદ્રૂપનું સદ્ધ્યાન લક્ષ કરીને, દેવગતિ પામે છે. ત્યાં ધર્મજનિત ઇંદ્રિય સુખ ભોગવીને, વીતરાગ પરમાત્માની વાણીને સાંભળીને, સર્વ

જિનમંદિરોમાં જઈ પૂજા અર્ચા આદિ કરે છે. ત્યાર પછી દેવલોકમાંથી ચ્યવી મનુષ્યભવ પામી સમ્યગ્દર્શન આદિ રત્નત્રયરૂપ વિભૂષણને પામી શુદ્ધચિદ્રૂપના સદ્ધ્યાનમાં ફરી એકાગ્ર થાય છે. શુદ્ધચિદ્રૂપના ધ્યાનના બળે કરી સર્વ પ્રારબ્ધ કર્મનો ક્ષય કરી એક ક્ષણમાં ત્રૈલોક્યના અગ્રભાગે સિદ્ધિ સ્થાનમાં જાય છે. ત્યાં તે સાક્ષાત્ શુદ્ધચિદ્રૂપ પરમાત્મસ્વરૂપ સહજાત્મસ્વરૂપ બને છે. આઠ કર્મનો નાશ થવાથી આઠ ગુણ પ્રગટ થાય છે એવા પરમાત્મા અત્યંત નિરાકુળ સત્સુખમાં અનંત કાળ પર્યંત વિરાજે છે. ધન્ય હો ! નમન હો ! તે સહજાત્મસ્વરૂપ મુક્તાત્માઓને. ૧૩–૧૬

ક્રમથી ચઢી કીડી તરુ પર સ્વાદુ ફલ શુકવત્ ગ્રહે;
ક્રમથી જનો ચિદ્રૂપચિંતન શુદ્ધ સ્વસ્થિત ત્યમ લહે. ૧૭

'પડે પણ ચડે' રૂપ એકધારા પોતાના પુરુષાર્થથી, જેવી રીતે કીડી ક્રમે ક્રમે ચઢીને વૃક્ષ ઉપર રહેલા ફળને પોપટની માફક સહેલાઈથી ગ્રહણ કરે છે, તેવી જ રીતે પોતાના એકધારા પુરુષાર્થના ક્રમે કરી મનુષ્ય પોતામાં રહેલા પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપને પામી તેનું સ્મરણ, ચિંતન, ધ્યાન સહેલાઈથી કરી શકે છે. શુદ્ધચિદ્રૂપના ચિંતનથી પરિણામે અનંત સમાધિસુખમય મુક્તસ્વરૂપ પામીને અત્યંત કૃતાર્થરૂપ, ધન્યરૂપ બને છે.

ગુરુ આદિનાં બહુ વચન સુણી, વળી ભણી શાસ્ત્ર અનેક જે,
અભ્યાસ કરીને ધ્યાન લહીએ, ક્રમાગત કહ્યું ધ્યાન તે;
જિન શાસ્ત્ર કેવલ સાર જે ગુરુ–વચન એક સુણી યદા,
અભ્યાસ વિણ તદ્ધ્યાન પ્રાપ્તિ, અક્રમાગત તે તદા. ૧૮–૧૯

શુદ્ધ ચિદ્રૂપ નિજનિર્મળ આત્મતત્ત્વના ધ્યાનથી સ્વરૂપ સિદ્ધિ પ્રાપ્ત થાય છે; તે ધ્યાન ક્રમાગત અને અક્રમાગત એમ બે પ્રકારે કહ્યું છે.

સદ્ગુરુ આદિના સદ્બોધને બહુ પ્રકારે શ્રવણ કરીને, તથા અનેક સત્શાસ્ત્રોનો વારંવાર અભ્યાસ કરીને તેના પરિણામરૂપે જે આત્મવિચારણા જાગી, આત્મધ્યાનની પ્રાપ્તિ થાય તે ક્રમે ક્રમે પ્રાપ્ત થતા ધ્યાનને ક્રમાગત ધ્યાન કહ્યું છે.

સદ્ગુરુ આદિનાં સદ્બોધને બહુ પ્રકારે શ્રવણ કર્યા સિવાય, તેમજ વિશેષ પ્રકારે શાસ્ત્રોના અભ્યાસ સિવાય શ્રીજિનેન્દ્ર ભગવાનના સર્વ સદ્બોધ અને સર્વ શાસ્ત્રોના રહસ્યના સારભૂત–મર્મભૂત એવા સદ્ગુરુના કેવલ એક વચનના અવલંબને જે આત્મધ્યાન પ્રગટે છે તે અક્રમાગત ધ્યાન કહેવાય છે. જેમ કે સદ્ગુરુએ આપેલ એક જ વચન મંત્રાક્ષર "મા રુષ, મા તુષ" આરાધતાં, બીજા કંઈ પણ શ્રવણ કે અભ્યાસ વિના શ્રી શિવભૂતિ મુનિને શુક્લધ્યાન અને કેવળ-જ્ઞાનની પ્રાપ્તિ થઈ; તે અક્રમાગત ધ્યાન કહેવાય છે.

સત્પુરુષના એક પણ વચનને સમ્યક્ પ્રકારે આરાધતાં યાવત્ મોક્ષ થાય છે એવું જ્ઞાનીના વચનનું સામર્થ્ય જાણી તેને અપૂર્વ પ્રેમે અને પરમ ઉલ્લાસપૂર્વક આરાધવામાં તત્પર થવા મુમુક્ષુ જીવો સદાય જાગ્રત રહે! જેથી અનંત સંસાર પરિભ્રમણનો અંત આણનાર અપૂર્વ બોધિ અને સમાધિસુખની પ્રાપ્તિ થઈ પરમ પદને પામવા ભાગ્યશાળી થવાય તથાઽસ્તુ

## ૬. સહજ સ્વરૂપ ભાવના

શિખરિણી છંદ

તજું કાયા-માયા, ભવભ્રમણનો અંત કરું હું.
ભજું જ્ઞાતા દ્રષ્ટા, સહજસ્વરૂપે સ્થિતિ ધરું હું;
ચિદાત્માને જોવા, પરમ ગુરુ દ્યો દિવ્ય નયનો,
અમોલાં રત્નોશાં, ઉર ધરું પ્રભો આપ વચનો. ૧

બધાં તત્ત્વોમાં જે, પ્રથમ જગ સર્વોપરી લસે,
પ્રભુ શુદ્ધાત્મા એ, અનુપમ જગે જ્યોતિ વિલસે;
અહો! રિદ્ધિસિદ્ધિ! અમિત સુખની ત્યાં નહિ મણા,
સ્મરું શા સદ્‌ગુણો ! વિમલ ચિદ્‌ચિંતામણિ તણા. ૨

પ્રભુ દર્શિતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
સદાનંદી સ્વાત્મા, સતત નીરખું ભિન્ન તનથી;
સુખાબ્ધિ શાંતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
અવિનાશી સ્વાત્મા, સતત નીરખું ભિન્ન તનથી. ૩

અણાહારી સ્વાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
સ્વયંજ્યોતિ આત્મા, સતત નીરખું ભિન્ન તનથી;
વિકલ્પાતીતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
વિદેહી નિત્યાત્મા, સતત નીરખું ભિન્ન તનથી. ૪

સ્વરૂપે સ્થિતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
સ્વભાવે સ્થિતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી;
સમાધિસ્થિતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
શુચિ ચિદ્રૂપાત્મા, સતત નીરખું ભિન્ન તનથી ૫

જગતચક્ષુ સ્વાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
પ્રશાંતિ ધામાત્મા, સતત નીરખું ભિન્ન તનથી;

ગુણોનું ધામાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
વિભાવાતીતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી. ૬

જરાદિ મુક્તાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
સુખી શાશ્વતાત્મા, સતત નીરખું ભિન્ન તનથી;
નિજારામી આત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
નિરાલંબી આત્મા, સતત નીરખું ભિન્ન તનથી. ૭

અરૂપી સહજાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
અસંગી સહજાત્મા, સતત નીરખું ભિન્ન તનથી;
અનંગી સહજાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
અયોગી સહજાત્મા, સતત નીરખું ભિન્ન તનથી. ૮

સ્વયં સ્વાધીનાત્મા, સતત નીરખું ભિન્ન તનથી,
અનંતાનંદાત્મા, સતત નીરખું ભિન્ન તનથી;
અહો! આત્મા! સ્વાત્મા ! અતીત મનકાયાવચનથી,
સ્મરું, ભાવું, ધ્યાવું, અનુભવું સદા લીન મનથી,
અનુભવું સમાધિસ્થ મનથી. ૯

તજી કાયા-માયા, સહજ નિજ ચિદ્રૂપ વિલસું,
સદા સ્વાનુભૂતિ[૧] પીયૂષ[૨] રસમાં મગ્ન ઉલ્લસું;
દૃશિ[૩]-જ્ઞપ્તિ[૪]-વૃત્તિ[૫]-સ્વરૂપ શિવમાર્ગે ગતિ કરું,
સમાધિ બોધિનું, સદન[૬] સહજાત્મા મહીં ઠરું. ૧૦

---

૧. આત્માનુભવ. ૨. અમૃતરસ, ૩. સમ્યગ્દર્શન, ૪. સમ્યગ્જ્ઞાન, ૫. સમ્યગ્ચારિત્ર, ૬. ધામ, ઘર.

८

# અંતિમ આલોચના

## ૧. ખતમ ખામણાં

चत्तारिमंगलं, अरिहता मंगलं;
सिद्धा मंगलं, साहू मंगलं, केवलिपन्नतो धम्मो मगलं ॥
चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा,
सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपन्नतो धम्मो लोगुत्तमो।
चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरण पवज्जामि,
सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि,
केवलिपन्नतं धम्मं सरण पवज्जामि ।

ચાર મંગલ, ચાર લોકોત્તમ અને ચાર શરણાં મેં અંગીકાર કર્યાં છે.

અરિહંત ભગવાન મંગલસ્વરૂપ છે, સિદ્ધ ભગવાન મંગલસ્વરૂપ છે, સાધુ જ્ઞાની ભગવંત મંગલસ્વરૂપ છે, કેવલી ભગવાનને ભાખેલો ધર્મ મંગલસ્વરૂપ છે.

અરિહંત ભગવાન લોકમાં સર્વોત્તમ છે, સિદ્ધ ભગવાન લોકમાં સર્વોત્તમ છે, સાધુ જ્ઞાની ભગવંત સદ્ગુરુરાજ લોકમાં સર્વોત્તમ છે, કેવલી ભગવાને પ્રરૂપેલો ધર્મ લોકમાં સર્વોત્તમ છે.

અરિહંત ભગવાનનું શરણુ સ્વીકારું છું, સિદ્ધ ભગવાનનું શરણુ સ્વીકારું છું, સાધુ–જ્ઞાની સદ્ગુરુરાજનું શરણુ સ્વીકારું છું, કેવલી ભગવાનના પ્રરૂપેલ ધર્મનું શરણુ સ્વીકારું છું. નિશ્ચયથી શુદ્ધ સહજાત્મસ્વરૂપી પોતાના આત્માનું શરણુ સ્વીકારું છું.

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગિયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ અરતિ, સોળમે પરપરિવાદ, સત્તરમે માયા મૃષાવાદ અને અઢારમે મિથ્યાત્વ શલ્ય એ અઢારે પાપસ્થાનકમાં મારા જીવે જે કોઈ પાપ આ ભવમાં, પહેલાં અનંતા ભવોમાં, અદ્યક્ષણ પર્યંત સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યાં હોય તે સર્વ મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં, તે મારાં દુષ્કૃત્ય મિથ્યા થાઓ, ક્ષમા થાઓ. ચોરાસી લાખ જીવયોનિમાં મારે જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતા પ્રત્યે અનુમોદ્યો હોય, તે સર્વ મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં, તે સર્વ પાપ મિથ્યા થાઓ, ક્ષમા થાઓ.

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥**

સર્વ જીવોને હું ક્ષમાવું છું. સર્વ જીવો મને ક્ષમજો. મારે સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ છે, કોઈ પ્રત્યે વેર ભાવ નથી.

**खमिअ खमाविअ मइ खमिअ सव्वह जीवनिकाय ।**
**सिद्धह साख अलोयणह मुज्झइ वइर न भाव ॥**

સર્વ જીવસમૂહને હું ખમું છું, ખમાવું છું, સિદ્ધની સાક્ષીએ સર્વ પાપની આલોચના કરું છું, કોઈ જીવ સાથે મારે વૈરભાવ નથી.

કાળ, વિનય વગેરે જે આઠ પ્રકારે જ્ઞાનાચાર કહેલો

છે તેમાં કોઈ પણ પ્રકારે મારાથી જાણતાં અજાણતાં મન વચન કાયાથી અતિચાર થયો હોય તેને હું ત્રિવિધે નિંદું છું. નિઃશંકિત વગેરે આઠ પ્રકારના દર્શનાચારમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તેને હું ત્રિવિધે વોસરાવું છું. મોહથી અથવા લોભથી જે મેં સૂક્ષ્મ અથવા બાદર પ્રાણીઓની હિંસા કરી હોય તેને હું ત્રિવિધે વોસરાવું છું. હાસ્ય, ભય, ક્રોધ કે લોભાદિકના વશથી મેં જે કાંઈ અસત્ય ભાષણ કર્યું હોય તે સર્વની નિંદા કરવા પૂર્વક હું આલોચના કરું છું. રાગથી અથવા દ્વેષથી થોડું કે ઘણું જે કંઈ અદત્ત પરદ્રવ્યનું મેં ગ્રહણ કર્યું હોય તે સર્વનો હું ત્યાગ કરું છું. પૂર્વે તિર્યંચ, મનુષ્ય કે દેવ સંબંધી મૈથુનનું મનથી, વચનથી કે કાયાથી મેં સેવન કર્યું હોય તેને હું ત્રિવિધે તજું છું. લોભના દોષથી બહુ પ્રકારે મેં ધન ધાન્ય અને પશુ વગેરેનો જે સંગ્રહ કર્યો હોય તેને હું ત્રિવિધે તજું છું. સ્ત્રી, પુત્ર, મિત્ર, બંધુ, ધાન્ય, ઘર અને બીજી કોઈ પણ વસ્તુમાં મેં જે કાંઈ મમતા કરી હોય તેનો હું ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરું છું.

ઇંદ્રિયોથી પરાભવ પામીને-રસેન્દ્રિયના પરવશપણાથી મેં જે ચારે પ્રકારનો આહાર રાત્રે વાપર્યો હોય તેને પણ હું ત્રિવિધે નિંદું છું. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ક્લેશ, ચાડી, પરનિંદા, જૂઠું આળ અને બીજું પણ જે કાંઈ દુષ્ટ આચરણ મેં કર્યું હોય તે સર્વને ત્રિવિધે હું તજું છું. બાહ્ય તથા અભ્યંતર તપને વિષે જે કંઈ અતિચાર લાગ્યો હોય તેને હું નિંદું છું. ધર્મ ક્રિયા કરવામાં જે કાંઈ છતા વીર્યને ગોપવ્યું હોય તે વીર્યાચાર સંબંધી દોષોની પણ હું ત્રિવિધે નિંદા કરું છું.

જે કોઈ મારો મિત્ર હોય અથવા અમિત્ર હોય અને સ્વજન હોય કે શત્રુ હોય તે સર્વ મારા અપરાધને ખમો, હું તે સર્વને ખમું છું; તે સર્વની સાથે મારે સમતા ભાવ છે. મેં તિર્યંચના ભવોમાં તિર્યંચોને, નારકીના ભવમાં નારકીઓને, મનુષ્યના ભવોમાં મનુષ્યોને, તથા દેવભવમાં દેવોને જે કાંઈ દુઃખ આપ્યું હોય, તે સર્વ મારો અપરાધ ક્ષમા કરો, હું તે સર્વને ક્ષમાવું છું. અને મારો તે સર્વને વિષે મૈત્રીભાવ છે. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિય-જનનો સમાગમ તે સર્વ વાયુએ ચલિત કરેલા સમુદ્રના તરંગ જેવા ચપળ છે. આ જગતમાં વ્યાધિ, જન્મ, જરા અને મૃત્યુથી ગ્રસિત થયેલા પ્રાણીઓને વીતરાગ ભગવાને કહેલા ધર્મ વિના બીજું કોઈ શરણ નથી. સર્વે જીવો સ્વજન પણ થયેલા છે અને પરજન પણ થયેલા છે, તો તેમને વિષે કયો પંડિત પુરુષ જરા પણ પ્રતિબંધ કરે ? કોઈ ન કરે. અરિહંત મારું શરણ હો, સિદ્ધ મારું શરણ હો, જ્ઞાની ગુરુરાજનું મને શરણ હો, કેવલી ભગવાનનો કહેલો ધર્મ મને શરણ હો.

**नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं, नमो लोए सव्व साहूणं ॥**
**एसो पंच नमुक्कारो सव्व पावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥**

અત્યારથી જીવનપર્યંત હું ચતુર્વિધ આહારનો ત્યાગ કરું છું અને છેલ્લા શ્વાસોચ્છ્વાસે આ દેહને પણ હું તજું છું.

આ પ્રમાણે દુષ્કર્મની નિંદા, સર્વ જીવોની ક્ષમાપના, શુભ ભાવના, ચાર શરણ, નમસ્કારનું સ્મરણ અને અનશન

એ છયે પ્રકારની આરાધનાપૂર્વક સર્વ મમતા અને મોહનો ત્યાગ કરી વીતરાગભાવ, અસંગભાવમાં સ્થિર થઈ સમાધિને સાધવા તત્પર થયો છું.

**सव्वे जीवा कम्म वस्स, चउदह राज भमंत ।**
**ते मे सव्व खमाविआ मुज्झवि तेह खमंत ॥**

ચૌદે રાજલોકમાં કર્મવશ ભ્રમણ કરી રહેલા સર્વ જીવોને મેં ખમાવ્યા છે, મને પણ તે સર્વ ક્ષમજો.

**जं जं मणेण बद्धं ज जं वाएण भासिअं पावं ।**
**जं जं काएण कयं, मिच्छा मि दुक्कडं तस्स ॥**

આ ભવમાં, પૂર્વે અનંતા ભવોમાં, આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગદ્વેષ અને અજ્ઞાનવશે, જાણતાં અજાણતાં મેં જે જે પાપ મન વડે ઉપાર્જ્યું હોય, જે જે વચન વડે બાંધ્યું હોય અને જે જે કાયા વડે કર્યું હોય તે સર્વ દુષ્કૃત, પાપ મિથ્યા થાઓ ! ક્ષમા થાઓ !

**साम्यं मे सर्वभूतेषु वैरं मम न केनचित् ।**
**आशां सर्वां परित्यज्य समाधिमहमाश्रये ॥**

—શ્રી નિયમસાર

સર્વ જીવો પ્રત્યે હું સમભાવ ધારણ કરું છું. કોઈ સાથે મારે વેરભાવ નથી. સમસ્ત ઇચ્છાઓ, આશાઓ તજીને હું સમાધિભાવનો આશ્રય કરું છું. આત્મધ્યાનમાં લીન થાઉં છું.

**जय वीयराय जगगुरु होउ मम तुह पभावओ भयवं ।**
**भवनिव्वेओ मग्गाणुसारिआ इट्ठफलसिद्धि ॥**
**लोगविरुद्धच्चाओ गुरुजणपूआ परत्थकरण च ।**
**सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ॥**

**वारिज्जइ जइवि नियाणबंधणं वीयराय तुह समए ।**
**तहवि मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाण ।।**
**दुक्खक्खओ कम्मक्खओ समाहिमरणं च बोहिलाभोअ ।**
**संपज्जउ मह एअं तुह नाह पणामकरणेणं ।।**
**सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणं ।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनं ।।**

હે શ્રીમદ્ વીતરાગ ! જગત્રયગુરુ ! તમે જયવંત વર્તો. હે ભગવન્ ! તમારા પ્રભાવથી મને સંસારથી નિર્વેદ, વિરક્તિ, માર્ગાનુસારીપણું (વીતરાગના માર્ગને અનુસરીને પ્રવર્તવું તે), ઇષ્ટફલની પ્રાપ્તિ, લોકવિરુદ્ધ કાર્યને ત્યાગ, ગુરુજનોની સેવા, પરોપકાર, સદ્ગુરુનો યોગ, તેમનાં વચનોનું ભવપર્યંત અખંડ આરાધન એટલું હોજો.

જો કે નિયાણું (નિદાન) બાંધવું તે હે શ્રી વીતરાગ ! તમારા સિદ્ધાંતને વિષે નિષેધ્યું છે, તો પણ મને આપનાં ચરણની સેવા ભવોભવ હજો. એટલું માગું છું.

શરીર અને મન સંબંધી સમસ્ત દુઃખોનો ક્ષય, જ્ઞાનાવરણાદિ આઠેય કર્મોનો ક્ષય, સમાધિમરણ અને બોધિબીજનો લાભ એ ચારેય વસ્તુનો લાભ, હે નાથ ! મને આપના ચરણમાં પ્રણામ કરવા વડે સંપ્રાપ્ત થાઓ !

સર્વ મંગલોમાં માંગલિક, સર્વ કલ્યાણનું કારણ, સર્વ ધર્મોમાં પ્રધાન એવું વીતરાગ શાસન સદા જયવંત વર્તો !

---

## ૨. ક્ષમાપના

“હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનોને લક્ષમાં લીધાં નહીં, મેં તમારાં કહેલાં અનુપમ

તત્ત્વનો વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું; હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું; અજ્ઞાનથી અંધ થયો છું; મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ”

—શ્રીમદ્ રાજચંદ્ર

## ૩. પ્રશમરસનું પાન

( શ્રી 'સમયસાર'માંથી )

મનથી, વચનથી, કાયાથી કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રિવિધ ત્રિવિધરૂપ અને વર્તમાન ભૂત ભવિષ્ય એ ત્રિકાળ સંબંધીનાં સર્વ કર્મોને છોડીને હું પરમ નિષ્કર્મતારૂપ જ્ઞાન-ચેતનાનું અવલંબન કરું છું.

મોહને વશ થઈને ભૂતકાળમાં મેં જે જે કર્મો કર્યાં તે સમસ્ત કર્મોનું પ્રતિક્રમણ કરીને ચૈતન્ય સ્વરૂપ નિષ્કર્મ આત્મામાં આત્માવડે હું નિત્ય વર્તું છું.

પૂર્વે મોહના વિલાસથી ઉત્પન્ન કરેલાં જે આ કર્મ વિકાસ પામીને વર્તમાનમાં ઉદયમાં આવે છે, તે સમસ્ત કર્મોને આલોચીને, ભિન્ન વિચારીને ચૈતન્ય સ્વરૂપ નિષ્કર્મ આત્મામાં આત્માવડે હું નિત્ય વર્તું છું.

એમ ભવિષ્ય સંબંધી સર્વ કર્મનું પ્રત્યાખ્યાન કરીને મોહ રહિત થયેલો એવો હું ચૈતન્યસ્વરૂપ નિષ્કર્મ આત્મામાં આત્મા-વડે નિત્ય વર્તું છું.

આ પ્રમાણે ત્રણે કાળનાં સમસ્ત કર્મને આત્માથી ભિન્ન કરીને, ત્યાગીને શુદ્ધ નિશ્ચયનયનું અવલંબન લેનારો અને મોહ જેનો વિલય પામ્યો છે એવો હું વિકારોથી રહિત ચૈતન્ય માત્ર આત્માનું અવલંબન કરું છું.

પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મરૂપી વિષવૃક્ષનાં ફળો મારા ભોગવ્યા સિવાય જ ગળી જાઓ અર્થાત્ પુણ્ય તથા પાપ બન્ને વિના ભોગવ્યે નાશ પામો. હું તો ચૈતન્ય સ્વરૂપ મારા આત્માને અચળપણે સમ્યક્ પ્રકારે ભોગવું છું.

પૂર્વે અજ્ઞાન ભાવથી ઉપાર્જન કરેલાં કર્મોરૂપી વિષવૃક્ષોનાં ફળો ઉદય આવે છે, તેને જે ભોગવતા નથી, (પુણ્યપાપના ઉદયમાં રુચિ-અરુચિ કરતા નથી), હું ભોગવું છું એવો ભાવ કરતા નથી, પરંતુ સ્વાનુભવથી તૃપ્ત રહે છે, તેઓ વર્તમાન કાળે (સંસારમાં સ્વર્ગાદિક સુખોથી) રમણીય અને ભાવિમાં પણ (મોક્ષરૂપ ફળને આપનાર હોવાથી) રમ્ય એવી કર્મભાવથી રહિત સ્વાધીન સુખરૂપ અન્ય દશાને પામે છે.

કર્મથી અને કર્મના ફળથી અત્યંત વિરતિને નિરંતર ભાવીને અને એ રીતે સ્પષ્ટપણે સંપૂર્ણ અજ્ઞાન ચેતનાનો પ્રલય કરીને તથા ચારે બાજુથી પોતાના રસને પ્રાપ્ત કરતા સ્વભાવને પૂર્ણ કરી પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા એવા જ્ઞાનીજનો હવે પછી સર્વ કાળ માટે પ્રશમરસને પીઓ! આત્મશાંતિને અનુભવો!

પોતાની સર્વ શક્તિઓને પરમાં જતી રોકીને જેણે આત્મામાં લીન કરી છે, અંતર્મુખ કરી છે, એવા પૂર્ણ આત્માનું આત્મામાં જે સારી રીતે ધારણ થવું તે આ લોકમાં અશેષ ત્યાગ કરવા યોગ્ય સર્વથા ત્યાગ કરાયું. અને અશેષ ગ્રહણ કરવા યોગ્ય સર્વથા ગ્રહણ કરાયું.

શુદ્ધાત્માનાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેની એકતારૂપ આત્માનું તત્ત્વ છે માટે મુમુક્ષુએ તે જ આત્મ-તત્ત્વરૂપ મોક્ષમાર્ગ સદાય સેવવા યોગ્ય છે.

અનાદિકાળથી સંસારમાં આ આત્મા પોતાની પ્રજ્ઞાના દોષથી પરદ્રવ્યને આધારે થતા રાગદ્વેષમાં વર્તે છે. ત્યાંથી એ જ પ્રજ્ઞાના ગુણ વડે આત્માને પાછો વાળી હવે હે ભવ્ય!

સદાને માટે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં (આત્માને) નિશ્ચિતપણે સ્થાપન કર. તથા ચિત્તને પરભાવમાં જતું રોકીને અત્યંત એકાગ્ર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ તે મોક્ષમાર્ગનું ધ્યાન કર. તથા કર્મચેતના અને કર્મફળરૂપ ચેતનાનો સર્વથા ત્યાગ કરવા વડે શુદ્ધ જ્ઞાનચેતનાવાળો થઈને દર્શન જ્ઞાન ચારિત્રરૂપ તે મોક્ષમાર્ગનો પરમ સમતારસભાવે અનુભવ કર. પ્રત્યેક ક્ષણે સ્વાભાવિકપણે વધતા તે સ્વાનુભવમાં તન્મય પરિણામવાળો થઈને દર્શનજ્ઞાનચારિત્રરૂપ તે મોક્ષમાર્ગમાં વિહાર કર. એ રીતે જ્ઞાનસ્વરૂપ એક મોક્ષમાર્ગનું જ અચળ-પણે અવલંબન કરતો જ્ઞેયરૂપે ઉપાધિના કારણ થતાં એવાં જે ચારે બાજુથી દોડી આવતાં સર્વ પરદ્રવ્યો તેમાં ગમન કરીશ નહીં. અર્થાત્ આત્માની પરિણતિને સ્વસ્વરૂપમાં જ જોડી રાખ. જ્ઞાનમાં ઝળકતા એવા પરદ્રવ્યોમાં બિલકુલ જવા દઈશ નહીં.

જે આત્મા ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન પરબ્રહ્મમાં સર્વ પ્રયત્નથી સ્થિતિ કરશે તે આત્મા સાક્ષાત્ તત્ક્ષણ વધતા ચૈતન્ય એક રસથી ભરપૂર સ્વભાવમાં સુસ્થિત નિરાકુળ પરિણતિ વડે પરમાનંદ શબ્દથી કહેવાતું ઉત્તમ અનાકુળ લક્ષણવાળું જે મોક્ષસુખ તે રૂપ પોતે થશે.

---

## ૪ પ્રશમરસનું પાન–૨

(શ્રી શાંતસુધારસભાવના તથા અધ્યાત્મકલ્પદ્રુમ આદિમાંથી)

હે સાધક! તું શાંત રસનું પાન કર. એ શાંત સુધા-રસનું પાન કરવાથી પરબ્રહ્મતા અર્થાત્ પરમાત્મપણું પ્રાપ્ત થાય છે. એથી કેવળજ્ઞાન પ્રગટે છે, માટે જેમાં સાર

અસારનો, કૃત્ય અકૃત્યનો વિવેક કરેલ છે એવા શાંત સુધારસનું પાન કર એ અમૃતપાન કરી અમર થા.

**स्फुरति चेतसि भावनया विना**
**न विदुषामपि शांतसुधारसः ।**
**न च सुखं कृशमप्यमुना विना**
**जगति मोहविषादविषाकुले ।।**

તત્ત્વસ્વરૂપની યથાર્થ વિચારણા, ચિંતવના, ફરી ફરી તેની તે જ ભાવના ભાવ્યા વિના, વિદ્વાનોના ચિત્તમાં પણ શાંતરસરૂપી અમૃત પ્રગટ થતું નથી; અને મોહ તથા ખેદ-રૂપી ઝેરથી આકુળ આ આખા જગતને તે શાંત રસ વિના અલ્પ પણ સુખ સંભવતું નથી.

**यदि भवभ्रमखेदपराङ्मुखं**
**यदि च चित्तमनंतसुखोन्मुखम् ।**
**श्रृणुत तत्सुधियः शुभभावना-**
**मृतरसं मम शांतसुधारसम् ।।**

હે બુદ્ધિમાનો! જો તમારું ચિત્ત સંસારનાં જન્મ-મરણનાં અનંત દુઃખ, ખેદથી પરાઙ્‌મુખ થયું હોય અને અનંત અપાર શાશ્વત સત્ય આત્મિક સુખ પ્રાપ્ત કરવા ઇચ્છા હોય તો શુભ ભાવનાઓમાં ભરેલો અમૃત રસ તેનું પાન કરો, તેને શ્રવણ કરી શાંત થાઓ!

શાંત રસ સર્વ ધર્મશાસ્ત્રમાંથી મંથન કરીને શોધી કાઢેલ 'સાર' છે. આ રસને ઉત્કૃષ્ટ કહ્યો છે કારણ કે આ શાંત રસ આ ભવ અને પરભવ સંબંધી અનંત આનંદ મેળવવાનું સાધન છે. લોકવ્યાપારથી રહિત શાંત આત્માને આ લોકમાં

જે સુખ છે તે સુખ ચક્રવર્તીને અને ઇંદ્રને પણ નથી. શાંતરસ મેળવવામાં ધનનો વ્યય કરવો પડતો નથી, શરીરને શોષવું પડતું નથી, મનને ચિંતામાં નાખવું પડતું નથી, ધમાલ કરવી પડતી નથી.

સ્વર્ગસુખ પરોક્ષ છે અને મોક્ષસુખ તો તેથી પણ વધારે પરોક્ષ છે. પ્રશમ સુખ પ્રત્યક્ષ છે, વિના મૂલ્યે પ્રાપ્ત થાય છે અને તે પરવશ નથી. આ ભવ પરભવમાં આનંદનું સાધન શાંતરસ છે એટલું જ નહીં પણ અનંત આનંદ-મોક્ષ-સુખ તે પણ શાંત રસથી જ પ્રાપ્ય છે.

હે મોક્ષાર્થી ! તું સમતાને વિષે લીન ચિત્તવાળો થા ! સ્ત્રી, પુત્ર, ધન, ધામ ઉપર મમતા તજી દે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ ઇંદ્રિયના વિષયો અને ક્રોધ, માન, માયા, લોભ એ કષાયોને વશ થા નહીં ! શ્રુતજ્ઞાનરૂપ લગામ વડે તારા મનરૂપી અશ્વને તું વશ રાખ, સ્વાધીન રાખ. વૈરાગ્ય અને વિવેકે કરી શુદ્ધ નિષ્કલંક ધર્મવાન થા ! દેવગુરુધર્મના શુદ્ધ સ્વરૂપને જાણનારો થા ! સર્વ પ્રકારના સાવદ્ય યોગથી નિવૃત્તિરૂપ વિરતિ ધારણ કર ! સંવરયુક્ત થા ! વૃત્તિઓને શુદ્ધ રાખ અને સમતાના રહસ્યને તું ભજ !

હે ચિત્તરૂપ બાળક ! તું ભાવનારૂપ ઔષધિઓને જરા પણ દૂર કરીશ નહીં. તેથી દુર્ધ્યાનરૂપ ભૂત તને છેતરી શકશે નહીં.

રાજા, ચક્રી અને દેવેન્દ્રોને સર્વ ઇંદ્રિયોના પદાર્થોથી જે સુખ થાય છે તે સમતાના સુખસમુદ્ર પાસે ખરેખર એક બિંદુ તુલ્ય છે; માટે સમતાના સુખને આદર.

**न यस्य मित्रं न च कोऽपि शत्रु-**
**र्निजः परो वाऽपि न कश्चनास्ते ।**
**न चेन्द्रियार्थेषु रमेत चेतः**
**कषायमुक्तः परमः स योगी ॥**

જેને કોઈ મિત્ર નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ પોતાનો નથી તેમ કોઈ પારકો નથી, જેનું મન કષાય રહિત થઈ વિષયોમાં રમતું નથી તેવો પુરુષ મહાયોગી છે.

હે પરમાર્થને જાણનાર ! નિરંતર અભ્યાસના યોગથી સમતાને આત્મા સાથે જોડી દે, જેથી કરીને ભવના ભયને ભેદવાવાળી મોક્ષ સંપત્તિઓ તને એકદમ હસ્તગત થઈ જાય.

प्रणिहन्ति क्षणार्धेन साम्यमालम्ब्य कर्म तत् ।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥

—શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય

જે કર્મો કરોડો જન્મ સુધી તીવ્ર તપસ્યા કરવાથી પણ ક્ષય કરી શકાય નહીં તેનો સમતાના અવલંબનથી એક ક્ષણમાત્રમાં નાશ થાય છે.

હે આત્મન્ ! સર્વ પદાર્થો ઉપર સદા સમતા ભાવ લાવીને, અસંગપણું પ્રાપ્ત કર. હે વિદ્વન્ ! તું જાણી લેજે કે દુઃખનું મૂળ મમતા જ છે અને સુખનું મૂળ સમતા જ છે.

તે જ ગુરુની પ્રયત્નથી સેવા કર, તે જ શાસ્ત્રોનો અભ્યાસ કર અને હે આત્મન્ ! તે જ તત્ત્વનું ચિંતન કર કે જેનાથી તને સમતારૂપ અમૃતનો સ્વાદ આવે.

આ સમતા અમૃતનો રસ મોટા મોટા સમગ્ર શાસ્ત્ર સમુદ્રોમાંથી ઉદ્ધર્યો છે. હે પંડિતજનો ! તમે તે રસ પીઓ અને મોક્ષસુખની વાનગી અહીં પણ મેળવો.

હે ચેતન ! તું ઉદાર એવી ઉદાસીનતા સેવ, ઉદાસીનતા સેવ. જો તારે સત્સુખનો અનુભવ લેવો હોય તો ઉદાસીનતા સેવ.

સત્પુરુષોના સમાગમનું ફળ એ ઉદાસીનતા છે. આગમનો, સત્શાસ્ત્રનો સાર એ ઉદાસીનતા છે, ઇચ્છિત ફળ આપવામાં કલ્પવૃક્ષ સમાન એ ઉદાસીનતા છે. એવી એ ઉદાસીનતા ઉચ્ચ–ઉદાર છે માટે તેનું સેવન કર.

હે આત્મા ! જગતના સર્વ જીવો ઉપર મૈત્રી ભાવ ધારણ કર, સર્વ ગુણવાન આત્માઓ પ્રતિ પ્રમોદ હર્ષ ભાવથી જો, સંસાર દુઃખથી પીડાતાં પ્રાણી ઉપર અનુકંપા રાખ અને નિર્ગુણી પ્રાણીઓ ઉપર ઉદાસીન માધ્યસ્થ ભાવ રાખ.

ઉદાસીનતા એ અમૃત છે. સંત પુરુષો એ અમૃતનો વારંવાર આસ્વાદ લે છે. એવા આનંદના ઉચ્ચ તરંગો વડે જીવનારાઓ આ સંસારમાં મુક્તિસુખને પામે છે.

હે ચેતન ! સર્વ ચેતન અચેતન પદાર્થોમાં રહેલા સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને શબ્દમાં તારું ચિત્ત સમતા પામે તો મોક્ષનું સુખ તારા હાથમાં આવી જશે.

**इह हि मधुरगीतं नृत्यमेतद्रसोऽयं**
**स्फुरति परिमलोऽयं स्पर्श एष स्तनानाम् ।**
**इति हतपरमार्थैरिन्द्रियैर्भ्राम्यमाणः**
**स्वहितकरणधूर्तैः पञ्चभिर्वञ्चितोऽस्मि ।।**

આ મધુર રીતે ગવાયેલ ગાયન, આ નાચ, આ રસ, આ સુગંધી, આ સ્તનોનો સ્પર્શ, –આવી પરમાર્થને હણનારી

ઇંદ્રિયો, જેઓ આત્માનું સ્વહિત સાધવામાં ધૂર્ત છે, તે પાંચેથી, હું સંસારમાં પરિભ્રમણ કરું છું; અને તેઓથી ખરેખરો છેતરાઉં છું.

હે આત્મન્! તું તારા શત્રુ અને મિત્રને ઓળખતો નથી, તારું હિત કરનાર અને અહિત કરનાર શું છે તે જાણતો નથી. વળી તું દુઃખ પર દ્વેષ કરે છે અને સુખ મેળવવાને ઇચ્છે છે પણ તેનાં કારણો નહીં જાણતો હોવાથી તું તે ઇચ્છિત વસ્તુ કેવી રીતે મેળવીશ?

સર્વ સંજ્ઞાવાળાં પ્રાણીઓ કામને જાણે છે, તેમાંથી કેટલાંક અર્થ (ધનપ્રાપ્તિ)ને જાણે છે, અને તેમાંથી પણ કેટલાંક જ ધર્મને જાણે છે; તેમાંથી થોડાં જ સર્વજ્ઞ ભાષિત શુદ્ધ દેવગુરુયુક્ત સદ્ધર્મને જાણે છે. તેમાં પણ થોડાં જ મોક્ષને કે મોક્ષનું અનન્ય કારણ એવી **સમતા કે વીતરાગતાને જાણે છે-પરિણામે પ્રશમ રસરૂપ અમૃતનું પાન કરી પરમ કૃતાર્થ થાય છે.**

૯

# અંતિમ સાધના

## ૧. યોગીગમ્ય રહસ્ય

**एगोहं नत्थि मे कोइ नाहमण्णस्स कस्सइ ।**
**एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥**

હું એક છું. મારું કોઈ નથી. હું અન્ય કોઈનો નથી. એ પ્રમાણે અદીન મનવાળો થઈને હું પોતે પોતાને શિખામણ આપું છું.

**एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो ।**
**सेसा मे बाहिराभावा सव्वे संजोगलक्खणा ॥**

એક જ્ઞાનદર્શન લક્ષણવાળો શાશ્વત આત્મા એ જ મારો છે; બાકીના સર્વ સંયોગજન્ય વિનાશી પદાર્થો મારાથી ભિન્ન છે.

**संजोगमूला जीवेण पत्ता दुःखपरंपरा ।**
**तह्मा संजोगसंबंधं सव्वं तिविहेण वोसिरे ॥**

આ જીવને પરદ્રવ્યના સંયોગથી દુઃખપરંપરા પ્રાપ્ત થઈ છે માટે મન વચન કાયાથી સર્વ સંયોગ સંબંધોને હું તજું છું.

**ममत्ति परिवज्जामि णिममत्तिमुवट्ठिदो ।**
**आलंबणं च मे आदा अवसेसाइं वोसिरे ॥**

—શ્રી અષ્ટપાહુડ

શરીરાદિ સર્વ પરમાંથી હું મમત્વને અત્યંત તજી દઉં છું અને નિર્મમતાને, અકિંચનભાવને ધારણ કરું છું. આત્મા જ એક મારું આલંબન છે, બાકી સર્વ પરને હું તજી દઉં છું.

**अकिंचनोऽहमित्यास्व त्रैलोक्याधिपतिर्भवेः ।**
**योगिगम्यं तव प्रोक्तं रहस्यं परमात्मनः ॥**

—શ્રી આત્માનુશાસન

હું અકિંચન, પરમાં મમતા રહિત છું, એમ અભ્યાસ કર. મારા આત્મા સિવાય અન્ય કાંઈ પણ મારું નથી. હે આત્મન્! અનાદિની અન્યમાં પોતાપણાની માન્યતા તજી દઈ સ્વને વિષે સ્વપણાની બુદ્ધિરૂપ અકિંચનભાવને, આત્મભાવને ગ્રહણ કર. એ આત્મભાવનામાં તું નિરંતર નિમગ્ન રહે. એ આત્મભાવનામાં કે સ્વાનુભવ અમૃત સરોવરમાં નિરંતર નિમગ્ન રહેવાથી તું પરમ શાંત શીતળ સમાધિસ્થ થઈ ત્રૈલોક્યનો સ્વામી પરમાત્મા થઈશ. પરમાત્મપદ પ્રાપ્તિનું આ રહસ્ય, જે માત્ર યોગીઓને જ ગમ્ય છે તે તને સંક્ષેપમાં કહ્યું છે.

"અકિંચનપણાથી વિચરતાં એકાંત મૌનથી જિનસદૃશ ધ્યાનથી તન્મયાત્મસ્વરૂપ એવો ક્યારે થઈશ ?"

—શ્રીમદ્ રાજચંદ્ર

**अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी ।**
**णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणु मित्तंपि ॥**

—શ્રી સમયસાર

આત્માથી જ પ્રત્યક્ષ એવી ચૈતન્ય જ્યોતિ માત્ર આત્મા તે હું છું. હું એક છું. સર્વ અશુદ્ધ પર્યાયોથી જુદો જ્ઞાનસ્વરૂપે અનુભવાતો હું સદા શુદ્ધ છું. ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવો જ્ઞાનદર્શનમય છું. સદા અરૂપી છું. તેથી ભિન્ન અન્ય કોઈ પણ પરમાણુ માત્ર પણ મારું નથી.

**अहमिक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ।**
**तह्मि ठिओ तच्चित्तो सव्वे एए खयं णेमि ॥**

—શ્રી સમયસાર

હું આત્મા એક છું. નિશ્ચયે શુદ્ધ છું. પરભાવો અને પરદ્રવ્યોનો સ્વામી નહીં હોવાથી તેમાં મમતા રહિત છું. અને જ્ઞાનદર્શનરૂપ સહજ આત્મસ્વભાવે સંપૂર્ણ છું. એ સહજાત્મસ્વરૂપના ધ્યાનમાં સ્થિત, એ જ ચૈતન્ય અનુભવમાં લીન થઈ આ સર્વ કર્મનો, આસ્રવોનો ક્ષય કરું છું.

**एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः ।**
**बाह्या संयोगजा भावाः मत्तः सर्वेऽपि सर्वदा ॥**

—શ્રી ઇષ્ટોપદેશ

ચૈતન્ય સ્વરૂપ એવો હું આત્મા એક છું. પરમાં મમતા રહિત છું. દ્રવ્યકર્મ ભાવકર્મ રહિત શુદ્ધ છું. સ્વપર પ્રકાશક જ્ઞાનસ્વરૂપી પદાર્થ છું. યોગીન્દ્ર ભગવાનના અતીંદ્રિય જ્ઞાને ગમ્ય છું. દ્રવ્યકર્મના સંયોગે પ્રાપ્ત જે શરીરાદિ બાહ્ય પદાર્થો છે તે સર્વ મારા સ્વરૂપથી સર્વદા ભિન્ન છે, પર છે.

**न मे मृत्युः कुतो भीतिः न मे व्याधिः कुतो व्यथा ।**
**नाहं बालो न वृद्धो वा न युवैतानि पुद्‌गले ॥**

—શ્રી ઇષ્ટોપદેશ

ચૈતન્ય શક્તિરૂપ ભાવ પ્રાણોનો કદાપિ વિયોગ નહીં થતો હોવાથી મને મરણ કદાપિ છે જ નહીં, તો પછી મને મરણાદિનો ભય શાનો ? તેમ જ મને, ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્માને વ્યાધિ છે નહીં તો તેની પીડા શી ? તેમ હું બાળક નથી, વૃદ્ધ નથી, યુવાન નથી, એ સર્વ અવસ્થા પુદ્‌ગલની છે. હું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છું. તેથી તેને જ ભજું છું. તેમાં જ તન્મય એકાગ્ર લીન થાઉં છું.

"જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર."

"દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ! હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો, તો અનંત અપાર આનંદ અનુભવશો."

"જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર." —શ્રીમદ્ રાજચંદ્ર

**जानाति यः स्वयं स्वस्मिन् स्वस्वरूपं गतभ्रमः ।**
**तदेव तस्य विज्ञानं तद्वृत्तं तच्च दर्शनम् ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

જે પુરુષ પોતામાં પોતા વડે પોતાના નિજ રૂપને—સહજાત્મસ્વરૂપને—ભ્રાંતિરહિતપણે જાણે છે, અનાદિના ભ્રમને–આત્મભ્રાંતિને ટાળી દઈને, સ્વરૂપને જાણે છે તે જ તેને વિજ્ઞાન, વિશિષ્ટજ્ઞાન છે, તથા તે જ સમ્યક્ચારિત્ર તથા સમ્યગ્દર્શન છે.

**स्वज्ञानादेव मुक्तिः स्याज्जन्मबन्धस्ततोऽन्यथा ।**
**एतदेव जिनोद्दिष्टं सर्वस्वं बन्धमोक्षयोः ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

પોતાને જાણવા – અનુભવવારૂપ આત્મજ્ઞાનથી જ મોક્ષ થાય છે અને એ આત્મજ્ઞાન વિના અન્ય પ્રકારથી સંસારનો બંધ થાય છે. આ જ જિનેન્દ્ર ભગવાને કહેલું બંધમોક્ષનું સર્વસ્વ છે.

**आत्मैव मम विज्ञानं दृग्वृत्तं चेति निश्चयः ।**
**मत्तः सर्वेऽप्यमी भावाः बाह्या संयोगलक्षणाः ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

મારો આત્મા જ વિજ્ઞાન છે. આત્મા જ દર્શન અને ચારિત્ર છે એ નિશ્ચય છે. એ સિવાય બીજા સર્વ પદાર્થ મારાથી બાહ્ય ભિન્નરૂપ સંયોગમાત્ર છે. એવો અનુભવ કરવાથી રત્નત્રય અને આત્મામાં કંઈ પણ ભેદ રહેતો નથી.

**अयमात्मैव सिद्धात्मा स्वशक्त्याऽपेक्षया स्वयम् ।**
**व्यक्तीभवति सद्ध्यानवह्निनाऽत्यन्तसाधितः ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

આ આત્મા જ સ્વશક્તિ અપેક્ષાએ સંસાર અવસ્થામાં પણ સિદ્ધસ્વરૂપ છે. અને સદ્ધ્યાનરૂપી અગ્નિવડે અત્યંત સાધના કરવાથી વ્યક્તરૂપ પ્રગટપણે સિદ્ધ થાય છે, અર્થાત્ અષ્ટ કર્મનો નાશ કરી પ્રગટ સિદ્ધ પરમાત્મા બને છે.

**एतदेव परं तत्त्वं ज्ञानमेतद्धि शाश्वतम् ।**
**अतोऽन्यो यः श्रुतस्कन्धः स तदर्थं प्रपञ्चितः ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

આ આત્મા જ પરમ તત્ત્વ છે, અને એ જ શાશ્વત જ્ઞાન છે, તેથી દ્વાદશ અંગરૂપ સમસ્ત શ્રુતસ્કન્ધ શાસ્ત્ર રચના આ આત્માને જ જાણવા માટે વિસ્તૃત કરેલ છે.

**अपास्य कल्पनाजालं चिदानंदमये स्वयम् ।**
**यः स्वरूपे लयं प्राप्तः स स्याद्रत्नत्रयास्पदम् ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

જે પુરુષ કલ્પનાજાળને દૂર કરીને પોતાના ચૈતન્યરૂપ તથા આનંદમયસ્વરૂપ, સહજાત્મસ્વરૂપમાં લયને પામે તે જ નિશ્ચય રત્નત્રયનું ધામ બને છે.

**निःशेषक्लेशनिर्मुक्तममूर्तं परमाक्षरम् ।**
**निष्प्रपंचं व्यतीताक्षं पश्य स्वं स्वात्मनि स्थितम् ॥**

—શ્રી જ્ઞાનાર્ણવ

હે આત્મન્! તું પોતાના સહજ શુદ્ધ આત્મામાં જ સ્થિત થઈને, પોતાને, સમસ્ત ક્લેશોથી રહિત, અરૂપી, પરમ ઉત્કૃષ્ટ, અવિનાશી, વિકલ્પોથી રહિત, અતીંદ્રિય સ્વરૂપ દેખ, જો, અવલોક; અંતર્મુખ થઈ અંતર્મગ્ન થા!

---

## ૨. "સહજાત્મસ્વરૂપ" માં જ ત્રિકાળ વાસ

(શ્રી 'ઉપદેશામૃત'માંથી)

૧. સનાતન ઉપયોગ એવો મારો શાશ્વત ધર્મ મૂકીને હવે જોગને વિષે એટલે દેહને વિષે આત્મબુદ્ધિ નહીં કરું. અર્થાત્ જોગને એટલે દેહને સ્વસ્વરૂપ નહીં માનું.

૨. સદ્‌ગુરુએ અનંત દયા કરીને આપેલા "સહજાત્મ-સ્વરૂપ" ને મૂકીને ભ્રાંતિથી અછતી વસ્તુને એટલે પુદ્‌ગલાદિકને સાક્ષાત્ જેવી વસ્તુ કલ્પીને એમાં હવે પછી ભરમાઈશ નહીં. અર્થાત્ તેવી ભ્રાંતિમાં પડીશ નહીં અને "સહજાત્મસ્વરૂપ" માં જ ત્રિકાળ વાસ કરીને રહીશ.

૩. અનાદિ, અરૂપી અને અમૂર્તિક એવું જે મારું શાશ્વત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તેને મૂકીને રૂપી અને મૂર્તિક એવો જે દેહ તેને સ્વસ્વરૂપ નહીં માનું.

૪. શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિને મૂકીને બાહ્ય દૃષ્ટિએ એટલે ચર્મચક્ષુ વડે ચામડાંને નહીં જોઉં. તે તો ચમારની દૃષ્ટિ ગણાય. જે ચમાર હોય તે જ ચામડાંને વિષે રંજન થાય. હું તો દિવ્ય નેત્રવાળો દેવ છું એટલે જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્યને જોઈશ, ગુરુગમે.

૫. ત્રણે કાળ એક સ્વરૂપે રહેનારું એવું જે સમતારૂપી શુદ્ધ ચૈતન્ય, જ્ઞાનમૂર્તિ તેને મૂકીને જડ-અજીવમાં નહીં

પરિણમું અર્થાત્ અજીવને સ્વસ્વરૂપ નહીં માનું. જીવરાશિ-જ્ઞાનદર્શન મૂળ સ્વરૂપે જીવનારો જીવ તે જ મારું સહજ સ્વરૂપ છે એટલે એમાં જ ત્રિકાળ નિવાસ કરીને રહીશ.

---

### ૩. સહજાત્મદર્શન ભાવના

**नित्यानन्दमयं शुद्धं चित्स्वरूपं सनातनं ।**
**पश्यात्मनि परं ज्योतिरद्वितीयमनव्ययम् ।।**

—શ્રી જ્ઞાનાર્ણવ

પોતાના આત્મામાં લીન થઈને પોતાના આત્માને એવો જો કે હું નિત્ય આનંદમય છું, શુદ્ધ છું, ચૈતન્યસ્વરૂપ છું, સનાતન છું, અવિનાશી છું, પરમ જ્યોતિ કેવળજ્ઞાન પ્રકાશ-સ્વરૂપ છું, અદ્વિતીય છું, અને અનવ્યય અર્થાત્ પર્યાય અપેક્ષાએ વ્યય સહિત છું. દ્રવ્યરૂપે અવ્યય શુદ્ધ સહજાત્મસ્વરૂપ છું.

**स्वरूपदर्शनं श्लाघ्यं पररूपेक्षणं वृथा ।**
**एतावदेव विज्ञानं परंज्योतिःप्रकाशकम् ।।**

—શ્રી અધ્યાત્મસાર

નિજ શુદ્ધ સહજાત્મસ્વરૂપનું દર્શન એ જ એક પ્રશંસવા યોગ્ય સર્વોત્તમ કાર્ય છે. તે સિવાય અન્ય પર રૂપને જોવું તે વૃથા છે. પરંજ્યોતિ, કેવળજ્ઞાનસ્વરૂપ નિજ સહજાત્મ-સ્વરૂપને પ્રગટ કરવા આટલું જ વિજ્ઞાન સમર્થ છે.

"હે મુમુક્ષુ! એક આત્માને જાણતાં સમસ્ત લોકા-લોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે, માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવર્ત અને એક નિજ સ્વરૂપને વિષે

જ દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વસ્વરૂપ એવાં સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે, એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે.”

—શ્રીમદ્ રાજચંદ્ર

ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ।।

—શ્રી અધ્યાત્મસાર

આત્માને જાણ્યો તો પછી બીજું કંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી. અને જો આત્માને જાણ્યો નથી તો પછી બીજું સર્વ જ્ઞાન નિરર્થક છે.

ब्रह्मस्थो ब्रह्मज्ञो ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।
ब्रह्मविदां वचसाऽपि ब्रह्मविलासाननुभवामः ।।

—શ્રી અધ્યાત્મસાર

બ્રહ્મરૂપ શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં નિવાસ કરી રહેલા બ્રહ્મજ્ઞાની તો બ્રહ્મને પામે, તેમાં શું આશ્ચર્ય ? પરંતુ બ્રહ્મજ્ઞાનીના વચનથી પણ અમે બ્રહ્મના વિલાસને અનુભવીએ છીએ. ‘અહો ! સત્પુરુષનાં વચનામૃત !’

ध्येयोऽयं सेव्योऽयं कार्या भक्तिश्च कृतधियास्यैव ।
अस्मिन् गुरुत्वबुद्धया सुतरः संसारसिन्धुरपि ।।

—શ્રી અધ્યાત્મસાર

વિદ્વાન પુરુષે એનું (બ્રહ્મજ્ઞનું) ધ્યાન કરવા લાયક છે. એને જ સેવવા લાયક છે. અને એની જ ભક્તિ કરવા લાયક છે. તથા તેને વિષે ગુરુબુદ્ધિ રાખવાથી સંસારસાગર સુખેથી તરવા લાયક થાય છે.

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां ।**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम पर द्रव्यं समग्रा अपि ।।**

—શ્રી સમયસાર કળશ

ઉજ્જ્વળ ચિત્તવાળા તથા ઉજ્જ્વળ ચારિત્રવાળા, મોક્ષાર્થીઓએ આ સિદ્ધાંત સેવવા યોગ્ય છે કે હું તો એક શુદ્ધ, કર્મ રહિત, ચૈતન્યસ્વરૂપ પરમ જ્યોતિમાત્ર સહજાત્મ-સ્વરૂપ સદાય છું. મારાથી ભિન્ન લક્ષણવાળાં આ નાના પ્રકારના ભાવો ઉદ્ભવે છે તે હું કે મારું સ્વરૂપ નથી, કારણકે તે સર્વ મારાથી ભિન્ન એવાં પરદ્રવ્ય છે.

**एकश्चितश्चिन्मय एव भावो भावा परे ये किल ते परेषाम् ।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो भावाः परे सर्वत एव हेयाः ।।**

--શ્રી સમયસાર

ચિન્મય-જ્ઞાનદર્શનમય ચેતના--એ એક જ ભાવ ચૈતન્યનો પોતાનો છે, તે સિવાય જે બીજા ભાવો છે તે પરના, પુદ્ગલના છે. તેથી એક ચિન્મય ભાવ આત્મભાવ જ ગ્રહણ કરવા યોગ્ય છે, તે સિવાયના બીજા ભાવો સર્વથા ત્યાગવા યોગ્ય છે.

**मा मुज्झह मा रज्जह मा दूसह इट्ठणिट्ठअट्ठेसु ।**
**थिरमिच्छहि जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए ।।**

—શ્રી દ્રવ્યસંગ્રહ

જો તમે નાના પ્રકારના ચિત્તલયરૂપ ધ્યાનની પ્રસિદ્ધિ માટે ચિત્તની સ્થિરતા કરવા ઇચ્છતા હો તો ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થોમાં મોહ કરો મા, રાગ કરો મા, કે દ્વેષ કરો મા.

**सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**
**स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या ।**
**यस्मात् ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च**
**स्वस्मिन्नास्ते विरमति परात् सर्वतो रागयोगात् ॥**

—શ્રી સમયસાર

સમ્યગ્દૃષ્ટિની અંદર નિયમથી આત્મજ્ઞાન અને વૈરાગ્યની શક્તિ ઉત્પન્ન થાય છે. તે પોતાના સ્વરૂપની પ્રાપ્તિ અને પરસ્વરૂપની મુક્તિવડે પોતાના વસ્તુસ્વભાવના અનુભવના પ્રેમી થઈ જાય છે, કેમકે તેમણે તત્ત્વદૃષ્ટિથી આત્મા અને અનાત્માને ભિન્ન ભિન્ન જાણી લીધા છે. એટલા માટે તે સર્વ રાગનાં કારણોમાંથી વિરક્ત થઈને પોતાના આત્માના સ્વભાવમાં વિરામ કરે છે. નિરંતર આત્મરમણતામાં જ નિમગ્ન રહે છે.

---

## ૪. સહજાત્મદર્શન ભાવના (૨)

( શ્રી 'ભરતેશવૈભવ'માંથી )

સંસાર દુઃખમય છે. સિદ્ધલોકમાં સુખ છે. તો તે અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય શું ?

કર્મની જાળનો જે નાશ કરે છે તે સર્વ સિદ્ધના જેવા સુખી થાય છે.

કર્મનાશ કરવાનો ઉપાય શું ?

ગુરુભક્તિ, જિનેન્દ્રભક્તિ, સિદ્ધભક્તિ આદિ સત્ક્રિયાઓથી કર્મનો નાશ કરી શકાય છે. વિચાર કરતાં એ ગુરુભક્તિ, જિનેન્દ્રભક્તિ કે સિદ્ધભક્તિ ભેદ અને અભેદ એ બે પ્રકારની છે. પોતાની સામે ભગવાનની પ્રતિકૃતિને રાખીને

ઉપાસના કરવી તે ભેદભક્તિ છે. પોતાના આત્મામાં જ તેમને વિરાજમાન કરીને ઉપાસના કરવી તે અભેદભક્તિ છે. પહેલા તો ભેદભક્તિના જ અભ્યાસની જરૂર છે. ભેદભક્તિનો બરાબર અભ્યાસ થયા પછી અભેદભક્તિનો અભ્યાસ કરે તો કર્મનો નાશ થઈ શકે છે.

કર્મનો નાશ કરવા માટે અભેદભક્તિપૂર્વક આરાધનાની જ પરમ આવશ્યકતા છે.

જેવી રીતે તમે સામે ભગવાનને રાખીને તેમની ઉપાસના કરો છો તેવી જ રીતે તનુવાતમાં જો પોતાના આત્માને રાખીને ઉપાસના કરો તો તે અભેદભક્તિ છે.

આ આત્મા વર્તમાન શરીરપ્રમાણ છે. શરીરમાં રહેવા છતાં શરીરથી જુદો છે, પુરુષાકાર છે, ચિન્મય છે. એવો જાણીને દેખે તો તેનાં દર્શન થાય છે.

એક સ્ફટિકની શુદ્ધ પ્રતિમા જેવી રીતે ધૂળના ઢગલામાં રાખવાથી મેલી દેખાય છે, તેવી રીતે આ દેહરૂપી ધૂળના ઢગલામાં આ નિર્મળ આત્મા ઢંકાયેલો છે. આવી રીતે જાણીને તેને જોવાનો જો પ્રયત્ન કરો તો તે અંદર દેખાય છે. સ્ફટિકની પ્રતિમા તો ચર્મચક્ષુથી દેખી શકાય છે, હાથથી સ્પર્શી શકાય છે, પરંતુ આ તો કોઈ વિલક્ષણ મૂર્તિ છે. તેને ન તો ચર્મચક્ષુથી જોઈ શકાય છે, કે ન તો હાથથી સ્પર્શી શકાય છે. તેને તો આકાશના રૂપમાં બનાવેલી સ્ફટિકની મૂર્તિ સમજો. તેને જ્ઞાનચક્ષુથી જ દેખવી પડશે.

સંસારનો લોભ બહુ ખરાબ છે. પરપદાર્થોના મોહે આ આત્માને તે અભેદભક્તિથી ચ્યુત કર્યો છે. માટે સૌથી પ્રથમ

આશાપાશને તોડો. આશાઓને કમ કરીને એકાંત વાસમાં જઈ આંખો મીંચી તેનું ચિંતવન કરો, તો તે અવસ્થામાં તે અત્યંત નિર્મળરૂપ બનીને જ્ઞાનમાં અવતરિત દેખાય છે.

તેને જોવાનો પ્રયત્ન કરો તોપણ તે એક દિવસમાં જોઈ શકાતો નથી. અભ્યાસ કરતાં કરતાં ક્રમે કરી તેનાં દર્શન થાય છે. પરંતુ એટલું અવશ્ય છે કે એકાદ દિવસમાં તે ન દેખાય તોપણ આળસ નહીં કરતાં બરાબર પ્રયત્ન કરવો જોઈએ, અધ્યાત્મનો અભ્યાસ કરવો જોઈએ.

આ પ્રકારની અભેદભક્તિથી કર્મોનો નાશ થાય છે, મુક્તિની પ્રાપ્તિ થાય છે. સર્વ ધર્મોમાં આ જ ઉત્કૃષ્ટ ધર્મ છે. સજ્જન એનો સ્વીકાર કરે છે. જેનું ભાવી ખરાબ છે એવા અભવ્ય એનો સ્વીકાર કરતા નથી.

જ્ઞાનરૂપી શરીરને ધારણ કરી પૌદ્ગલિક શરીરભારથી રહિત થઈ પોતાના સ્વાધીન સહજ આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે મુક્તિ છે.

આત્મામાં વિકાર ઉત્પન્ન કરાવનાર ઇંદ્રિયોને રોકીને, શ્વાસના વેગને મંદ કરીને, મનને સંયમિત કરીને, ચારે તરફ દેખનાર આંખોને મીંચીને સુજ્ઞાન નેત્રથી દેખવાથી આ આત્મા પ્રત્યક્ષ થાય છે

આ આત્મા પોતે પોતાને જોવા મંડી પડે તો શરીરનો નાશ થાય છે. બીજા કોઈ હજારો ઉપાયો તે શરીરના નાશ માટે કરાય તોપણ તે નિરર્થક છે. પોતાથી ભિન્ન એવાં કર્મોનો નાશ કરી આત્મા પોતે જ મુક્તિ સામ્રાજ્યને પામે છે.

ભગવાનની પ્રતિમાને જોતાં 'હું પણ આવો જ છું,'

'મારું સ્વરૂપ પણ આવું જ શુદ્ધ સહજાત્મસ્વરૂપ છે,' એમ સમજમાં લાવી આંખ મીંચી ધ્યાન કરે તો આત્મા ઉજ્જવળ ચાંદનીની પૂતળી સમાન સર્વાંગમાં દેખાય છે.

આત્માનું જે સમયે દર્શન થાય છે તે સમયે કર્મ ઝરવા લાગે છે, સુજ્ઞાન અને સુખનો પ્રકાશ વધવા લાગે છે, આત્માના અનંત ગુણોનો વિકાસ થવા લાગે છે. આત્માનુભવીનો મહિમા કોણ વર્ણવી શકે? ધ્યાનરૂપી અગ્નિવડે તૈજસ અને કાર્માણ શરીરને ભસ્મ કરી દઈ આત્મસિદ્ધિને પ્રાપ્ત કરવી જોઈએ.

હે મુમુક્ષુ! આ ભ્રમજાળરૂપ સંસારથી બચવાની તારી ઇચ્છા હોય તો એ ભ્રમજાળરૂપ સંસારને દેખવા જોવા માટે તું જન્માંધવત્ બની જા, અને તારો સ્વાનુભવગમ્ય સમ્યગ્‌જ્ઞાનમયી આત્મભાવ-સહજ આત્મસ્વરૂપ તેને દેખવા જોવા માટે તું સહસ્ર સૂર્યવત્ અચળ થઈ જા.

દેહમાં સ્થિત શુદ્ધાત્માને જે દેખે છે એના હાથમાં કૈવલ્ય છે. એ સંયમી સાહસી છે, વીર છે. કર્મોને મૂળથી નાશ કર્યા વિના એ રહેતા નથી, એમ વિશ્વાસ કરો.

પરમાત્માનું દર્શન કરો. ધ્યાનરૂપી અગ્નિથી કાળ અને કર્મને ભસ્મ કરો. ત્રણ દેહના ભારને દૂર કરી મુક્તિને પ્રાપ્ત કરો.

કાષ્ઠને જોરથી પરસ્પર ઘસવાથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ 'શરીર ભિન્ન છે, હું આત્મા ભિન્ન છું' એમ સમજીને ભેદવિજ્ઞાનનો અભ્યાસ કરે તો આત્માનું પરિજ્ઞાન થાય છે.

આ આત્મા પાણીથી ભીંજાય તેમ નથી, અગ્નિથી બળે તેમ નથી, તેમ તીક્ષ્ણ તરવારથી તે છેદાય તેમ નથી. પાણી, અગ્નિ, આયુધ, રોગ વગેરેથી શરીરને બાધા થાય છે પરંતુ આત્માને નહીં. આત્મા શરીરમાં આકાશના રૂપમાં પુરુષાકાર થઈને રહે છે.

આ શરીર નાશશીલ છે. આત્મા અવિનાશી છે. શરીર જડસ્વરૂપ છે. આત્મા ચેતનસ્વરૂપ છે. શરીર ભૂમિ સમાન છે. આત્મા આકાશ સમાન છે. આ પ્રમાણે શરીર અને આત્મા પરસ્પર વિરુદ્ધ પદાર્થ છે.

આ શરીર કારાગૃહવાસ છે. આયુષ્ય હાથકડી (બેડી) છે. જન્મ જરા મરણ અનેક બાધાઓ ત્યાં થનાર કષ્ટ છે.

પોતાના મહત્વપૂર્ણ સ્વરૂપને નહીં સમજવાથી આ આત્મા વ્યર્થ જ આ શરીરમાં કષ્ટ પામી રહ્યો છે. એ દુઃખની વાત છે.

આ આત્મા ત્રણ લોક સમાન વિશાળ છે. અને ત્રણ લોકને પોતાના હાથથી ઉઠાવવાને સમર્થ છે, પરંતુ કર્મવશ થઈને બીજમાં છુપાયેલા વૃક્ષની સમાન આ જડ દેહમાં છુપાઈ રહ્યો છે, એ આશ્ચર્ય છે.

ત્રણ લોકની અંદર અને બહાર એ જાણે છે તથા દેખે છે અને કરોડ સૂર્ય કે ચંદ્ર સમાન ઉજ્જવળ પ્રકાશથી યુક્ત છે. પરંતુ ખેદ છે કે વાદળાંથી ઢંકાયેલા સૂર્ય સમાન એ કર્મથી ઢંકાઈ ગયો છે.

આ આત્મા શરીરમાં રહે છે છતાં એને કોઈ શરીર નથી. એને જો કોઈ શરીર હોય તો તે જ્ઞાનરૂપી શરીર

છે. શરીરમાં રહેવા છતાં તે શરીરને સ્પર્શે કરતો નથી. પરંતુ શરીરમાં સર્વાંગ તે વ્યાપ્ત છે.

આત્મા જિનેન્દ્ર કે સિદ્ધ સમાન શુદ્ધ છે. એ પ્રમાણે પ્રતિદિન પોતાના આત્માનું ધ્યાન કરવું. એ જિન સિદ્ધ ભક્તિ છે તથા નિશ્ચય રત્નત્રય છે અને મોક્ષને માટે સાક્ષાત્ કારણ છે. અચળ થઈને પોતાના આત્માને જ જિન સમજવો. તે અભેદ ભક્તિ છે.

કોઈ કોઈ પવનાભ્યાસ ( પ્રાણાયામ ) વિના ધ્યાનને હસ્તગત કરી લે છે અને કોઈ એ વાયુને પોતાને વશ કરીને આત્મધ્યાન કરે છે. જ્યારે આ ધ્યાનની સિદ્ધિ થાય છે ત્યારે તેજસ કાર્મણ શરીર ઝરવા માંડે છે અને ચર્મનું આ શરીર પણ નષ્ટ થવા માંડે છે. પછી આ નિર્મળ આત્મા મુક્તિને પામે છે.

જેવી રીતે સૂર્ય વાદળોની વચમાં રહેવા છતાં પણ સ્વયં અત્યંત ઉજ્જ્વળ રહે છે તેવી જ રીતે કર્મોની વચમાં રહેવા છતાં પણ આ આત્મા નિર્મળ છે. આ પ્રમાણે આત્માનું સ્વરૂપ સમજીને નિત્ય તેનું ધ્યાન કરે તો કર્મનો નાશ થઈ મુક્તિની પ્રાપ્તિ થાય છે. આત્માને શુદ્ધસ્વરૂપી જાણીને ધ્યાન કરવાથી આ આત્મા કર્મ દૂર કરીને શુદ્ધ થાય છે. આત્માને સિદ્ધ સ્વરૂપમાં દેખવાવાળા સ્વતઃ સિદ્ધ થાય છે, એમાં આશ્ચર્ય શું છે ?

સ્ત્રી આદિકમાં શું સુખ છે ?

એક ટીપા જેટલા સુખ માટે પર્વત સમાન દુઃખનો ભાર ભોગવવા આ મનુષ્ય તૈયાર થાય છે, એ આશ્ચર્ય છે.

જો દુઃખના કારણરૂપ આ પાંચે ઇંદ્રિયના વિષયોનો ત્યાગ કરે તો સુખ પર્વત જેટલું થઈ જાય છે અને સંસારસાગર ટીપા જેટલો અલ્પ થઈ જાય છે.

આ આત્માને ધ્યાનમાં મગ્ન થઈને પ્રતિદિન જોવો જોઈએ. જ્યારે ધ્યાન ન બને કે ચિત્ત ચંચળ થાય ત્યારે પહેલાં ધ્યાન સમયમાં જે આત્માનાં દર્શન કર્યાં છે તેનું સ્મરણ કરતાં મૌનથી રહેવું જોઈએ.

શરીરને નગ્ન કરવું એ દેહ નિર્વાણ છે. શરીરની અંદર સ્થિત આત્માને શરીરરૂપી કોથળાથી અલગ કરીને દેખવો તે આત્મનિર્વાણ છે.

જ્યાં સુધી આ આત્માને બદ્ધરૂપે જુએ છે ત્યાં સુધી આ આત્મા બદ્ધ જ છે. જ્યારથી એ આત્માને શુદ્ધ રૂપમાં જોવા માંડે છે ત્યારથી તે મોક્ષમાર્ગનો પથિક છે.

પોતાના આત્માને અલ્પ સમજનાર પોતે અલ્પ છે. પોતાના આત્માને શ્રેષ્ઠ સમજીને આદર કરનાર અલ્પ નથી. તે જ્ઞાની સમાન લોકપૂજિત છે એ શ્રદ્ધા કરો.

વાયુવેગે જનાર આ ચિત્તને આત્મમાર્ગમાં સ્થિર કરવું, એ ઘોર તપશ્ચર્યા છે, ઉગ્ર તપશ્ચર્યા છે, શ્રેષ્ઠ તપશ્ચર્યા છે.

વિવેકયુક્ત થઈ, ચિત્તને દબાવીને આત્મસાક્ષીથી અંદર જોવું. અંતર્મુખવૃત્તિ કરવી. આત્મા જોવો. એ જ મોક્ષ પદ્ધતિ છે. એ જ મોક્ષ સંપત્તિ છે. વિશેષ શું? એ જ મોક્ષ છે. એમ વિશ્વાસ કરો.

*હે ભવ્ય! સમસ્ત તત્ત્વોમાં* આ આત્મતત્ત્વ પ્રધાન છે. તેનાં દર્શન થતાં અન્ય વિકલ્પ હૃદયમાં ઉત્પન્ન થતા નથી.

તમે પોતાથી પોતાને જુઓ. આકાશ સમાન આત્મા છે. ભૂમિ સમાન શરીર છે. આકાશ ભૂમિની અંદર ઢંકાઈ ગયું છે. કેવું આ આશ્ચર્ય છે? આમ વિચાર કરવાથી આત્મદર્શન થાય છે.

ચંચળ ચિત્તને રોકીને, બન્ને આંખો મીંચીને, નિર્મળ ભાવદૃષ્ટિથી વારંવાર જોવાથી દેહની અંદર એ પરમાત્મા સ્વચ્છ પ્રકાશની સમાન દેખાય છે. બેઠાં બેઠાં ધ્યાન કરવાથી શરીરમાં બેઠેલી સ્વચ્છ પ્રતિમા સમાન આત્મા દેખાય છે. સૂતાં સૂતાં ધ્યાન કરવાથી સૂતેલી પ્રતિમા સમાન અને ઊભા ઊભા ધ્યાન કરવાથી ઊભેલી પ્રતિમા સમાન આત્મા દેખાય છે. પહેલાં બેસીને કે ઊભા રહીને ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ થયા પછી બેસો, ઊભા રહો કે સૂઓ, એ આત્મદર્શન થશે જ. શરીર ગમે તેમ ભલે રહે, પરંતુ આત્મામાં લીન થવું જોઈએ, તો તે દેદીપ્યમાન આત્મા નિકટભવ્યોને દેખવામાં આવે છે. મારા પોતાના આત્માથી અધિક મારે બીજો કોઈ પદાર્થ નથી. 'આત્માથી સૌ હીન!' એમ જ્યારે દૃઢ થઈને આ ભવ્ય આત્મામાં મગ્ન થાય છે ત્યારે સાત પ્રકૃતિઓનો અભાવ થાય છે. તે સમયે ક્ષાયક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. એ જ પ્રમાણે ધ્યાનમાં એકાગ્રતાથી ક્રમે સર્વ કર્મ ક્ષય કરી આત્મા પરમાત્મા બને છે.

આત્મયોગનું વચન દ્વારા વર્ણન કેમ કરી શકાય? કારણ વચન તો જડ છે, જ્યારે આત્મા તો જ્ઞાનરૂપી છે. માટે જે આત્માથી આત્માને જાણે છે, અનુભવે છે તેને આત્મસિદ્ધિ થાય છે.

મસ્તકથી માંડીને પગ સુધી નિર્મળ જ્ઞાન પુરુષાકારે ભરેલું રહ્યું છે; જે ઉજ્જ્વળ કાંતિને વધારી રહ્યું છે, એ ધ્યાનની મહત્તા ભરત યોગીન્દ્ર જેવા મહાપુરુષો જ જાણી શકે છે.

શાસ્ત્રોમાં આત્મગુણોનું વર્ણન છે, તેમ જ આત્માથી આત્માને આત્મામાં સ્થિર કરવાના ઉપાયો પણ બતાવ્યા છે. પરંતુ એ આત્મા વચનાતીત છે તેથી વચનથી તેનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે.

અનુભવથી જ એનાં દર્શન કરવાં જોઈએ.

જેમ છાણામાં અગ્નિનો એક તણખો મૂક્યો હોય તો અગ્નિના ભડકા બળતા દેખાતા નથી છતાં અગ્નિ વધતો જ જાય છે અને છેવટે સર્વ છાણાંને બાળીને ભસ્મ કરે છે, તેમ જ્ઞાની ગુરુ સમ્યગ્જ્ઞાનરૂપી અગ્નિનો તણખો આપે છે. તેથી શિષ્યમાં ધીમે ધીમે તે જ્ઞાનરૂપ અગ્નિ વધતો જઈ છેવટે સર્વ કર્મ બળી ભસ્મીભૂત થાય છે.

---

## ૫. સમાધિમરણ

('ધર્મામૃત'માંથી)

**देहाहारेहितत्यागात् ध्यानशुद्धयात्मशोधनम् ।**
**यो जीवितांते संप्रीतः साधयत्येष साधकः ॥**

ધ્યાનથી ઉત્પન્ન થયેલા હર્ષથી અંગેઅંગમાં હર્ષિત થયેલો મુમુક્ષુ શરીર ઉપરથી મમત્વ છોડી દેવાથી, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવાથી, અને મન વચન કાયાના વ્યાપારનો પરિત્યાગ કરવાથી, આર્ત અને રૌદ્ર ધ્યાન રહિત એકાગ્રચિંતાનિરોધરૂપ ધ્યાનથી ઉત્પન્ન થયેલી શુદ્ધતા અથવા

નિર્વિકલ્પ સમાધિ દ્વારા, પ્રાણનો નાશ થતી વખતે પોતાના આત્માને, અંતઃકરણને શુદ્ધ કરે છે અર્થાત્ રાગદ્વેષ અને અજ્ઞાનનો ત્યાગ કરીને રત્નત્રયને ધારણ કરે છે તેને સાધક કહેવાય છે.

જેને મુનિ થવાની સામગ્રી ન મળી શકે તેણે શ્રાવક થઈને મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થવું જોઈએ પરંતુ જેને મુનિ થવાની પૂર્ણ સામગ્રી પ્રાપ્ત હોય તેણે મુનિ થવું જ શ્રેષ્ઠ છે.

જે પુરુષ ઈષ્ટવિયોગ, શત્રુથી પરાજય કે તત્ત્વજ્ઞાન આદિ કોઈ પણ કારણથી સ્પર્શ–રસના અનુભવરૂપ કામથી તથા ઘ્રાણ, ચક્ષુ, અને કર્ણ ઇંદ્રિયોથી અનુભવ કરવા યોગ્ય ભોગોથી વિરક્ત થયા છે; તથા જે પરિષહ અને ઉપસર્ગોને સહન કરવાને સદા તૈયાર રહે છે, તેવા ધીર પુરુષ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને છોડીને જિનમુદ્રા (દિગંબર મુનિ-પણા) ને ધારણ કરે છે.

જે પુરુષ અનાદિ મિથ્યાદૃષ્ટિ છે તે પણ નિર્ગ્રંથ (મુનિ) લિંગ ધારણ કરીને, સમતા, મધ્યસ્થતા, વીતરાગતા ધારણ કરીને પોતાના આત્માનું ધ્યાન કરતાં અંતર્મુહૂર્તમાં જ દ્રવ્યકર્મ અને ભાવકર્મ બંનેથી મુક્ત થઈને સ્વયંમુક્ત થઈ જાય છે.

રત્નત્રયની સાધનામાં કારણ હોવાથી, વિદ્વાનોએ કેટ-લોક કાળ ટકનાર શરીરને રત્નત્રયની સિદ્ધિનો ઉપાય સમજીને તેનો નાશ કરવો ન જોઈએ, પરંતુ નાશ થતા શરીરની રક્ષા યોગીન્દ્ર, દેવેન્દ્ર, કે દાનવેન્દ્ર આદિ કોઈ પણ કરી શકનાર નથી, તે નાશ જ પામનાર છે, એમ જાણીને નષ્ટ થતા શરીરનો શોક પણ કરવા યોગ્ય નથી. આ સંસારમાં શરીરનું

છૂટી જવું કઠિન નથી પરંતુ ચારિત્રનું ધારણ કરવું, આત્મભાવમાં સ્થિરતા કરવી એ કઠણ છે એમ જાણી શરીરની ચિંતા તજી આત્મભાવમાં જ સ્થિર થવું.

**कायः स्वस्थोऽनुवर्त्यः स्यात् प्रतीकार्यश्च रोगतः ।**
**उपकारं विपर्यस्यंस्त्याज्यः सद्भिः खलो यथा ।।**

જ્યાં સુધી આ શરીર સ્વસ્થ હોય ત્યાં સુધી, આ શરીરમાં કોઈ પ્રકારનો વિકાર ન થાય ત્યાં સુધી, પથ્ય આહાર વિહાર આદિથી તેને સ્વસ્થ જ રાખવું જોઈએ. તથા તેમાં કોઈ પ્રકારનો રોગ થાય તો યોગ્ય ઔષધિ આદિ વડે રોગનો ઇલાજ કરવો જોઈએ; પરંતુ જ્યારે આ દેહ સ્વાસ્થ્ય અને આરોગ્યને માટે કરેલા ઉપકારોનું વિપરીત ફળ દેવા માંડે, અધર્મ કરવા માંડે, તેમાં રોગ થવા માંડે અથવા રોગ વધવા માંડે તો દુષ્ટ પુરુષના જેવો તેને ગણીને તેનો ત્યાગ કરી દેવો જોઈએ.

જેનો નાશ થવાનો ચોક્કસ છે એવા શરીરને માટે ઇચ્છિત ફળને આપનાર ધર્મનો વિઘાત નહીં કરવો જોઈએ. જો શરીર નાશ પામી જશે તો તે ફરી બીજું અવશ્ય મળશે, પરંતુ સમાધિમરણરૂપ ધર્મ ફરી મળવો અત્યંત દુર્લભ છે. સેંકડો પ્રયત્નો કરવાથી પણ મળે તેમ નથી.

માટે કેવળ શરીરને માટે, પ્રાપ્ત થયેલ સમાધિમરણરૂપ ધર્મનો ઘાત કદાપિ કર્તવ્ય નથી.

સમાધિમરણ કરવાવાળો સાધક કષાયોનો આવેશ હોવાથી આપઘાત કરે છે એમ નથી; તે તો કેવળ નાશ પામતા શરીરને વિધિપૂર્વક છોડી દઈ ધર્મની રક્ષા કરે છે. માટે તેને આત્મઘાતનો દોષ લાગતો નથી.

મૃત્યુ અતિ સમીપ આવેલું જણાય ત્યારે સંન્યાસ મરણ ધારણ કરવું જોઈએ. તેથી કરીને પહેલાં કરેલી સર્વ ધર્મકરણી સફળ થાય છે.

પોતાનું મરણ હવે અવશ્ય થવાનું છે, એવો નિશ્ચય થઈ ગયા પછી જે સાધક નિશ્ચય આરાધનાઓના ચિંતવનમાં મગ્ન થઈ જાય છે તેને પછી મોક્ષપદ દૂર રહેતું નથી. અર્થાત્ થોડા ભવમાં જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

કોઈ અકસ્માત્ કારણથી એકદમ દેહ છૂટી જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો મુમુક્ષુ સાધકે વિચાર રહિત સંન્યાસ ધારણ કરવો જોઈએ, અર્થાત્ તીર્થસ્થાન કે જિનાલયમાં જવાની તથા સંન્યાસની સર્વ વિધિ કરવાની સર્વ ચિંતા છોડીને કેવળ સર્વ આહારનો ત્યાગ કરીને સર્વકાલિક સંન્યાસ ધારણ કરવો. કેવળ પોતાના શુદ્ધ આત્માના ધ્યાનમાં લીન થઈ જવું.

સમયાનુસાર આયુ કર્મ પૂર્ણ થતાં શરીર બીજા કોઈ અકસ્માત્ કારણ વિના સહેજે છૂટી જવા જેવું લાગે ત્યારે આ મહા ધીરવીર સાધકે સંલેખના વિધિ કરવી, સંન્યાસ ધારણ કરવો.

**जन्ममृत्युजरातंकाः कायस्यैव न जातु मे ।**
**न च कोपि भवत्येष ममेत्यंगेऽस्तु निर्ममः ।।**

શરીર ઉપરથી મમત્વ ત્યાગવા ભાવના કરવી કે જન્મ, મરણ, જરા, રોગ એ સર્વ શરીરને છે, પુદ્‌ગલરૂપ હોવાથી પુદ્‌ગલમય કાયાનાં જ છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આ મારા આત્માનાં એ કદાપિ નથી. મારા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ આત્માને

આ શરીર કાંઈ પણ ભલું બુરું કરી શકનાર નથી. તેથી તે હોય તો મને કંઈ ઉપકાર, અને તે જાય તો મને કંઈ અપકાર થવાનો નથી. માટે આ શરીર મારું છે એ સંકલ્પ, એ મમત્વને હું છોડી દઉં છું.

શરીરને બળવાન કરવું, વધારવું, તેજસ્વી કરવું એ આહાર લેવાનું ફળ છે. તથા ધર્મસાધનપૂર્વક આત્મકાર્ય કરવું તે શરીરથી સાધવા યોગ્ય સ્વાર્થ છે. આહાર લેતાં છતાં જ્યારે શરીર જર્જરિત થઈ જાય અને તેનાથી કોઈ પ્રકારનું ધર્મ-સાધન ન થઈ શકે ત્યારે તેવા સમયમાં આહારનો ત્યાગ કરવો જ ઉચિત છે.

માટે વિધિપૂર્વક સમાધિમરણનો ઉદ્યોગ કરવો જોઈએ. સાધકે ઉપવાસાદિ બાહ્ય તપ દ્વારા શરીરને કૃશ કરીને તથા શ્રુતજ્ઞાનરૂપી અમૃત વડે, ક્રોધાદિ કષાયોને કૃશ કરીને સંઘની સામે સમાધિમરણ માટે તૈયાર થવું જોઈએ.

ચિરકાલથી આરાધન કરેલો ધર્મ પણ જો મરણ વખતે છોડી દેવાય કે તેની વિરાધના થાય તો તે નિષ્ફળ જાય છે. પરંતુ મરણ સમયે જો તે ધર્મની આરાધના કરાય તો મરણ સમયે આરાધેલો ધર્મ અસંખ્યાત કરોડો ભવોમાં ઉપાર્જન કરેલાં પાપોનો પણ નાશ કરી દે છે.

સાધકનો ધર્મ રાજાની સમાન છે. જે રાજાએ બહુ દિન સુધી અસ્ત્ર શસ્ત્ર વિદ્યાનો અભ્યાસ કર્યો હોય પરંતુ યુદ્ધમાં જો તે અભ્યાસ ભૂલી જાય તો તે હારી જાય છે, અપકીર્તિ અને સ્વાર્થનાશને પામે છે. તેવી જ રીતે ચિરકાલથી અભ્યાસ કરનાર સાધક પણ મરણ સમયે ધર્મ મૂકી દે તો

તેની અપકીર્તિ પણ થાય અને ઇચ્છાનુસાર ફલ સદ્ગતિ આદિની સિદ્ધિ પણ થઈ શકતી નથી. માટે અંત સમયે ધર્મને કદાપિ છોડવો નહીં.

અત્યંત અનિવાર્ય અને સમાધિને રોકનાર એવું અશુભ કર્મ પૂર્વભવમાં કરેલું જો મરણ સમયે ઉદયમાં ન હોય તો તો જેણે ચિરકાલથી પૂર્ણ રત્નત્રયનું આરાધન કર્યું છે તે સાધક મરણ સમયે અવશ્ય રત્નત્રયરૂપ ધર્મનું આરાધન કરે જ છે. જેણે પૂર્વે સમાધિનો અભ્યાસ નથી કર્યો તેવાને પણ મરણ સમયે જો સમાધિ પ્રાપ્ત થાય તો તે અંધને નિધિ મળી જાય તેમ ક્વચિત જ બનવા યોગ્ય છે. માટે સમાધિ-મરણ પ્રાપ્ત કરવા સદા પ્રયત્ન કર્તવ્ય છે.

ભવ્ય જીવોએ વ્રત ધારણ કરવામાં તત્પર રહેવું જોઈએ. તેથી સદ્ગતિ અવશ્ય થાય છે, જ્યારે અવ્રતથી અસદ્ગતિનાં દુઃખ નરકાદિનાં ભ્રમણ ઊભાં રહે છે.

જે સાધક ક્રોધાદિ કષાયોને કૃશ કરતો નથી અને શરીરને કૃશ કરે છે, તેનું શરીરને કૃશ કરવું વ્યર્થ છે.

જે પુરુષ આહારથી ઉત્પન્ન થયેલા મદથી અંધ થઈ રહ્યો છે અર્થાત્ જે સ્વ પર તત્ત્વજ્ઞાનથી રહિત છે, એવા પુરુષો પ્રાયે કષાયને જીતી શકતા નથી. માટે જે પુરુષ આત્મા અને શરીરને જુદા જાણીને એ ભેદવિજ્ઞાનથી કષાયોને જીતે છે તે જ પુરુષ આ સંસારમાં સર્વોત્કૃષ્ટ જયવંત વર્તે છે.

હે સાધક! શરીરને છોડી દેવું એ તો કાંઇ કઠણ કાર્ય નથી. પરંતુ શરીર છોડતી વખતે સંયમનું પાલન કરવું, આત્મભાવમાં સ્થિર થવું એ અત્યંત કઠણ છે. એટલા માટે

સમાધિ ધારણ કરનાર સાધકે પોતાના આત્માને મન વચન કાયાના વ્યાપારોથી પાછો હઠાવીને, પોતાના આત્મામાં જ લીન કરવો જોઈએ.

જે સંયમી અંતકાલે સ્થિર એકાગ્ર ચિત્તથી પોતાના શુદ્ધ ચિદ્રૂપ આત્મામાં લીન થઈને પ્રાણોને છોડે છે, તેને અનેક પ્રકારનાં અદ્ભુત સ્વર્ગાદિ સુખોનો અનુભવ કરતાં અંતમાં મોક્ષ પ્રાપ્ત થાય છે.

રત્નત્રયની એકાગ્રતા સંપાદન કરવામાં નિર્યાપક આચાર્ય તથા (સંઘ) સાધર્મી જનોની સહાયથી સમાધિને માટે, પોતાના આત્માને ચિંતવનાર સાધકને, પૂર્વભવનાં અશુભ કર્મોનો ઉદય પણ વિઘ્ન કરી શકતો નથી.

## –: સમાધિમરણના મહિમાની સ્તુતિ :–

આ જીવને વર્તમાન સમય પહેલાં ભવાંતરમાં લઈ જનાર અનંતાનંત મરણ પ્રાપ્ત થયાં છે. પરંતુ સંસારનાં કારણ એવાં કર્મોનો નાશ કરવાને સંપૂર્ણ સમર્થ તથા રત્નત્રયની એકાગ્રતા હોવાથી પરમ પવિત્ર એવા સમાધિમરણની એક વાર પણ પ્રાપ્તિ થઈ નથી.

સમાધિને પ્રાપ્ત થયેલો ભવ્ય જીવ અંતકાળે જે સમયે (પોપટ આદિ પક્ષીઓને પરતંત્રતાના બંધનરૂપ પાંજરા જેવા) જીવોને પરતંત્રતાના બંધનમાં બાંધનાર સંસારરૂપી પાંજરાને (જંજીરને) નષ્ટ કરે છે તે સમય ધન્ય છે. તે સમયને સર્વજ્ઞદેવ સર્વોત્કૃષ્ટ માહાત્મ્યવાન ગણે છે. મોક્ષના કારણ એવા સમાધિ-મરણનું માહાત્મ્ય સર્વોત્કૃષ્ટ છે.

સમાધિમરણ માટે સાધકે ભગવાનનાં કલ્યાણક સ્થાન

આદિ પવિત્ર તીર્થસ્થાનોનો આશ્રય લેવો જોઈએ. એવાં સ્થાનોમાં જઈને સંન્યાસ ધારણ કરવો જોઈએ.

પવિત્ર તીર્થભૂમિમાં અથવા નિર્યાપક આચાર્ય પાસે જવા નીકળેલા સાધકને માર્ગમાં જ જો મરણ થાય, તો પણ તે આરાધક જ ગણાય છે. સમાધિ ધારણ કરવા માટે મન વચન કાયાની સ્થિરતા જ સંસારનો નાશ કરનાર છે.

સમાધિને માટે તીર્થભૂમિમાં જતાં પહેલાં સર્વ લોકોની ક્ષમા માગવી તથા સર્વને ક્ષમા આપવી જોઈએ.

**–: સાધક ક્ષમાપના યાચે છે :–**

" રાગદ્વેષ અને મમત્વથી જે જે જીવોને મેં દુઃખિત કર્યા હોય તે સર્વને મન વચન કાયાથી હું ક્ષમાવું છું. તથા રાગદ્વેષાદિકના નિમિત્તથી આપના મનમાં કોઈનો મેં વિરોધ કર્યો હોય તે સર્વને ક્ષમાવું છું. મારો વિરોધ કોઈએ કર્યો હોય તો તે સર્વને ક્ષમા આપું છું."

જે પુરુષ અપરાધીને ક્ષમા આપે છે, તથા પોતે કરેલા અપરાધોની ક્ષમા યાચે છે તે સંસાર સમુદ્રથી પાર થઈ જાય છે. પરંતુ જે બીજાઓ પાસેથી ક્ષમા માગતા નથી તથા ક્ષમા માગનારાઓને જે ક્ષમા આપતા નથી તે ચિરકાલ તક સંસારમાં પરિભ્રમણ કરે છે. એટલા માટે અંતકાળે સર્વની ક્ષમા માગી લેવી જોઈએ તથા સર્વને ક્ષમા આપવી જોઈએ.

આ (ક્ષપક) સાધકે યોગ્ય સમયે, નિર્યાપક આચાર્ય સમીપ પોતાના વ્રતાદિકના દોષો તથા અતિચારોની આલોચના કરીને, સર્વ દોષો દૂર કરીને, માયા, મિથ્યાત્વ, અને નિદાન શલ્યથી રહિત થઈ મોક્ષમાર્ગમાં યથેષ્ટ વિહાર કરવો અર્થાત્ રત્નત્રયને ધારણ કરવાં.

જેણે મન વચન કાયાની નિર્મલતા અથવા પ્રાયાશ્ચિત્તાદિકથી પ્રાપ્ત થયેલ વિશુદ્ધિરૂપી અમૃતથી યથેષ્ટ સ્નાન કર્યું છે એવા આ સાધકે સ્વસ્થ થઈને મન વચન કાયાની ચંચળતા છોડીને સમાધિને માટે પૂર્વદિશા અથવા ઉત્તરદિશા તરફ પોતાનું શિર રાખીને સૂવું.

પછી મહાવ્રતની ઇચ્છાવાળા સાધકને નિર્યાપક આચાર્યે સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ નગ્ન વ્રત આપવાં જોઈએ.

જે પુરુષ મહાવ્રત ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, તેને લંગોટી માત્રમાં મમત્વ પરિણામ હોય તો તે ઉપચરિત મહાવ્રતને અયોગ્ય ગણાય છે. જ્યારે મહાવ્રત ધારણ ન કરી શકે એવી સ્ત્રી મોટી સાડી રાખવા છતાં તેમાં મમત્વ ન રાખે તો ઉપચરિત મહાવ્રત ધારણ કરી શકે છે.

મોક્ષની ઇચ્છાવાળા સાધકે બાહ્ય લિંગનો આગ્રહ છોડીને કેવળ આત્મદ્રવ્યનો આશ્રય ગ્રહણ કરવો જોઈએ.

જીવને શરીર એ જ સંસાર છે, ક્ષેત્રાદિક સંસાર નથી; કારણ કે શરીર ધારણ કરવાથી પંચ પરાવર્તનરૂપ સંસારમાં પરિભ્રમણ થાય છે. જેમ બ્રાહ્મણ આદિ જાતિ શરીરને આશ્રયે છે, તેમ નગ્નપણું આદિ પણ શરીરને આશ્રયે છે. માટે મોહનીયકર્મને ક્ષય કરવાવાળા સાધકે બ્રાહ્મણત્વ આદિ જાતિની માફક, નગ્નપણાદિ ચિહ્નમાં આગ્રહ છોડીને કેવળ શુદ્ધ ચિદ્રૂપમય પોતાના આત્મામાં મગ્ન થવું જોઈએ.

પરદ્રવ્યનું ગ્રહણ એ જ બંધનું કારણ છે. માટે આત્મદ્રવ્યનું જ ગ્રહણ કર્તવ્ય છે.

આ આત્મા શરીરાદિ પરદ્રવ્યોને ગ્રહણ કરવાથી જ

અનાદિકાળથી જ્ઞાનાવરણાદિ કર્મોથી પરતંત્ર થયો છે. તે સ્વદ્રવ્ય અર્થાત્ શુદ્ધ આત્માને ગ્રહણ કરવાથી જ મુક્ત થશે. માટે મોક્ષની ઇચ્છાવાળા સાધકે પોતાના શુદ્ધ આત્માનું ગ્રહણ કરવા યોગ્ય છે, અને પરદ્રવ્ય સર્વથા છોડવા યોગ્ય છે.

જેણે રત્નત્રયની એકાગ્રતારૂપ સમાધિથી પોતાના દેહનો ત્યાગ કર્યો છે તે મહા ભવ્ય પુરુષને અનાદિ કાળથી પહેલાં કદી ન મળેલા એવા સમ્યક્ત્વની સાથે હોનારા કયા કયા સ્વર્ગ, મોક્ષાદિ મહા અભ્યુદયો પ્રાપ્ત નથી થતા ? અર્થાત્ સમાધિ મરણ કરનારને સર્વ પ્રકારના અભ્યુદયોની પ્રાપ્તિ હોય છે.

શય્યા, ઉપધિ, અન્ન, આલોચના અને વૈયાવૃત્ય એ પાંચમાં પ્રાણીઓની રક્ષા અને ઇંદ્રિયોના સંયમપૂર્વક પ્રવર્તના તે બહિરંગ શુદ્ધિ, અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, વિનય અને સામાયિક આદિ છ આવશ્યક, એમાં અતિચાર રહિત પ્રવર્તના કરવી તે પાંચ અંતરંગ શુદ્ધિ છે.

### –: પાંચ પ્રકારનો વિવેક :–

આત્માને શરીર આદિથી જુદો ચિંતવન કરવો તે વિવેક છે. તેના બે ભેદ (૧) ભાવવિવેક (૨) દ્રવ્યવિવેક. ઇંદ્રિય અને કષાયોથી આત્માને જુદો ચિંતવવો તે ભાવ વિવેક છે. શરીર, આહાર અને સંયમનાં સાધનો વગેરેથી આત્માને જુદો ભાવવો તે દ્રવ્ય વિવેક છે. આ પ્રમાણે બે પ્રકારે ભાવ વિવેક અને ત્રણ પ્રકારે દ્રવ્ય વિવેક મળી પાંચ પ્રકારનો વિવેક છે.

નિર્ગ્રંથ થયેલા સાધકે પાંચ મહાવ્રત ધારણ કરીને તે વ્રતોની ભાવના કરવી જોઈએ, અને નિર્ગ્રંથ અવસ્થા ધારણ

નથી કરી એવા સાધકે તે મહાવ્રતોને નહીં ધારણ કર્યા છતાં તેનું ચિંતવન કરવું જોઈએ.

મરણ પથારી પર સૂતેલા સાધકે જીવન ટકી રહેવાની આકાંક્ષા, મરણ વહેલું આવે તો સારું એવી આકાંક્ષા, મિત્રોમાં અનુરાગ કરવો, ભોગવેલા ભોગોને યાદ કરવા, અને ભાવીમાં ભોગની ઇચ્છારૂપ નિદાન કરવું એ પાંચ અતિચારનો ત્યાગ કરીને મહાવ્રતોનું ચિંતવન કરવું.

નિર્યાપક આચાર્યે આરાધકનાં શરીરનાં કાર્યો કરવા માટે, વિકથા નિવારણ કરવા માટે, ધર્મકથા સંભળાવવા માટે, ભોજન, પાન, પથારી આદિ શુદ્ધ કરવા માટે, કફ મળ આદિ દૂર કરવા માટે, મોક્ષનાં કારણ એવાં રત્નત્રયથી સુશોભિત મુનિઓને યથાયોગ્ય રીતે નિયોજવા જોઈએ. તથા આ સાધકને રત્નત્રયના દૃઢ સંસ્કાર કરવા જોઈએ.

સાધકના શરીર આદિ કાર્યો કરવામાં મુનિઓએ કંઈ સંકોચ નહીં કરવો જોઈએ. કારણ કે સમાધિના કારણરૂપ થાય એવી સર્વ ક્રિયા એ મુનિઓનો પરમ યજ્ઞ છે.

નિર્યાપક આચાર્ય બોધથી સાધકની ભોજનમાંથી આસક્તિ છોડાવે છે. સાધક આહારથી વિરક્ત થઈ કહે છે કે, "મરવાને સન્મુખ થયેલો હું હવે આ આહારને ખાઈને શું કરું?" આચાર્ય કહે છે :–

"હે સમસ્ત ઇંદ્રિયોને વશ કરનાર! હે પરમાર્થને જાણનાર! અલૌકિક રીતે નિશ્ચય કરવા યોગ્ય વાસ્તવિક તત્ત્વોનો નિશ્ચય કરનાર! હે સકલ દિશાઓમાં પોતાની કીર્તિને ફેલાવનાર! આરાધકરાજ! આજે શું ભોજન શયનાદિ પૌદ્ગલિક

પદાર્થ તમને આત્માને ઉપકારક જણાય છે? ઇંદ્રિયોને વશ કરનાર તથા તત્ત્વોને યથાર્થ જાણનાર એવા તને શું આત્માથી સર્વથા ભિન્ન એવાં પુદ્‌ગલો આત્માનાં ઉપકારક જણાય છે?

કોઈ એવું પુદ્‌ગલ બાકી રહ્યું છે કે જે આ સંસારમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતાં તેં ઇંદ્રિયો દ્વારા ભોગવીને ન છોડયું હોય? પુદ્‌ગલ રૂપી છે, તું અરૂપી છે. મૂર્તિક પુદ્‌ગલ અમૂર્તિક તારા આત્માને કોઈ રીતે ઉપકાર કરી શકે તેમ નથી. હે સાધક! વાસ્તવમાં તું તે પુદ્‌ગલોને ભોગવતો જ નથી પરંતુ ચક્ષુ આદિ ઇંદ્રિયો દ્વારા તેને વિષયભૂત કરીને પોતાના આત્મપરિણામને જ તું ભોગવે છે. કારણકે આત્માને ઉપભોગ કરવા યોગ્ય તો માત્ર તેનાં પરિણામ જ છે. આત્મ-પરિણામનો અનુભવ કરતાં તું એમ માને છે કે 'હું ઇચ્છિત પદાર્થને ભોગવું છું.'

માટે આ દેખાતી, અભોગ્ય પુદ્‌ગલમાં ભોગ્યત્વ બુદ્ધિ-રૂપ ભ્રાંતિનો તને ઉદય થયો છે. તું તે ભ્રાંતિને આ સમયે નિવાર, કારણ કે આ સમય એવો છે કે જ્યારે, તત્ત્વને જાણનાર પંડિત લોક પોતાનું હિત કરવામાં સાવધાન થઈ જાય છે.

**अन्योऽहं पुद्‌गलश्चान्य इत्येकांतेन चिंतय ।**
**येनापास्य परद्रव्यग्रहावेशं स्वमाविशेः ॥**

હે આરાધક! આ અવસરે તું સર્વથા એવું ચિંતવન કર કે હું પુદ્‌ગલથી ભિન્ન છું અને પુદ્‌ગલ મારાથી ભિન્ન છે. કારણ પુદ્‌ગલ રૂપી છે, જડ છે, હું અમૂર્તિક ચૈતન્ય સ્વરૂપ છું. આ પ્રમાણે આત્મા અને પુદ્‌ગલની ભિન્નતા ચિંતવન કરવાથી આત્મદ્રવ્યથી જુદા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને ગ્રહણ કરવાના

આવેશને (ચિરકાળથી થઈ રહેલા બંધ ઉપયોગને) છોડીને તું સ્વ આત્મદ્રવ્યમાં પ્રવેશ કરીશ. અર્થાત્ પરદ્રવ્યથી સંબંધ છોડીને તારો ઉપયોગ આત્મામાં જ લાગી જશે. (ઉપયોગ એ જ સાધના છે.)

હે આરાધક! જેમ એક મુનિ મરણ વખતે બોરમાં આસક્તિ થવાથી મરીને બોરમાં કીડો થયા, તેમ તું પણ કોઈ ભોજન આદિમાં આસક્તિ રાખીને પ્રાણ ત્યાગીશ તો તું પણ તે પદાર્થમાં કીડો આદિ ક્ષુદ્ર જંતુ થઈને ઊપજીશ. માટે ભોજન વગેરે સર્વ પુદ્ગલની આસક્તિ છોડી એક આત્મ-સ્વરૂપમાં લીન થા. શરીરથી આત્માને ભિન્ન ચિંતવ, તૃષ્ણા માત્રનો ત્યાગ કર, અને આત્મભાવનામાં લીન થઈ અશુભ કર્મોના આસ્રવને રોક."

આ પ્રમાણે આચાર્ય હિતોપદેશરૂપ મેઘની વર્ષાથી આરાધકની અન્નાદિકની તૃષ્ણાને દૂર કરાવે છે, ક્રમે ક્રમે ચારે પ્રકારનો આહાર ત્યાગ કરાવે છે :–

"હે આર્ય! આ તને મરણ સમયે પ્રાપ્ત થયેલી સંલેખના એવી છે કે, અનેક ગુણ અને ગુણવાનોને આશ્રયે તે રહે તેવી છે, આગમમાં પ્રસિદ્ધ છે. સંસારમાં પરિભ્રમણ કરતાં તને આજ દિન પર્યંત પ્રાપ્ત થઈ નથી, તેમજ તેની પ્રાપ્તિ અત્યંત અશક્ય છે. માટે અત્યારે પ્રાપ્ત થયેલી આ સંલેખનામાં નાનું સરખું પણ છિદ્ર પામીને પ્રવેશ કરી જાય તેવા જીવિતાશા આદિ પાંચ અતિચારોરૂપ પિશાચોથી તેનું રક્ષણ કર.

### -: જીવિત-આશંસા :-

હે આરાધક! નિર્યાપક આચાર્ય આદિ મહાન આત્માઓ આજે તારી સેવા કરી રહ્યા છે, તેથી તારું ગૌરવ વધી રહ્યું

છે, તેથી શુશ્રૂષા આદિમાં આસક્ત થઈને, થોડું વધારે જિવાય તો સારું એમ જીવવાની આશા કર નહીં.

### -: મરણ-આશંસા :-

હે આરાધક! ઘોર ક્ષુધાદિ વેદનાઓના ભયથી શીઘ્ર મરવાની ઇચ્છા પણ કર નહીં, કારણકે અસંક્લેશ પરિણામથી દુઃખોને સહન કરનાર સાધક અશુભ કર્મોના આસ્રવને રોકે છે, અને પૂર્વે કરેલાં પાપનો નાશ કરે છે. જ્યારે ખોટી રીતે મરવા ઇચ્છનાર મોક્ષ અથવા જ્ઞાનનો નાશ કરી દે છે. મરવાની ઇચ્છા કરનાર આત્મઘાતક છે માટે તે સંસારમાં દીર્ઘકાળ પર્યંત પરિભ્રમણ કરે છે. જ્યારે સમતા પરિણામોથી દુઃખને સહન કરનાર, પાપ અને કર્મોનો નાશ કરીને શીઘ્ર મુક્ત થઈ જાય છે. માટે શીઘ્ર મરવાની ઇચ્છા કદી કરવી ન જોઈએ તે પ્રકારે આ બીજો અતિચાર ત્યાજ્ય છે.

### -: મિત્રોમાં અનુરાગ :-

હે આરાધક! હવે તું પરલોક જવા માટે ઉદ્યમી થયો છે માટે સર્વ પ્રત્યેનો અનુરાગ ત્યજી દે. કોઈ પ્રત્યે કિંચિત્ રાગ કર મા. કારણ કે, મોહનીય કર્મના ઉદયથી થનાર, પાપોને વધારનાર, મિત્ર, પુત્ર, કલત્રાદિનો રાગ અથવા તેને સ્મરણ કરવાનાં પરિણામ તો આ સંસારમાં અનેક વાર પ્રાપ્ત થયાં છે. પરંતુ હે સમાધિમરણના ઇચ્છક! આર્ય સાધક! હવે તે સમાધિમાં અંતરાય કરનાર સર્વ પ્રત્યેના અનુરાગને ત્યજી દે, અને વીતરાગ પરિણામમાં લીન થા.

### -: પૂર્વ ભોગની સ્મૃતિ :-

હે સાધક! પૂર્વે ભોગવેલા ભોગોનું હવે સ્મરણ ન કર.

જો કદી સ્મરણ થઈ જાય તો તેનું શીઘ્ર નિવારણ કર. કારણ કે આ જીવ ઇંદ્રિયસુખના દૃઢ સંસ્કારથી જ જન્મમરણરૂપ સંસારમાં અનંત દુઃખ ભોગવી રહ્યો છે. કેવલ આત્મજ્ઞાનના જ એવા એક સંસ્કાર છે કે જેનાથી જીવને પરિભ્રમણ કરવું પડતું નથી. માટે ઇંદ્રિયસુખને પરાધીન, દુઃખદાયી જાણીને તેની આસક્તિ ત્યજી એક સ્વાધીન સુખમય પરમ શાંતિનું ધામ એવું નિજ શુદ્ધ સહજાત્મસ્વરૂપ, તેમાં લીન થા. આત્મજ્ઞાનમાં, આત્મભાવમાં તલ્લીન થા.

### -: નિદાન-સુખાનુબંધ અતિચાર :-

હે આરાધક! ભોગાદિક ઇષ્ટ વિષય રોગોની સમાન દુઃખ દેનારા છે. જેમ જ્વર આદિક રોગથી ઇષ્ટ વિયોગ આદિનું દુઃખ થાય છે, તેમ ભોગથી અંતમાં દુઃખ જ થાય છે. કારણકે, સંસારના ભોગ ક્ષણભંગુર છે. તેનો નાશ થતી વખતે વિયોગજન્ય દુઃખ અવશ્ય થાય જ છે. તથા ભોગોથી રોગાદિ ઉત્પન્ન થઈ દુઃખ થાય છે. માટે જેમ કોઈ દુઃખ દેનાર રોગોને ઇચ્છે નહીં તેમ તું પણ અત્યંત દુઃખ દેનાર આગામી કાલમાં ભોગ મળે અથવા ઐશ્વર્યાદિ મળે તેવી ઇચ્છા ન કર. અર્થાત્ આ તપના પ્રભાવથી મને ભોગાદિક મળે તેવી અભિલાષા કદાપિ ન કર. કારણ કે, એવો કોણ મૂર્ખ હોય કે જેને કોઈ દેવ વરદાન આપવા પ્રસન્ન થાય ત્યારે તે તેની પાસે જીવનનો નાશ કરે તેવા વિષની યાચના કરે? અર્થાત્ સમાધિમરણરૂપ કલ્પવૃક્ષ આરાધતાં નિદાનરૂપ આત્મઘાતક ભોગોને કોણ વાંચ્છે? અર્થાત્ કોઈ નહીં. નિદાન કરવાથી બ્રહ્મદત્ત આદિની કેવી દુર્દશા થઈ તે સ્મૃતિમાં લાવી નિદાનની ઇચ્છા સર્વથા ત્યાગવી, અને એક આત્માર્થે મારા

આત્માને જન્માદિ બંધનથી મુક્ત કરવા જ આ ધર્મની અરાધના કરું છું. એ જ એક આત્માર્થની ભાવનાએ જ સમાધિ પ્રાપ્ત કરવી.”

ત્યારપછી યથા અવસરે ક્રમે ક્રમે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરાવી સર્વ સંઘ પ્રત્યે ક્ષમી ક્ષમાવી, સંઘ કાયોત્સર્ગમાં સ્થિર થાય કે જેથી સાધકને સમાધિમરણમાં અંતરાય થાય નહીં અને આચાર્ય સંન્યાસ ધારણ કરનાર ક્ષપકને અમૃત સમાન વચનોથી સંતુષ્ટ કરીને તેના કાનમાં સંવેગ અને વૈરાગ્ય ઉત્પન્ન કરનાર જાપ સંભળાવે.

હે **આરાધક**! હવે તું વિપરીત શ્રદ્ધારૂપ મિથ્યાત્વનો ત્યાગ કરી તત્ત્વાર્થ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વનું ચિંતવન કર અરિહંત આદિ પંચ પરમેષ્ઠીમાં, તેમની પ્રતિમામાં, વ્યવહાર રત્નત્રયમાં તથા નિશ્ચય રત્નત્રયમાં પોતાની ભક્તિને અત્યંત દૃઢ કર. ભાવ નમસ્કાર અર્થાત્ ભગવાનના ગુણોને પ્રેમપૂર્વક ચિંતવન કરવામાં તલ્લીનતા ધારણ કર અને અધ્યાત્મ તત્ત્વજ્ઞાનમાં ઉપયોગને જોડીને તલ્લીન થા.

**महाव्रतानि रक्षोच्चैः, कषायान् जय यंत्रय ।**
**अक्षाणि पश्य चात्मानमात्मनात्मनि मुक्तये ॥**

હે આરાધક ! મહાવ્રતોનું પાલન કર, ક્રોધાદિ કષાયોનો અત્યંત નિગ્રહ કર, ઇંદ્રિયોનું દમન કર, અને સંસારસુખોને માટે નહીં પરંતુ કેવલ મુક્તિને માટે જ પોતાના આત્માને પોતાના આત્મા વડે પોતાના આત્મામાં જ જો, અવલોકન કર.

ત્રણે લોકમાં એવું કોઈ દુઃખ નથી કે જે મિથ્યાત્વરૂપ શત્રુએ જીવને ન પમાડયું હોય. સર્વ દુઃખનું કારણ એક મિથ્યાત્વ

છે. ત્રણે લોકમાં એવું કોઈ સુખ નથી અથવા નહીં હશે કે જે સમ્યક્ત્વરૂપ પરમબંધુ ન પમાડી શકે. અર્થાત્ સમ્યક્ત્વ સર્વ જગ્યાએ સર્વ કાળમાં સર્વ પ્રાણીને ઉપકારક છે, સર્વ વિઘ્નોનું પ્રતિબંધક છે. માટે એ જ ખરા બંધવ તુલ્ય છે.

હે સુવિહિત (ઉત્તમ આચરણ કરનાર) સાધક! તારે એક પરમાત્માની ભક્તિ વા અંતરંગ પ્રેમ કરવો એ જ સર્વથી ઉત્તમ છે. એક જિનભક્તિ, પ્રભુભક્તિ જ એવી છે કે જે સ્વર્ગ મોક્ષાદિથી દૂર કરનાર સર્વ વિઘ્નોને શીઘ્ર નષ્ટ કરીને સમસ્ત મનોરથો પૂર્ણ કરે છે. માટે એક પ્રભુભક્તિને જ ધારણ કર.

આ શ્લોકમાં ભાવનમસ્કારનો મહિમા કહે છે.

**एकोऽप्यर्हन्नमस्कारो मनश्चेन्मरणे विशेत् ।**
**संपाद्याभ्युदयं मुक्तिश्रियमुत्कयति द्रुतम् ॥**

મરણ સમયે એક પણ ભગવાનને નમસ્કાર ચિત્તમાં પ્રાપ્ત થાય તો તે સ્વર્ગાદિકના મહાન અભ્યુદયને આપીને શીઘ્ર મોક્ષલક્ષ્મીને ઉત્કંઠિત કરે છે. મરણ સમયે એક પણ ભાવનમસ્કાર થાય તો તે જ ભવે કે બે ત્રણ ભવમાં મોક્ષ પ્રાપ્ત થાય છે.

સુભગ નામનો ગોવાળ મરણ સમયે એકાગ્ર ચિત્તથી णमो अरिहंताणं કહીને મરણ પામી સુદર્શન નામે શ્રેષ્ઠી પુત્ર થયો. ત્યાં રૂપ ગુણ અને સમ્યગ્દર્શન પામી તે ભવે જ મુક્ત થયા. માટે ભાવનમસ્કારમાં તું પણ ચિત્ત લગાવ.

હે આરાધક! જેનું ચિત્ત ભક્તિથી અનુરક્ત થયું છે એવો જે પુરુષ પોતાના બલવીર્યને છુપાવ્યા વગર સ્વાધ્યાય, વંદન, પ્રતિક્રમણ આદિ નિત્ય કરવા યોગ્ય કર્તવ્ય કરે છે તેને અદ્ભુત ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## ૧. અહિંસા મહાવ્રત

જે થોડી પણ અહિંસા પાળે છે તે ઉપસર્ગાદિ પીડા ઉપસ્થિત થતાં તેજસ્વી સમાન જણાય છે. તે દુઃખોથી તિરસ્કૃત થતા નથી. જે સમસ્ત અહિંસામાં અધીશ્વર હોય છે, અર્થાત્ પૂર્ણ અહિંસાનું પાલન કરે છે તે સમસ્ત દુઃખોને દૂર કરે છે.

## ૨. સત્ય મહાવ્રત

હે સાધક! કામધેનુ ગાય સમાન સમસ્ત મનોરથોને પૂર્ણ કરનાર સત્યવાણીને અસત્યવાણીરૂપ વાઘની સન્મુખ ન કર. મિથ્યા વાદનો ત્યાગ કર. એવું થોડું અસત્ય પણ વસુરાજાને અનર્થ તથા નરકનું કારણ થઈ પડ્યું હતું. માટે સત્યવ્રતનું પાલન કર.

## ૩. અચૌર્ય મહાવ્રત

હે સમાધિમરણની ઇચ્છાવાળા સાધક! પરધનહરણ તો દૂર રહો પણ અગ્નિ સમાન સંતાપ આપનાર પરધન ગ્રહવાની ઇચ્છાને ત્યાગી દે.

પરદ્રવ્યનું હરણ તે તેના પ્રાણોનું હરણ કરવા બરાબર છે. પરના પ્રાણનું હરણ કરવાની ઇચ્છા એ આત્માની જ હિંસા છે. પરઘાતની ઇચ્છા એ જ હિંસા છે. ભાવહિંસા થતાં જે દ્રવ્યહિંસા થાય છે, તે અનંત સંસારનાં દુરંત દુઃખોને દેવાવાળી છે. માટે ચોરીને સર્વથા છોડી અચૌર્યવ્રતમાં લીન થા.

## ૪. બ્રહ્મચર્ય મહાવ્રત

હે આરાધક! પૂર્વકાલમાં રુદ્ર આદિ અનેક મુનિ એવા થઈ ગયા કે જે બ્રહ્મચર્યથી સ્ખલિત થઈને અથવા અતિચાર

લગાવીને ફરીથી બ્રહ્મમાં સ્થિર થઈ શક્યા નથી. માટે તું પણ ઉત્કૃષ્ટ, નિર્વિકલ્પ પ્રત્યગ્જ્યોતિ (અંતરંગ જ્યોતિ) પરમાત્મારૂપ બ્રહ્મજ્ઞાનનો અનુભવ કરવા માટે, સ્વાત્માની દ્વારા શુદ્ધ આત્માનું સંવેદન (અનુભવ) કરવા માટે, ચોથા બ્રહ્મચર્યવ્રતને નિરતિચારપણે ધારણ કર.

## ૫. પરિગ્રહ ત્યાગ

હે સુવિહિત સાધક! આ મારું, આ મારું, એવા પ્રકારના કોઈ પણ પરિગ્રહમાં અલ્પ પણ સંકલ્પ કરનાર મનનો વિશ્વાસ ન કર. મનને પરિગ્રહમાં, મમતામાં ન લગાવતાં સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી નિર્મમ, નિઃપરિગ્રહી થા.

આ શરીર બાહ્ય પરિગ્રહ છે અને ઇંદ્રિયોના વિષયોની ઇચ્છા એ અંતરંગ પરિગ્રહ છે. જે સાધક એ બંને પરિગ્રહમાં મમત્વ પરિણામ રાખતા નથી તે જ પરમાર્થે પરિગ્રહરહિત ગણાય છે. અને તે જ નિર્વાણનગર અથવા મોક્ષમાં પહોંચનાર પથિક કહેવાય છે. કારણ કે મોક્ષમાર્ગે નિરંતર ગમન કરવામાં નિર્ગ્રંથતા જ સમર્થ છે.

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રન્થ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો. અપૂર્વ૦"

"શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય."

—શ્રીમદ્ રાજચંદ્ર

હે શંસિત વ્રત! અર્થાત્ મહાપુરુષોએ પણ જે મહાવ્રતની પ્રશંસા કરી છે એવા વ્રતધારી સાધક! કષાય અને ઇંદ્રિયોને વશ થનાર પ્રાણીને અનંત ક્લેશની પરંપરારૂપ સંસાર પરિભ્રમણ ચાલુ જ રહે છે. માટે કષાય અને ઇંદ્રિયને વશ, આધીન થઈશ નહીં.

આ પ્રમાણે વ્યવહાર આરાધનામાં નિષ્ઠા રાખવા જણાવી હવે નિશ્ચય આરાધનામાં તત્પર થવા જણાવે છે.

હે વ્યવહાર આરાધનામાં પરિણત થયેલા આરાધક રાજ! આ સમયે તારી શક્તિ ક્ષીણ થઈ ગઈ છે. માટે શ્રુતસ્કંધ અર્થાત્ આચારાંગ આદિ બાર અંગ, અથવા અધ્યાત્મ વાક્ય, અથવા णमो अरिहंताणं ઇત્યાદિ પદ, અથવા અર્હં આદિ અક્ષર, અથવા अ, सि, आ, उ, सा આદિમાંથી કોઈ અક્ષર અથવા સદ્‌ગુરુ દ્વારા પ્રકાશિત, પ્રાપ્ત એવો સર્વ આગમના સારરૂપ મંત્ર, એ સર્વમાંથી જેમાં તારો અનુરાગ હોય તે એકને આલંબન કરીને તેમાં તારું ચિત્ત એકાગ્ર કર, તન્મય કર. તેમાં ભક્તિપૂર્વક ચિત્ત લગાવવાથી, ચિંતવન કરવાથી પરમાર્થ આરાધવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

હે આરાધના કરવામાં તત્પર આર્ય!

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥**

ઇત્યાદિ શ્રુતજ્ઞાનથી નિશ્ચય કરીને રાગ દ્વેષ મોહ રહિત ચિદ્રૂપમય આત્માને સ્વસંવેદન દ્વારા અનુભવ કરતાં કરતાં પોતાના આત્મામાં તન્મયરૂપ થવાથી સમસ્ત ચિંતા સંકલ્પ વિકલ્પ આદિ મનના ચિંતવનને છોડીને પ્રાણોને તજીને મોક્ષમાં

ગમન કર. જો સંકલ્પ વિકલ્પ રહિત શુદ્ધ આત્મામાં લીન થઈને પ્રાણત્યાગ કરે તો અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય જ. કહ્યું છે કે

**आराधनोपयुक्तः सन् सम्यक्कालं विधाय च ।**
**उत्कर्षात् त्रिभवान् गत्वा प्रयाति परिनिर्वृतिं ।।**

જે પુરુષ આરાધનામાં પોતાનો ઉપયોગ લગાવીને સારી રીતે સમય વ્યતીત કરે છે તે અધિકમાં અધિક ત્રણ ભવમાં અવશ્ય મુક્ત થઈ જાય છે.

**संन्यासो निश्चयेनोक्तः स हि निश्चयवादिभिः ।**
**स्वस्वभावे च विन्यासो निर्विकल्पस्य योगिनः ।।**

### નિશ્ચય સંન્યાસ

જે નિર્વિકલ્પ યોગી અર્થાત્ જેના અંતઃકરણમાંથી અંદર ને અંદર કંઈક કહેવું તે, કોઈ પ્રકારના સંબંધ, અથવા કલ્પના આદિ સર્વ દૂર થઈ ગયાં છે એવા સમાધિ સહિત યોગી જે પોતાના શુદ્ધ ચિદાનંદમય સ્વાત્મામાં વિધિપૂર્વક પોતાના આત્માને સ્થાપન કરે છે તેને નિશ્ચયનયનો પ્રયોગ કરવામાં પ્રવીણ એવા આચાર્યે નિશ્ચયનયથી સંન્યાસ કહે છે. અર્થાત્ નિશ્ચયનયથી આ જ સંન્યાસ છે એમ મોક્ષની ઇચ્છા કરનાર સાધકોની આગળ નિરૂપણ કરે છે.

જે સમયે ક્ષુધા આદિ પરિષહોમાંથી કોઈ પરિષહ, અથવા કોઈ અચેતન આદિથી થયેલ ઉપસર્ગ ક્ષપકના ચિત્તમાં ચંચળતા કરાવે, તો તે સમયે નિર્યાપક આચાર્યે શ્રુતજ્ઞાનનો ઉપદેશ આપીને ચિત્તને પરિષહ-ઉપસર્ગથી હઠાવીને શુદ્ધ આત્માની સન્મુખ કરાવવું જોઈએ.

હવે શ્રુતજ્ઞાનના રહસ્યને વિસ્તારથી કહે છે-

હે ભવ્યોત્તમ ! જ્ઞાનરૂપી અમૃતના સરોવરમાં અર્થાત્ "શરીર અન્ય છે, હું અન્ય છું, શરીરથી હું કેવળ ન્યારો છું" ઇત્યાદિ ભેદજ્ઞાનરૂપી અમૃતના સરોવરમાં અવગાહન નથી કર્યું, આ શરીરને પોતાનું માન્યું છે તેથી પોતાના માનેલા શરીરના સંબંધે નરક તિર્યંચ મનુષ્ય અને દેવ ગતિઓમાં ઉપાય રહિત શારીરિક અને માનસિક દુઃખોથી ઉત્પન્ન થયેલા દાહની જ્વાળાઓથી તું સંતપ્ત થયો છું.

પરંતુ હવે અત્યારે તો તને શરીર અને આત્માનો ભેદ (ભિન્નતા) નિશ્ચિત થઈ ચૂક્યો છે, તથા આ મુનિઓ તને સદા ઉપકાર કરી રહ્યા છે, તેથી તને દુઃખ કેવી રીતે થઈ શકે ? હવે પરિષહ આદિ કોઈ પ્રકારે તને દુઃખ દઈ શકે તેમ નથી.

બહિરાત્મા જીવ આત્મામાં શરીરનું આરોપણ કરીને અર્થાત્ શરીરને જ આત્મા માનીને "હું દુઃખી છું, રોગી છું," ઇત્યાદિ દુઃખોનો સંકલ્પ કરી લે છે. કારણકે વાસ્તવમાં રોગાદિ દુઃખ શરીરને જ થાય છે, આત્માને નહીં. તેથી આ પ્રકારે જે આત્મા અને શરીરને ભિન્ન ભિન્ન જાણે છે, આકાશને અને ભૂમિને જેટલું છેટું છે, ભિન્નપણું છે તેટલું આત્માને અને શરીરને છેટું છે-ભિન્નપણું છે, એમ આત્મા અને શરીરને જુદા જાણે છે તે પોતાના આત્માનાં સાક્ષાત્ દર્શનથી ઉત્પન્ન થતા આનંદનો અનુભવ કરે છે. તેથી તે સુખથી રહે છે.

**आत्मदेहान्तरज्ञानजनिताह्लाद निर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुंजानोऽपि न खिद्यते ॥**

( સમાધિશતક )

આત્મા અને શરીરમાં ભેદભાવના આ પ્રકારે ભાવવી :–

**न मे मृत्युः कुतो भीतिः न मे व्याधिः कुतो व्यथा ।**
**नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्‌गले ॥**

અજર અમર અવિનાશી હું આત્મા, મારું મરણ તો કદાપિ થનાર નથી. તો મને હવે ભય શાનો ? મને કાંઈ વ્યાધિ કે રોગ થતો નથી. તો દુઃખ શાનું ? તથા હું બાળક નથી, વૃદ્ધ નથી, યુવાન નથી. જ્યારે મૃત્યુ, વ્યાધિ, બાળકપણું વૃદ્ધપણું, યુવાનપણું એ સર્વ તો પુદ્‌ગલમાં છે, આત્મામાં નહીં. जीवोऽन्यः पुद्‌गलश्चान्यः, જીવ અન્ય છે, ચેતન આદિ ગુણવાળો જીવ અન્ય પદાર્થ છે, અને રૂપ રસ આદિ સહિત પુદ્‌ગલ અન્ય પદાર્થ છે. ઇત્યાદિ ભાવનાઓથી શરીર અને આત્માને ભિન્ન ભિન્ન ચિંતવન કરવાં જોઈએ.

હે ભવ્ય ! કર્મને પરવશ થઈને તો આ અનાદિ સંસારમાં તેં અનેક દુઃખ સહન કર્યાં છે. આજે તું સમાધિને સિદ્ધ કરવા તૈયાર થયો છે, તો આ અવસરે ઉત્કૃષ્ટ અથવા સંવર સાથે થનારી, પહેલાં કદી નહીં પ્રાપ્ત થયેલી એવી અંતિમ સમયમાં થનારી અશુભ કર્મોના ક્ષયરૂપ નિર્જરાની ઇચ્છા કરવાવાળો તું સ્વતંત્ર થઈને પોતાની મેળે સમતા પરિણામો વડે થોડા જ વખત માટે આ થોડું દુઃખ સહન કરી લે.

જેટલા કાળ પર્યંત તેં સંન્યાસ ધારણ કર્યો છે, આહારાદિકનો ત્યાગ કર્યો છે, એકાગ્રતાથી સ્વાત્માનું ચિંતવન કરતાં સંથારા (પથારી) ઉપર નિવાસ કર્યો છે, તેટલા કાળ પર્યંત તું ક્ષણે ક્ષણે જ્ઞાનાવરણાદિ અનેક કર્મોનો અવશ્ય નાશ કરવાનો છે.

હે આરાધક ! ભૂખ તરસ આદિ પરિષહો જીતવામાં શ્રી ઋષભદેવ આદિનું સ્મરણ કર. છ માસ સુધી તેમને ક્ષુધા પરિષહ સહન કરવો પડ્યો હતો.

એક વાર તીવ્ર વાયુ વાવાથી ઘાસની ગંજીમાં આગ લાગી હતી. તે લાગતી ગંજીમાંનું ઘાસ વાયુથી ઊડીને પાસે ઊભેલા શિવભૂતિ મુનિ ઉપર આવી પડ્યું. પરંતુ તે મુનિ તેનાથી કિંચિત્ પણ ચલાયમાન થયા ન હતા, પરંતુ પોતાના આત્માનું ધ્યાન કરીને શીઘ્ર કેવલજ્ઞાની થયા હતા. આ અચેતન દ્વારા કરેલા ઉપસર્ગને સહન કરવાનું દૃષ્ટાંત છે.

પાંડવોના શત્રુ કૌરવોના ભાણેજોએ પાંડવોને કંઠ આદિ પ્રદેશમાં આભૂષણોની કલ્પના કરીને અગ્નિમાં સળગતી લોઢાની ધગધગતી સાંકળો પહેરાવી હતી, અને પગમાં મોટા મોટા લોઢાના ખીલા ઠોકીને જમીન સાથે જડી લીધા હતા. તથાપિ તે મહા મુનિઓ એ ઉપસર્ગથી જરા પણ ચલાયમાન થયા ન હતા, અને શુદ્ધાત્માનું ધ્યાન ધરીને મોક્ષ પધાર્યા હતા. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન તો સાક્ષાત્ સિદ્ધ થયા હતા. નકુલ, સહદેવ સર્વાર્થસિદ્ધ જઈને પરંપરા સિદ્ધ થશે. મનુષ્ય દ્વારા કરેલા ઉપસર્ગને સહન કરવા આ દૃષ્ટાંત કહ્યું.

સ્વામી સુકુમાલનું શરીર સરસવ (શિરીષ) પુષ્પના જેવું સુકોમળ હતું. પરંતુ એક શિયાળણીએ તે અતિ નિર્દયતાથી ભક્ષણ કર્યું હતું. તથાપિ તે મહામુનિએ પ્રાણ છોડ્યા હતા, પરંતુ પોતાના આત્માના ધ્યાનરૂપ મોક્ષના ઉપાયને છોડ્યો ન હતો.

બીજા પણ અનેક ધૈર્યશાળી પુરુષો શાસ્ત્રોમાં સંભળાય

છે કે જેમણે મનુષ્ય તિર્યંચ દેવ આદિ દ્વારા કરેલા ઉપસર્ગોને સંક્લેશ પરિણામો રહિત સહન કર્યા હતા. અર્થાત્ તેમના હૃદયમાં રાગદ્વેષ મોહનો આવેશ થયો ન હતો. તેઓ કેવળ શુદ્ધ સ્વાત્મધ્યાનમાં જ નિમગ્ન રહ્યા હતા. અને તેવી રીતે પોતાના મોક્ષરૂપ સ્વાર્થને સાધ્યો હતો.

હે અંગ! હે મહાત્મન્! મોક્ષની ઇચ્છા કરનાર મહાનુભાવોએ અનેક ઘોર ઉપસર્ગ હોવા છતાં પણ પોતાનો મોક્ષરૂપ ઇષ્ટ પદાર્થ સિદ્ધ કર્યો હતો. એટલા માટે તું પણ કર્મરહિત નિત્ય ચિદ્રૂપ એવા પોતાના શુદ્ધ આત્મામાં તલ્લીન થઈને આ શરીરને છોડી દે. જો એવા પ્રકારે શરીરને ન ત્યાગતાં તું સંક્લેશ પરિણામોથી ત્યાગીશ તો તું સંસારનાં અનંત દુ:ખોથી ચિરકાળ વ્યાકુળ રહીશ. માટે સંક્લેશ પરિણામો ત્યજીને પરમ અસંગભાવે વીતરાગ ભાવે સમાધિપૂર્વક આત્મામાં તલ્લીન થઈને દેહને ત્યાગી દે.

હે રત્નત્રયને ભિન્ન માનનાર ઉત્તમ આરાધક! આ દ્રવ્યભાવ કર્મરહિત આનંદસ્વરૂપ પોતાનો આત્મા જ મોક્ષની ઇચ્છાવાળા પુરુષોને ઉપાદેય વા ગ્રહણ કરવા યોગ્ય છે, બીજાનો આત્મા ઉપાદેય નથી. આ પ્રકારની શ્રદ્ધા તે જ પારમાર્થિક વા નિશ્ચય સમ્યક્દર્શન છે. તથા સ્વસંવેદન જ્ઞાનથી તે શુદ્ધ આનંદમય ઉપાદેયસ્વરૂપ આત્માને મન, વચન, કાયા ત્રણેથી વા શરીરથી ભિન્ન પૃથક્ અનુભવ કરવો તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. અને અત્યંત તૃપ્ત વા તૃષ્ણા રહિત થઈને શુદ્ધ આનંદ સ્વરૂપ અનુભૂત સ્વાત્મામાં પોતાનું અંતઃકરણ તન્મય થઈ જતાં તે આત્મામાં આત્માની અવસ્થિતિ અર્થાત્ સ્થિરતા તેને પારમાર્થિક ચર્યા અથવા નિશ્ચય ચારિત્ર કહે છે.

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।**
**स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बंधः ॥**

અર્થાત્ પોતાના આત્માનો નિશ્ચય થવો એ સમ્યગ્‌દર્શન છે. પોતાના આત્માનું જ્ઞાન થવું તે જ સમ્યગ્જ્ઞાન છે. અને પોતાના જ આત્મામાં સ્થિર થઈ જવું તે સમ્યક્ ચારિત્ર છે. આ પ્રકારે જ્યારે એ ત્રણેય આત્મસ્વરૂપ છે, તો પછી તેનાથી બંધ કેમ થઈ શકે જ ? કદાપિ ન જ થઈ શકે. માટે વ્યવહાર રત્નત્રયને પ્રધાન માનનાર હે આરાધક ! તું પણ પોતાના આત્માને નિશ્ચય રત્નત્રયસ્વરૂપ પરમ ઉત્કૃષ્ટ અને અત્યંત શુદ્ધ જાણ, અર્થાત્ એવા શુદ્ધ પોતાના આત્માનો અનુભવ કર.

## નિશ્ચય સમ્યક્તપ આરાધના

હે આરાધક ! જો તું વારંવાર શ્રુતજ્ઞાનની ભાવનામાં પરિણત થઈને પુદ્‌ગલાદિ પરદ્રવ્યોમાંની અલ્પ પણ આકાંક્ષાને સારી રીતે ત્યાગી દઈશ અને નિર્વિઘ્નપણે સ્વાત્મામાં દેદીપ્યમાન થઈશ અર્થાત્ પરદ્રવ્યની આકાંક્ષા છોડીને કેવલ સ્વાત્મામાં લીન થઈ જઈશ તો તું નિશ્ચયથી મોક્ષના સાક્ષાત્ કારણ એવા તપમાં સ્ફુરાયમાન થઈશ.

આ બે શ્લોકોમાં ચાર પ્રકારની નિશ્ચય આરાધનાનું સ્વરૂપ કહ્યું છે, પહેલા શ્લોકમાં નિશ્ચય સમ્યગ્‌દર્શન આરાધના, નિશ્ચય સમ્યગ્‌જ્ઞાન આરાધના અને નિશ્ચય સમ્યગ્‌ચારિત્ર આરાધનાનું સ્વરૂપ કહ્યું છે. આ શ્લોકમાં નિશ્ચયસમ્યગ્‌તપ આરાધનાનું સ્વરૂપ કહ્યું.

હે સુવિહિત શિરોરત્ન અર્થાત્ સમાધિરૂપી ચૂડામણિને

ધારણ કરનાર! હવે તું જીવન, ધન આદિની આકાંક્ષાનો ત્યાગ કરવાથી અંતરંગ અને બાહ્ય પરિગ્રહ રહિત થઈને સમતા વા પરમ સામાયિકરૂપ પરિગ્રહથી સુશોભિત થયો છે. અર્થાત્ પરમ સામાયિકમાં લીન થયો છે. માટે ધ્યાતા, ધ્યાન, ધ્યેય આદિ વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ સમાધિમાં નિમગ્ન થઈને આનંદરૂપી અમૃતનું પાન કર.

જે સંસારરૂપી સમુદ્રથી તારવાને સમર્થ છે તેને અલં-કર્મીણ કહે છે. જે અલંકર્મીણ થઈને નિર્યાપક છે તેને અલં-કર્મીણ નિર્યાપક કહે છે. તે વ્યવહાર નયથી સુસ્થિત આચાર્ય છે. નિશ્ચય નયથી શુદ્ધ સ્વાત્માનુભૂતિ પરિણામની સન્મુખ આત્મા જ અલંકર્મીણ નિર્યાપક છે. કારણ કે એવો આત્મા જ દુઃખ આપનાર કર્મોને વા અન્ય કારણોને પોતાના આત્માથી અલગ જુદાં કરી શકે છે.

આ આત્મા સદા પોતાનામાં જ અભિલાષા કરતો રહેતો હોવાથી, સદા અભીષ્ટ પદાર્થોને જાણે છે અને પોતાનું હિત કરવામાં સદા તત્પર રહે છે એટલા માટે આત્મા જ આત્માનો ગુરુ છે. એ પ્રમાણે નિશ્ચય નયથી પોતાના શુદ્ધ આત્માને અને વ્યવહારથી નિર્યાપક આચાર્યને, જેણે પોતાનો આત્મા સમર્પણ કરી દીધો છે; જેણે પહેલાં કહ્યા મુજબ નિર્ગ્રંથતા ધારણ કરી દીધી છે, જેની શ્રમણ એવી સંજ્ઞા છે, અને જે યથાસંભવ ગુણસ્થાનોમાં થનાર નિશ્ચય રત્નત્રયના અભ્યાસથી યોગીઓને અંતિમ સમયમાં ઉત્પન્ન થનાર સમુચ્છિ-ન્નક્રિયાપ્રતિપાતી નામના શુક્લધ્યાનમાં આરૂઢ થયા છે એવા મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુ પુરુષ બાહ્ય અને અભ્યંતર તપ દ્વારા ઉપર લખ્યા પ્રમાણે કષાય અને શરીર બંનેને કૃશ

કરીને પરમમુક્ત થઇ જાય છે.

આ કથન ઉત્કૃષ્ટ આરાધના કરનારની અપેક્ષાએ કહ્યું છે.

મધ્યમ આરાધના કરનારની અપેક્ષાએ આ પ્રમાણે કર્તવ્ય છે કે શ્રમણ વા અણગાર મુનિ મોક્ષની ઇચ્છા કરતા નિર્ગ્રંથ આદિ ચિહ્નને ધારણ કરીને સંવર સહિત થનારી નિર્જરા કરવામાં સમર્થ એવા રત્નત્રયનો અભ્યાસ કરવામાં લીન થઈને પ્રાણોને છોડીને શિવી અર્થાત્ ઇંદ્રાદિ પદોના અભ્યુદયથી સુશોભિત થાય છે.

તથા આ વર્તમાન કાળમાં થનાર જઘન્ય આરાધકની અપેક્ષાએ ઉપર લખેલાં લક્ષણો સહિત શ્રમણ પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ, ચિંતવન, ઉચ્ચારણ કરતાં પ્રાણોને છોડીને આઠ ભવની અંદર મુક્ત થઈ જાય છે.

### ઉત્કૃષ્ટ આરાધક

કેટલાક એવા આરાધક છે કે જે કાલલબ્ધિ પામીને આઠ કર્મોની બેડીને તોડી નાખીને કેવલજ્ઞાનથી પ્રધાન થઈને તે જ ભવમાં સિદ્ધ થાય છે. એ ઉત્કૃષ્ટ સાધક છે.

### મધ્યમ આરાધક

કેટલાક એવા આરાધક છે જે ચાર પ્રકારની આરાધનાઓને સારરૂપે આરાધીને બાકી રહેલા પુણ્યથી સવાર્થ સિદ્ધમાં નિવાસ કરે છે. એ મધ્યમ આરાધક બે ભવમાં મુક્ત થાય છે.

### જઘન્ય આરાધક

જે જઘન્ય રીતે ચાર પ્રકારની આરાધનાઓ આરાધે છે તે સાત આઠ ભવમાં મુક્ત થઈ જાય છે.

જે ધ્યાનના ઉત્તમ અભ્યાસથી મોહનીય કર્મને નષ્ટ કરે છે તેવા ચરમશરીરી યોગી તે જ ભવમાં મુક્ત થઈ જાય છે. તથા જે ચરમશરીરી નથી તે ક્રમે કરી મુક્ત થાય છે.

જે ચરમશરીરી નથી અને ધ્યાનનો અભ્યાસ કરે છે તેને સદા સમસ્ત અશુભ કર્મોની નિર્જરા અને સંવર થતો રહે છે. તથા પ્રત્યેક ક્ષણમાં એવાં અનેક પુણ્ય કર્મોનો આસ્રવ થતો રહે છે કે જેના દ્વારા સૌધર્મ આદિ સ્વર્ગોમાં તે કલ્પવાસી દેવ થાય છે. ત્યાં અનેક દેવ તેની સેવા કરે છે તથા બહુ કાળ સુધી ઇંદ્રિય અને મનને અત્યંત પ્રસન્ન કરનાર સુખામૃતનું પાન કરતાં આનંદથી નિવાસ કરે છે. ત્યાંનું આયુ પૂર્ણ થયે મનુષ્ય જન્મમાં અવતાર લે છે. ચક્રવર્તી આદિ મહાન સંપત્તિ બહુ દિન પર્યંત ભોગવી સંસારથી વિરક્ત થઈ, સાંસારિક સર્વ સંપત્તિનો ત્યાગ કરી, સંયમને આરાધીને ચારે પ્રકારના શુક્લધ્યાનનું ચિંતવન કરી, આઠે કર્મોનો નાશ કરીને અવિનાશી મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

## ૬. સમયસાર કળશ

(શ્રી અમૃતચંદ્ર સૂરિકૃત સંસ્કૃતનું પદ્યાવતરણ)

હરિગીત છંદ

સંપૂર્ણ દર્શનજ્ઞાનમય પરમાત્મ શુદ્ધ સ્વભાવ જો,
ચિન્મયસ્વભાવી ઉચ્ચતમ સહજાત્મરૂપી ભાવ તો;
તે સ્વાનુભૂતિથી ઝળકતા, જાણતા સવિ ભાવને,
ભાવે નમું સહજાત્મરૂપી સમયસાર સ્વભાવને. ૧

જે સ્વરૂપ આત્માનું જુએ, ધર્મો અનંતમયી સદા;
વળી ભિન્ન કર્મ પ્રપચથી, સ્યાદ્વાદવાણી નમું મુદા. ૨

પર પરિણતિના કારણે, મોહાદિ કર્મ વિપાકથી,
રાગાદિ અવિરત કાલિમા, મુજ સ્વરૂપમાં અતિ વ્યાપતી;
વ્યાખ્યા સમય આ સારની હું સ્વાનુભવ સુખરૂપને,
હોજો પરમ વિશુદ્ધિપ્રદ, ચિન્માત્ર શુદ્ધ સ્વરૂપને. ૩

નિશ્ચય અને વ્યવહાર બંને, નયવિરોધ શમાવતી,
સ્યાદ્વાદવાણી જિન તણી અમૃતરસ રેલાવતી;
જે મોહ વમી તેમાં રમે, ઝટ શુદ્ધ આત્મદશા લહે,
તે સમયસાર સુશ્રેષ્ઠ જ્યોતિ, અખંડિત સદા રહે. ૪

પ્રારંભમાં નીચે પડેલાને બને જોકે અરે !
વ્યવહાર નય હસ્તાવલંબન, પણ ન તે તો કંઈ ખરે;
જે પર થકી વિભિન્ન પરમાત્મા જુએ નિજ અંતરે,
ચૈતન્ય જ્યોતિ શ્રેષ્ઠ કેવળ નિશ્ચયે તે તો વરે. ૫

નિશ્ચયનયે જીવ એકલો, નિજગુણ પર્યાયે રહ્યો,
વ્યવહારથી તે જ્ઞાનઘન પર દ્રવ્યમાં ભાસે ભળ્યો;
પર દ્રવ્યને નવ તત્ત્વથી તદ્દન જુદું ચેતન અહો !
અનુભૂતિ એ સમ્યક્ત્વ આત્મારૂપ મુજને પ્રગટ હો. ૬

એ આત્મજ્યોતિ પ્રગટ પ્રગટે, શુદ્ધનય અવલંબને;
નવ તત્ત્વમાં વર્તે છતાં, નિજ ના તજે એકત્વને ૭

જ્યમ કનક વિધવિધરંગી ભૂષણમાં રહ્યું પણ કનક તે,
ત્યમ જીવ ચિર નવ તત્ત્વમાં પરિણમે તો પણ એક તે;
તો સતત ભાળો દ્રવ્યરૂપે ચેતના અવિરુદ્ધ એ,
નિજ આત્મજ્યોતિ સર્વ કાળે જ્ઞાનગોચર શુદ્ધ એ. ૮

આ ચેતનારૂપ જીવનો આસ્વાદ અનુભવ જ્યાં થતો,
ત્યાં સૂક્ષ્મ સ્થૂલ વિકલ્પવાળો દ્વૈતભાવ ટળી જતો;

નય લક્ષ્મી ત્યાં નહિ ઉદ્ભવે વળી અસ્ત થાય પ્રમાણ ત્યાં,
નિક્ષેપચક્ર ન જાણીએ, અત્યંત દૂરે જાય ક્યાં ? ૯

પર ભાવથી વિભિન્ન આત્મસ્વભાવ કેવળ એક જે,
વળી એ અનાદિ અનંત, નિજગુણથી પ્રપૂર્ણ વિમુક્ત છે;
સંકલ્પ ને વિકલ્પની વિસ્તૃત જાળ વિનાશતો,
અહીં ઉદય પામે શુદ્ધનય એ ચિત્સ્વભાવ પ્રકાશતો. ૧૦

સર્વત્ર જ્ઞાન પ્રકાશ જેનો, જળહળે હે જગજીવો !
તજી મોહ, ભ્રાંતિ સ્વરૂપની, તે શુદ્ધ આત્મા અનુભવો;
જ્યાં અન્ય ભાવો બદ્ધસ્પૃષ્ટાદિ પ્રતિષ્ઠા ના લહે,
પણ માત્ર તે તો ઉપર તરતા, પ્રગટ પણ દૂરે રહે. ૧૧

જે કર્મબંધ ત્રિકાળનો તત્કાળ ભિન્ન કરે સુધી,
બળ કરી જીતી મોહને અભ્યાસતા સ્વાનુભૂતિ;
એ સ્વાનુભવથી ગમ્ય આત્મા, પ્રગટ નિજ મહિમા વિષે,
ઉર દેવ શાશ્વત્ કર્મ કર્દમ મુક્ત નિત્ય સ્વયં દીસે. ૧૨

ઈમ શુદ્ધ નયસ્વરૂપ આત્માનુભૂતિ જ્યાં અંતરે,
છે તે જ જ્ઞાનાનુભૂતિ, એમ નિશ્ચયે જાણો ખરે;
રે ! આત્મને આત્મા વિષે, સ્થાપી અચળ દૃષ્ટિ ધરે,
તે જ્ઞાનઘન શુદ્ધાતમા ને એક નિત્ય સદા વરે. ૧૩

જયમ લવણ કાંકરી ક્ષાર રસલીલા સદા અવલંબતી,
ત્યમ જ્ઞાનરસપરિણમન પૂરણ પરમ જ્યોત પ્રકાશતી;
તે સહજ અંતર બાહ્ય વિલસે, જ્યોત અમ પ્રગટો ઉરે;
જે અનાકુળ અનંત જળહળ અખંડિત સદા સ્ફુરે. ૧૪

નિજ સિદ્ધિસાધક સજ્જનો ! આ જ્ઞાનઘન જીવ સર્વદા,
બે સાધ્ય સાધક ભાવથી, પણ એક ઉપાસો સદા. ૧૫

દૃશિ, જ્ઞપ્તિ, વૃત્તિ ત્રણ્ય ભેદે જીવ મેચક જાણિયો;
તે એકી સાથે અમેચકપણુ સ્વયં એક પ્રમાણિયો. ૧૬

પરિણમે દર્શન જ્ઞાન ચારિત્રે ત્રિધા મેચક તહીં;
એ સ્વયં એક અભેદ પણ વ્યવહારથી ત્રણુ ગુણમયી. ૧૭

નિશ્ચયનયે એ પ્રગટ જ્ઞાયક જ્યોતિ એક ચિદાત્મ છે,
સવિ ભાવભેદ નિવારવા એ અમેચક સહજાત્મ છે. ૧૮

ચિંતા હવે બસ બસ કરો, મેચક અમેચકતા તણી;
દૃશિ જ્ઞપ્તિ વૃત્તિથી સદા, નિજ સાધ્ય સિદ્ધિ તો ગણી. ૧૯

ત્રિધાપણું પામ્યા છતાં, ના એકતા મૂકે કદા,
વળી જે વિમળતાથી ઉદય પામી રહે છે સર્વદા;
ચૈતન્ય ચિહ્ન અનંત જેનું આત્મજ્યોતિ તે સદા,
અનુભૂતિ તેની સતત કરીએ સાધ્ય સિદ્ધિ ન અન્યથા. ૨૦

જે કોઈ રીતે ભેદજ્ઞાનમૂળે કરી સ્વાનુભૂતિ,
નિજ આત્મની નિશ્ચળ રીતે પામે સ્વયં કે અન્યથી;
તે સર્વ દર્પણુ સમ પ્રતિબિંબિત ભાવ સમસ્તને,
નિજ જ્ઞાનમાં ભાસિત છતાં અવિકારી રહેતા સતત તે ૨૧

રે ! જગત્ મોહ અનાદિ તજી દો, લીન ત્યાં શું સર્વદા ?
રુચિકર રસિક જનને ઉદિત આ જ્ઞાન આસ્વાદો મુદા;
કહીં કોઈ રીતે કદીય ચેતન જડરૂપે નહિ સંભવે,
આત્મા અનાત્મા સાથ કદિ તાદાત્મ્યવૃત્તિ ના હુવે. ૨૨

રે ! કોઈ રીતે મરીને પણુ તત્ત્વ ઉત્સુકતા ધરી,
કર સ્વાનુભવ મુહૂર્ત તનનો પડોશી થઈને જરી;
ચિદ્સ્વરૂપ જડથી ભિન્ન નિજમાં વિલસતો સ્વ ભાળતાં,
તું શીઘ્ર તજશે રૂપી સાથે, એકતારૂપ મોહ ત્યાં. ૨૩

નિજ કાંતિથી જે દશદિશાને ધોઈ નિર્મળ અતિ કરે,
નિજ તેજથી ઉત્કૃષ્ટ તેજ પ્રપૂર્ણ રવિનો મદ હરે;
નિજ રૂપથી જનમન હરે, અમૃત સુખને સિંચતા,
ધ્વનિ દિવ્યથી ભવિકર્ણમાં સાક્ષાત્ સુધા વરસાવતા;
તે તીર્થપતિ આચાર્ય જગમાં વંદ્ય જગને તારતા,
ઉત્કૃષ્ટ એક સહસ્ર ઉપર અષ્ટ લક્ષણ ધારતા. ૨૪

આ નગર ઊંચા કોટથી જાણે ગ્રસે આકાશને,
વળી સર્વ બાજુ બાગપંક્તિથી ગળે ભૂભાગને;
ચારે તરફ વળી ખાઈ ઊંડીથી પીવે પાતાળને,
એ નગરનું વર્ણન થતાં ના નૃપનું વર્ણન બને. ૨૫

તે રૂપ જિનવરનું સદા ઉત્કૃષ્ટ જયવંતુ રહે,
ત્યાં અંગ અવિકારી અને સુસ્થિતતા સઘળાં લહે;
લાવણ્ય સહજ અપૂર્વ સહુની પ્રીતિ સત્વર તે વરે,
ગંભીર સાગર સમ સદા, ના ક્ષોભ ભાવ કદી ધરે. ૨૬

આત્મા અને કાયાતણી વ્યવહારથી છે એકતા,
નિશ્ચયનયે તે ઉભય જુદાં, સર્વથા ત્યાં ભિન્નતા;
વ્યવહારથી તનની સ્તુતિ, સ્તુતિ આત્મની જો કે ગણો,
નિશ્ચયનયે ચૈતન્યની સ્તુતિ, તે જ ચેતનની ભણો;
તો સ્તવન તીર્થંકરતણું જિતમોહ આદિ છે ખરે,
નહિ એકતા જીવ શરીરને નિશ્ચય સદા એ દૃઢ કરે. ૨૭

ઇમ તત્ત્વપરિચિત જ્ઞાનીઓએ એકતા તન સાથ જ્યાં,
મૂળથી ઉખેડી નાખી નયયુક્તિ વડે અત્યંત ત્યાં,
તો બોધ તેવા પુરુષને તત્કાળ બોધરૂપે ન કાં,
ખેંચાઈ નિજરસ વેગથી થઈ એક શું પ્રગટે ન ત્યાં? ૨૮

પર ભાવના આ ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ યદિ,
જૂની ન થાયે એ રીતે અતિ વેગથી નહિ વર્તતી;
તે પ્રથમ તો પર ભાવ સઘળાથી અતિશય મુક્ત જે,
અનુભૂતિ આ તત્કાળ પ્રગટી, સ્વયં નિજસુખયુક્ત તે. ૨૯

નિજ રસ વડે ભરપૂર ભાવે પૂર્ણ નિજ સ્વરૂપ જે,
હું અનુભવું અહીં આત્મથી નિજ એક આત્મસ્વરૂપ તે;
નથી નથી મોહ સંબંધી કદીએ કોઈ નહિ તે માહરો,
હું શુદ્ધ ચિદ્દ્ઘન આત્મજ્યોતિ તેજપુંજ નિધિ ખરો. ૩૦

સૌ અન્ય ભાવો સાથ આમ વિવેક જાગ્યો અનુપ જ્યાં;
ઉપયોગ આ ધારે સ્વયં નિજ એક આત્મસ્વરૂપ ત્યાં;
પરમાર્થ જેનો પ્રગટ પ્રગટ્યો, જ્ઞાન દર્શન ચરણ ત્યાં,
પરિણમી આત્મા આત્મઉદ્યાને રમે સ્વરમણમાં. ૩૧

પડદો સ્વરૂપને ઢાંકતો વિભ્રમ થયો નિર્મૂળ જ્યાં,
ભગવાન જ્ઞાન સમુદ્ર આ આત્મા પ્રગટ સર્વાંગ ત્યાં;
હે સર્વ લોકો ! એક સાથે શાંત રસમાં મગ્ન હો !
એ શાંતરસ ઊછળી રહ્યો છે લોક સુધી તેને ચહો. ૩૨

જીવ અજીવ બંને ભિન્ન જોવા દૃષ્ટિ નિર્મળ જેમની,
ઉપજાવતું એવા જનોને પ્રતીતિ ભિન્ન પદાર્થની,
દૃઢ બંધ યુક્ત અનાદિ જ્ઞાનાવરણ આદિ વિનાશથી,
જે પ્રગટ જ્ઞાન વિશુદ્ધ પ્રગટ્યું, આત્મદ્રવ્ય વિકાસથી,
તે પ્રગટ આત્મારામ જ્યોતિ અનંત તેજે ઝળકતું,
વિલસે અનાકુળ ધીર ઉત્તમ જ્ઞાન મન આહ્લાદતું. ૩૩

બસ, થોભ લાભ શું વ્યર્થ કોલાહલ અવરથી છે તને,
થઈ સ્વયં શાંત છ માસ નિજમાં લીન થઈ જો સ્વાત્મને;

તો હૃદયસરમાં તેજ જેનું ભિન્ન પુદ્‌ગલથી સદા,
ભાસે તને નિજ આત્મપ્રાપ્તિ કે નહીં શું તે તદા? ૩૪

ચિત્‌શક્તિથી જુદા બધા ભાવો સમૂળા ત્યાગીને,
ચિત્‌શક્તિમાત્ર સ્વરૂપ પોતે પ્રગટ તે અવગાહીને;
સૌ વિશ્વ ઉપર વર્તતા આ એક શાશ્વત આત્મનો,
આત્મા વિષે અભ્યાસ અનુભવ આદરો સહજાત્મનો. ૩૫

ચિત્‌શક્તિ વ્યાપ્ત સુસાર સૌમાં માત્ર જીવ સ્વરૂપ એ,
તેથી રહિત સમસ્ત ભાવો માત્ર પુદ્‌ગલરૂપ તે. ૩૬

જે વર્ણ રસ કે ગંધ ભાવો રાગ મોહાદિ બધા,
છે ભિન્ન આત્માથી છતાં, અજ્ઞાની માને નિજ મુધા;
તેથી જુએ જો તત્ત્વથી, જીવ દૃષ્ટિ અંતર્મુખ કરી,
દેખાય તે ના, માત્ર ભાસે એક જીવ સર્વોપરી. ૩૭

જે વસ્તુથી જે ભાવ બનતા, ભાવ તે વસ્તુ કહો,
જ્યમ મ્યાન સોનાની બનેલી સોનું પણ અસિ ના લહો. ૩૮

વર્ણાદિ ગુણ સ્થાનક સુધીના ભાવ જડથી જે બન્યા,
તે સર્વ જડ, ચેતન નહીં, જીવ જ્ઞાનઘન, તેથી જુદા. ૩૯

ઘીનો ઘડો કહેવાય પણ ઘીમય બને ના ઘટ યથા;
વર્ણાદિવાળો જીવ કહેતાં, ન જીવ વર્ણમયી કદા. ૪૦

જીવ પ્રગટ સ્વસંવેદ્ય આદિ અંત વર્જિત અચળ જ્યાં,
તે સ્વયં ચૈતન્યમૂર્તિ ઝળકે દિવ્ય જ્યોત અતીવ ત્યાં. ૪૧

છે અજીવ વર્ણાદિ સહિત ત્યમ રહિત એમ દ્વિધા યદા,
લક્ષણ અમૂર્ત ગ્રહ્યે જગતથી જીવ સ્વરૂપ જણાય ના;

અતિવ્યાપ્તિ તેમ અવ્યાપ્તિ દૂષણુથી રહિત જીવ તત્ત્વને,
તેથી વિચારીને કહ્યું છે ભેદ વિજ્ઞાની જને,
ચૈતન્ય જીવ લક્ષણુ પ્રગટ, તે અચળ યોગ્ય ગણ્યું યદા,
જગ જીવ તે અવલંબજો, નિજ ભેદજ્ઞપ્તિ સૌખ્યદા. ૪૨

ઇમ જીવથી અજીવ લક્ષણુ ભિન્ન જાણી જ્ઞાની તો,
નિજ આત્મનો અનુભવ કરે, પોતે સ્વયં ઉલ્લાસતો,
અજ્ઞાનીને વિસ્તરેલ અનહદ મોહ કાં નાચી રહ્યો ?
આશ્ચર્ય તેમજ ખેદ મહા તેથી અમોને આ થયો. ૪૩

અવિવેકરૂપી મહાન નાટક આ અનાદિના વિષે,
વર્ણાદિ યુત પુદ્ગલ ખરેખર નાચતું નિત્યે દીસે;
આ જીવ તો ચૈતન્ય ધાતુ શુદ્ધ બુદ્ધ ગ્રહાય છે,
રાગાદિ પુદ્ગલ વિકૃતિથી જે વિરુદ્ધ સદાય છે. ૪૪

અભ્યાસ ફરી ફરી જ્ઞાન કરવતનો કરે ઇમ જીવ જ્યાં,
જીવ અજીવ બંને ભિન્ન કરતો પ્રગટ વર્તે નાંહિ ત્યાં,
ચિન્માત્ર શક્તિ વ્યક્ત વિકસે વિશ્વવ્યાપી જ્ઞાન ત્યાં,
અતિ અતિ પ્રકાશે જ્ઞાતૃદ્રવ્ય સ્વયં વેગે જાણુ ત્યાં. ૪૫

આ લોકમાં હું જીવ કર્તા કર્મ મુજ કોપાદિ આ,
એ કર્તૃ કર્મ પ્રવૃત્તિ અજ્ઞાની સમૂળી ટાળવા,
અતિ ધીર તેમજ ઉચ્ચ એવી જ્ઞાનજ્યોતિ ત્યાં સ્ફુરે,
પ્રત્યક્ષ જાણે વિશ્વને, ગુણ સર્વજ્ઞાયક તે ધરે. ૪૬

પર પરિણુતિને જે તજે, વળી ભેદભાવ નિવારતું,
અત્યંત જ્ઞાન અખંડ પ્રગટ્યું ઉચ્ચતમ તમ વારતું;
ત્યાં કર્તૃ કર્મ પ્રવૃત્તિને અવકાશ અલ્પ મળે જ ક્યાં ?
ત્યમ કર્મબંધ નવીન પુદ્ગલનો જરા ક્યમ થાય ત્યાં ? ૪૭

પર દ્રવ્યથી નિવૃત્તિ ઇમ ઉત્કૃષ્ટ સંપ્રતિ સાધીને,
નિઃશંક થઈ વિજ્ઞાનઘન આસ્તિક્ય નિજ અવલંબીને;
અજ્ઞાનકૃત જે કર્તૃ કર્મ પ્રવૃત્તિ ક્લેશ નિવર્તતા,
જ્ઞાની બની જગ સાક્ષી થઈ પ્રાચીન પુરુષ આ રાજતા. ૪૮

તત્ સ્વરૂપમાં છે વ્યાપ્ય વ્યાપક ભાવ તે નહિ અન્યમાં,
શું કર્તૃ કર્મ સ્થિતિ મળે ના વ્યાપ્ય વ્યાપક ભાવ જ્યાં ?
બળવાન એમ વિવેક રવિ–ઉદ્યોત તમ વિનાશતો,
જ્ઞાની થતાં કર્તા મટી આત્મા પ્રગટ પ્રકાશતો. ૪૯

સ્વપર પરિણતિ જ્ઞાની જાણે, જાણતું પુદ્ગલ નહીં,
તો વ્યાપ્ય વ્યાપક ભાવ બંને ભિન્ન કદી પામે નહીં;
અજ્ઞાનથી ભ્રમબુદ્ધિ કર્તા કર્મ જીવ પુદ્ગલ ગણે,
ઝટ જ્ઞાનજ્યોતિ અદય કરવત ભિન્ન કરતું ઉભયને. ૫૦

કર્તા બને જે પરિણમે પરિણામ કર્મ બને ખરે !
વળી ક્રિયા પરિણતિ વસ્તુતાએ ભિન્ન ના એક જ ઠરે. ૫૧

પરિણમે એક સદાય ને પરિણામ એક તણાં સદા,
પરિણતિ પણ છે એકની, તો એક માત્ર અનેક ત્યાં. ૫૨

બે દ્રવ્ય એકરૂપે નહિ પરિણમે, પરિણામો જુદાં,
ત્યમ ભિન્ન પરિણતિ બેઉની, બે ભિન્ન રહે બે સર્વદા. ૫૩

બે દ્રવ્યના નહિ એક કર્તા, કર્મ નહિ બે એકનાં,
બે ક્રિયા નહિ વળી એકની, નહિ એક થાય અનેક ત્યાં. ૫૪

'પર દ્રવ્યને હું કરું છું' એ અહંકાર અનાદિનો,
અત્યંત દુર્નિવાર મહા અજ્ઞાન તમ અજ્ઞાનીનો;

પરમાર્થ નયના ગ્રહણથી જો એકવાર વિલય થતો,
તો જ્ઞાનઘન આત્મા પછી શી રીત બંધનયુત થતો ? ૫૫

આત્મા કરે નિત આત્મભાવો, અન્યભાવો પર કરે,
આત્મા જ આતમભાવ છે, પર ભાવ નિત્યે પર ખરે. ૫૬

અજ્ઞાનથી તૃણમિશ્ર અન્નાહાર કરનારા યથા,
રાગી બને હાથી સમા, જીવ જ્ઞાનરૂપ સ્વયં છતાં;
દહીં ખાંડના ખાટા મીઠા રસગૃદ્ધિથી શ્રીખંડને,
પીતાં ગણે ગૌદૂધપાન પણ લહે નહિ ભેદને. ૫૭

અજ્ઞાનથી મૃગજળ ગણી મૃગ જળ પીવા જ્યમ દોડતા,
તમમાં પડેલી દોરીને જ્યમ સર્પ ગણી જન ભાગતા;
વિકલ્પથી કલ્લોલ સમ જલધિમાં વાથી ઊછળતા,
આકુળ થઈ કર્તા ગણે, જીવ શુદ્ધ જ્ઞાનમયી છતાં. ૫૮

જીવ જ્ઞાનથી વિવેક કરતાં, સ્વપર ભેદ પિછાણતા,
જ્યમ હંસ પાણી દૂધની વિભિન્નતાને જાણતા;
નિજ અચળ ચિદ્રૂપ ધાતુના અવલંબને નિત્યે રહી,
જે માત્ર જાણે પણ કરે ના, કાંઈ પણ નિશ્ચે સહી. ૫૯

જ્યમ ગરમ જળમાં ગરમી ઠંડી, ભેદજ્ઞાનવડે લહો,
વળી સ્વાદ શાક અને લવણનો ભિન્ન જ્ઞાને જ્યમ ગ્રહો;
ક્રોધાદિ કર્તૃભાવ ને ચેતન સ્વરસવિકસિત સદા,
એ ભિન્ન બન્ને પ્રગટ થાયે, ભેદજ્ઞાને સર્વદા. ૬૦

એ રીત આત્મા કરે પોતે જ્ઞાન કે અજ્ઞાનને;
નિજ ભાવનો કર્તા ખરે, કદી ના કરે પર ભાવને. ૬૧

જીવ કરે જ્ઞાન જ, જ્ઞાન પોતે, જ્ઞાનવિણ પર શું કરે ?
પર ભાવ કર્તા, મોહ એ, વ્યવહારીનો જાણો ખરે. ૬૨

જીવ કરે ન પુદ્‌ગલ કર્મ તો કહો કોણ કર્તા તેહનો ?
ઉદ્‌ભવે શંકા એમ તો જિજ્ઞાસુ સુણજો સજ્જનો;
અતિ તીવ્ર વેગે વ્યાપતા એ મોહરૂપ શત્રુતણો,
સંપૂર્ણ કરવા નાશ, મહિમા જાણજો સુજ્ઞાનનો. ૬૩

પરિણામ શક્તિ સ્વભાવથી નિર્વિઘ્ન પુદ્‌ગલની ઠરે;
પુદ્‌ગલ કરે જે ભાવ તેનો તે જ કર્તા તો ખરે. ૬૪

પરિણામ શક્તિ સ્વભાવથી આત્મા તણી નિર્વિઘ્ન જ્યાં,
ત્યાં ભાવ નિજ આત્મા કરે, કર્તા ઠરે તેનો જ ત્યાં. ૬૫

જ્ઞાનમય ક્યમ ભાવ જ્ઞાનીને ન બીજો સંભવે ?
અજ્ઞાનમય અજ્ઞાનીને ક્યમ અન્ય તેને ના હુવે ? ૬૬

જ્ઞાને કરીને નીપજે ભાવો સકલ જ્ઞાનીતણા,
અજ્ઞાનથી ત્યમ નીપજતા સવિ ભાવ અજ્ઞાનીતણા. ૬૭

અજ્ઞાનમય ભાવો તણી અજ્ઞાની વ્યાપે ભૂમિને,
તે દ્રવ્ય કર્મ નિમિત્ત એવા ભાવના હેતુ બને. ૬૮

નય પક્ષપાત તજી વસે જે સ્વરૂપગુપ્ત સ્વમાં સદા;
તે શાંતચિત્ત વિકલ્પ વર્જી જો પીએ સાક્ષાત્ સુધા. ૬૯

નય એક બંધન યુક્ત કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ નિશ્ચયે ચિદ્ એક છે. ૭૦

નય એક મોહી, મૂઢ કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૧

નય એક રાગી, રક્ત કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૨

નય એક દ્વેષી જીવ કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૩

નય એક જીવ કર્તા કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૪

નય એક જીવ ભોક્તા કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૫

નય એક જીવને જીવ કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૬

નય એક જીવને સૂક્ષ્મ કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૭

નય એક જીવને હેતુ કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૭૮

નય એક જીવને કાર્ય કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ નિશ્ચયે ચિદ્ એક છે. ૭૯

નય એક જીવને ભાવ કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૦

નય એક જીવને એક કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૧

નય એક જીવને સાંત કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૨

નય એક જીવને નિત્ય કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૩

નય એક જીવને વાચ્ય કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૪

નય એક જીવ નાના કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ,નિશ્ચયે ચિદ્ એક છે. ૮૫

નય એક જીવને ચૈત્ય કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૬

નય એક જીવને દૃશ્ય કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૭

નય એક જીવને વેદ્ય કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૮

નય એક જીવને ભાત કહે, ના તેમ બીજો તો કહે,
ચૈતન્યમાં ઇમ બેય નયના, પક્ષપાત ઉભય રહે;
જે તત્ત્વવેત્તા તે સદા, નય પક્ષપાત રહિત છે,
તેને સદા ચિદ્ ચિદ્ અનુભવ, નિશ્ચયે ચિદ્ એક છે. ૮૯

ઇમ સ્વયં બહુ વિકલ્પ જાળો, ઊછળતી જેમાં સદા,
નયપક્ષકક્ષા મહાન તેને, ઉલંઘી સહેજે જતા;
અંતર બહિર સમતારૂપી, રસ એક છે નિજભાવ જે,
તે તત્ત્વવેદી પામતા, અનુભૂતિ માત્ર સ્વભાવને. ૯૦

ઇમ ઇંદ્રજાળ સમા વિકલ્પો, ચપળ ઊછળે બહુ જહાં,
ઝટ જાય ભાગી સ્ફુરણમાત્રે, જ્યોતિ ચિન્મય હું તહાં. ૯૧

ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય ભાવો, ચિત્સ્વભાવ પ્રપુંજથી,
પરમાર્થ એવું સ્વરૂપ જેનું, એક એ નિજ તેજથી;
શોભી રહ્યા, એ સમયસાર અપાર, નિજ સહજાત્મને,
અનુભવું છું તજી કર્મ ઉદયે બંધભાવ સમસ્તને. ૯૨

નય પક્ષ વિણ જે અચલ નિર્વિકલ્પભાવે ભાસતો,
વળી શાંત પુરુષો અનુભવે તે સમયસાર પ્રકાશતો;
વિજ્ઞાન રસ છે એક જે ભગવાન પુરુષ પુરાણ એ,
તે જ્ઞાન દર્શન પણ અને જે કંઈ કહો તે એક એ. ૯૩

જ્યમ પાણી નિજ સમૂહથી ચ્યુત ગહન વનમાં દૂર ભમે,
તે બળ વડે નિજ સમૂહ પ્રત્યે ઢાળ માર્ગે ફરી મળે;
ત્યમ સ્વરૂપથી ચ્યુત જે ભમે વિકલ્પ જાળવને અતિ,
તે દૂરથી વિવેકઢાળે વળી જતા નિજ પદ પ્રતિ;
વિજ્ઞાનઘનરસના રસિક આત્માર્થી બળથી વાળતા,
વિજ્ઞાનઘનરસસ્વરૂપ પ્રત્યે, આત્મરમણે રાચતા. ૯૪

વિકલ્પ કરનારો જ કર્તા કર્મ તે વિકલ્પ જ્યાં;
સવિકલ્પ જીવને કર્મકર્તાપણું નષ્ટ ન થાય ત્યાં. ૯૫

જે કરે તે કેવળ કરે, ને જાણતો જાણે ખરે;
જે કરે તે જાણે નહીં, કદી જાણનારો ના કરે. ૯૬

જે ક્રિયા કરવારૂપ છે, જ્ઞપ્તિ ક્રિયા તેમાં નહીં,
જ્ઞપ્તિક્રિયામાં પણ કરોતિ ક્રિયા કદી ભાસે નહીં;
છે તેથી જ્ઞપ્તિ ને કરોતિ બેઉ ભિન્ન વિભિન્ન જ્યાં,
તેથી ન જ્ઞાતા થાય કર્તા, સિદ્ધ થાયે એમ ત્યાં. ૯૭

નથી કર્મમાં કર્તા કદા, ત્યમ કર્મ કર્તામાં નથી,
ઇમ બેઉમાં નિષેધ જ્યાં, શી કર્તૃકર્મતણી સ્થિતિ?
જો આમ જ્ઞાતામાંહિ જ્ઞાતા, કર્મમાંહિ જ કર્મ છે,
એ વ્યક્ત વસ્તુસ્થિતિ છતાં, અહીં મોહ નાચે કેમ છે ? ૯૮

ચિત્શક્તિચયના ભારથી ગંભીર અચળ ઉજ્જ્વળ અતિ,
આ જ્ઞાનજ્યોતિ પ્રગટ પ્રગટી અંતરે જળહળ થતી;
અજ્ઞાનમાં કર્તા થતો'તો જીવ તે કર્તા મટ્યો,
પુદ્ગલ થતું'તું કર્મ તે પણ કર્મભાવ હવે મટ્યો;
રહે જ્ઞાનરૂપે જ્ઞાન ને પુદ્ગલ રહે પુદ્ગલરૂપે,
સ્થિત થાય બંને દ્રવ્ય, પરિણતિ પર મૂકી, નિજનિજરૂપે. ૯૯

શુભ અશુભ ભેદે બે પ્રકારે, કર્મ કરતો એક જે;
તે સ્વયં જ્ઞાન સુધાંશુ પ્રગટ્યો, મોહરજ હરી છેક જે. ૧૦૦

અભિમાન બ્રાહ્મણનું ધરે, તે એક મદ્ય તજે દૂરે,
'હું શૂદ્ર છું' માને બીજો તે સ્નાન તેથી નિત કરે;
એ બેઉ જન્મ્યા શૂદ્રિ ઉદરે એક સાથે તો ખરે,
તે શૂદ્ર સાક્ષાત્ તોય વર્તે જાતિ ભિન્ન ભ્રમે અરે ! ૧૦૧

નહિ ભેદ આશ્રય હેતુ અનુભવ ને સ્વભાવ વિષે રહ્યો,
તેથી કર્મ અનંત તો પણ ભેદ ત્યાં એક જ કહ્યો;
આશ્રિત કર્મ સમસ્ત બંધન માર્ગને છે જ્યાં રહ્યાં,
એ બંધ હેતુ કર્મ સર્વે શુભ અશુભ એક જ કહ્યાં. ૧૦૨

સર્વજ્ઞ કર્મ સમસ્તને કહે બંધનો દુઃખદાયી જ્યાં;
શુભ અશુભ કર્મ નિષેધ્યું તેથી, સ્વાનુભવ શિવદાયી ત્યાં. ૧૦૩

નિષેધતાં ઇમ પુણ્ય પાપ સમસ્ત કર્મ પ્રપંચતા;
નિષ્કર્મ સ્થિતિમાં જ્ઞાનીઓ કદી અશરણતા નહિ પામતા. ૧૦૪

જે જ્ઞાનરૂપ આ આતમા, ધ્રુવ અચળ જ્ઞાનરૂપે થતો,
છે તે જ મુક્તિહેતુ નિશ્ચે, મોક્ષરૂપ સ્વયં છતો. ૧૦૫

છે ભવન જ્ઞાનતણું હુવે જો જ્ઞાનભાવે સર્વદા;
છે જ્ઞાન જીવ સ્વભાવી તો શિવહેતુ જ્ઞાન જ છે સદા. ૧૦૬

નહિ ભવન જ્ઞાનતણું હુવે, જો કર્મ ભાવે તો કદા;
પુદ્ગલ સ્વભાવી કર્મ તો, નહિ કર્મ શિવકારણ કદા. ૧૦૭

રે! મોક્ષહેતુ ઘાતતું, વળી બંધરૂપ સ્વયં સદા;
સ્વભાવથી શિવહેતુ ઘાતે નિષેધિત તે સર્વદા. ૧૦૮

મોક્ષાર્થીને તો ત્યાજ્ય છે જ્યાં સર્વ કર્મ પ્રપંચ આ,
ઇમ કર્મ ત્યાગ થતાં રહી ક્યાં પુણ્ય પાપ તણી કથા?
સમકિત આદિ સ્વસ્વભાવે પરિણમે શિવ સાધતું,
નૈષ્કર્મ્ય સાથે બદ્ધરસ ત્યાં જ્ઞાન આવે દોડતું. ૧૦૯

પરિપૂર્ણતા જ્યાં સુધી ન પામે, કર્મવિરતિ જ્ઞાનની,
ત્યાં સુધી રહે એકત્ર કર્મો જ્ઞાન, ત્યાં કંઈ નહિ ક્ષતિ;

પણ કર્મ ઉદયે અવશતાથી બંધહેતુ તે બને,
પરિણમે જ્ઞાન વિશુદ્ધ ભાવે મુક્તિહેતુ તે ગણે. ૧૧૦
જે માત્ર અવલંબે ક્રિયા, પણ જ્ઞાન કંઈ જાણે નહીં,
ત્યમ જ્ઞાનની વાતો કરે, પણ મંદ ઉદ્યમે રહી;
સ્વચ્છંદ ને પ્રમાદવશ જે શુષ્કજ્ઞાને વર્તતા,
એકાંત નય અવલંબનારા, ભવસમુદ્રે ડૂબતા;
જે જ્ઞાનરૂપ સ્વયં બને, તે વિશ્વની ઉપર તરે,
નહિ વશ પ્રમાદ તણે રહે, ત્યમ કર્મ પણ તે ના કરે. ૧૧૧
જે મોહમદિરાપાનથી, શુભ અશુભ કર્મ પ્રભેદને,
નચવી રહ્યો ભ્રમરસતણા બહુ ભારથી ઉન્માદ એ;
નિજ બળ વડે મૂળથી ઉખેડી કર્મ તેહ સમસ્તને,
આ જ્ઞાનજ્યોતિ પ્રગટ પ્રગટી, ટાળી તમ અજ્ઞાનને;
એ સહજ વિકસિત જ્ઞાનજ્યોતિ કેલિ કરવા માંડતી,
નિજ પરમ જ્ઞાનકળાની સાથે, જ્ઞાન કેવળ સાધતી. ૧૧૨
આસ્રવ મહા ઉન્મત્ત યોદ્ધો યુદ્ધમાં જે અતિ બલી,
જીતે અજિત ઉદાર ગભીર જ્ઞાન મહા બાણાવલી. ૧૧૩
જે ભાવ રાગદ્વેષ મોહ વિણ, જ્ઞાન નિર્મિત જીવનો,
તે દ્રવ્ય કર્માસ્રવો રોકે, ભાવ આસ્રવ નાશ તો. ૧૧૪
જે ભાવઆસ્રવ નાશમય થઈ, દ્રવ્ય આસ્રવ ભિન્ન જ્યાં,
નિત જ્ઞાનમય ભાવે નિરાસ્રવ એક જ્ઞાયકરૂપ ત્યાં. ૧૧૫
આત્મા યદિ જ્ઞાની બને, તો નિરાસ્રવ થાયે સદા,
તજતા સતત તે રાગ પોતે બુદ્ધિ પૂર્વકનો તદા;
અણ બુદ્ધિ પૂર્વક રાગ જીતવા, શક્તિ ફરી ફરી વાપરે,
પર વૃત્તિ સર્વ ઉખેડી નાખી પૂર્ણ જ્ઞાને તે ઠરે. ૧૧૬

સવિ દ્રવ્ય આસ્રવ સંતતિ, જીવંત જો જ્ઞાની જને,
ક્યમ જ્ઞાની નિત્ય નિરાસ્રવી ? હે શિષ્ય ! શંકા જો તને. ૧૧૭

અજ્ઞાનથી પૂર્વે કરેલાં કર્મ સત્તામાં છતાં,
ત્યમ સમય પાકયે ઉદય આવ્યાં, દ્રવ્ય કર્મો ભાસતાં;
તો પણ અભાવ સમસ્ત રાગાદિ વિભાવોનો તહીં,
તે જ્ઞાનીને કદી કર્મબંધ જરીય સંભવતો નહીં. ૧૧૮

જ્યાં રાગદ્વેષ વિમોહનો, નહિ જ્ઞાનીને સંભવ કદા,
ત્યાં બંધ તેને છે નહીં, એ બંધ કારણ છે સદા. ૧૧૯

જે જ્ઞાનઉન્નત શુદ્ધ નયના આશ્રયે રહીને સદા,
અભ્યાસતા એકાગ્રતાને જ્ઞાની જ્ઞાને સર્વદા;
એ રાગદ્વેષ વિમોહ આદિથી વિમુક્ત મને સદા,
બંધન વિના સહજાત્મરૂપી સમયસાર નિહાળતા. ૧૨૦

જે શુદ્ધ નયથી ચ્યુત થઈ ભવ ભ્રમણ વૃદ્ધિ વશ થતા,
રાગાદિ સંબંધો લહી, નિજ જ્ઞાન ભ્રષ્ટ થઈ જતા;
પૂર્વે ગ્રહેલા દ્રવ્ય આસ્રવ કર્મબંધ ગ્રહે તથા,
બહુ બહુ વિચિત્ર વિકલ્પ જાળે, કર્મબંધે ફસી જતા. ૧૨૧

તાત્પર્ય તેથી અત્ર આ કે શુદ્ધ નય તજવો નહીં,
તેના અત્યાગે બંધ નહિ, તે ત્યાગતાં બંધન સહી. ૧૨૨

એ આદિ અંત રહિત એવું ધીર વિસ્તૃત જ્ઞાન તો,
મહિમા અતિશય તે તણો ત્યાં શુદ્ધ નય સ્થિર તો થતો;
એ સર્વકર્મવિનાશી નયને, ના તજે કૃતી સજ્જનો,
એ શુદ્ધ નય અવલંબી, તેમાં સ્થિર થતા જ્ઞાનીજનો;
સંહરી બાહ્ય જનાર કિરણો, શાંત તેજ નિહાળતા,
તે પૂર્ણ જ્ઞાન ઘનૌઘ નિશ્ચળ સહજપદ નિજ ભાળતા. ૧૨૩

નિત દ્યોતવંતી શ્રેષ્ઠ વસ્તુ ભાળતા નિજ અંતરે,
રાગાદિ આસ્રવ સર્વથા ઝટ નાશ પામ્યાથી ખરે;
નિજ રસ અતીવ પ્રસારતી, સવિ વસ્તુને જાણે સદા,
વર જ્ઞાનજ્યોતિ જળહળી એ, અચળ અનુપમ સર્વદા. ૧૨૪

આસ્રવ મહા ગર્વિત સંવરજયથી કાળ અનાદિથી,
તેને હવે જીતે સદા સંવર તિરસ્કારે અતિ;
ઉપજાવતી તે ભિન્ન પરથી, સ્વરૂપ અચળ પ્રકાશતી,
ચિન્મયી ઉજ્જવળ જ્યોતિ, નિજરસભારથી ત્યાં પ્રગટતી. ૧૨૫

રે! જ્ઞાન ચિદ્રૂપતા ધરે, રાગાદિ જડરૂપને ધરે,
દારુણ વિદારણ ત્યાં કરી, એ બેયને જુદાં કરે;
એ વિમલ ભેદજ્ઞાન પ્રગટ્યું, સંત હર્ષિત થાવ ત્યાં,
નિજ શુદ્ધ જ્ઞાનઘને ઠરો, રાગાદિ પર પરિહાર જ્યાં. ૧૨૬

જો કોઈ રીતે સતત ધારાવાહી જ્ઞાને વર્તતા,
નિજ શુદ્ધ આત્મા અચળતાથી આત્મ અનુભવ રત થતા;
ત્યાં સતત આત્મારામ, સ્વરૂપે રમણ કરતા, ઓઘથી,
અતિ શુદ્ધતા પ્રગટાવતા, પર પરિણતિના રોધથી. ૧૨૭

નિજ સ્વરૂપ મહિમા લીન છે, જે ભેદજ્ઞાન તણા બળે,
નિજ શુદ્ધ આતમ તત્ત્વ ઉત્તમ નિશ્ચયે તેને મળે;
તે અચળ પર દ્રવ્યોથી દૂરે વર્તતા એવા ખરે,
સૌ કર્મક્ષય સંપૂર્ણ કરીને, મુક્તિસુખ અક્ષય વરે. ૧૨૮

સાક્ષાત્ સંવર આ લહો, શુદ્ધાત્મ તત્ત્વ અનુભવે;
તે ભેદજ્ઞાને ભેદ કેરી ભાવના ભાવો હવે. ૧૨૯

આ ભેદજ્ઞાન અખંડ ધારાથી નિરંતર ભાવવું;
જ્યાં સુધી પરથી છૂટીને, ના જ્ઞાન જ્ઞાને ઠરી જતું. ૧૩૦

જે કોઈ સિદ્ધિ પામીઆ, તે ભેદજ્ઞાન બળે ખરે;
જે કોઈ બંધને ફસ્યા, તે ભેદજ્ઞાન વિના અરે! ૧૩૧

આ ભેદજ્ઞાનપ્રકાશના અભ્યાસથી નિજ અનુભવે,
રાગાદિ સર્વ વિભાવવિલયે, કર્મ સંવરતા બળે;
સંતોષધારક, જ્ઞાન નિર્મળ, એક મ્લાન નહીં જરા,
તે પ્રગટ પ્રગટ્યું નિત્ય તેજે, લીન જ્ઞાને તે ખરા. ૧૩૨

રાગાદિ આસ્રવ રોકીને સંવર પરમ ઉદ્યત તહાં,
આગામી કર્મો દૂરથી તે રોકતો ઊભો જહાં;
સવિ પૂર્વ કર્મો દગ્ધ કરવા, નિર્જરા પ્રસરે હવે,
આવરણ રહિત ન જ્ઞાનજ્યોતિ કર્મથી મૂર્છિત હુવે. ૧૩૩

તે જ્ઞાનનું સામર્થ્ય કે વૈરાગ્યનું તો છે ખરે!
કે કર્મ ભોગવતાં છતાં તે કર્મ બંધન ના કરે. ૧૩૪

એ જ્ઞાની વિષયો સેવતાં, પણ ફળ ન તેનું પામતા;
સેવે છતાં ના સેવતા, વૈરાગ્ય જ્ઞાન બળે અહા! ૧૩૫

છે નિયત શક્તિ જ્ઞાન ને વૈરાગ્ય સમ્યગ્દૃષ્ટિને,
સ્વગ્રહણ ને પરત્યાગથી સ્વાનુભૂતિ સદ્દૃષ્ટિને;
એ ભેદ જાણી તત્ત્વથી સ્વપર તણો નિજમાં રમે,
ચોમેર રાગાદિ અવરના યોગથી અતિ વિરમે. ૧૩૬

હું સ્વયં સમ્યગ્દૃષ્ટિ છું, નહિ બંધ મુજને તો કદી,
ઇમ માની ગર્વે ઉચ્ચ પુલકિત મુખ કરે રાગી યદિ;
તે વ્રત સમિતિ શ્રેષ્ઠ પાળે, તે છતાં પાપી કહ્યા,
આત્મા અનાત્મા જ્ઞાનવિણ સમ્યક્ત્વ વિરહિત તે રહ્યા. ૧૩૭

હે અંધ! પ્રતિપર્યાયમાં બની મત્ત રાગી સર્વદા,
જ્યાં સુપ્ત કાળ અનાદિથી નહિ સ્થાન નિજનું તે કદા;

તે જાણી જાગો, અત્ર આવો, અત્ર સ્થાન તમારું આ,
ચૈતન્ય ધાતુ શુદ્ધ નિજ રસભારથી સ્થિર ન્યારું આ. ૧૩૮

પદ એકમાત્ર સુસ્વાદ્ય એ, અસ્થાન વિપદાનું જ જો,
પદ અન્ય તેની આગળે, ભાસે અપદ સમ સર્વ તો. ૧૩૯

લે એક જ્ઞાયકભાવથી ભરપૂર સ્વાદ મહાન જ્યાં,
નિજ વસ્તુ અનુભવ સ્વાદથી પર દ્વન્દ્વ સ્વાદ ન શક્ય ત્યાં;
આત્માનુભવના સ્વાદવશ પર જ્ઞાન ઉદય ઉવેખતા,
સામાન્ય જ્ઞાનાસ્વાદથી પર જ્ઞાન એકરૂપે થતાં. ૧૪૦

કરી પાન સર્વ પદાર્થ વ્રજરસભારથી અતિ મત્ત જે,
નિર્મળ અતિ અતિ જ્ઞાન પર્યાયો સ્વયં જ્યાં ઊછળે;
ચૈતન્ય રત્નાકર અતિ અદ્‌ભુત નિધિ ભગવાન તો,
નિજ જ્ઞાન કેવળ એક રસધારી અનેકરૂપે થતો. ૧૪૧

દુષ્કર કરી કર્મો સ્વયં ક્લેશિત શિવઉન્મુખ હો !
વળી અન્ય મહાવ્રત તેમ તપના ભારથી કદી ભગ્ન હો !
સાક્ષાત્‌ મુક્તિ આ નિરામય સ્વયં જ્ઞાન અનુભૂતિ,
તે જ્ઞાન ગુણ વિણ જ્ઞાનપ્રાપ્તિ શક્ય ના પરને થતી. ૧૪૨

આ જ્ઞાનપદ દુષ્પ્રાપ્ય છે, કર્મો વડે જીવો અરે !
તો સહજ જ્ઞાન તણી કળાએ સુલભ જાણો તે ખરે;
માટે જગત જીવો હવે તો સ્વરૂપજ્ઞાન કળા બળે,
નિજ સ્વરૂપ અનુભવ યત્ન આદરજો સતત તો પદ મળે. ૧૪૩

ચૈતન્યમાત્ર સ્વરૂપી ચિંતામણિ સ્વયં આ ભાસતો,
અદ્‌ભુત શક્તિ અચિંત્ય સ્વરૂપી દેવ પોતે રાજતો;
સહજાત્મરૂપે, સિદ્ધ જેના સર્વ અર્થ થયા ખરે,
તે જ્ઞાની વાંછે અન્ય નાંહી, પર પરિગ્રહ શું ધરે ? ૧૪૪

સામાન્યથી ઇમ સર્વ પરિગ્રહ ત્યાગી જ્ઞાની સજ્જનો,
અવિવેક નિજ પર સ્વરૂપનો, અજ્ઞાન હેતુ તેહનો,
તે ત્યાગવા મન જેમનું, એવા જનો જ્ઞાની છતાં;
પરિગ્રહ વિશેષે ત્યાગવા અત્યંત યત્ન વધારતા. ૧૪૫

પૂર્વ કર્મો ઉદય આવ્યે, ભોગ જ્ઞાની જો કરે,
પણ રાગ વિરહે, તે પરિગ્રહ ભાવ કદી નહિ ત્યાં ખરે. ૧૪૬

વેદ્ય વેદક ભાવ ચળ, ઇચ્છિત વેદાયે નહીં,
વિદ્વાન ઇચ્છે કંઈ ન તેથી, વિરક્તિ સઘળે લહી. ૧૪૭

નહિ કર્મ પરિગ્રહ ભાવ પામે, જ્ઞાની રાગ રહિત જ્યાં,
જયમ રંગ વસ્ત્રે કદી ન બેસે, જો કષાયિત તે ન ત્યાં. ૧૪૮

છે જ્ઞાની નિજ રસથી જ સર્વે રાગરસ ત્યાગી સદા,
સવિ કર્મ મધ્યે પતિત પણ લેપાય કર્મે ના કદા. ૧૪૯

જેનો સ્વભાવ જ જે રહ્યો, આધીન તે તેને જ છે,
તે અન્ય સમ કરવો કદાપિ, અવરથી નહિ શક્ય છે;
જે જ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાન તે કદી થાય ના,
હે જ્ઞાની! ભોગવ પણ તને પરદોષકૃત છે બંધ ના. ૧૫૦

હે જ્ઞાની! કરવા યોગ્ય તારે કોઈ કદી છે કર્મ ના,
તો પણ કહે જો ભોગવું હું, મારું કદી પરદ્રવ્ય ના;
તો ભોગવે તું ખોટી રીતે, તારું ના તે, ખેદ હા!
'ઉપભોગથી નથી બંધ' તેથી ભોગવું જો કથન આ;
તો શું તને ઇચ્છા રહે છે, ભોગ ભોગવવાતણી?
વસ જ્ઞાનરૂપે, અન્યથા નિજ દોષથી બંધન સહી. ૧૫૧

નહિ કર્મ બળ કરી જોડતું, કરનારને ફળ સાથ જો,
કરનાર ફળને ઇચ્છતો, તે કર્મફળને પામતો;
થઈ જ્ઞાન, તજી દઈ રાગ, જ્ઞાની કર્મફળ ઇચ્છે નહીં,
કરવા છતાં બંધાય ના, ફળપરિત્યાગસ્વભાવથી. ૧૫૨

ત્યાં કર્મફળ તજનાર કર્તા કર્મનો નહિ માનીએ,
પણ અવશતાથી કર્મ ક્યાંકથી કાંઈ પડતાં આવીને;
તે આવતાં, નિષ્કંપ જ્ઞાને સ્થિત જ્ઞાની જો રહે,
તો જ્ઞાની કરતા કર્મ કે નહિ કોણ જાણે તેહને ? ૧૫૩

કદી વજ્રપાતે ભયચલિત ત્રૈલોક્ય માર્ગ તજે છતાં,
નિર્ભયપણે નિઃશંક સમ્યગ્દૃષ્ટિ સ્થિર થઈ વર્તતા;
'હું જ્ઞાનતન નિર્વધ્ય આત્મા', જાણી જ્ઞાન તજે નહીં,
આ માત્ર સમ્યગ્દૃષ્ટિ સાહસ આવું કરતા તો સહી. ૧૫૪

ચિદ્‌લોક શાશ્વત એક નિત્યે વ્યક્ત ભિન્ન ચિદાત્મનો,
અનુભવ કરે છે જ્ઞાની કેવળ સ્વયં એ સહજાત્મનો;
તુજ લોક ચિદ્રૂપ નહીં અવર ભય કેમ જ્ઞાની ધારતા ?
નિઃશંક નિર્ભય સહજ અવિરત જ્ઞાન નિત્યે વેદતા. ૧૫૫

નિર્ભેદ એવા વેદ્ય વેદક ભાવબળથી સર્વદા,
જ્ઞાની નિરાકુળ સ્વયં વેદે જ્ઞાન એક જ તો સદા;
ત્યાં વેદના બીજી નહીં, શું વેદના ભય ધારતા ?
નિઃશંક નિર્ભય સહજ અવિરત જ્ઞાન નિત્યે વેદતા. ૧૫૬

સત્ ન પામે નાશ નિશ્ચે, પ્રગટ આ વસ્તુસ્થિતિ,
છે જ્ઞાન સત્ સ્વયમેવ તો રક્ષાય શું તે અવરથી ?
તેથી અરક્ષણ તેનું ના, શી ભીતિ જ્ઞાની ધારતા ?
નિઃશંક નિર્ભય સહજ અવિરત જ્ઞાન નિત્યે વેદતા. ૧૫૭

નિજ રૂપ નિશ્ચે પરમ ગુપ્તિ પર પ્રવેશસ્વરૂપ નહીં,
અકૃત જ્ઞાન સ્વરૂપ નિજનું, જ્ઞાન ગુપ્તિ વર કહી,
ઇમ અગુપ્તિ નહિ જ્ઞાનને, શી ભીતિ જ્ઞાની ધારતા?
નિઃશંક નિર્ભય સહજ અવિરત જ્ઞાન નિત્યે વેદતા. ૧૫૮

ઉચ્છેદ પ્રાણતણો મરણ કહેવાય, પ્રાણો આત્મના,
છે જ્ઞાન, તે શાશ્વત સ્વયં, તેથી કદી છેદાય ના,
તો મરણ આત્માને નહીં, શી ભીતિ જ્ઞાની ધારતા ?
નિઃશંક નિર્ભય સહજ અવિરત જ્ઞાન નિત્યે વેદતા. ૧૫૯

આ જ્ઞાન એક સદાય નિશ્ચળ સ્વતઃ સિદ્ધ સ્વભાવ જ્યાં,
પર ઉદય તેમાં થાય ના, જ્યાં સુધી ત્યાં સુધી તેજ ત્યાં;
તેથી અકસ્માત્ ત્યાં નહીં, ભય જ્ઞાની ક્યાંથી ધારતા ?
નિઃશંક નિર્ભય સહજ અવિરત જ્ઞાન નિત્યે વેદતા. ૧૬૦

એ જ્ઞાન નિજરસ પૂર્ણ ટંકોત્કીર્ણ ભોગ સમસ્તથી,
સદ્દૃષ્ટિ કર્મોને હણે નિઃશંકિતાદિ ચિહ્નથી;
તે ઉદય વેદે તોય ફરીથી જરીય બંધ ન બાંધતા,
નિશ્ચિત થાયે નિર્જરા, તે પૂર્વ કર્મો વેદતા. ૧૬૧

જે નવીન બંધન રોકતા, નિજ અષ્ટ અંગ સહિત એ,
વળી બાંધ્યું પૂર્વે ક્ષય કરે તે, નિર્જરા વિકસિત તે;
જે આદિ મધ્યાંતે રહિત, નિજ રસ વડે ભરપૂર એ,
થઈ જ્ઞાન પોતે ગગનભૂમિને વ્યાપી નાચે પ્રચુર તે. ૧૬૨

જે બંધ મહારસરાગ ઉદયે સકળ જગ ગાફેલ કરે,
વળી ખેલતો રસભાવ ભરપૂર નાટચથી, તે દૂર કરે;
આનંદ અમૃત નિત્ય ભોજી, સહજ રૂપ પ્રકાશતું,
ત્યાં જ્ઞાન ધીર ઉદાર પરિગ્રહ વિણુ, અનાકુળ પ્રગટતું. ૧૬૩

નથી કર્મપુદ્ગલ વ્યાપ્ત જગ કે યોગ કારણ બંધનું,
નથી કરણ વિધવિધ, ચિદ્ અચિદ્ વધ કોઈ કારણ તો થતું
રાગાદિ સાથે એકતા, ઉપયોગ ત્યાં જોડાય તે,
ત્યાં બંધ કારણ જીવને, તે એક કેવળ થાય છે. ૧૬૪

આ લોક કર્મે વ્યાપ્ત, મનવચકાય યોગ ભલે રહ્યાં;
ત્યમ કરણ વિધવિધ, ચિદ્ અચિદ્ વધ તેય જાયે ના તજ્યાં
નહિ લાવતાં ઉપયોગમાં રાગાદિ જ્ઞાનરૂપે રહે,
એ માહાત્મ્ય સમ્યગ્દૃષ્ટિનું, તે બંધ નિશ્ચે ના ગ્રહે. ૧૬૫

તો પણ સ્વચ્છંદે વર્તના નહિ યોગ્ય, જ્ઞાની ના કરે,
કારણ સ્વચ્છંદે વર્તના એ સ્થાન બંધ તણું ખરે;
ઇચ્છા વિના જ્ઞાની કરે જો કર્મ તો બંધન નહીં,
જે કરે ને જાણે ક્રિયા એ બે વિરોધી તો તહીં. ૧૬૬

જાણે તથાપિ ના કરે, જે કરે તે જાણે નહીં,
જે કરે ત્યાં છે રાગ, ને અજ્ઞાન પરિણતિ તે કહી;
રાગ તે અજ્ઞાન અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને,
તે બંધનું કારણ બને, નહિ બંધ સમ્યગ્દૃષ્ટિને. ૧૬૭

નિજ કર્મઉદયે નિશ્ચયે જીવને બધુંયે થાય છે,
જીવિત મરણ સુખ દુઃખ સઘળું કર્મફળ વેદાય છે;
રે ! અન્ય જીવો અન્યનાં જીવન મરણ સુખ દુઃખ કરે,
એ માન્યતા અજ્ઞાન છે, ના કોઈ પરનું કંઈ કરે. ૧૬૮

અજ્ઞાન આ પામી જીવો જે માનતા, પરથી થતાં,
જીવિત મરણ સુખ દુઃખ આદિ, કર્મફળ બીજા તણાં;
ઇચ્છક બને તે કર્મ કરવાના અહંકૃતિ રસ વડે,
એ આત્મઘાતી નિયમથી મિથ્યાત્વી મહાપાપી ઠરે. ૧૬૯

અજ્ઞાન અધ્યવસાય આ દેખાય મિથ્યાદૃષ્ટિમાં,
વિપરીત, માટે બંધ હેતુ થાય તેની સૃષ્ટિમાં. ૧૭૦

અધ્યવસાય આ નિષ્ફળ વડે મોહિત અજ્ઞાની બને,
એવું નથી કંઈ પણ ખરે, જેરૂપ પોતે ના બને. ૧૭૧

ષટ્ દ્રવ્યમય આ વિશ્વથી, નિજ જીવ ભિન્ન સદાય જો,
જેના પ્રતાપે વિશ્વરૂપ નિજને કરે જીવ આપ તો;
છે મોહ જેનું મૂળ અધ્યવસાય એવો આ રહ્યો,
તે અલ્પ પણ જેને નથી તે મુનિ સાચો છે કહ્યો. ૧૭૨

જે આત્મબુદ્ધિ પર પદાર્થોમાં જ અધ્યવસાન તે,
સર્વત્ર તજવા યોગ્ય કહેતા જ્ઞાની જિન ભગવાન એ,
વ્યવહાર ત્યાં પર આશ્રયે સઘળોય ત્યાજ્ય જ માનીએ,
રે ! સંત સમ્યક્ નિશ્ચયે નિષ્કંપ શ્રદ્ધા આણીએ;
નિજ જ્ઞાનઘન સહજાત્મપદ અદ્ભુત મહિમા જાણીએ,
તેમાં જ સ્થિરતા સતત સંતો કેમ દૃઢ નહિ આણીએ ? ૧૭૩

નિજ શુદ્ધ ચેતન જ્યોતિથી અત્યંત ભિન્ન અહો ! કહ્યાં,
રાગાદિ સર્વે ભાવકર્મો, બંધ કારણ તે ગ્રહ્યાં,
ત્યાં નિમિત્ત શું આત્મા બને કે અવર એ નિશ્ચય કરો,
આ પ્રશ્નથી પ્રેરિત જ્ઞાનીઓ કહે તે ચિત્ત ધરો. ૧૭૪

જ્યમ સૂર્યકાન્ત મણિ સ્વયં નહિ અગ્નિરૂપે પરિણમે,
પણ સૂર્યબિંબ નિમિત્ત બનતાં, અગ્નિરૂપે પરિણમે;
ત્યમ જીવ પોતે કદી ન થાયે, નિમિત્ત રાગાદિ તણો,
પર સંગ માત્ર નિમિત્ત ત્યાં, વસ્તુસ્થિતિ એવી ગણો. ૧૭૫

રે ! આમ જ્ઞાની જાણતા નિજ આત્મવસ્તુ સ્વભાવને;
તેથી ન રાગાદિ કરે નિજ, તેમ કર્તા ના બને. ૧૭૬

રે ! આમ અજ્ઞાની ન જાણે આત્મવસ્તુ સ્વભાવને,
રાગાદિ પોતાનાં કરે ત્યાં તેથી કર્તા તે બને. ૧૭૭

પર દ્રવ્ય ને નિજ ભાવનું, નિમિત્ત નૈમિત્તિકપણું,
વિચારી એમ વિવેકથી જુદાપણું પર દ્રવ્યનું;
પર દ્રવ્ય જેનું મૂળ એ બહુભાવ સંતતિ છેદતા,
ઇમ એક સાથે બળ કરી પર દ્રવ્યભાવ ઉખેડતા;
અત્યંત વહેતા પૂર્ણ સંવેદન સહિત પ્રકાશતા,
એ બંધ મૂળથી છેદી આ ભગવાન આત્મા પ્રગટતા. ૧૭૮

રાગાદિ કારણ બંધનાં, તેનો ઉદય વિદારતી,
રાગાદિનાં જે કાર્યરૂપ તે બંધ વિધ વિધ ટાળતી;
આ જ્ઞાન જ્યોતિ તમ વિનાશી, સજ્જ એવી શોભતી,
કે કદાપિ પ્રસર તેનો અવર વ્યક્તિ ન રોકતી. ૧૭૯

પ્રજ્ઞારૂપી કરવત વડે જીવ બંધ બેઉ જુદાં કરી,
અનુભવ વડે નિશ્ચિત જીવને પ્રગટ મુક્તિ દે ખરી;
જયવંત વર્તે જ્ઞાન પૂરણ, પ્રગટ આનંદ ભાવથી,
ઉત્કૃષ્ટ એ, કૃતકૃત્ય એ, છે સરસ સહજ સ્વભાવથી. ૧૮૦

પ્રજ્ઞા છીણી આ તીક્ષ્ણ એવી યત્નથી પટકાય ત્યાં,
અતિ સૂક્ષ્મ અંતરસંધિબંધે, પ્રાજ્ઞ સાવધ થાય જ્યાં,
ત્યાં શીઘ્ર આત્મા કર્મ બંને ભિન્ન ભિન્ન જ એ કરે,
ચિદ્રૂપને કરી મગ્ન અંતર તેજપુંજે સ્થિર ધરે;
ચિદ્રૂપ ચૈતન્યપૂર ત્યાં નિશ્ચય પ્રગટ નિર્મળ અહો !
વળી બંધ તો અજ્ઞાનભાવે અચળ સ્થાપિત ત્યાં કરો. ૧૮૧

લક્ષણ બળે જે ભિન્ન સર્વે, ભિન્ન તે કરીને તથા,
ચૈતન્ય લક્ષણ આતમા નિર્વિભાગ મહિમા, શી વ્યથા ?
હું શુદ્ધ ચેતન એ જ, યદિ ગુણધર્મ કારક ભિન્ન હો !
નહિ ભેદ કંઈ પણ શુદ્ધ ચૈતન્ય ભાવરૂપ વિભુ અહો ! ૧૮૨

અદ્વૈત જગમાં ચેતના, નિજ રૂપ દર્શન જ્ઞાન તો,
પણ તે તજ્યે સામાન્ય ને વિશેષરૂપ અભાવ તો;
સામાન્ય ને વિશેષરૂપે ચેતના જો ના રહે,
તો ચેતના અસ્તિત્વ ત્યાગે, જીવ જડતા ત્યાં ગ્રહે;
વ્યાપ્ય આત્મા ચેતના વ્યાપક વિના લય થાય ત્યાં,
છે નિશ્ચયે તેથી કહી, દૃગ્જ્ઞપ્તિરૂપી ચેતના. ૧૮૩

છે એક ચેતનભાવ તે તો ચેતનામય નિજ અરે !
છે અન્ય ભાવો તે બધા છે અન્યના જાણો ખરે !
તો ગ્રાહ્ય એક જ ચેતનામય ભાવ નિજનો જાણીએ,
તે વિણ અન્ય સમસ્ત ભાવો ત્યાજ્ય પર ગણી ત્યાગીએ. ૧૮૪

સિદ્ધાંત આ મોક્ષાર્થી ઉજ્જવળ ચિત્તધારી સેવજો,
હું શુદ્ધ ચિન્મય એક ઉત્તમ જ્યોતિ માત્ર સદાય તો;
પર ભાવ પ્રગટે ભિન્ન લક્ષણવંત વિવિધ પ્રકારના,
તે હું નહીં, પર દ્રવ્ય મુજને, ભિન્ન મારાથી બધા. ૧૮૫

પર દ્રવ્યને જે ગ્રહે તે અપરાધી બંધન પામતા,
નિજ દ્રવ્યમાં જે ગુપ્ત અનપરાધી બંધન કાપતા. ૧૮૬

અપરાધી બંધાયે નિરંતર કર્મ અનંત પ્રકારથી,
નિરપરાધી નહિ સ્પર્શ કરતો બંધ કોઈ પ્રકારથી;

અપરાધી નિશ્ચે નિજ સ્વરૂપ અશુદ્ધરૂપે સેવતો,
શુદ્ધાત્મ સેવે જ્ઞાની તો નિરપરાધી ત્યાં તે થતો. ૧૮૭

સુખસંગી તજતા જે ક્રિયા તે, પ્રમાદી નષ્ટ તો ખરે,
વળી ચપળ ક્રિયારત તજે નિજ ધ્યેય તે પણ નષ્ટ રે!
આત્મા પ્રપૂરણ જ્ઞાનઘન જ્યાં સુધી તો પામ્યા નહીં;
ત્યાં સુધી મનને બાંધવું આત્મારૂપી સ્તંભે સહી. ૧૮૮

અહીં પ્રતિક્રમણ વિષ જ્યાં કહ્યું, ત્યાં જે પ્રમાદવશે રહ્યું,
અપ્રતિક્રમણ તે અમૃત ક્યાંથી હોય? ચેતવવા કહ્યું;
શું આ પ્રમાદવશે જનો, નીચે નીચે પડતા રહો?
ઊંચે ઊંચે શું ના ચઢાયે? જો અપ્રમત્તતાને ગ્રહો. ૧૮૯

આળસ પ્રમાદ ગણાય ભારે, ભારથી જ કષાયના,
આળસ પ્રમાદ સહિત તેથી શુદ્ધ ભાવ ગણાય ના;
નિજ રસે નિર્ભર, અચળ નિજમાં, નિયમથી મુનિ તે ખરે,
પામે પરમ વિશુદ્ધતા વળી શીઘ્ર મુક્તિ તે વરે. ૧૯૦

અશુદ્ધિ કરનારું સકળ પરદ્રવ્ય પોતે ત્યાગથી,
નિજ દ્રવ્યમાં જે રમે, છૂટે સર્વ તે અપરાધથી;
ચિદ્ જ્યોત અમૃતપૂર ઊછળે પૂર્ણ મહિમાદાયી તે,
કરી બંધ નાશ સદા પ્રકાશે, શુદ્ધ થઈ શિવ જાય તે. ૧૯૧

એ બંધનાશે અતુલ અક્ષય મોક્ષ અનુભવતું સદા,
એકાંત શુદ્ધ સદાય પ્રગટ્યું, સહજ આત્મદશાપ્રદા;
ગંભીર ધીર સ્વરસભારે જ્ઞાન એકાકાર જ્યાં,
પરિપૂર્ણ ઝળકી ઊઠ્યું મહિમા અચળ નિજમાં લીન ત્યાં. ૧૯૨

સમ્યક્ પ્રલય કરી કર્તૃ ભોક્તૃ આદિ ભાવ સમસ્તને,
જે બંધ મુક્તિ કલ્પનાથી દૂર રહે પદ પદ વિષે;
અતિશુદ્ધ પૂરણ સ્વરસપ્રસરે જ્યોતિ અચલ પવિત્ર તો,
પ્રગટ ટંકોત્કીર્ણ મહિમા જ્ઞાનપુંજ સ્વ પ્રગટતો. ૧૯૩

કર્તાપણું ન સ્વભાવ જીવનો તેમ ભોક્તાપણું યથા,
અજ્ઞાનથી કર્તા, મટ્યે અજ્ઞાન, કર્તા નહિ તથા. ૧૯૪

ચિદ્ જ્યોતિ લોક સમસ્ત વ્યાપે નિજ સ્વભાવે જ્યાં ખરે
ઇમ નિજ રસે વિશુદ્ધ આત્મા અકર્તા પરનો ઠરે;
પણ કર્મ સાથે બંધ થાયે પ્રગટ જગમાં એ અરે !
તે ગહન મહિમા કોઈ પણ અજ્ઞાનનો પ્રગટે ખરે. ૧૯૫

ભોક્તાપણું ન સ્વભાવ જીવનો, જેમ કર્તાપણું નહીં;
ભોક્તા બને અજ્ઞાનથી તે, તે મટ્યે ભોક્તા નહીં. ૧૯૬

'*અજ્ઞાની ભોક્તા* નિત્ય પ્રકૃતિ ઉદયમાં લીન તે યથા,
જ્ઞાની ભોક્તા નહિ કદાપિ, વિરત પ્રકૃતિથી સદા;
નિયમ આ નિર્ધારી નિપુણો, તજી દ્યો અજ્ઞાનને,
સહજાત્મમય ચિદ્ જ્યોતિમાં થઈ અચળ સેવો જ્ઞાનને. ૧૯૭

જ્ઞાની કરે નહિ કર્મને, વળી ભોગવે પણ તે નહીં,
પણ માત્ર કર્મ સ્વભાવને તે જાણતા સાક્ષી રહી;
તે જાણતાં પણ ના કરે કે ભોગવે નહિ કર્મને,
તે શુદ્ધ આત્મસ્વભાવરત ત્યાં મુક્ત વેદે ધર્મને. ૧૯૮

અજ્ઞાન તમથી વ્યાપ્ત કર્તા જીવને માને ખરે,
નહિ મોક્ષ તેનો અન્ય જનવત્ મોક્ષ ઇચ્છા છો કરે. ૧૯૯

પર દ્રવ્ય આતમ તત્ત્વને સંબંધ કંઈ પણ છે નહીં,
ઇમ કર્તૃ કર્મ સંબંધ વિણ, પર દ્રવ્ય જીવ કર્તા નહીં. ૨૦૦

આ લોકમાં સંબંધ વસ્તુ એક સાથે અન્યનો,
જ્યાં છે નિષેધિત પૂર્ણ રીતે ત્યાં મુનિ કે પરજનો !
બે વસ્તુ ન્યારી જીવ જડ, ત્યાં કર્તૃ કર્મ ઘટે નહીં,
તો દૃઢપણે માનો કદી પરદ્રવ્યનું કર્તૃત્વ નહીં. ૨૦૧

જે નિયમ વસ્તુ સ્વભાવ આ જાણે બિચારા ના કદી,
અજ્ઞાન તમમાં તે ડૂબેલા, જ્ઞાનજ્યોતિ વિણ યદિ;
તે કર્મ કરતા, તેથી કર્તાભાવ કર્મતણા કરે,
જીવ સ્વયં રાગાદિ કરે ત્યાં અન્ય કર્તા ના ખરે. ૨૦૨

જે કર્મ છે તે કાર્ય છે, નહિ કાર્ય કર્તા વિણ હુવે,
જીવ પ્રકૃતિ એ બેયની કૃતિ, કર્મ કદી ના સંભવે;
કારણ પ્રકૃતિ જડ અચેતન, જ્ઞાનહીન છતાંય જો,
નિજ કાર્યફળ ભોક્તા તણો, પામે પ્રસંગ, અયોગ્ય તો;
વળી એક એ પ્રકૃતિ તણી, તે ભાવકર્મ કૃતિ નહીં,
કારણ અચેતન પ્રકૃતિ છે, તો ભાવકર્મ ચેતન સહી;
ત્યાં જીવ કર્તા તો ખરે, એ ભાવકર્મતણો સદા,
એ કર્મ ચેતનનું જ છે, જડ છે ન જ્ઞાતા તો કદા. ૨૦૩

રે ! આત્મઘાતક કોઈ કર્તા કર્મનો કર્મ જ કથે,
ત્યાં જીવના કર્તાપણાને તે ઉડાડે વ્યર્થ રે;
આત્મા કથંચિત્ કર્મકર્તા અચળ એ શ્રુતિ જે કહે,
કોપિત કરતા કોઈ અજ્ઞાની સ્વચ્છંદે તે વહે,
રે ! મોહથી ઉદ્ધતમતિ તે આત્મઘાતક જીવના,
સંશુદ્ધિ અર્થે જ્ઞાનની, વસ્તુસ્થિતિ કહેવાય આ;
વસ્તુસ્થિતિ સ્યાદ્વાદનિયમે સિદ્ધ નિર્બાધિત આ,
સ્યાદ્વાદ તે જયવંત વર્તે, જ્ઞાની જનસાધિત આ. ૨૦૪

રે ! સાંખ્યમતી સમ જૈન ના આત્મા અકર્તા માનશો,
પણ ભેદજ્ઞાન થયા પ્રથમ કર્તા નિરંતર માનજો;
ને ભેદજ્ઞાન પછી જુઓ એ જ્ઞાનધામે નિયત ત્યાં,
જ્ઞાતા સ્વયં પ્રત્યક્ષ નિશ્ચય અકર્તા પર એક ત્યાં. ૨૦૫

આ વિશ્વમાં કોઈ એક કલ્પે ક્ષણિક આત્મા મન વિષે
તો અન્ય કર્તા અન્ય ભોક્તા મોહથી તેને દીસે;
તે મોહ તેનો ટાળતો, ચિત્ચમત્કાર સ્વયં અહીં,
અભિસિંચતો એ નિત્યતારૂપ પીયૂષપુંજ સદા સહી. ૨૦૬
પર્યાય ભેદે દ્રવ્ય નાશે કલ્પના મિથ્યા ખરે,
તો પર કરે, પર ભોગવે, એકાંત પ્રગટો ના અરે ! ૨૦૭

પરિશુદ્ધ આત્મા ઇચ્છતા કોઈ અંધ અતિવ્યાપ્તિ ગ્રહે,
વળી અન્ય કાળ ઉપાધિબળથી અશુદ્ધિ અધિકી કહે;
ત્યમ શુદ્ધ ઋજુસૂત્રે ક્ષણિક જીવ કલ્પી પર્યાયે જુએ,
ઇમ તે તજે ચિદ્દ્રવ્યને નિઃસૂત્ર હાર યથા ખુએ. ૨૦૮

યુક્તિવશે હો ભેદ કે નિર્ભેદ કર્તૃ ભોક્તૃ બે,
અથવા ઉભય કર્તા તથા ભોક્તા ન હો તો પણ ભલે;
અનુભવો વસ્તુને જ, જ્યમ માળા મણિની સૂત્રમાં,
હોયે પરોવેલી નિપુણથી, ભેદી તે ન શકાય ત્યાં;
ચૈતન્ય ચિંતામણિ માળા આત્મરૂપ સદા અહો !
ભેદાય ના કદી કોઈથી, સર્વત્ર તે ઝળકી રહો ! ૨૦૯

વ્યવહાર દૃષ્ટિથી જણાયે કર્તૃ કર્મ જુદા અરે !
નિત એક કર્તૃ કર્મ વસ્તુ નિશ્ચયે ચિંતવ ખરે ! ૨૧૦
નિશ્ચય થકી પરિણામ એહિ જ કર્મ જાણો તો ખરે,
પરિણામ પરિણામીનું બને, નહિ અવરનું કદીયે અરે !

કર્તા વિના નહિ કર્મ તો કૂટસ્થ વસ્તુસ્થિતિ નહીં,
પરિણામરૂપ કર્મોતણી કર્તા બને વસ્તુ સહી. ૨૧૧

અત્યંત નિજ શક્તિ પ્રકાશે, સ્વયં બાહ્ય રહે ખરે,
નહિ અન્ય વસ્તુ અવર વસ્તુમાં પ્રવેશે અંતરે;
છે સ્વભાવ નિશ્ચિત સર્વ વસ્તુ જ્ઞાની એમ ગણે યદિ,
તો મોહી ચલિત સ્વભાવથી ગણી કેમ આકુળ ક્લેશથી? ૨૧૨

જે એક વસ્તુ લોકમાં તે અન્યની છે ના કદા,
તેથી ખરેખર વસ્તુ જે, તે વસ્તુ તે જ રહે સદા;
નિશ્ચયે તેથી કોઈ વસ્તુ અન્ય બાહ્ય ફરે છતાં,
કરી શું શકે એ અન્યને બહુ બાહ્ય આળોટે છતાં. ૨૧૩

જે સ્વયં વસ્તુ પરિણમે કંઈ કરી શકે છે અન્યને,
વ્યવહાર દૃષ્ટિથી કદાચિત્ લોકમાં ઇમ માનીએ;
પણ નિશ્ચયે આ લોકમાં સંબંધમાત્ર જરા નથી,
કંઈ અન્ય વસ્તુ સાથ બીજી અન્યને કંઈ પણ કદી. ૨૧૪

જો શુદ્ધ દ્રવ્ય નિરૂપણે મતિ સ્થાપી તત્ત્વ અનુભવે,
તે ના કદાપિ એક દ્રવ્યે અન્ય દ્રવ્ય ભળ્યું જુએ;
આ જ્ઞાન જાણે જ્ઞેયને તે ઉદય શુદ્ધ સ્વભાવનો,
પર દ્રવ્યસ્પર્શે ચિત્ત આકુળ તત્ત્વથી ચ્યુત કાં જનો? ૨૧૫

આ શુદ્ધ ચેતનદ્રવ્ય નિજરસરૂપે પરિણમતું યદિ,
પર દ્રવ્ય કોઈ તે સ્વભાવે શું પરિણમતું કદી?
શું થાય જ્ઞાન સ્વભાવ પરનો? એક જે આત્માતણો,
કદી અન્ય દ્રવ્યોમાં મળે ના જ્ઞાનગુણ આત્મા ગણો;
જ્યોત્સ્ના કરે ઉજ્જવળ ભૂમિને, ભૂ ન જ્યોત્સ્નાની બને,
ત્યમ જ્ઞાન જાણે જ્ઞેયને, પણ જ્ઞેય જ્ઞાનનું ના બને. ૨૧૬

ના જ્ઞાન પામે જ્ઞાનતા ને જ્ઞેય જ્ઞેયપણું લહે,
ત્યાં સુધી નિશ્ચે ઉદય રાગદ્વેષ દ્વન્દ્વ તણો રહે;
અજ્ઞાન, માટે, દૂર થઈ, આ જ્ઞાન જ્ઞાન બનો હવે,
જેથી પૂર્ણ સ્વભાવ પ્રગટે, રાગદ્વેષ દૂરે હુવે. ૨૧૭

ત્યાં જ્ઞાન એ અજ્ઞાનભાવે રાગદ્વેષરૂપે બને,
પણ દ્રવ્ય દૃષ્ટિથી નીરખતાં, કાંઈ છે ના ઉભય તે;
તો તત્ત્વદૃષ્ટિથી પ્રગટ સદ્દૃષ્ટિ બંને ક્ષય કરો,
ત્યાં જ્ઞાનજ્યોતિ અચળ પૂરણ સહજ તેને પ્રગટ હો! ૨૧૮

જો તત્ત્વદૃષ્ટિથી જુઓ, નહિ અન્ય દ્રવ્ય જણાય ત્યાં,
એ રાગદ્વેષ ઉપજાવનારું અલ્પ પણ નહિ અન્ય જ્યાં;
ઉત્પત્તિ સર્વે દ્રવ્યની થતી અંતરંગ વિષે છતી,
તે નિજ નિજ સ્વભાવથી, અત્યંત પ્રગટ પ્રકાશતી. ૨૧૯

આ આત્મમાં કદી થાય રાગદ્વેષ દોષ ઉત્પન્ન જો,
પર દ્રવ્યનો નથી દોષ, અપરાધી સ્વયં અજ્ઞાન તો;
અજ્ઞાનનો વિસ્તાર એ, થાઓ વિદિત નિજ રૂપ ત્યાં,
અજ્ઞાન અસ્ત થઈ જજો, હું જ્ઞાનઘન ચિદ્રૂપ જ્યાં. ૨૨૦

રાગાદિની ઉત્પત્તિમાં જે નિમિત્ત પર દ્રવ્ય જ ગણે,
તે શુદ્ધ બોધ વિહીન અંધા, મોહનદી કદી ના તરે. ૨૨૧

અચ્યુત એક વિશુદ્ધ પૂરણ જ્ઞાન મહિમાવત્ સદા,
જ્ઞાયક લહે ના વિક્રિયા દીપક પ્રકાશ્યવડે યથા;
વસ્તુસ્થિતિના જ્ઞાનહીન, અજ્ઞાની કેમ તજે મહા,
નિજ સહજ ઉદાસીનતા, ને રાગદ્વેષ કરે અહા! ૨૨૨

જે રાગદ્વેષ વિભાવવર્જિત તેજથી અતિ શોભતા,
વળી નિત્ય નિજ સ્વભાવસ્પર્શે સ્વાનુભવથી દીપતા;

ગત ભાવી કર્મ સમસ્ત વર્જિત ઉદય સંપ્રતિ ભિન્નતા,
ચારિત્ર વૈભવ બળ વડે અનુભવે એ ચિદ્ચેતના;
એ ચેતના ચૈતન્યજ્યોતિમય ચમકતી છે સદા,
જે સીંચતી સવિ લોકને નિજ જ્ઞાનરસથી સર્વદા. ૨૨૩

અતિ શુદ્ધ જ્ઞાન પ્રકાશતું, નિજ જ્ઞાન ચેતનતા વડે,
ત્યમ બંધ રોકે શુદ્ધિને અજ્ઞાન સંચેતન વડે. ૨૨૪

કૃતકારિતાનુમોદનાથી કર્મ તનમનવચ થતાં,
ત્રિકાળકૃત તજી સર્વ અવલંબું હવે નિષ્કર્મતા. ૨૨૫

ભૂતકાળમાં કર્મો કર્યાં સવિ મોહને વશ મેં રહી,
તે પ્રતિક્રમી આત્માથી વર્તું નિષ્કર્મ આત્મામાં સહી. ૨૨૬

આ મોહના વિલાસથી વિસ્તૃત કર્મોદય દીસે,
આલોચી વર્તું આત્મથી નિષ્કર્મ આત્માને વિષે. ૨૨૭

ત્યમ ત્યાગી કર્મ સમસ્ત ભાવી મોહ નષ્ટ હવે કરી,
ચૈતન્યરૂપ નિષ્કર્મ આત્મામાં હું વર્તું નિત ઠરી. ૨૨૮

રે ! કર્મ આમ સમસ્ત ત્યાગી, શુદ્ધ નય અવલંબું હું,
કરી મોહનાશ, વિકાર તજીને, આત્મ અવલંબન ગ્રહું. ૨૨૯

રે ! કર્મતરુફળ ભોગવ્યા વિણ ખરી જાવ તમામ આ,
ચૈતન્યરૂપ મુજ આતમાને અનુભવું દૃઢ આમ આ. ૨૩૦

કરી કર્મફળ સવિ ત્યાગ, ભોગવું ચિદ્સ્વરૂપ ચિદાત્મમાં,
ઇમ વૃત્તિ મુજ નિવૃત્ત તે વિણ અન્ય પરિણતિ માત્રમાં;
નિજ આત્મતત્ત્વે દૃઢ રમણતા, આત્મમાં રહું સર્વદા,
ઇમ વહો કાલાવલી અનંતી અચળ અનુભવમાં સદા. ૨૩૧

અજ્ઞાન ભાવે પૂર્વમાં કર્મો કર્યાં વિષવૃક્ષ તે,
ફળ તેહનાં નવિ ભોગવે નિજ આત્મથી સંતૃપ્ત જે;
તેવી દશા ઉત્કૃષ્ટ તે નિષ્કર્મ સુખમય પામતા,
ફળ રમ્ય તેનાં સંપ્રતિ, ત્યમ ભાવિમાં આસ્વાદતા. ૨૩૨

એ કર્મ, કર્મવિપાકની અત્યંત વિરતિ ભાવીને,
અજ્ઞાનની સંચેતનાનો પૂર્ણ નાશ નચાવીને;
નિજરસે પ્રાપ્ત સ્વભાવ પૂરણ કરી, પ્રશમરસરૂપ સદા,
આ જ્ઞાન ચેતનતા નચાવી, પીયૂષ પીઓ સર્વદા. ૨૩૩

સર્વ વસ્તુ વિભિન્ન, એવા નિશ્ચયે કર્યું ભિન્ન જે,
તે જ્ઞાન વસ્તુસમૂહ સહ ગૂંથાય ક્રિયા ઊપજે;
તે વિણ જ્ઞાનક્રિયાજ કેવળ એવું અતિશય દીપતું,
નિશ્ચળ નિરાકુળજ્ઞાન એક જ હવે નિત્ય વિરાજતું. ૨૩૪

પરથી જુદું નિજમાં નિયત, જે અલગ વસ્તુપણું ધરે;
તે ગ્રહણ ત્યાગ રહિત નિર્મળ જ્ઞાન એવું ત્યાં સ્ફુરે;
કે જેથી આદિ મધ્ય અંત રહિત સ્હેજે દીપતું,
એ શુદ્ધ જ્ઞાનપ્રપુંજ મહિમા નિત્ય પ્રગટયે ઝળકતું. ૨૩૫

નિજ શક્તિ સર્વ સમેટી આત્મા આત્મમાં પૂરણ ધર્યો;
તો ત્યાજ્ય સઘળું તજી દીધું, ને ગ્રાહ્યભાવ બધો ગ્રહ્યો. ૨૩૬

પર દ્રવ્યથી ઇમ જ્ઞાન જુદું, અવસ્થિત રહ્યું ખરે;
તે કેમ આહારક હુવે કે દેહની શંકા ધરે ? ૨૩૭

ઇમ શુદ્ધ ચિન્મય જ્ઞાનને નહિ શરીર સંભવ સર્વદા;
તો શરીરમય જ્ઞાતાતણું, નહિ લિંગ શિવકારણ કદા. ૨૩૮

છે જ્ઞાન દર્શન ચરણ ત્રણરૂપ તત્ત્વ આત્માનું અરે !
માટે મુમુક્ષુઓ સદા શિવમાર્ગ એ સેવે ખરે. ૨૩૯

દૃગ્ જ્ઞપ્તિ વૃત્તિરૂપ નિશ્ચિત એક આ શિવમાર્ગ તો,
તેમાં સ્થિતિ, નિત ધ્યાન તેનું એ જ અનુભવ વર્તતો;
તેમાં રમણતા નિત્ય ને, પરદ્રવ્યસ્પર્શ નહીં કદા,
તે પ્રગટ શીઘ્ર લહે અવશ્યે સમયસાર સતત સદા. ૨૪૦

જે એ તજી, વ્યવહારમાર્ગે આત્મ સ્થાપી ચાલતા,
તે તત્ત્વજ્ઞાન રહિત, કરતા દ્રવ્યલિંગ મમત્વતા;
તે જ્ઞાનપુંજ અખંડ અનુપમ નિત્ય નિર્મળ જ્યોતિ જે,
સહજાત્મરૂપી દેખતા નહિ સમયસાર હજુય તે. ૨૪૧

વ્યવહાર મોહિતદૃષ્ટિ જન પરમાર્થ જાણે નહિ કદા,
તુષજ્ઞાનમુગ્ધો તુષ તજી તાંદુલ જાણે નહિ યથા. ૨૪૨

મુનિવેશરૂપ જે દ્રવ્યલિંગે મોહ મમતાને ધરે,
તે અંધ દેખે નહિ કદાપિ, સમયસાર ભવે ફરે;
એ દ્રવ્યલિંગ કે વેષ આદિ અન્ય દ્રવ્યથી છે ખરે,
આ જ્ઞાન એક જ આત્મદ્રવ્યે સ્વતઃ થાયે તે અરે ! ૨૪૩

વિકલ્પ બહુ બસ હો હવે, બસ થાવ બહુ કહેવા થકી,
આ એક નિત્ય અનુભવો, પરમાર્થ કહેવો એ નકી;
નિજ રસ પ્રસર પરિપૂર્ણ છે જે જ્ઞાન તે પ્રગટે યદિ,
તે સમયસાર પ્રભુ વિના ઉત્કૃષ્ટ બીજું ના કદી. ૨૪૪

આનંદમય વિજ્ઞાનઘન પ્રત્યક્ષ જે પ્રગટાવતું,
આ એક અક્ષય જગત્‌ચક્ષુ પૂર્ણતા અહીં પામતું. ૨૪૫

નિજ આત્મતત્ત્વરૂપે થયું, આ જ્ઞાન આ રીતે ખરે,
તે એક સ્વસંવેદ્ય નિશ્ચળ અબાધિત અખંડ રે! ૨૪૬

અહીં સ્યાદ્વાદવિશુદ્ધિ અર્થે, વ્યવસ્થા તત્ત્વની ફરી;
ત્યમ સાધ્ય સાધક ભાવને પણ વિચારીશું તો જરી. ૨૪૭

સંપૂર્ણ બાહ્ય પદાર્થથી પી જવાયેલું જ્ઞાન આ,
નિજ પ્રગટતાથી શૂન્ય સઘળે પરરૂપે વિશ્રાંત આ;
એકાંતવાદી પશુ જનોનું જ્ઞાન એ નાશ પામતું,
પણ સ્યાદ્વાદી જ્ઞાની જનનું જ્ઞાન પૂર્ણ પ્રકાશતું;
જે તત્ કહ્યું, તે સ્વરૂપથી તત્, માન્યતા નિશ્ચળ ધરે,
નિજ જ્ઞાનઘનરૂપ સ્વરૂપભારે પ્રગટ ઊછળતું ખરે. ૨૪૮

આ વિશ્વ જ્ઞાન વિચારી અજ્ઞાની ગણે સૌ બ્રહ્મ તે,
તે વિશ્વવસ્તુમય બને નિજ તત્ત્વ માને અન્યને;
પશુતુલ્ય અજ્ઞાને કરે સ્વચ્છંદ ચેષ્ટા આમ જ્યાં,
સ્યાદ્વાદદર્શી જ્ઞાની તો જે તત્ બને પરરૂપ ના;
વસ્તુસ્થિતિ આ જાણી જગથી ભિન્ન જગનિર્મિત ના.
નિજ આત્મ તત્ત્વ પિછાણી સ્પર્શે, અનુભવે તે અવર ના. ૨૪૯

અજ્ઞાની બાહ્ય પદાર્થ ગ્રહવાના સ્વભાવ અતિશયે,
સર્વત્ર પ્રગટિત વિવિધ જ્ઞેયાકારથી બળ ક્ષય થયે;
તૂટી જતો, સર્વત્ર પામે નાશ, જ્ઞાની ત્યાં ખરે,
સ્યાદ્વાદ બળથી નિત્ય પ્રગટિત, એક દ્રવ્યપણું વરે;
તે ભેદભ્રમને દૂર કરતો, જ્ઞાન એક નિહાળતો,
નિર્બાધ અનુભવસ્વરૂપ એવો જ્ઞાન અનુભવ ભાળતો. ૨૫૦

અજ્ઞાની જ્ઞેયાકારરૂપ કલંકની અતિ મલિનતા,
ચિદ્રૂપમાંથી ધોઈ નાખી ચહે એકાકારતા,

ત્યાં જ્ઞાન વ્યક્ત છતાં ન ચાહે, જ્ઞાની સ્યાદ્વાદી તહાં,
તે જ્ઞાન એક અનેક પર્યાયો સહિત પણ જાણતા,
વિચિત્ર એવું જ્ઞાન તે તો, પણ અવિચિત્રતા લહે,
જે સ્વતઃ ક્ષાલિત શુદ્ધ એક અનુભવ જ્ઞાની ગ્રહે. ૨૫૧

પ્રત્યક્ષ સ્પર્શાતાં પ્રગટ સ્થિર અન્ય દ્રવ્ય હયાતીથી,
વંચિત, દેખે દ્રવ્ય નિજ ના, શૂન્ય તે સર્વત્રથી,
અજ્ઞાની પામે નાશ, જ્ઞાની સ્યાદ્વાદી જીવતા,
અસ્તિપણે નિજ દ્રવ્ય આત્મા નિપુણ રીતે દેખતા;
તત્કાળ તેથી શુદ્ધ પ્રગટિત જ્ઞાન જ્યોતિ પ્રકાશથી,
પૂર્ણ પોતે અમર રહી ડરતા કદી નહિ નાશથી. ૨૫૨

દુર્વાસના વાસિત અજ્ઞાની સ્વરૂપ નિજને ગણે,
રે! દ્રવ્ય સર્વમયી, અને પર દ્રવ્યમાં નિજ દ્રવ્યને;
તેથી કરે વિશ્રામ નિત્યે અન્ય દ્રવ્ય વિષે તથા,
જ્ઞાની પુરુષ પર દ્રવ્યમાં નાસ્તિત્વ માને ત્યાં સદા;
પર દ્રવ્યરૂપે સર્વ વસ્તુમાં ગણે નાસ્તિત્વ જ્યાં,
નિજ દ્રવ્યનો આશ્રય કરે, અનુભૂતિ મહિમાવંત ત્યાં. ૨૫૩

પરક્ષેત્રસ્થિત જે જ્ઞેય વસ્તુ જ્ઞેય જ્ઞાયકભાવ ત્યાં,
નિશ્ચિત વ્યાપારે પ્રવર્તે આત્મને બાહ્ય દેખતાં,
ત્યાં નાશ અજ્ઞાની લહે, પણ જ્ઞાની નાશ લહે નહીં,
નિજ ક્ષેત્રમાં તે વર્તતા, અસ્તિત્વ નિજ ક્ષેત્રે લહી,
આત્મા વિષે આકારરૂપે જે થયાં જ્ઞેયો દીસે,
નિશ્ચિત વ્યાપારે પ્રવર્તે શક્તિ પામી તે વિષે. ૨૫૪

નિજ ક્ષેત્રમાં રહેવા તજે, પરક્ષેત્રગત વસ્તુ સદા,
પણ જ્ઞેય સાથે આત્મ આકારોય ત્યાગે ત્યાં તદા;

અજ્ઞાની એમ વિનષ્ટ થાયે, જ્ઞાની નિજ ક્ષેત્રે વસે,
પર ક્ષેત્રમાં નિજ નાસ્તિતા તે જાણી નિજથી ના ખસે;
તે જ્ઞેય ત્યાગે તે છતાં પર વસ્તુમાંથી ખેંચતા,
ચૈતન્યના આકાર, તેથી તુચ્છતા નહિ પામતા. ૨૫૫

પૂર્વ આલંબિત જ્ઞેય પદાર્થ નાશ થતાં સહી,
અજ્ઞાની જ્ઞાન વિનાશ માને, જ્ઞાન કંઈ વસ્તુ નહીં;
અસ્તિત્વ આત્માનું સદા, નિજ કાળથી જ્ઞાની લહે,
તો બાહ્ય વસ્તુ જાય, ઊપજે, તોય પૂર્ણ સ્વયં રહે. ૨૫૬

અસ્તિત્વ જ્ઞાનતણું ગણે, તે જ્ઞેય આલંબન સુધી,
ઇમ બાહ્ય જ્ઞેયાલંબ ઇચ્છી નષ્ટ અજ્ઞાની કુધી,
સ્યાદ્વાદી તો પરકાળથી નાસ્તિત્વ આત્માનું ગ્રહે,
દૃઢ સહજ જ્ઞાનપ્રપુંજરૂપે નિત્ય વર્તી શિવ લહે. ૨૫૭

પર ભાવનું અસ્તિત્વ જાણે, બાહ્યમાં વિશ્રામતો,
અજ્ઞાની આત્મસ્વભાવ મહિમામાં અચેત વિનાશતો;
જ્ઞાની સહજ–સ્વરૂપ–અનુભવથી ન નાશ કદી લહે,
નિજ નિયત સ્વભાવ–ભવન–જ્ઞાને, ભિન્ન આપ સદા રહે. ૨૫૮

સવિ જ્ઞેય વસ્તુ ભવનરૂપ અજ્ઞાની આત્માને ગણે,
નિજ શુદ્ધ આત્મસ્વભાવ મૂકી, રમે ત્યાં નિર્ભયપણે;
પણ જ્ઞાની આત્મસ્વભાવમાં, અત્યંત આરૂઢ છાજતા,
પર ભાવરૂપ નિજ ભવન નહિ, એ દૃષ્ટિથી સ્થિર રાજતા. ૨૫૯

ઉત્પાદ વ્યય લક્ષિત વહેતા જ્ઞાનસ્રાવોમાં રહે,
આત્મા અનેકાત્મકપણે છે એમ અજ્ઞાની લહે;
ક્ષણભંગસંગે નાશ પામે, જ્ઞાની નાશ લહે નહીં,
નિત્યે ઉદિત ચિદ્વસ્તુઅનુભવ જ્ઞાનશુદ્ધિ ત્યાં સહી;

રે ! જ્ઞાન જ્ઞેય અનુસાર ઊપજે વિણસે પણ તે છતાં,
ચૈતન્યભાવ તણો ઉદય નિત્યે અનુભવ પામતા. ૨૬૦

અજ્ઞાની ટંકોત્કીર્ણ નિર્મળ જ્ઞાન વિસ્તૃત ભાળીને,
નિજ નિત્ય આત્મા સર્વથા એ આશયે નિહાળીને;
અતિ ઊછળતી ચૈતન્ય પરિણતિથી જુદું કંઈ વાંછતા,
સ્યાદ્વાદી જ્ઞાની ચિત્સ્વરૂપની પરિણતિ ક્રમ ઇચ્છતા,
અનુભવી તેની અનિત્યતાને જ્ઞાન ઉજ્જવળ માનતા,
તે વ્યાપ્ત વ્યક્ત અનિત્યતાથી નિત્ય તો ય પ્રમાણતા. ૨૬૧

અજ્ઞાનમોહિત સર્વને આ અનેકાંત પ્રકાશતો,
તે જ્ઞાનમાત્ર સ્વરૂપ આત્મા, સ્વયં અનુભવ ગત થતો. ૨૬૨

સ્યાદ્વાદ ઇમ વસ્તુવ્યવસ્થાથી સ્વયં સ્વ સ્થાપતો,
શાસન અલંઘ્ય જિનેન્દ્રનું નિશ્ચિત સિદ્ધ બતાવતો. ૨૬૩

ઇમ શક્તિ નિજ અનેકથી ભરપૂર તો પણ ના તજે,
નિજ જ્ઞાનમાત્રમયપણારૂપ ભાવ નિશ્ચે તે ભજે;
છે દ્રવ્ય ને પર્યાયમય ચૈતન્ય વસ્તુ જગ વિષે,
ક્રમરૂપ કે અક્રમે થાતા વિવર્તોથી તે દીસે. ૨૬૪

સ્યાદ્વાદસંગત દૃષ્ટિથી વસ્તુસ્થિતિ ઇમ દેખતા,
સ્યાદ્વાદની અત્યંત શુદ્ધિ એમ સ્પષ્ટ પિછાણતા;
સ્યાદ્વાદની ઇમ શુદ્ધિ પામી, સ્વયં શુદ્ધિ પમાય છે,
જિનનીતિને ન ઉલંઘતા સત્પુરુષ જ્ઞાની થાય છે. ૨૬૫

જે કોઈ રીતે મોહ ટાળી જ્ઞાનમાત્ર સ્વભાવની,
અવલંબતા નિષ્કંપભૂમિ, સહજ આત્મિક ભાવની;

સાધકપણું પામી બને તે સિદ્ધ સાધી નિજ દશા,
પણ મોહમૂઢ ન પામતા તે ભૂમિ, ભમતા ભવ વસ્યા. ૨૬૬
સ્યાદ્વાદમાં જે પ્રવીણ ને નિશ્ચળ સદા સંયમ વિષે,
નિશદિન ભાવે સ્વાત્મને, ઉપયુક્ત રહી પોતા વિષે;
તે જ્ઞાનનય ને ક્રિયાનય નો મૈત્રીપાત્ર સદા ગણો,
આશ્રય કરે એ જ્ઞાનમય નિજ ભાવ ભૂમિકા તણો. ૨૬૭
તેને જ ચૈતન્યપુંજનો અતિ વિલસતો વિકાસ ત્યાં,
તેને જ સુપ્રભાત પ્રગટે જ્ઞાન અતિશય ઝળક જ્યાં;
આનંદમાં તે સ્થિર અસ્ખલિત એકરૂપે સદા,
આ અચળ જ્યોતિ આતમા, તેને જ પ્રગટે સર્વદા. ૨૬૮

સ્યાદ્વાદદીપિત તેજ ઝગમગ મુજ વિષે ઝળકે અહીં,
નિર્મળ સ્વભાવ સ્વરૂપ મહિમા ઉદય પામ્યો મુજ મહીં;
આ જ્ઞાન જ્યોતિ પ્રગટ પ્રગટી, મુજ વિષે જે ઝળકતી,
શિવ બંધ પાડે પથ એવી શું કરું પર પરિણતિ ?
આ નિત્ય જેનો ઉદય વર્તે તે સ્વભાવ સદા રહો,
નિજ જ્ઞાન આદિ અનંત ચતુષ્ટય સ્ફુરાયમાન સદાય હો. ૨૬૯

બહુ શક્તિનો સમુદાય તેમય આતમા હું જે રહ્યો,
નય દૃષ્ટિથી તત્કાલ વિણસે ખંડ ખંડરૂપે ગ્રહ્યો;
એ ખંડ દૂર કર્યા વિનાય અત્યંત શાંત અખંડ હું,
ચૈતન્યમાત્ર અચળ જ્યોતિ એક નિત્ય સ્વરૂપ હું. ૨૭૦

જે જ્ઞાનમાત્ર હું ભાવ છું, તે જ્ઞેય જ્ઞાન જ માત્ર ના,
પણ જ્ઞેય આકારે થતા, કલ્લોલ જ્ઞાનતણા બધા;
તેથી હું જ્ઞાતા જ્ઞાન જ્ઞેય સ્વરૂપ વસ્તુમાત્ર છું,
ઉત્તમ બધાં દ્રવ્યો વિષે, નિજ પર પ્રકાશક સ્વરૂપ હું. ૨૭૧

મુજ તત્ત્વ સહેજે ક્વચિત્ મેચક ક્વચિત્ અમેચક દીસે,
ક્વચિત્ બંનેરૂપ એવો મુજ સ્વભાવ જ ઉલ્લસે;
તો પણ પરસ્પર સુમિલિત એ પ્રગટ શક્તિમંતનાં,
ચિદ્ તત્ત્વ મોહિત ના કરે મન અમલ બુદ્ધિવંતનાં. ૨૭૨

વૈભવ અહો ! સહજાત્મનો અદ્ભુત અત્ર નિહાળજો,
જ્યાં એક બાજુ અનેકતા, ત્યાં એકતા પણ ભાળજો;
જ્યાં ક્ષણ વિનાશી, ત્યાં જ ધ્રુવ નિત્યે ઉદયથી ભાળજો,
જ્યાં પરમ વિસ્તૃત ત્યાં જ નિજ પ્રદેશમિત નિહાળજો. ૨૭૩

જ્યાં એક બાજુ કષાય ક્લેશ, ત્યાં શાંતિ બીજી બાજુથી,
ભવદુ:ખ એક તરફથી ત્યાં મુક્તિ બીજી બાજુથી;
ત્રણલોક ભાસે એક બાજુ, ચિદ્ એક બીજી બાજુથી,
અદ્ભુત અદ્ભુત આત્મમહિમા, જયવંત સર્વે બાજુથી. ૨૭૪

જયવંત વર્તે છે નિયત ચિત્ચમત્કાર સદાય આ,
નિજ સહજ તેજ પ્રપુંજમાં ત્રણ લોક મગ્ન દીસે જહાં;
ભેદો અનેક છતાં સ્વરૂપે એક ચિદ્ જ્યોતિ લસે,
નિજ રસ પ્રસર પરિપૂર્ણથી નહિ છિન્ન અનુભવ ઉલ્લસે. ૨૭૫

રે ! અચળ ચેતનસ્વરૂપ આત્મામાં નિરંતર મગ્ન જે,
રાખે ચિદાત્મા આત્મથી કરી મોહ તમને ભગ્ન એ;
પ્રતિપક્ષી વિણ સ્વભાવ નિર્મળ પૂર્ણ પ્રગટિત જ્યોતિ આ,
અમૃતચંદ્ર પ્રકાશ દિશિ દિશિ, પ્રકાશિત રહો સદા. ૨૭૬

પહેલાં થયું એ દ્વૈત નિજ પર સ્વરૂપથી, અજ્ઞાનથી,
અંતર પડ્યું નિજ સ્વરૂપમાં એ દ્વૈતભાવ થવા થકી;
રાગાદિનું તેથી ગ્રહણ, તેથી ક્રિયાકારક થતાં,
અનુભૂતિ સર્વ ક્રિયાતણું ફળ ભોગવી ખિન્ન જ થતાં,

વિજ્ઞાનઘનના ઓઘમાં અજ્ઞાન મગ્ન થયું હવે,
તે બધું પહેલાંનું નથી કંઈ, કંઈ નથી જ ખરે હવે. ૨૭૭

નિજ શક્તિ વસ્તુતત્ત્વ સૂચવે શબ્દ તેણે તો અહીં,
વ્યાખ્યા રચી આ સમયસાર તણી, કૃતિ એ મુજ નહીં;
જે ગુપ્ત નિજ સ્વરૂપમાં, કર્તવ્ય પર નહિ રાચતા,
અમૃતચંદ્ર સૂરિ સદા સહજાત્મ મગ્ન વિરાજતા. ૨૭૮

## પ્રશસ્તિ

દેહી છતાં ય વિદેહી નિશ્ચલ શાંત શીતળ લહી દશા,
આત્મસ્થ યોગીવર્ય અનુપમ સ્વાનુભૂતિ સુખ લસ્યા,
તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્ર અચિંત્ય આત્મદશા વર્યા,
શાંતિ સમાધિ મગ્ન અદ્ભુત સ્વરૂપરમણે જે ઠર્યા. ૧

વ્યાઘ્રાદિ હિંસક પ્રાણી પણ શાંતિ સમાધિ નીરખતાં,
અતિશાંત થઈ પ્રભુ ચરણમાં નમી, શ્રેય અદ્ભુત પામતાં;
એ શી અસંગ વિદેહી નિર્મળ આત્મમગ્ન દશા અહો!
અવલંબને આત્માર્થી, ત્યાગી ભ્રાન્તિ, આત્મદશા લહો. ૨

લઘુરાજજી જાગૃત થઈ, શરણે રહી, સ્વદશા લહી,
આત્માર્થીજન ઉપકારી નિજપર શ્રેય સર્વોપરી ચહી;
આ તીર્થ શ્રીમદ્ રાજ આશ્રમ સ્થાપી શ્રેયસ્કર બન્યા,
ગુરુવર કૃપાળુદેવ આજ્ઞા માર્ગ યોજી વિરમ્યા. ૩

ઉદ્ઘોષણા અત્યંત કીધી, અંત સુધી જે ફરી ફરી,
આત્માર્થીઓએ તે પકડ નિશ્ચલ કરી ઉરમાં ધરી;
"નિજ માન્યતા મિથ્યા અનાદિની હવે તો ટાળવા,
કટિબદ્ધ થઈ જાગૃત થા, હે જીવ ! સ્વરૂપ નિહાળવા. ૪

આત્મા ન જાણ્યો મેં છતાં જાણ્યો કૃપાળુ જ્ઞાનીએ,
તેવો જ આ મુજ આતમા, શ્રદ્ધા અચળ એ આણીએ,
તે સ્વરૂપપ્રાપ્તિ કારણે ગુરુરાજ શરણ સ્વીકારીએ,
આરાધી આજ્ઞા એક નિષ્ઠાથી સ્વસિદ્ધિ સાધીએ. ૫

શરણે રહી ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ તણા,
પ્રગટાવું હું મુજ શુદ્ધ આત્મા, સિદ્ધસમ, ત્યાં ના મણા;
છે જન્મ મૃત્યુ વ્યાધિ આદિ, દેહને, મુજને નહીં,
તે જાણનારો તેથી ન્યારો, અમર આત્મા હું સહી. ૬

એ શુદ્ધ આત્મદશા મને, પ્રગટે ન પૂરણ જ્યાં સુધી,
ગુરુદેવ શ્રી સહજાત્મ પ્રભુનું, શરણ તજું ના ત્યાં સુધી;
ઐશ્વર્ય અનુપમ જ્ઞાનીને જે પ્રગટ, પ્રગટો તે મને,
બીજું કશું ચાહું નહીં; હો માત્ર જે જ્ઞાની કને. ૭

સંપૂર્ણ દર્શન જ્ઞાનસુખ શક્તિ અનંતી સ્વાત્મની,
એ એક રુચિ, ઇચ્છા, પ્રતીતિ, ભાવના પરમાત્મની,
અભ્યાસ આતમભાવનાનો સતત આદરતાં ખરે,
પ્રત્યક્ષ અમૃત પામીને પ્રાન્તે અમરપદ તે વરે. ૮

સત્સંગ રંગે અંગ રંગી, ભાવના–વૃદ્ધિ કરો,
જ્ઞાની તણી વાણી ખરે, અમૃત જાણી આદરો,
તેમાં જ ચિત્ત રમાવતાં, એકાગ્રતા તેમાં ધરો,
રાજેશ વચને જીવન રંગી જીવન્મુક્તિ સુખ વરો.” ૯

અમૃતચંદ્ર સૂરિવરે શ્રી સમયસાર સુગ્રંથની,
વ્યાખ્યા વિષે કળશા રચી કરી ઉન્નતિ શિવપંથની,
તે છંદ સુંદર શોભતા શા દેવભાષાને વિષે !
ગુર્જર ગિરામાં પદ્ય રચના મંદમતિ ઉદ્યમ દીસે. ૧૦

વિદ્વજ્જનો ! ક્ષમજો ક્ષતિ ક્ષંતવ્ય ગણી આ બાળની,
ઉપદેશ સુણીને પામવી જાગૃતિ સ્વરૂપ-સંભાળની;
જ્યેષ્ઠ શુક્લા પૂર્ણિમા દિન પદ્ય પૂરણ હર્ષમાં,
દ્વિસહસ્ર ને તેત્રીસ ચાલુ ગ્રીષ્મ વિક્રમ વર્ષમાં. ૧૧

---

## ૭. અમૂલ્ય તત્ત્વવિચાર

( હરિગીત છંદ )

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો.!!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાતદુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

—શ્રીમદ્ રાજચંદ્ર

## ૮. અમને અંત સમય ઉપકારી

અમને અંત સમય ઉપકારી વ્હેલા આવજો રે–
શ્રીમદ્ સદ્ગુરુ નામ તમારું, પ્રાણ જતાં પણ ન કરું ન્યારું;
મનહર મંગળ મૂર્તિ મને બતાવજો રે—અમને૦

વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટિ કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દરશાવજો રે–અમને૦

વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વ્હાલા વ્હેલા;
પ્રણતપાળનું પહેલાં પણ પરખાવજો રે–અમને૦

મરકટ જેવું મન અમારું, તત્ત્વતઃ તોડે તાન તમારું;
અંતરનું અંધારું સઘ શમાવજો રે–અમને૦

દેજો દર્શન જનમનહારી, પરમ કૃપાળુ બિરુદ વિચારી;
રત્નત્રય બલિહારી, બાપ બચાવજો રે–અમને૦

## ૯. જડ ને ચૈતન્ય

(૧) જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બંને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;

એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અન્તનો ઉપાય છે.

(૨) દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બંને દ્રવ્ય નિજનિજ રૂપે સ્થિત થાય છે.

—શ્રીમદ્ રાજચંદ્ર

---

## ૧૦. અબ હમ અમર ભયે

અબ હમ અમર ભયે ન મરેંગે; અબ૦
યા કારણ મિથ્યાત દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે ? અબ૦ ૧
રાગદ્વેષ જગ બંધ કરત હે, ઇનકો નાશ કરેંગે;
મર્યો અનંત કાળતેં પ્રાણી, સો હમ કાલ હરેંગે. અબ૦ ૨
દેહ વિનાશી મેં અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાશી જાશી હમ થિર વાસી, ચોખે વ્હેં નિખરેંગે. અબ૦ ૩
અનંતવાર મર્યો બિન સમજ્યો અબ સુખદુઃખ વિસરેંગે;
અનંદઘનનિપટ(નિકટ)અક્ષરદો,નહિ સમરે સો મરેંગે. અબ૦ ૪

---

## ૧૧. આપ સ્વભાવમેં રે

આપ સ્વભાવમેં રે, અબધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના, અચરિજ કછુ અન લીના. આપ૦

તુમ નહિ કેરા, કોઈ નહિ તેરા, ક્યા કરે મેરા મેરા ?
તેરા હે સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦

પરકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦

કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આપ૦

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦

---

## ૧૨. વીરહાક

વારસ અહો મહાવીરના, શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઈ દી, કષ્ટો સદા કંપાવજો,
રે ! સિંહનાં સંતાનને, શિયાળ શું કરનાર છે ?
મરણાંત સંકટમાં ટકે, તે ટેકના ધરનાર છે. ૧

કાયા તણી દરકાર શી ? જો શત્રુવટ સમજાય તો,
કુળવંત કુળવટ ના તજે, શું સિંહ તરણાં ખાય જો ?

સર્વજ્ઞની સમજણ ગ્રહે તે મરણને શાને ગણે?
ક્ષત્રિય જો વીરહાક સુણે, તો ચઢે ઝટ તે રણે. ૨

ખંધક મુનિના શિષ્ય સૌ ઘાણી વિષે પીલાઈને,
સંકટ સહી સર્વોપરી પામ્યા પરમ પદ ભાઈ તે;
નિજ અમર આત્માને સ્મરીને અમરતા વરતા ઘણા,
એ મોક્ષગામી સત્પુરુષના ચરણમાં હો વંદના! ૩

સંગ્રામ આ શૂરવીરનો આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં ગુરુરાજ પડખે ભાવજો,
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ, સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે, મન ધરો પ્રભુ ચરણમાં. ૪

કેવળ અસંગ દશા વરો, પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધ ભાવે, સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે જાગૃત રહો જાગૃત રહો!
સદ્‌ગુરુ શરણે હૃદય રાખી, અભય આનંદિત હો! ૫

---

## ૧૩. અહો! શી શાંત રસ ઝરતી!

ગઝલ–કવ્વાલી

અહો! શી શાંતરસ ઝરતી, ગુરુવર જ્ઞાનની મૂર્તિ!
અજબ વાણી શી ગર્જન્તી! હિયે ઉલ્લાસ સહ સ્ફુર્તિ! ૧

સમાધિ સાધવા, સાધક, હવે જાગો, હવે જાગો;
અનાદિ સ્વપ્નને ત્યાગી, હવે નિજ શ્રેયમાં લાગો. ૨

મહાભાગ્યે મળ્યો આવો, સમાધિ સાધવા વારો;
ચૂક્યા જો તો ભવાબ્ધિનાં, દુ:ખોનો ક્યાં પછી આરો? ૩

બને મૃત્યુ મહોત્સવ જો, દુઃખો ભવભવતણાં ભાગે;
સમાધિ બોધિ પામો જો, સહજનિજ સિદ્ધિ નિજ આગે. ૪

અહો ! ચિન્તામણિ સ્વાત્મા, સકળ જ્ઞાનાદિ ગુણધામ;
જરા નહિ, મૃત્યુ નહિ, શાશ્વત, અનંતાનંદ સુખધામ. ૫

અહો ! ઐશ્વર્ય આત્માનું; અહો ! માહાત્મ્ય સ્વાત્માનું,
ભૂલી જડ દેહમાં રાચ્યા, વિસાર્યું શ્રેય સ્વાત્માનું. ૬

જગત તો સ્વપ્ન સમ મિથ્યા, તમે સત્ ચિદ્ સ્વરૂપાત્મા;
છતાં શું ક્ષણિકમાં રાચ્યા ! ભૂલી નિજ નિત્ય સહજાત્મા. ૭

અનાદિ સ્વપ્ન દ્યો ત્યાગી, હવે જાગૃત થઈ જાઓ;
જગતની વિસ્મૃતિ કરીને, સ્વરૂપમાં મગ્ન થઈ જાઓ. ૮

હવે શૂરવીર થઈ જાઓ, હવે પરમાં ન લોભાઓ;
નિજાતમ રિદ્ધિ સંભારી, નિજાત્મામાં ઠરી જાઓ. ૯

સ્વજન ધન તન બધાં પર એ, નથી નિશ્ચે કશું તારું;
છતાં 'હું મારું' એ સૌમાં, મહા અજ્ઞાન અંધારું. ૧૦

ઝલકતી જ્ઞાનની જ્યોતિ કૃપાળુ જ્ઞાનીની ભાળો;
હૃદયમાં તેહ પ્રગટાવી, તિમિર ટાળો, તિમિર ટાળો. ૧૧

ગુરુગમ જ્ઞાનીનું અંજન, કૃપાળુ જ્ઞાનીથી પામી;
નયન નિજ દિવ્ય દ્યો ખોલી, નિહાળો ચિત્ત ચિદ્ધામી. ૧૨

સુદર્શન ચક્ર જ્ઞાનીનું, હવે ઝટ તેહને ધારો;
વિભાવો શત્રુ સેનાને, હઠાવો, સર્વ સંહારો. ૧૩

સકળ સંસાર દુઃખોનું, ખરેખર મૂળ કારણ જે;
તજો દેહાત્મબુદ્ધિ એ, નિજાત્મિક સૌખ્યવારણ એ. ૧૪

શરીર ના હું, ન એ મારું, હવે એ નિશ્ચયે ધારો;
વ્યથા ચિન્તા ફિકર સર્વે, વૃથા એ અન્યની વારો. ૧૫

શરીરમાં રોગ, દુઃખ, પીડા, શરીરનાં, તે નહિ તારાં;
મરણ પણ થાય જો તનનું, બધાં તુજ સ્વરૂપથી ન્યારાં. ૧૬

અહો મરણાંત ઉપસર્ગે, ડગ્યા ના પૂર્વ મહાપુરુષો!
સ્વરૂપે અચળ વૃત્તિથી, વર્યા નિજ સિદ્ધિ સત્પુરુષો. ૧૭

સ્મરી પુરુષાર્થ સંતોનો સહનશીલતા ઉરે ધારો;
ક્ષમા સમતા ધૃતિ શાંતિ, ધરી વિભાવ સૌ વારો. ૧૮

તજો કાયા તણી માયા, તજો સૌ મોહ ને મમતા;
શરીર દુઃખ વ્યાધિ આદિના, રહો જ્ઞાતા ધરી સમતા. ૧૯

રહો પરદ્રવ્ય પરભાવો તણા સાક્ષી જ જોનારા;
રમો આત્મિક ભાવોમાં, વિભાવોથી રહો ન્યારા. ૨૦

અશુભ કર્મો કર્યાં પૂર્વે, ઉદય આવી ખરી જાતાં;
નથી કંઈ હાનિ ત્યાં ભય શો? ખપાવો માત્ર રહી જ્ઞાતા. ૨૧

મહા મંગલમયી મંત્ર, સ્મરો સહજાત્મપદ નિત્ય;
શમાવી સૌ વિકલ્પોને, પ્રશમરસમાં ધરો ચિત્ત. ૨૨

અશાતા વેદની સાથે, લડો શૂરવીર થઈ ખંતે;
સકલ શત્રુ હઠાવીને, વિજયમાળા વરો અંતે. ૨૩

નથી આત્મા કદી મરતો, અમર સહજાત્મને સ્મરતો;
પ્રભુપદ અચલ આશ્રયથી, અમરપદમાં ગતિ કરતો. ૨૪

નથી દુઃખદાયી યમ અંતે, દુઃખદ તો સંગ સૌ જાણો;
તજી સૌ સંગ બાહ્યાંતર, અસંગી ભાવ ઉર આણો. ૨૫

'અકિંચન હું છું' અભ્યાસો, થશો ત્રૈલોક્યપતિ સૌમ્ય;
કહ્યું પરમાત્મપ્રાપ્તિનું રહસ્ય યોગીગણુ ગમ્ય. ૨૬

સદા વિજ્ઞાનઘન શાશ્વત, તમે ચિદ્રૂપ શુદ્ધાત્મા;
અસંગી છો, અનંગી છો, નિરંજન સિદ્ધ સહજાત્મા. ૨૭

વર્યા જે પૂર્વમાં સિદ્ધિ, વર્યા તે ભેદવિજ્ઞાને;
ચહો સિદ્ધિ, કરો સાચું, પરાક્રમ ભેદવિજ્ઞાને. ૨૮

પ્રતીતિ પ્રીતિ સ્વાત્મામાં, રમણુતા રુચિ પ્રગટાવો;
લગાવો લગન આત્માની, તુંહિ તુંહિ એક એ ભાવો. ૨૯

લહ્યો ચિંતામણિ કરતાં અધિક આ યોગ ભવ તરવા;
સ્વરૂપે મગ્નતા સાધો, અનુપમ સિદ્ધિસુખ વરવા. ૩૦

અનંતાનંત જ્ઞાનાદિ, સહજ સ્વાત્મિક ગુણુમાલા,
સ્મરો, ધ્યાવો, ઠરો ત્યાં તો, સમાધિસિદ્ધિવરમાલા. ૩૧

---

## ૧૪. સિદ્ધિનાં સુખ શાશ્વતાં

સિદ્ધિનાં સુખ શાશ્વતાં, એ જ એક જગસાર;
મુજ ઉરમાં બસ એ વસ્યાં, બીજું સર્વ અસાર. ૧

સદ્‌ગુરુ આજ્ઞા ઉર ધર્યે, સિદ્ધિ સન્મુખ થાય;
સદ્‌ગુરુ મહિમા અપાર છે, સદ્‌ગુરુ શિવસુખદાય. સદ્‌૦ ૨

મનુષ્યભવ ચિંતામણિ, ચિંતિત સર્વ પમાય;
ભવ ભવનાં દુઃખ ટાળીને, સિદ્ધિપદે ઠરાય. સદ્‌૦ ૩

નિજ સહજાત્મસ્વરૂપ જ્યાં, શુદ્ધ–સિદ્ધિ ત્યાં પૂર્ણ;
કર્મકલંક ટળી જતાં, નિર્મળ સ્ફટિક પ્રપૂર્ણ. સદ્‌૦ ૪

સિદ્ધિ શુદ્ધિ, મુક્તિ કે નિવૃત્તિ નિર્વાણ;
શિવપદ, શાંતિ, સમાધિ સૌ આત્મશુદ્ધિ સુખખાણ. સદ્દ૦ ૫

આનંદોર્મિ અપાર ત્યાં, સુખની લહેર અનંત;
અચિંત્ય અનુપમ એ દશા, ભવાબ્ધિ દુઃખનો અંત. સદ્દ૦ ૬

વીતરાગ સર્વજ્ઞ એ, નિત્ય નિરંજન સિદ્ધ;
અવ્યાબાધ સ્વરાજ્ય સુખ, વિલસે પ્રભુ પ્રબુદ્ધ. સદ્દ૦ ૭

જન્મ જરા મૃત્યુ નહીં, ત્રિવિધ તાપ નહિ લેશ;
રોગ શોક ભય ખેદ નહિ, નહિ ચિંતા સંક્લેશ. સદ્દ૦ ૮

સમય સમય સુખ લહેર ત્યાં, દર્શન જ્ઞાન અનંત;
અનંત નિજ ગુણ સંપદા, ચિન્મય જ્યોત જ્વલંત. સદ્દ૦ ૯

અચિંત્ય પ્રભુતા આત્મની, અદ્‌ભુત નિજ ઐશ્વર્ય;
વચનાતીત અનંત એ, સ્વરૂપરમણ સામર્થ્ય. સદ્દ૦ ૧૦

મુજ સહજાત્મસ્વરૂપ એ, અનંત શક્તિ સ્વરૂપ;
કદી ન જાણ્યું માન્યું મેં, અનુભવ્યું નહિ નિજરૂપ. સદ્દ૦ ૧૧

તેથી દુઃખદરિયે ડૂબ્યો, ભવ ભવ ભમ્યો અપાર;
ભવદુઃખ અંત લહું હવે, સદ્‌ગુરુ તારણહાર. સદ્દ૦ ૧૨

મૃગજળ સમ ભવસુખ છતાં દોડ જગતની ત્યાં જ;
કદી ન તૃપ્તિ તેહથી, અંતર્દાહ જ ત્યાજ્ય. સદ્દ૦ ૧૩

માયામય અગ્નિ વિષે, બળી રહ્યો ત્રણ લોક;
શીતળ શાંત સુધાનિધિ, રાજચંદ્ર સુખી કોક. સદ્દ૦ ૧૪

જન્મ મરણની આગમાં બળતા જીવ તમામ;
ચતુર્ગતિનાં દુઃખ સહે, લખ ચોરાસી આમ. સદ્દ૦ ૧૫

નરક નિગોદ તણાં દુઃખો, વચને કહ્યાં ન જાય;
ફરી ફરી તે વેદ્યાં છતાં, થાક્યો જીવ ન જરાય. સદ્‌૦ ૧૬
વિવિધ વ્યાધિ પીડા વ્યથા, આધિ અંતર લ્હાય;
બાહ્યાભ્યંતર સંગથી, ઉપાધિ આગ સદાય. સદ્‌૦ ૧૭
આવાં દુઃખની આગમાં, હુવે બળું ન કદાય;
એવો નિશ્ચય દૃઢ કરી, સેવું સુગુરુ સદાય. સદ્‌૦ ૧૮
સદ્‌ગુરુ સંગે રંગ ત્યાં, ચઢે અખંડ અભંગ;
રોમ રોમ ક્ષણ ક્ષણ જપું, નિજ સહજાત્મ અસંગ. સદ્‌૦ ૧૯
દશા અલૌકિક રાજની, આત્મસમાધિ નિમગ્ન;
આત્મમગ્નતા પ્રેરતી, કરે શત્રુબળ ભગ્ન. સદ્‌૦ ૨૦
કષાય મન ઇંદ્રિય તિહાં, દશે શત્રુ જિતાય;
વિજય ધ્વજા ફરકાવતાં, સહજ સ્વરાજ્ય પમાય. સદ્‌૦ ૨૧
નિજ સહજાત્મસ્વરૂપ એ, સર્વોત્તમ પદ સાર;
પ્રીતિ પ્રતીતિ સ્થિતિ ત્યાં, દૃઢ કરી તરું ભવપાર. સદ્‌૦ ૨૨
રોમ રોમ આ ભાવના, સિદ્ધસ્વરૂપની સદાય;
અખંડ અંતરમાં રમો, ભવક્ષય ઝટ થઈ જાય. સદ્‌૦ ૨૩
મુદ્રા શ્રીમદ્‌ રાજની, શમરસ અમૃત રેલ;
તાપ વિભાવ શમાવી ઝટ, હરો કર્મ મુજ મેલ. સદ્‌૦ ૨૪
રાજ વચન જીવન વિષે, એક પરમ આધાર;
જીવન્મુક્ત દશા દીએ, સિદ્ધિ તણી શી વાર? સદ્‌૦ ૨૫

---

## ૧૫ સદ્‌ગુરુદશા

આશા ધરીને અમે આવિયા જિણંદજી,
  લીધા વિના કેમ જાશું રે; માયા તોરી લાગી જિણંદજી

સદ્‌ગુરુ દશા અહો! અગમ્ય શી! જિણુંદજી;
શાંતિ સમાધિ નિમગ્ન રે; માયા તોરી લાગી જિણુંદજી.
મોક્ષાર્થી ભવ્યોનો પ્રાણ એ જિ૦
મનડું રહે ત્યાં જ મગ્ન રે. માયા૦ ૧

દશા અલૌકિક રાજની જિ૦
જ્ઞાનનો અપાર અંબાર રે; માયા૦
મૂર્તિમાન મોક્ષ આ કાળમાં જિ૦
અવનીમાં અમૃત અવતાર રે. માયા૦ ૨

અંતરંગ અરિબળ જીતતા જિ૦
વિદ્યમાન વીર વીતરાગ રે; માયા૦
સહજ સ્વરૂપમાં રમતા જિ૦
બીજા શ્રી રામ મહાભાગ્ય રે. માયા૦ ૩

વીર કે રામ સહજાત્મ એ જિ૦
ચિત્ત ચહે એ જ સુતરામ રે; માયા૦
પિયુ પિયુ પળ પળ પોકાર એ જિ૦
શીઘ્ર વરું સિદ્ધિ સુખધામ રે. માયા૦ ૪

જળમાં કમળ જેમ દશા જિ૦
સંસાર સંગે અલિપ્ત રે; માયા૦
ઉર્વશી એ ઉરે વસ્યે જિ૦
ચિત્ત થાય શાંત અવિક્ષિપ્ત રે. માયા૦ ૫

ચિત્ત શાંત થાતાં દૃષ્ટિ જિ૦
સ્વરૂપ જુએ સહજાત્મ રે; માયા૦
પ્રભુનાં દર્શન પામી જિ૦
ધન્ય ધન્ય કૃતકૃત્ય આમ રે. માયા૦ ૬

મુદ્રા સદ્‌ગુરુ રાજની જિ૦
　　　　　પ્રશાંત રસની રેલી રે, માયા૦
વાણી સુધારસ વૃષ્ટિ જિ૦
　　　　　ચિત્ત લહે સ્વરૂપે કેલિ રે. માયા૦ ૭

ઉરચર્યા શિવપથગા જિ૦
　　　　　રત્નત્રયે તલ્લીન રે; માયા૦
ભાવે ઉલ્લાસે ભવિને જિ૦
　　　　　સ્વરૂપ વિષે કરે લીન રે. માયા૦ ૮

ચર્યા વિદેહી અસંગ એ જિ૦
　　　　　સ્વરૂપે રમણતા ઉલ્લાસ રે; માયા૦
ભાવું ધ્યાવું અખંડ એ જિ૦
　　　　　તુંહિ તુંહિ એ જ ઉરે વાસ રે. માયા૦ ૯

ધન્ય આ યોગ રાજ વચને જિ૦
　　　　　જીવનમુક્તિ વિલાસ રે; માયા૦
નિજ ઉપયોગને સાધી જિ૦
　　　　　સાધક સિદ્ધિ નિવાસ રે. માયા૦ ૧૦

---

## ૧૬. સમાધિની મૂર્તિ

શિખરિણી છંદ

સમાધિની મૂર્તિ ! પ્રશમરસધારા છલકતી !
અહો ! મુદ્રા શ્રીમદ્ સદ્‌ગુરુતણી શી ઝલકતી !
નિજાત્મામાં શાશ્વત્ અમિત સુખ ભાળી મલકતી !
વિભાવોથી થંભી સહજ નિજ ભાવે ઠરી જતી !

શરીરાદિ ન્યારાં સકલ જડમાં સ્વાત્મમતિ એ,
અનાદિ ભ્રાંતિને પરિહરી સ્વરૂપે સુરતિ જે;
ઉરે શી જાગૃતિ ! પ્રગટ સ્વરૂપે માત્ર રમવા !
જ્વલંતી ચિદ્વૃત્તિ અવર પરિણતિથી વિરમવા !
તજી કાયા માયા સહજ નિજ ચિદ્રૂપ વિલસ્યા,
સદા સ્વાનુભૂતિ પીયૂષરસમાં મગ્ન ઉલસ્યા;
દૃશિ જ્ઞપ્તિ વૃત્તિ સ્વરૂપ શિવમાર્ગે ભવ તર્યા,
સમાધિ બોધિનું સદન સહજાત્મા મહીં ઠર્યા.

ઉરે જાગી જ્યોતિ પ્રગટ નિજ સ્વાનુભવતણી,
વિભાવોની સ્હેજે વિરમી ગઈ સંપૂર્ણ રજની;
દશા શી સ્વાત્માની જળહળ પ્રકાશે ઝલકતી !
અવિદ્યા અંધારું મુજ હરી દિયો પંચમગતિ.

હરિગીત છંદ

પંચમ ગતિ મુજ સાધવા, ગુરુ રાજચંદ્ર ઉરે ધરું,
જ્ઞાની-દશા અદ્ભુત વિદેહી ! જીવન્મુક્ત સદા સ્મરું;
જલકમલવત નિર્લેપ એ, મોહાદિ કર્મ કલંકથી,
સહજાત્મમાં જ નિમગ્ન નિશદિન, ઉદાસીન ભવપંકથી.

ઐશ્વર્ય સિદ્ધિ શક્તિ સુખ, જ્ઞાનાદિ જે સહજાત્મમાં,
જેવી અનંતી રિદ્ધિ ત્યાં, તેવી નહીં કંઈ અન્યમાં;
જગના પદાર્થો તુચ્છ આત્માની ન તોલે અલ્પ એ,
તેથી ટળી આસક્તિ ઉરમાં, ઉદાસીન નિર્લેપ એ,
મૂર્તિ ઉદાસીનતાતણી વૈરાગ્યજ્ઞાનતણી દ્યુતિ,
મુજ ઉર વિષે ઝલકી રહો, સહજાત્મતત્ત્વ પ્રકાશતી;
ચૈતન્ય શુદ્ધ પ્રબુદ્ધ હું, દેહાદિથી ન્યારો સદા,
બોધિ સમાધિ સહજપદને સાધું તુજ ચરણે મુદા.

## ૧૭. ધન્ય ગુરુરાજ

ઝૂલણાં છંદ

ધન્ય ગુરુરાજ! બોધિ સમાધિ નિધિ!
ધન્ય તુજ મૂર્તિ! શી ઉર ઉજાળે!
મુજ સમા પતિતને ભવથી ઉદ્ધારવા,
જ્ઞાન તુજ જ્યોતિ ઉર તિમિર ટાળે. ધન્ય૦ ૧

પ્રશમરસ નીતરતી સ્વરૂપમાં મગ્ન શી!
મૂર્તિ ગુરુરાજની આજ ભાળી;
ભવ દવાનલ જ્વલિત જીવને ઠારવા,
શાંત શીતળ શશીશી નિહાળી! ધન્ય૦ ૨

આત્મ અનુભવરસાસ્વાદમાં મલકતી!
જ્ઞાન વૈરાગ્ય શમનિધિ સુહાવે;
ચિત્ત તન્મય થતાં તાપ દૂરે ટળે,
શાંતિ સિદ્ધિ સકલ સમીપ આવે. ધન્ય૦ ૩

શાંત મુદ્રા પ્રભુ આપની નીરખતાં,
આપ સમ મુજ સ્વરૂપ લક્ષ આવે;
પ્રેમ પ્રતીતિ રુચિ, ભક્તિ સહજાત્મમાં,
જાગતાં એ જ પદ એક ભાવે. ધન્ય૦ ૪

તુંહિ તુંહિ સ્મરણથી, રટણથી, મનનથી,
સહજ સ્વરૂપે અહો! લગન લાગે;
આત્મ–માહાત્મ્ય અદ્‌ભુત ઉરમાં વસ્યે,
દેહનો મોહ દૂર ક્યાંય ભાગે! ધન્ય૦ ૫

એક એ જોઉં, જાણું, અનુભવું મુદા,
એક એ સ્વરૂપમાં મગ્ન થાઉં;

એ વિના સર્વ પરભાવ દુઃખખાણુને,
　　પરિહરી આત્મ આનંદ ધ્યાઉં. ધન્ય૦ ૬

શરણ તું, ત્રાણ તું, પરમ આધાર તું,
　　તુજ દશા ઉર્વશી ઉર વસાવું;
દિવ્ય આત્મિક સુખમાં રમણતા લહી,
　　સહજ બોધિ સમાધિ જગાવું. ધન્ય૦ ૭

આ જ કૃતપુણ્ય ધન્ય દિન મારો થયો,
　　આ જ નરજન્મ મેં સફળ ભાળ્યો;
આત્મ-આનંદ અમૃતરસ રેલતો,
　　શાંત સહજાત્મ પ્રભુ દિલ વસાળ્યો. ધન્ય૦ ૮

---

## ૧૮. પરમપદ પ્રાપ્તિની ભાવના

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો. અપૂર્વ૦

૨ સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦

૩ દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦

૪ આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦

૫ સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

૬ પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦

૭ ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦

૮ બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦

૯ નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦

૧૦ શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦

૧૧ એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦

૧૨ ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦

૧૩ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦

૧૪ મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦

૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦
૧૭ મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકલ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦
૧૮ એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલસ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦
૧૯ પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦
૨૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રીભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦
૨૧ એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦

—શ્રીમદ્ રાજચંદ્ર

★

## ૧૯. ધર્મનો મર્મ

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ, અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ. ૧૦૮
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ. ૧૦૯
મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦
વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત:
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧
વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨
કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩
કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬
શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭
નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય. ૧૧૮

—શ્રી આત્મસિદ્ધિ

---

## ૨૦. અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ !

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯
ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને દેહાતીત સ્વરૂપ. ૧૨૦
કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧
અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨
મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩
અહો! અહો! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું. તેહ પ્રભુનો દીન. ૧૨૬
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું. શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧૨૮
પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧૨૯
દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત. ૧૩૦

—શ્રીમદ્ રાજચંદ્ર

## ૨૧. ભાવ-અંજલિ

કૌન ઉતારે પાર, પ્રભુબિન, કૌન ઉતારે પાર—એ રાગ

શા સ્મરીએ ઉપકાર ! પ્રભુ તુજ, શા સ્મરીએ ઉપકાર !
ભાવદયા ભંડાર ! પ્રભુ તુજ, શા સ્મરીએ ઉપકાર !

ગુરુગમ નેત્રાંજન પ્રભુ આંજી, જ્ઞાનપડળ હરનાર ! પ્રભુ૦
નિજ પર શ્રેયાર્થે પ્રભુ જીવન, [1]ઉપકૃતિના અવતાર ! પ્રભુ૦ ૧

શાંતમૂર્તિ લઘુરાજ, પ્રભુજી, અદ્‌ભુત મુદ્રા સાર; પ્રભુ૦
બોધિ સમાધિ શાશ્વત શાંતિ, આત્મદશા દાતાર. પ્રભુ૦ ૨

ઓગણીસો દસ વિક્રમ વર્ષે, જન્મ વટામણ ગ્રામ; પ્રભુ૦
ચારુતરના ભાલ પ્રદેશે, સુખ સંપદ અભિરામ. પ્રભુ૦ ૩

દેહ વિષે ત્યાં વ્યાધિ પ્રસંગે, પામ્યા અતિ વૈરાગ; પ્રભુ૦
ત્રીશ વરસની વય, ખંભાતે, ગ્રહી દીક્ષા વડભાગ. પ્રભુ૦ ૪

પાંચ વર્ષ ગુરુ આજ્ઞા માંહે, કર્યો ઘણો પુરુષાર્થ; પ્રભુ૦
છતાં ન પામ્યા આત્મદશા કે, લહ્યો નહીં પરમાર્થ. પ્રભુ૦ ૫

શા માટે મેં દીક્ષા લીધી ? આત્મજ્ઞાનને કાજ; પ્રભુ૦
આત્મજ્ઞાન જો પ્રગટ્યું નહિ તો, વ્યર્થ મુનિનો સાજ. પ્રભુ૦ ૬

આત્મજ્ઞાન વિણ જન્મ ટળે ના, ટળે ન દુઃખ સંસાર; પ્રભુ૦
આત્મજ્ઞાની ગુરુ જો હું પામું, તો તરી જઉં ભવ પાર. પ્રભુ૦ ૭

એવી ઉરમાં જાગી પિપાસા, તત્ત્વામૃત પાનાર; પ્રભુ૦
જ્ઞાનમૂર્તિ ગુરુ રાજચંદ્ર ત્યાં, મળ્યા સફળ અવતાર. પ્રભુ૦ ૮

---

૧ ઉપકારના

અંતર્મુખ ઉપયોગે રહેતાં, આજ્ઞામાં એકતાર; પ્રભુ૦
વસો મુકામે, ચોપન સાલે, આત્મજ્ઞાન લહ્યું સાર. પ્રભુ૦ ૯

દિન દિન અંતર્મુખ ઉપયોગે, દશા શાંત મનોહાર; પ્રભુ૦
ગિરિ ગુફા જંગલ વિચરંતા, એકાંતે વસનાર. પ્રભુ૦ ૧૦

ઈડર ગિરિ પર સાતે મુનિઓ, રાજ ગુરુવર સંગ; પ્રભુ૦
અનુપમ બોધ પ્રસાદી પામી, પામ્યા રંગ અભંગ. પ્રભુ૦ ૧૧

જ્ઞાનદશાને ગુપ્ત રાખીને, વિચર્યા વર્ષ અનેક; પ્રભુ૦
સમતા ભાવે પરિષહ સહતા, ધરતા હૃદય વિવેક. પ્રભુ૦ ૧૨

ઓગણીસો છોતેરથી વધતો, ઝળક્યો પુણ્ય પ્રકાશ; પ્રભુ૦
ભવ્ય જનોને ઉદ્ધરવાને, મંગલમૂર્તિ ખાસ. પ્રભુ૦ ૧૩

તીર્થ અનુપમ ઉદ્ભવ પામ્યું, અદ્ભુત સત્સંગ ધામ; પ્રભુ૦
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ એ, પાસે અગાસ ગામ. પ્રભુ૦ ૧૪

સમ્યગ્દર્શન જ્ઞાન ચરણરૂપ, શાશ્વત મુક્તિ માર્ગ; પ્રભુ૦
વીર પ્રભુએ પ્રગટ પ્રબોધ્યો, લુપ્ત પ્રાય, દુર્ભાગ્ય! પ્રભુ૦ ૧૫

એ સન્માર્ગ કૃપાળુ શ્રીમદ્, રાજચંદ્રથી પ્રાપ્ત; પ્રભુ૦
આપ્યો મોક્ષાર્થી ભવ્યોને, ભાવદયાથી વ્યાપ્ત. પ્રભુ૦ ૧૬

ભાગ્યવંત બહુ તત્ત્વપિપાસુ, પામ્યા શાંતિ અપાર; પ્રભુ૦
તત્ત્વામૃતનું પાન કરીને, સાધે સિદ્ધિ સાર. પ્રભુ૦ ૧૭

બોધિ સમાધિ શાશ્વત સિદ્ધિ, સ્હેજે આજ સધાય; પ્રભુ૦
એ ઉપકાર અહો! પ્રભુશ્રીના પળ પણ કિમ વિસરાય? પ્રભુ૦ ૧૮

ધન્ય પ્રભુશ્રી કરુણામૂર્તિ, ભાવ પ્રાણ દાતાર; પ્રભુ૦
અજરામર અવિનાશી પદ દઈ, ધન્ય જીવન કરનાર. પ્રભુ૦ ૧૯

સહજ સ્વરૂપે નિશદિન રમતા, જ્ઞાન વિરાગ અથાગ; પ્રભુ૦
ભાવ–અંજલિ આજ અર્પીએ, લહીએ ભવનો તાગ. પ્રભુ૦ ૨૦

ઓગણીસો બાણું વૈશાખે, શુક્લા અષ્ટમી સાંજ; પ્રભુ૦
સ્વરૂપ સમાધિ લહી આશ્રમમાં, ખિન્ન મુમુક્ષુ સમાજ. પ્રભુ૦ ૨૧

નંદનવન સમ અનુપમ આશ્રમ, દીપે આજ સતેજ; પ્રભુ૦
આપ અલિપ્ત રહીને નિજ પર, શ્રેય કર્યું ધરી [1]હેજ. પ્રભુ૦ ૨૨

પ્રશમ રસ ભરી મૂર્તિ પ્રભુની, ભાળી આત્માકાર; પ્રભુ૦
રાગ વપુનો જીવ તજી ઝટ, આત્મરમણ ઉર ધાર. પ્રભુ૦ ૨૩

---

## ૨૨. સદ્ગુરુ તારણહાર

જન્મ મરણનાં દુ:ખ તણો, કદી ન આવ્યો પાર;
આ ભવ મુજ સાર્થક થયો સદ્ગુરુ તારણહાર.
સદ્ગુરુ તારણહાર૦ ૧

જે મૃત્યુથી જગ ડરે, તે મુજ મહોત્સવ થાય;
આત્મજ્ઞાની ગુરુ ઉર ધર્યા, સત્સમાધિ સુખદાય.
સદ્ગુરુ તારણહાર૦ ૨

હે ચેતન! જો તું ચહે, શીઘ્ર સિદ્ધિ સુખદાય;
દેહભાવ તો ગાળી દે, ભાવ સ્વભાવ સદાય.
સદ્ગુરુ તારણહાર૦ ૩

કાયા હું સ્વપ્નેય નહિ, હું ચિદ્રૂપી રામ,
દર્શન જ્ઞાન અનંત હું, અજરામર સુખધામ.
સદ્ગુરુ તારણહાર૦ ૪

---

૧. હેત, ઊમળકો

'કાયા હું, મારી' ગણી, ભવ ભવ ભમ્યો અપાર;
'શુદ્ધ બુદ્ધ ચૈતન્ય હું,' એ ભાવ્યે ભવ પાર.
સદ્‌ગુરુ તારણહાર૦ ૫

ત્રણ જગમાં સર્વોપરી સારરૂપ મુજ એક;
નિજ સહજાત્મસ્વરૂપ એ, ધ્યાવું ધરી વિવેક.
સદ્‌ગુરુ તારણહાર૦ ૬

ધ્યાવું, ભાવું, અનુભવું, નિજપદ કરું વિરામ;
સદ્‌ગુરુ રાજ કૃપા થકી, વરું સિદ્ધિ અભિરામ.
સદ્‌ગુરુ તારણહાર૦ ૭

રાજ વચન જીવન વિષે, એક પરમ આધાર;
જીવન્મુક્ત દશા દીએ, બોધિ સમાધિ સાર.
સદ્‌ગુરુ તારણહાર૦ ૮

---

## ૨૩ જરા ઉરમાં વિચારજો

જિંદગીમાં કેટલું કમાયા રે? જરા સરવાળો માંડજો,
સમજુ સજ્જન ને શાણા રે, જરા સરવાળો માંડજો,
આત્મધર્મને જેણે પિછાણ્યો, ભવભ્રમણથી મુકાણા; રે જરા૦
ધર્મનો મર્મ જો નવિ જાણ્યો તો, સરવાળે મીંડાં મુકાણાં; રે જરા૦

મોંઘો મનુષ્ય ભવ પામિયા રે, જરા ઉરમાં વિચારજો;
ભવજળ કાંઠે આવિયા રે, જરા ઉરમાં વિચારજો;
ઉરમાં વિચારજો, નિજને ઉદ્ધારજો,
નિજ શ્રેય શીઘ્ર ઉરે ધારજો રે. જરા૦ ૧

તન ધન સ્વજનાદિમાં મૂંઝાયા,
અંતે તો એકલવાયા રે; જરા૦
માયાની જાળમાં જ્યાં ત્યાં ફસાયા,
જીવનમાં સાર શું કમાયા રે. જરા૦ ૨

અંધાની હારમાં હવે ન ચાલશો,
અજ્ઞાન અનાદિનું ટાળજો રે; જરા૦
ઉરમાં વિચારજો, અંતરમાં ભાળજો,
અંતરંગ ચક્ષુ ઉઘાડજો રે. જરા૦ ૩

દૃષ્ટિ બહિર્મુખ અંતરમાં વાળી,
જળહળ જ્યોતિ નિહાળજો રે; જરા૦
અંતરમાં ભાળવા, આંખો ઉઘાડવા,
અંજનથી નયન અજવાળજો રે. જરા૦ ૪

સદ્ગુરુ રાજરાજેશ્વર આજ્ઞા,
અનન્ય ભાવે ઉપાસજો રે; જરા૦
અંજન વિમલાલોક તો પામી,
ઉરમાં પરમાત્મા પ્રકાશજો રે. જરા૦ ૫

સત્પદ મૂકી અસત્ ભાળવાની,
ટેવ અનાદિની ટાળજો રે; જરા૦
સત્ સહજાતમા સર્વત્ર ભાળજો,
મૃગજળ પર, ન નિહાળજો રે. જરા૦ ૬

અદૃશ્ય આતમા દૃશ્ય કરી દેખજો,
જાણનાર જોનાર ભાળજો રે; જરા૦
તેને પડી મૂકી બીજું જોવાનો,
અભ્યાસ અનાદિનો ટાળજો રે. જરા૦ ૭

કેવળ નિજ સહજાત્મસ્વરૂપને,
પ્રત્યક્ષ નજરે લાવજો રે; જરા૦
દશા સમાધિસ્થ રાજની ધ્યાવતાં,
જ્યોતિ જ્વલંત જગાવજો રે. જરા૦ ૮

અચિંત્ય સ્વાતમ રિદ્ધિ ઉર ધારીને,
આત્માથી હીન સૌ જાણજો રે. જરા૦
અદ્ભુત રત્નત્રયી પ્રગટાવી,
સત્‌ચિદ્ આનંદ માણજો રે. જરા૦ ૯

અમૂલ્ય અવસર હારી ગયા જો,
ભવદુઃખદરિયો અપાર તો રે; જરા૦
ઉરમાં વિચારજો, ઊંડા વિચારજો,
ભવ ભવનાં દુઃખ વારજો રે. જરા૦ ૧૦

બોધિ સમાધિ જો લીધી સાધી,
ધન્ય ધન્ય આ અવતાર તો રે; જરા૦
રાજ વચન જીવન આધારે,
તરી જવો સંસાર તો રે. જરા૦ ૧૧

---

## ૨૪. સમાધિ–સાર

જન્મ જરા મરણાદિનાં, દુઃખનો જ્યાં નહિ પાર;
એવા આ ભવસિંધુથી, કરે કોણ ઉદ્ધાર ? ૧

મુમુક્ષુને આ કાળમાં, કૃપાળુ તારણહાર;
જ્ઞાની સદ્‌ગુરુ રાજ વિણ, કોણ અવર આધાર ? ૨

ધન્યભાગ્ય મોક્ષાર્થીનાં, આત્મજ્ઞાન અવતાર;
રાજચંદ્ર ગુરુવર મળ્યા, દિવ્ય દૃષ્ટિ દાતાર. ૩

સમાધિસુખમાં રાજતા, યોગીન્દુ ગુરુરાજ;
અનન્ય આશ્રય તુજ રહો, શીઘ્ર લહું શિવરાજ. ૪

હે પરમાત્મપ્રકાશકર ! પ્રણમું ધરી ઉલ્લાસ;
રમું પરમાત્મપ્રકાશમાં, હો ઉરતિમિર વિનાશ. ૫

વંદું તે શ્રી સિદ્ધગણ, હવે થનાર અનંત;
શિવમય નિરુપમ જ્ઞાનમય, પરમ સમાધિ ભજંત. ૬
મુનિઓ પરમાત્મા જુએ, પરમ સમાધિ સ્થિત;
પરમાનંદ સુહેતુ હો પરમેષ્ઠી મુજ ચિત્ત. ૭
સ્વાત્મદર્શને સુખ પરમ, કરતાં ધ્યાન પમાય;
તે સુખ ત્રિભુવનમાંય ના, જિન અનંત સિવાય. ૮
મુનિ ધ્યાતાં નિજ આત્મને, જે સુખ લહે અનંત;
લહે ન તે સુખ ઈંદ્ર પણ, કોટિ-દેવી-વિલસંત. ૯
આત્મદર્શને જિનવરો, જે સુખ લહે અનંત;
તે સુખ લહે વિરાગી જીવ, અનુભવતાં શિવશાંત. ૧૦
મુનિવર કરે ન ગ્રંથ પર, રાગ દ્વેષરૂપ ભાવ;
કારણ ગ્રંથથી ભિન્ન નિજ જાણ્યો આત્મસ્વભાવ. ૧૧
કરે ન મુનિવર શરીર પર, રાગ દ્વેષરૂપ ભાવ;
કારણ શરીરથી ભિન્ન નિજ, જાણ્યો આત્મસ્વભાવ. ૧૨
કરે ન વૃત્તિ નિવૃત્તિ પર, રાગદ્વેષ મુનિરાય;
જાણ્યો સ્વભાવ બેઉનો, બંધ હેતુ દુખદાય. ૧૩
જ્ઞાનીને આત્મા વિના અવર ન સુંદર કાંઈ;
તો પરમાર્થ સુજાણ તો, રમે ન વિષયો માંહિ. ૧૪
જ્ઞાનમયી આત્મા વિના અન્ય રુચે નહિ ચિત્ત;
પરખ્યો મરકત તેહને, કાચ વિષે શું પ્રીત ? ૧૫
અણુમાત્ર પણ રાગ જો મનથી જગ ન તજાય;
તો પરમાર્થ-પ્રવીણ પણ ત્યાં સુધી મુક્ત ન થાય. ૧૬
જ્ઞાની ને અજ્ઞાની બે મુનિવરમાં બહુ ભેદ;
જ્ઞાની તનને પણ તજે, જાણી સ્વપર-પ્રભેદ. ૧૭

યોગિન્! ત્યજ તું મોહને, મોહ ભદ્રરૂપ નાંહિ;
મોહાસક્ત બધું જગત, દુઃખ સહે જો આંહિ. ૧૮

તે જ ધન્ય તે સત્પુરુષ ચિરંજીવો જગમાંય;
જે યૌવનદ્રહમાં[1] પડ્યા, સહેજે તે તરી જાય. ૧૯

બે દિનનાં સુખ વિષયનાં, પછી દુખનો નહિ પાર;
ભ્રાંત જીવ, તું નિજ ખભે, ભલા કુહાડી ન માર. ૨૦

તન પણ નહિ જ્યાં સ્વાત્મનું, ત્યાં શું અન્ય સ્વ થાય?
પર કારણ કર મોહ ના, તું શિવસંગ[2] વિહાય. ૨૧

કર શિવસંગમ માત્ર એક, જેથી સુખ પમાય;
ચિંતવ ના કંઈ અવરને, જેથી મોક્ષ ન થાય. ૨૨

મોહ તૂટે ઝટ જેમ ને, પામે ચિત્ત વિરામ;
સ્વામિન્, તે ઉપદેશ દો, દેવ અવરનું શું કામ? ૨૩

નાકે નીકળ્યો શ્વાસ જ્યાં, સમાધિમાં લય થાય;
ત્યાં તૂટે ઝટ મોહ ને, ચિત્ત અસ્ત થઈ જાય. ૨૪

સમાધિમાં જો વાસ તો, શીઘ્ર મોહલય થાય;
શ્વાસ તૂટે મન પણ મરે, કેવલ રવિ પ્રગટાય. ૨૫

સમાધિમાં મન જે ધરે લોકાલોક-પ્રમાણ;
શીઘ્ર મોહ તૂટે, બને, એ પરમાત્મ-પ્રમાણ. ૨૬

સમાધિ સમરસ મન ધરી, આત્મા દેવ અનંત;
તનસ્થિત પણ જાણ્યો નહીં, થયો નષ્ટ, ભગવંત. ૨૭

અર્ધ મીચેલાં નયન કે, પૂર્ણ મીચ્યે શું યોગ?
ચિંતા વિણ એકાગ્ર લે, ધ્યાને શિવસંયોગ. ૨૮

---

૧. દ્રહ=ધરો, ૨. આત્મ-અનુભવ.

યોગિન્, ચિંતા જો તજે, તો તૂટે સંસાર;
ચિંતાસક્ત જિનેન્દ્ર પણ, લહે ન હંસાચાર.[1] ૨૯

આ આત્મ જ પરમાતમા, કર્મવશે બહિરાત્મ;
સ્વને સ્વથી જાણ્યે બને, સ્વયં દેવ પરમાત્મ. ૩૦

જે પરમાત્મા જ્ઞાનમય, તે હું દેવ અનંત;
જે હું તે પરમાતમા, એમ ભાવ નિર્ભ્રાન્ત. ૩૧

વિમલ સ્ફટિકથી ભિન્ન જ્યમ, હે જીવ પરકૃત ભાવ;
તેમજ આત્મસ્વભાવથી ગણ સૌ કર્મસ્વભાવ. ૩૨

સ્ફટિક સ્વભાવે વિમલ જ્યમ, તેમજ આત્મસ્વભાવ;
જોઈ મલિન તન ભ્રાંતિથી, ગણ ન મલિન નિજભાવ. ૩૩

રક્ત વસ્ત્રથી જેમ બુધ, તન નહિ માને રક્ત;
ત્યમ તન રક્તથી જ્ઞાની ના, આત્મા માને રક્ત. ૩૪

જીર્ણ વસ્ત્રથી જેમ બુધ, તન નહિ માને જીર્ણ;
ત્યમ તન જીર્ણથી જ્ઞાની ના, આત્મા માને જીર્ણ. ૩૫

વસ્ત્ર નાશથી જેમ બુધ તન નહિ માને નષ્ટ;
ત્યમ તનનાશે જ્ઞાની ના, આત્મા માને નષ્ટ. ૩૬

હે જીવ, જ્ઞાની જ્યમ ગણે, વસ્ત્ર દેહથી ભિન્ન;
તેમ દેહ પણ આત્મથી, માને જ્ઞાની વિભિન્ન. ૩૭

આ તન જીવ, તુજ શત્રુ ગણ, દુખ ઉપજાવે એહ;
તો આ તનને જે હણે, મિત્ર પરમ ગણ તેહ. ૩૮

ઉદય આણીને કર્મ જે, ખપાવવા મુજ ઈહ[2];
સ્વયં આવ્યું, ખપાવ્યું તો, લાભ પરમ ગણું એહ. ૩૯

---

૧. આત્મરમણતા. ૨. ઈચ્છા

નિષ્ઠુર વચન સુણી યદિ, મનમાં સહ્યું ન જાય;
ભાવ શીઘ્ર પરમાતમા, કે મનલય ઝટ થાય. ૪૦

પરમ સમાધિ સરોવરે પ્રવેશી તલ્લીન થાય;
આત્મ વિમલ સ્થિર તે બને, ભવમલ સૌ વહી જાય. ૪૧

સર્વ વિકલ્પ વિલય થયે, પરમ સમાધિ કહાય;
તેથી શુભાશુભ ભાવ સૌ, મુનિઓ તજે સદાય. ૪૨

ઘોર તપશ્ચર્યા કરે, સૌ શાસ્ત્રોય ભણંત;
પરમ સમાધિ રહિત જો, દેખે નહિ શિવશાંત. ૪૩

જે સમાધિ કરતા નથી, છેદી વિષય કષાય;
યોગિન્, તે પરમાત્મના, આરાધક ન જ થાય. ૪૪

જે જિન કેવલ જ્ઞાનમય, પરમાનંદ–સ્વભાવ;
છે પરમાત્મા પરમ પર, જીવ, સહજાત્મ–સ્વભાવ. ૪૫

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
આ સમજી હે યોગી તું, કર નહિ અન્ય વિકલ્પ. ૪૬

શુદ્ધ પ્રદેશે પૂર્ણ જે, લોકાલોક પ્રમાણ;
તે આત્મા દિન દિન જુઓ, શીઘ્ર લહો નિર્વાણ. ૪૭

શુદ્ધ સચેતન બુદ્ધ જિન, કેવલજ્ઞાન–સ્વભાવ;
તે આત્મા દિનદિન જુઓ, ચાહો જો શિવલા'વ. ૪૮

જ્યાં સુધી તું ભાવે નહીં, નિર્મળ આત્મસ્વભાવ;
લહે ન શિવગતિ ત્યાં સુધી, જ્યાં જ્યાં તુજ રુચિભાવ. ૪૯

તીર્થે કે દેવાલયે દેવ ન જ્ઞાનીકથિત;
તન દેવાલય દેવ જિન, પ્રીછો એ જ ખચીત. ૫૦

તન દેવાલય દેવ જિન, દોડ દેવળે વ્યર્થ;
હાસ્ય મને એ થાય કે, સિદ્ધ ભમે ભિક્ષાર્થે? ૫૧
મૂઢ, દેવ નહિ દેવળે, લેપ મૂર્તિ છબીમાંય;
દેહ દેવળે દેવ જિન, પ્રીછ સ્થિર મનમાંય. ૫૨
તીર્થે દેરે દેવ જિન, એમ કહે સૌ કોય;
તનદેવળમાં જે પ્રીછે, તે બુધ વિરલ જ હોય. ૫૩
હે જીવ, જરા મરણ થકી, ભયભીત તો કર ધર્મ;
ધર્મ રસાયણ પી, મળે અજરામર શિવશર્મ. ૫૪
જ્યમ મન વિષયોમાં રમે, આત્મજ્ઞાનમાં તેમ;
યોગી કહે હે યોગીઓ, શીઘ્ર મળે શિવક્ષેમ. ૫૫
સ્વથી સ્વને મુનિ જે પ્રીછે, તજી પર ભાવ વિકાર;
કેવલજ્ઞાન સ્વરૂપ લઈ તે છોડે સંસાર. ૫૬
ધન્ય જ્ઞાની ભગવંત તે જે પરભાવ તજંત;
લોકાલોક પ્રકાશકર આત્મા વિમલ લહંત. ૫૭
ગૃહસ્થ હો કે હો મુનિ, વસે આત્મમાં જેહ;
શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, જિનવર ભાખે એહ. ૫૮
વિરલા જાણે તત્ત્વ બુધ, વિરલા સુણતા તત્ત્વ;
વિરલા ધ્યાવે તત્ત્વ, જીવ, વિરલા ધારે તત્ત્વ. ૫૯
આ પરિજન મુજ નહિ નકી,સુખ દુઃખ કારણ એ જ;
એમ ચિંતવ્યે શું બને? શીઘ્ર થાય ભવછેદ. ૬૦
જે જિન તે હું, તે જ હું, ભાવ એમ નિર્ભ્રાન્ત;
યોગિન્, કારણ મોક્ષનું, અવર ન મંત્ર ન તંત્ર. ૬૧
રત્નત્રય સંયુક્ત જીવ, ઉત્તમ તીર્થ પવિત્ર;
યોગિન્, મુક્તિમાર્ગ એ, અવર ન મંત્ર ન તંત્ર. ૬૨

આત્મસ્વરૂપે જે રમે, છાંડી સૌ વ્યવહાર;
સમ્યગ્દૃષ્ટિ જીવ તે, શીઘ્ર લહે ભવપાર. ૬૩

અજર અમર ગુણગણ નિલય, આત્મા જો સ્થિર થાય;
તો કર્મે બંધાય ના, સંચિત પૂર્વ વિલાય. ૬૪

જેમ જળે લેપાય ના, કમલિની પત્ર કદાય;
ત્યમ કર્મે લેપાય ના, રતિ સ્વભાવે જ્યાંય. ૬૫

જે શમસુખ તલ્લીન બુધ, નિજજ્ઞાને રમમાણ;
કરી કર્મક્ષય શીઘ્ર તે, લહે ખચીત નિર્વાણ. ૬૬

પુરુષાકાર પ્રમાણ જીવ, આત્મા આ જ પવિત્ર;
દેખાયે ગુણગણનિલય, નિર્મળ તે જ સ્ફુરંત. ૬૭

જે શુદ્ધાત્માને પ્રૉછે, અશુચિ તનથી ભિન્ન;
તે જાણે શાસ્ત્રો સકળ, શાશ્વત સુખમાં લીન. ૬૮

પ્રૉછે ન જે પર–આત્મને, તજે ન જે પરભાવ;
શાસ્ત્ર સકળનો જાણ પણ, લહે ન શિવસુખ લા'વ. ૬૯

એ અર્હંત એ સિદ્ધ ને, એ આચાર્ય પ્રધાન;
ઉપાધ્યાય સાધુ ય એ, આત્મા નિશ્ચે જાણ. ૭૦

એ શિવ શંકર વિષ્ણુ એ, રુદ્ર એહ વળી બુદ્ધ;
એ જિન ઈશ્વર બ્રહ્મ એ, એ અનંત એ સિદ્ધ. ૭૧

એ લક્ષણ–લક્ષિત જે, અશરીરી વર દેવ;
અને વસે જે દેહમાં, એ બેમાં નહિ ભેદ. ૭૨

જે સીધ્યા, જે સીધશે, સીધે કહે જિનભાણ;
તે સૌ આતમદર્શને, એમ નિશ્ચયે જાણ. ૭૩

જીવ જુદો પુદ્‌ગલ જુદાં, જુદો સૌ વ્યવહાર;
ત્યજ પુદ્‌ગલ, જીવ ગ્રહણ કર, શીઘ્ર લહે ભવપાર. ૭૪
દેહાદિક જે પર ગણે, શૂન્ય જેમ આકાશ;
લહે શીઘ્ર પરબ્રહ્મ તે, કેવળ કરે પ્રકાશ. ૭૫

---

## ૨૫. અર્પણ હો

આ તન મન આત્મ સમર્પણ હો ! ગુરુરાજ તમારા ચરણોમાં,
મુજ ભાવ ભક્તિ ઉલ્લાસિત હો ! સહજાત્મસ્વરૂપનાં સ્મરણોમાં;
સહજાત્મસ્વરૂપ અહો ! મુજ રૂપ ન જાણ્યું કદી ભવ ભ્રમણોમાં,
એ રત્નત્રય ઝલકંત જ્યોતિ શી ! સર્વોત્તમ સૌ શરણોમાં. ૧

જાણ્યું નહિ આત્મસ્વરૂપ મૂળમાં નિજ રૂપ સિદ્ધ સુખધામ છતાં,
સૌ તન ધન સ્વજનો અન્ય છતાં ત્યાં મમતા મોહ અતિ ધરતાં;
પરિગ્રહ મમતા પાશ ગળામાં ધરી બહુ દુઃખ અસહ્ય સહ્યાં,
મૂળ ભૂલ સહ જપ તપ સાધન જ્ઞાન ક્રિયા સૌ વ્યર્થ લહ્યાં. ૨

પરમકૃપાળુ જ્ઞાની ગુરુવર યોગે મુજ સદ્‌ભાગ્ય ફળ્યાં,
ભેદજ્ઞાનથી ભિન્ન જણાવ્યાં જડ ચેતન એકત્ર ભળ્યાં;
પરમાં ‘હું, મારું, એ ભ્રાંતિ ભૂલ અનાદિની દૂર થવા,
ભેદજ્ઞાનની સતત ભાવના એક એ જ શિવસદન જવા. ૩

જડ તે જડ, ચેતન તે ચેતન, મિશ્ર છતાં બે ભિન્ન સદા,
નિજ સહજાત્મસ્વરૂપનાં દર્શન, જ્ઞાન, સમાધિ મુક્તિપ્રદા;
અજર અમર શાશ્વત નિજ આત્મા પકડ અચળ એ ઉરે વસો,
દુખ, વ્યાધિ, ઉપસર્ગ મરણમાં પણ તે પકડ કદી ન ખસો. ૪

પરમાં ‘અહં’ અહો ! એ ભ્રાંતિ ! સ્વપ્ન અનાદિ ટળી જતાં,
ગુરુવર વચને નિજપદ જાણી, જોઈ અનુભવી ત્યાં ઠરતાં;

બોધિ સમાધિ મૃત્યુ મહોત્સવ સાધી સાધક ભવ તરતા,
રાજવચન જીવન આધારે ધન્યભાગ્ય કૃતકૃત્ય થતા.

---

## ૨૬. મંગળ કળશ

શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજ મન પતિત પાવનકર વરં,
સમકિત નિર્મળ દઈ સુદર્શન ચક્ર અરિબળ ક્ષયકરં;
અજ્ઞાન અંધિત દૃષ્ટિ અંજિત તત્ત્વરંજિત મતિકરં,
સહજાત્મશ્રી પ્રગટાવી રમણીય મુક્તિરમણી રતિધરં. ૧

ભવભીતિ ભંજન, દુઃખનિકંદન પાપમંજન શુચિકરં,
સહજાત્મમગ્નં, કર્મભગ્નં, મુક્તિલગ્નં, શિવકરં;
અમૃતવચનં, શાંત ચિત્તં, ધ્યાનરક્તં, શમધરં,
ચૈતન્ય વ્યક્તં, મોહત્યક્તં, સિદ્ધિસક્તં સુખકરં. ૨

ભવવારિ તારી દુખનિવારી, મુક્તિનારી દાયકં,
અદ્‌ભુત શક્તિ આત્મવ્યક્તિ ભવવિરક્તિ વિધાયકં;
સર્વજ્ઞશાસન, ભવવિનાશન, શિવપ્રકાશન પથવરં,
ભવિહિત વિધાનં, યુગપ્રધાનં, બોધિદાનં દ્યો વરં. ૩

જળકમલવત્ નિર્લેપ કર્મે આત્મધર્મે સ્થિતિધરં,
અશરીરીભાવે, નિજસ્વભાવે રમણ કરતા ગુરુવરં,
ભવતરણતારણ, દુઃખનિવારણ, શર્મકારણ જયકરં,
જયવંત હો! ત્રણ કાળ હે! આત્મસ્થયોગી ગણવરં. ૪

બોધિ સમાધિ નિધાન અદ્‌ભુત વિશ્વશાંતિ સુખકરં,
તુજ ચરણ શરણે રમણ વારણ મરણ વ્યાધિ ભયહરં;
તન મન વચન આત્મા સમર્પણ ચરણકજ હો ભવહરં,
સહજાત્મરામી, દુઃખવિરામી, શાંતિધામી શિવકરં. ૫

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧ | ૭ | પચામૃત | પંચામૃત |
| ૨૩ | ૧૭ | भवे-पाक··· | भवेत्पाक··· |
| ૨૪ | ૧૮ | अनार्तयाः | अनार्तः |
| ૪૭ | ૧૯ | વિશ્રાતિ | વિશ્રાંતિ |
| ૯૨ | ૮ | અત્યત | અત્યંત |
| ૧૧૦ | ૨ | વૈભવ, કુટુંબ | વૈભવ, લક્ષ્મી, કુટુંબ |
| ૧૨૯ | ૧૨-૩ | “એવા છે” ન જોઈએ | |
| ૧૩૨ | ૧૭ | એ ાંત | એકાંત |
| ૧૫૨ | ૬ | चिदानदनिलये | चिदानंदनिलये |
| ૧૫૩ | ૨૨ | આત્મક | આત્મિક |
| ૧૬૫ | ૧૯ | ચિદ્રપની | ચિદ્રૂપની |
| ૧૮૫ | ૮ | ज जं | जं जं |
| ૧૮૫ | ૨૨ | इट्टफल··· | इट्ठफल··· |
| ૧૮૬ | ૨ | चलणाण | चलणाणं |
| ૧૮૬ | ૫ | सर्वकल्याणकारण | सर्वकल्याणकारणं |
| ૨૪૧ | ૨૪ | પ્રપચથી | પ્રપંચથી |